ઉદ્યોત

આચાર્ય વિજયરાજરત્નસૂરિ

સાહિત્યયાત્રાનો સત્કાર

(પૂ.આ.ભ **શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.સા.** એ આલેખેલ ૭૦૦ પેજના વિરાટકાય ગ્રન્થરત્ન **'તમે સૂરજ થઈને ચમક્યા'** તેમજ તેઓશ્રીના શિષ્ય – પ્રશિષ્યોએ આલેખેલ ત્રણ ગુજરાતી – સંસ્કૃત – ઇંગ્લીશ પુસ્તકોને આવકારતો આ પત્ર પણ લેખકે ત્રણ ભાષામાં મિશ્રિત લખ્યો છે. **– પ્રકાશક**)

આત્મીય પ્રભાવક આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.
સસ્નેહ વંદન... શાતાપૃચ્છા...

પત્ર તેમજ ગ્રન્થ + ત્રણ પુસ્તકો મળ્યા.

પ્રૌઢપ્રભાવશાળી પૂ.આ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.ના ગુણવૈભવનું રસાળ વર્ણન કરતાં વિરાટ ગ્રન્થરાજ 'તમે સૂરજ થઈને ચમક્યા'નો રત્નસમ ઝળહળાટ હૃદયને આંજી ગયો!

(૧) 'સૂર્યોદયનું સૌંદર્ય'
(२) 'सूर्योदयं सूरिवरं प्रणौमि'
(3) 'Entity of Supremacy'

इदं संस्कृतभाषासमलङ्कृतं १५ परिच्छेद - ८४ प्रसङ्गयुतं नैकवैशिष्ट्यप्रदर्शकं सुन्दरतमं पुस्तकरूपं दृष्ट्वा जातं प्रमोदमेदुरं मे मनः। तत्कृते श्री अक्षयरत्नविजयाय अक्षयं अभिनन्दनं दर्शयामि।

ग्रन्थरत्नं गुरुवराश्च Really marvellous

G - glorious
U - useful
R - royal
U - Unique

- પૂ. આ. શ્રી સાગરચન્દ્રસાગરસૂરિજી મ.સા.

श्रीलोढण–नागेश्वर–जीरावलापार्श्वनाथजिनेन्द्रेभ्यो नमः
श्री धर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

ઉદ્યોત

* લેખક *

પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર
સિદ્ધહસ્તસાહિત્યસર્જક તેજસ્વીવક્તા શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવ
શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મહારાજ

* પ્રકાશક *

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ. દર્ભાવતી – ડભોઈતીર્થ

ધર્મકૃપા પ્રકાશન * પુસ્તક ક્રમાંક-૧૭૮

* પ્રકાશક - પ્રાપ્તિસ્થાન *

શ્રી ધર્મકૃપા ટ્રસ્ટ
શ્રી પરિમલભાઈ સી. શાહ
બી/૩, આદિનાથ ડુપ્લેક્ષ નં. ૧,
ત્રિલોકકુંજ સોસાયટી સામે,
જૈન મંદિર પાસે, માંજલપુર,
વડોદરા – ૩૯૦ ૦૧૧.
મો.: ૯૪૨૮૩ ૩૨૭૧૯

* પ્રકાશનતિથિ તથા સ્થળ *

વીર સં. ૨૫૪૮ * વિ.સં. ૨૦૭૮. વૈશાખ વદિ–ક,
તા. ૨૧–૫–૨૦૨૨, શનિવાર. ૫૯ સંયમીઓના
૫૦૦ આયંબિલ તપમહોત્સવ અંતર્ગત ૨૮૦૦
તપસ્વીઓનો બહુમાનદિન.
'ધર્મ–સૂર્યોદય તપનગર', બોરીવલી–મુંબઈ.

* પ્રથમાવૃત્તિ પ્રત *

૧૫૦૦
મૂલ્ય : ₹ ૧૩૦/–

* મુદ્રક *

જયંત પ્રિન્ટરી એલ.એલ.પી.
૩૫૨/૫૪, ગીરગામ રોડ,
મુરલીધર મંદિર કંપાઉન્ડ,
ઠાકુરદ્વાર પોસ્ટ ઓફિસની બાજુમાં,
ઠાકુરદ્વાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.

દર્ભાવતીતીર્થાધિપતિ પ્રાચીન અને પ્રભાવશાલી અર્ધપદ્માસનસ્થ

શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન

અંજનસમા વર્ણે રસ્યા પદ્માસનાર્ધે રાજતા, જે સપ્તફણથી શોભતા ને સપ્તભય ઓગાળતા;
દર્ભાવતીમંડન બની ભક્તોતણી ભીડ ભાંજતા, તે પાર્શ્વપ્રભુ લોઢણતણા પદકમલમાં પ્રેમે નમું...

ધર્મધામતીર્થાધિનાયક ચૌદ ફુટ ઉત્તુંગ નીલવર્ણા

શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન

ધર્મ–સૂર્યોદયધામતીર્થમંડન ચૌદ ફુટ ઉત્તુંગ પીતવર્ણા

શ્રી જીરાવલા પાર્શ્વનાથ ભગવાન



જૈનશાસનના મહાનજ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય ભગવંત

શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ

જેની વચનલબ્ધિ થકી જિનમંદિરો શતશઃ થયા, અદ્ભુત શાસનકાર્ય જેના પુણ્ય ઉપદેશે થયા;
બની સંઘમાં સૂરજ સમા જે ‘યુગદિવાકર’ પદ વર્યા, તે ધર્મસૂરીશ્વરચરણમાં ભાવથી કરું વંદના...

વ્યાકરણ-સાહિત્ય-ન્યાયતીર્થ પૂજ્યપાદ દર્ભાવતીતીર્થોદ્ધારક આચાર્ય ભગવંત

શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ

શ્રી ધર્મસૂરીશ્વરતણી ધર્મધ્વજા લહેરાવતા, શાસનતણાં બહુ કાર્યથી જિનધર્મજય ફેલાવતા;
બહુ શિષ્યકેરી સંપદાથી જેહ નિત્ય વિરાજતા, તે સૂરિસૂર્યોદયચરણમાં ભાવથી કરું વંદના.

હાર્દિક અનુમોદન

પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવશ્રીના

સમુદાયવર્તિની પૂ. વિદુષી

સાધ્વીવર્યા **શ્રી ચન્દ્રયશાશ્રીજી મ.**ના

શિષ્યાવૃંદની પ્રેરણાથી

શ્રી સુમતિનાથ જૈન શ્વે. મૂ. સંઘ - મૈસુર

તરફથી

આ પ્રકાશનમાં ઉદાર લાભ લેવાયો છે.

પુણ્યવાન દાતાનું હાર્દિક અનુમોદન.

– પ્રકાશક

परमोपास्य श्री लोढण-नागेश्वर-जीरावलापार्श्वनाथेभ्यो नम:
श्री धर्मसूरिं प्रवरं नमामि * सूर्योदयं सूरिवरं नमामि

અભિનવ ઉદ્યોત

લેખકીય નિવેદન

સમષ્ટિનાં સ્તરે સૂર્યના ઉદયની ઘટના ભલે એક હોય. પરંતુ એમાંથી ઉપલબ્ધ થતા પ્રકાશના-ઉદ્યોતના લાભ એક નહિ, અનેક હોય છે. એ અનેક પૈકીના માત્ર મુખ્ય ત્રણ લાભ નિહાળીએ તો આ ઉદ્યોતનાં કારણે (૧) રાત્રિનો પ્રગાઢ અંધકાર દૂર થાય છે (૨) સૃષ્ટિમાં સૌર ઊર્જાનો એક સ્ફૂર્તિમંત સંચાર થવાથી જીવસૃષ્ટિ ઊર્જાવંત બને છે અને (૩) સૃષ્ટિમાં જ્યાં ત્યાં કીચડ હોય એ શોષાઇ જાય -સુકાઇ જાય છે.

બરાબર એ જ રીતે વ્યક્તિનાં સ્તરે સદ્વાંચનની ઘટના ભલે એક હોય. પરંતુ એમાંથી ઉપલબ્ધ થતાં સમ્યક્ સમજના પ્રકાશના-અભિનવ ઉદ્યોતના લાભ એક નહિ, અનેક હોય છે. એ અનેક પૈકીના માત્ર મુખ્ય ત્રણ લાભ નિહાળીએ તો આ સમ્યક્ સમજના ઉદ્યોતથી **(૧) અજ્ઞાનનો વિપરીત સમજનો પ્રગાઢ અંધકાર દૂર થાય છે (૨) વ્યક્તિમાં સાધનાની – આરાધનાની ઊર્જા વિકસ્વર થાય છે અને (૩) ભીતરમાં વ્યાપ્ત દોષો–દુરાચરણોનાં કીચડ શોષાઇ – સુકાઈને સાફ થઇ જાય છે.** જ્યારે આવું બને ત્યારે વ્યક્તિને અંતરથી અહેસાસ થાય કે સાચો ઉદ્યોત - અભિનવ ઉદ્યોત આ છે જે આકાશમાં નહિ, આત્મામાં અજવાળાં પાથરે.

પ્રસ્તુત 'ઉદ્યોત' પુસ્તક આવો ઉદ્યોત કરે તેવી ઘણી બધી સરલ-સરસ વાતો લઇને ઉપસ્થિત થયું છે. અહીં રજૂ થયેલ અન્યોને માફ કરવા - જાતને સાફ કરવા વગેરે પાંચ પ્રાર્થના હો કે 'વીર' શબ્દની અલગ અલગ પાંચ સરસ વ્યાખ્યાઓ હો, '3-G'ની મહત્તા સમજાવતી વાતો હો કે

'Ability' વગેરે ચાર પદાર્થો હોઃ આ સર્વ પદાર્થો એવા છે કે જે સમ્યક્ સમજનો ઉદ્યોત પ્રગટાવે અને એનાથી ઉપરોક્ત વિશિષ્ટ લાભ થાય.

ગુજરાતના વિખ્યાત અખબાર **'ગુજરાત સમાચાર'**માં છેલ્લા ત્રીશ વર્ષોથી અમારા દ્વારા જેનું આલેખન થાય છે તે **'અમૃતની અંજલિ'** કક્ષમાં આ પુસ્તકના તમામ લેખો તાજેતરમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે. આ આલેખન જેઓની પરમ કૃપાથી શક્ય બન્યું છે તે જીવનશિલ્પી અનંતોપકારી ગુરુદેવો પૂજ્યપાદ યુગદિવાકર **આ.ભ.શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.** તથા પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી **આ.ભ.શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પુનીત પાદારવિંદમાં કૃતજ્ઞભાવે વંદન કરી એ જ પ્રભુપ્રાર્થના કરીએ છીએ કે સમ્યક્ સમજનો આ ઉદ્યોત વાચકોની ભીતરમાં તો અજવાળા પાથરે જ, કિંતુ એ પૂર્વે અમારી ભીતરમાં ય અજવાળાં પાથરે...

વિ.સં. ૨૦૭૮. વૈશાખ વદિ-૬. તા. ૨૧-૫-૨૦૨૨ શનિવાર
બોરીવલી-મુંબઈ
} – **વિજય રાજરત્નસૂરિ**

પ્રકાશકીય પ્રકાશ

યુગદિવાકર સમુદાયના ૫૯-૫૯ તપસ્વીરત્નોના ૫૦૦ આયંબિલની મહાન આરાધનાની પૂર્ણાહુતિના વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ પ્રસંગે અમારી સંસ્થાના **૧૭૮**મા પુસ્તકરૂપે પ્રસ્તુત **‘ઉદ્યોત’** પુસ્તકનું પ્રકાશન કરતાં અમે પરમ ગૌરવ સાથે ધન્યતા અનુભવીએ છીએ.

જૈન શાસનના મહાન જ્યોતિર્ધર પૂજ્યપાદ યુગદિવાકર **આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.**ના ‘ધર્મ’સામ્રાજ્યના યશસ્વી સંવાહક અને અમારી સંસ્થાના પ્રેરક-પ્રણેતા પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક **આ.ભ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ના પટ્ટાલંકાર પૂજ્યપાદ પરમ ગુરુકૃપાનિધાન **આ.ભ. શ્રી વિજય રાજરત્નસૂરીશ્વરજી મ.સા.**ની પુણ્યપ્રભાવવંતી નિશ્રામાં વિ.સં. ૨૦૭૮ના આ વર્ષના શેષકાળના પ્રારંભથી જ એકથી એક ચડિયાતા યશસ્વી શાસનપ્રભાવક ધર્મકાર્યોની દેદીપ્યમાન પરંપરા સર્જાઇ.

તેમાં (૧) કાંદિવલી-પૂર્વના શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘમાં ભવ્ય શિખરબદ્ધ વિશાલ શત્રુંજય આદિનાથ જિનાલયનો શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૨) એ જ પ્રસંગે ચાર ચાર મુમુક્ષુઓનો ભવ્ય દીક્ષા મહોત્સવ (૩) કાંદિવલી-પશ્ચિમના શ્રી વર્ધમાનભક્તિ ઈરાની વાડી જૈન સંઘમાં રમણીય શિખરબદ્ધ શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયનો ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૪) શ્રી ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વતીર્થે ૩૦૪ આરાધકોના યાદગાર ઉપધાન તપ (૫) સફાલા જૈન સંઘના શિખરબદ્ધ ભવ્ય વાસુપૂજ્યજિનાલયનો અદ્‌ભુત અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ (૬) દહિંસર-શાંતિનાથ જૈન સંઘમાં યશસ્વી અંજનશલાકા-પ્રતિષ્ઠા-વડીદીક્ષામહોત્સવ અને (૭) મલાડ-ભાદરણનગર જૈન સંઘમાં જબરજસ્ત ઉલ્લાસમય પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રી આદિની પુણ્યનિશ્રામાં ઉજવાયો.

આ જ સમયખંડ દરમ્યાન (૮) કાંદિવલી (પ.)માં સંભવનાથજિનાલયમાં પ્રતિષ્ઠામહોત્સવ અને (૯) કાંદિવલી (પૂર્વ)માં આદિનાથ ગૃહજિનાલયની પ્રતિષ્ઠા (૧૦) ગ્રીનવુડમાં શિખરબદ્ધ જિનાલયશિલાન્યાસનાં કાર્યો થયાં. આમાંના મહદંશ મહોત્સવોમાં ૮૦-૮૦ સંયમીભગવંતોની ઉપસ્થિતિ હતી. આ સર્વ મહાન ધર્મપ્રસંગોનો વિશેષ ઉલ્લેખ તે સમયે પ્રકાશિત પુસ્તકોના 'પ્રકાશકીય પ્રકાશ'માં થયો હોવાથી અહીં તે પછીનાં ધર્મપ્રસંગોનો ઉલ્લેખ કરીશું.

મલાડના પ્રતિષ્ઠામહોત્સવ બાદ પૂજ્યશ્રી સપરિવાર કાંદિવલીમાં મુનિસુવ્રત જિનાલય સંઘ તથા શંખેશ્વર જિનાલય સંઘ, મલાડમાં જિતેન્દ્રરોડ સંઘ તથા દેવચંદનગર સંઘ, ગોરેગામમાં જવાહરનગર સંઘ, અંધેરીમાં નાગરદાસરોડ સંઘ, ઘાટકોપરમાં નવરોજી લેન-૬૦ ફુટ રોડ તથા સાંઘાણી એસ્ટેટ સંઘ, ચેમ્બુર-સાયન-માટુંગા-ગોવાલીયાટેંક સંઘ, વાલકેશ્વરમાં બાબુ અમીચંદ આદીશ્વરજિનાલય-પ્લેઝન્ટ પેલેસ તથા સુપાર્શ્વનાથ સંઘ, મરીનડ્રાઇવ-ચોપાટી-ભાયખલા-અવિઘ્નટાવર-શાંતાક્રુઝ સંઘ, અંધેરીમાં જે.બી.નગર સંઘ તથા વીરા દેસાઈ સંઘ, પાર્લા-વેસ્ટ સંઘ તથા જુહુસ્કીમ સંઘઃ આવા આવા ત્રીશથી વધુ જૈન સંઘોમાં ક્રમશઃ પધારતા પ્રાયઃ દરેક સ્થાનોમાં પૂજ્યશ્રીનાં ભવ્ય સામૈયાં-હૃદયસ્પર્શી પ્રવચનો અને સંઘનવકારશીનાં આયોજનો થયાં. આ વિહારયાત્રા દરમ્યાન સાંઘાણી એસ્ટેટ જૈન સંઘના ઉપાશ્રયમાં **તે સંઘના પરમોપકારી પૂજ્યપાદ ગુરુદેવ વ્યા.સા.ન્યા. તીર્થ આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.**ની પ્રતિકૃતિની કાયમી સ્થાપના થઇ, તો અંધેરી-જે.બી. નગરમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ગૃહજિનાલયની પ્રતિષ્ઠા થઇ.

ત્યાંથી પૂજ્યશ્રી પાર્લા-પૂર્વના શ્રી ચિંતામણિપાર્શ્વનાથસંઘમાં શાશ્વતી ઓળીની આરાધનાર્થે પધારતાં પ્રવેશદિને પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું-મુમુક્ષુની દીક્ષાપત્રિકાઆલેખન-સાધર્મિકવાત્સલ્યાદિ યોજાયા. આ સંઘમાં બે વર્ષ પૂર્વે થયેલ પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં ૧૫૪ સામૂહિક માસક્ષમણો અને સમગ્ર મુંબઈમાં સર્વપ્રથમ બની રહેલ 'record break' ઉપાશ્રયઉછામણીનાં

ઐતિહાસિક ધર્મકાર્યો થયા હોવાથી સંઘનો ભાવોલ્લાસ વિશિષ્ટ હતો. નિત્ય બે વાર પ્રવચનો, વિશાલ સંખ્યામાં સામૂહિક ઓળીઓ, ચૈત્ર શુદિ તેરશના પ્રભુમહાવીરદેવના જન્મકલ્યાણક ઉજવણીરૂપે ભવ્ય રથયાત્રા તથા શાનદાર સ્ટેજઉજવણી સહિત કલ્યાણક કાર્યક્રમ, તે દરમ્યાન જ પૂજ્યશ્રી આદિ ૫૯ સંયમીઓના ૫૦૦ આયંબિલસમાપનના વિરાટ ઐતિહાસિક તપમહોત્સવનો રંગારંગ પત્રિકાલેખન સમારોહ, સામૂહિક પારણાં વગેરે પ્રસંગો આ શાશ્વતી ઓળી દરમ્યાન થયા. આ રીતે (૧) **પૂજ્યશ્રી, પૂ.આ.ભ. શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.** તથા **પૂ.પં. શ્રી હિતરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં પાર્લામાં ભવ્યાતિભવ્ય ઓળીઆરાધના થઇ, તો (૨) **પૂ.પં. શ્રી આગમરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં ગોરેગામ - જવાહરનગરસંઘમાં (૩) **પૂ.પં. શ્રી ધર્મરત્નવિજયજી ગણિવર** તથા **પૂ.પં. શ્રી અક્ષયરત્નવિજયજીગણિવર**ની નિશ્રામાં શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વતીર્થમાં (૪) **પૂ. મુનિરાજ શ્રી પ્રશમરત્નવિજયજી મ.**ની નિશ્રામાં શ્રી અવિઘ્નટાવરસંઘમાં અને (૫) **પૂ. મુનિરાજ શ્રી અર્હંરત્નવિજયજી મ.**ની નિશ્રામાં ગોરેગામ-શ્રીનગર સંઘમાં શાશ્વતી ઓળીની ભવ્ય આરાધનાઓ થઈ.

શાશ્વતી ઓળી પછીના વીશ દિવસો દરમ્યાન પૂજ્યશ્રીની નિશ્રામાં (૧) મીરારોડમાં સુવિધિનાથ જિનાલય પ્રતિષ્ઠા (૨) બોરીવલીમાં ગૃહજિનાલયપ્રતિષ્ઠા (૩) બોરીવલીના નવ સંઘોમાં પૂજ્યશ્રીનાં ભવ્ય સામૈયાં-પ્રવચનો-સંઘનવકારશીઓ (૪) શ્રી સુમેરનગર સંઘમાં **પૂ.સા. શ્રી અપૂર્વકલાશ્રીજી મ.** પ્રેરિત અંજનશલાકામહોત્સવ અને (૫) શ્રી આંબાવાડી સંઘમાં પૂજ્યશ્રીની નિશ્રામાં થનાર જિનાલયની પ્રતિષ્ઠાનો તથા ધર્મધામતીર્થના પરોણાગત નૂતન પ્રભુજીઓના અંજનનો ઉછામણીસમારોહ યોજાયો. હવે ઉપસ્થિત થયો તપક્ષેત્રે યુગદિવાકરસમુદાયને સમગ્ર પ્રભુશાસનમાં ગૌરવ બક્ષે તેવા મહાન આયંબિલતપનો મુંબઇભરમાં અનોખી ભાત ઉપસાવતો વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ.

બે વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૭૬માં સમગ્ર વિશ્વ કોરોનાના વિકરાલ પંજામાં સપડાયું હતું અને સર્વત્ર "Immunity" પર ભાર અપાતો હતો તેવા વિરલ સંયોગોમાં પૂજ્યશ્રીએ ૫૦૦ આયંબિલનો પ્રારંભ કર્યો. આશ્ચર્ય એ હતું કે પ્રબળ અંતરાયવશ પૂજ્યશ્રીએ ૪૪ વર્ષના સંયમપર્યાયમાં આયંબિલ અત્યંત જૂજ ક્વચિત જ કર્યા હતા અને તેમાં ય છેલ્લા ૩૬ વર્ષમાં એક પણ આયંબિલ કર્યું ન હતું. આમ છતાં દેવ-ગુરુ પરની પરમ શ્રદ્ધાથી તેઓશ્રીએ આ ૫૦૦ આયંબિલયજ્ઞનો પ્રારંભ કરતા તેઓશ્રીની સાથે એક-બે નહિ **૧૭ શ્રમણ ભગવંતો અને ૪૧ શ્રમણી ભગવંતો સહિત કુલ ૫૮ સંયમીઓ ૫૦૦ આયંબિલમાં સામેલ થયા!** આ તપસ્વી ભગવંતોની વંદનીય વિશેષતાઓ નિહાળીએ તો **(૧) એક પૂ. સાધ્વીજી દ્વારા ગિરનારતીર્થના ૩૫૦ યાત્રાઓ સાથે અખંડ ૧૦૦૮ આયંબિલ (૨) અન્ય એક પૂ. સાધ્વીજી દ્વારા ૧૦૦૮ આયંબિલ (૩) નવ સંયમીઓ દ્વારા અખંડ ૭૫૦–૬૫૦–૫૦૦ આયંબિલ (૪) કેટલા ય સંયમી ભગવંતો દ્વારા પૂજ્યશ્રીને સાથ આપવા માટે બીજી વાર–ત્રીજી વાર ૫૦૦ આયંબિલ (૫) ૭૨ વર્ષના સંયમીથી લઈ નાના–નાના બાલમુનિઓ દ્વારા ૫૦૦ આયંબિલ અને (૬) એક મુનિભગવંત દ્વારા અખંડ ૭૫૦ આયંબિલ માત્ર ચાર દ્રવ્યોથી અને તે પણ એક જ પાત્રમાં એકત્ર કરી ઉપર એક પાત્રી ઠંડું પાણી ભેળવીને કરાયા છે!** ગુરુભગવંતોની આ મહાન તપસ્યાની અનુમોદનાર્થે ગત વર્ષે મુંબઈના શ્રાવક-શ્રાવિકાઓ માટે ૧૧ માસમાં ૧૦૮ આયંબિલનું આયોજન રજૂ થતાં તેમાં ૨૮૦૦ આરાધકો સામેલ થયા. આ રીતે સંયમીઓના અને ગૃહસ્થોના મળી **કુલ આયંબિલ થયા સાડા ત્રણ લાખથી અધિક!**

જેવી વિરાટ સંખ્યામાં આ આયંબિલ થયા તેવો જ વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ યોજવાનો નિર્ણય ગુરુભક્તોએ કર્યો. આ માટે શ્રી ગીતાંજલિસંઘ અને તપમહોત્સવસમિતિના ઉપક્રમે એકેકથી ચડિયાતા અનોખાં-અદ્‌ભુત આયોજનો થયાં. તેની મુખ્ય મુખ્ય ઝલક વિચારીએ તો (૧) ૧૦૮ આયંબિલ કરનાર ૨૮૦૦ આરાધકોનું પ્રત્યેકને રૂ. 3000થી બહુમાન (૨) સમસ્ત મુંબઈના ૭૦૦ થી વધુ શિક્ષક-શિક્ષિકાનું

૩. ૧૦૦૦થી બહુમાન (૩) એક સાથે ૨૧-૨૧ સંગીતકારોની સંગીતસૂરાવલિઓ વચ્ચે અષ્ટોત્તરી મહાભિષેક (૪) એક જ સરખાં પૂજાવસ્ત્રોમાં સજ્જ ૧૦૦૦થી વધુ ભાવિકો દ્વારા ૧૦૦૦ સિદ્ધચક્ર યન્ત્રોનું મહાપૂજન (૫) રાષ્ટ્રવ્યાપી ખ્યાતિને વરેલ કલાકારો દ્વારા પારિવારિક ભાવના દઢ કરતું નાટક તેમજ ડાયરો (૬) જૈન જગતની વિશિષ્ટતાઓ દર્શાવતું વિશાલ જૈન Museum (૭) ત્રણે ય પૂ. ગુરુદેવોનાં જીવનને તાદૃશ કરતી Documentary film (૮) 'ધર્મકૃપા ટ્રસ્ટ'ના ઉપક્રમે એક સાથે ૧૫ નવાં પુસ્તકોનાં પ્રકાશનો (૯) વિવિધ સંઘોના આયંબિલખાતામાં કાયમી માતબર દાન તેમજ સાધર્મિક ભક્તિ-જીવદયાના અનેકવિધ સત્કાર્યો આ મહોત્સવમાં ગૂંથી લેવાયા હતા.

વૈશાખ શુદિ-૭, તા. ૮-૫-૨૨ ને રવિવારે આ વિરાટ તપમહોત્સવ નિમિત્તે પૂજ્યશ્રી આદિનો ગીતાંજલિ સંઘમાં બાદશાહી નગરપ્રવેશ થયો ત્યારે એક સાથે ૨૦૦થી વધુ મંગલ કુંભધારી બહેનો - ૧૦૮ શુકનધારી બહેનો - ૧૦૮થી વધુ ગહુંલીઓ - ૧૭૫ શાસનધ્વજ - ૫૪ ઘોડેસવારો - ઠેર ઠેર રંગોળીરચનાઓ - વેશભૂષાસજ્જ બાળકો - શેરડીના સાંઠાથી સજ્જ વિશાલ મહિલાવૃંદ - સાફાસજ્જ મહાજનો - વિખ્યાત પુણેરી બેન્ડની સૂરાવલિ અને અન્ય વિવિધ મંડળીઓથી સમગ્ર સામૈયાનો માહોલ દેદીપ્યમાન બની ગયો. તે જ દિવસે સંઘના શિખરબદ્ધ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયની સાલગિરિ પૂજ્યશ્રીની નિશ્રામાં ચિક્કાર મેદની વચ્ચે ઉજવાઇ, તો ૫૯ અપંગ વ્યક્તિઓને Wheelchair અર્પણ કરાઈ. છ દિવસ પૂજ્યશ્રીનાં પ્રવચનો બાદ વૈશાખ શુદિ-૧૪, તા. ૧૫-૫-૨૦૨૨ થી એંશીથી અધિક સંયમીભગવંતોની નિશ્રામાં તપમહોત્સવ આરંભાયો. પ્રારંભિક ત્રણ દિવસના કાર્યક્રમોમાં દિવસે અને રાત્રે ગીતાંજલિસંઘના ભાવિકો વિશાલ સંખ્યામાં ઊમટ્યા હતા. વૈશાખ વદિ-ત્રીજથી અંતિમ પાંચ દિવસોના કાર્યક્રમો કોરાકેન્દ્રના ૨ અને ૩ નંબરના વિરાટ મેદાનમાં યોજાતા પ્રતિદિન હજારો ભાવિકો તેનો લાભ લેતા હતા.

કુલ એક લાખ Square feet ના વિરાટ કલાત્મક 'ધર્મ-સૂર્યોદય' તપનગરમાં ઉજવણીના અને સાધર્મિક ભક્તિના બે મંડપો અલગ અલગ છતાં નિકટ હતા. મુખ્ય વિરાટ પ્રવેશદ્વાર પાસે કરાયેલ વિરાટકાય રથરચના પ્રભુના 'ધર્મસારથિ' વિશેષણને ઉજાગર કરતી હતી, તો વૃંદાવનશૈલીનું ત્રણ હજાર Square feetનું વિરાટ સ્ટેજ તપનગરનું મુખ્ય કેન્દ્રબિંદુ બની ગયું હતું. રાંકાવત Decoratorsની ઇન્દ્રલોકને શરમાવે તેવી અદ્ભુત રચના હજારો ભાવિકોને અભિભૂત કરતી હતી, તો Museum ઉપરાંત Game zone બાળકોને આકર્ષતો હતો. પ્રતિદિન નવા નવા બેન્ડો અને ચતુર્વિધ સંઘ સાથે તપસ્વી મહાત્માઓની તપનગરમાં પધરામણી, નિત્ય નવા નવા પ્રવક્તાઓ-સંગીતકારો દ્વારા હૈયું જકડી રાખે તેવી પ્રસ્તુતિ મહોત્સવને ચાર ચાંદ લગાવી રહી છે, તો આવતીકાલ વૈશાખ વદિ-૭ તા. ૨૨-૫-૨૦૨૨ના દિને દશ હજારથી અધિક માનવમહેરામણની ઉપસ્થિતિ વચ્ચે વિખ્યાત પ્રવક્તા શ્રી સંજયભાઇ વખારિયા અંતિમ તપસમાપનસમારોહનું ભાવવિભોર સંચાલન કરી તપમહોત્સવને Everestની ઊંચાઇએ લઇ જશે.

આ વિરાટ તપમહોત્સવ બાદ પણ પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં (૧) મુમુક્ષુ ચિ. આયુષીબેન મહેતાનો ભવ્ય દીક્ષામહોત્સવ (૨) ભાયંદરમાં શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ (૩) શ્રી શંખેશ્વર શણગાર જૈન સંઘના રથાકાર જિનાલયનો ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠારજતમહોત્સવ (૪) સૌભાગ્યવર્ધક આંબાવાડી સંઘ-બોરીવલીમાં આદિનાથ જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ (૫) બોરીવલી ક્રિસ્ટલહાઈટ્સમાં શ્રી શાંતિનાથ જિનાલય પ્રતિષ્ઠા (૬) બોરીવલી-ગીતાંજલિસંઘ સહિત કુલ ચાર સંઘોમાં પૂજ્યશ્રી તથા તેમના શિષ્યવૃંદના ચાતુર્માસોમાં સામૂહિક માસક્ષમણ મહાતપઆરાધના (૭) ચાતુર્માસ બાદ તુર્ત કાંદિવલી-મહાવીરનગરસંઘમાં ભવ્યાતિભવ્ય અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ (૮) તે પછી ૮૦૦ કિ.મી.ની વિહારયાત્રા બાદ અયોધ્યાપુરમ્થી શત્રુંજયમહાતીર્થ પદયાત્રાસંઘ (૯) **શ્રી શત્રુંજયમહાતીર્થથી શ્રી ગિરનારજી મહાતીર્થનો પદયાત્રા સંઘ** (૧૦) હિંમતનગરમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી નિર્મિત

ત્રિશિખરીય ભવ્ય જિનાલયમાં ૫૦૦ વર્ષ પ્રાચીન મૂલનાયક પ્રભુ આદિનો પ્રતિષ્ઠામહોત્સવ તથા ત્રિમજલી આરાધના ભવન ઉદ્‌ઘાટન (૧૧) **પૂ.આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.**ની દીક્ષાભૂમિ લીંચનગરે તેઓશ્રીના ગુરુમંદિરની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રય-ધર્મશાળા ઉદ્‌ઘાટન (૧૨) **પૂ.આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.**ની દીક્ષાભૂમિ સાંગણપુરમાં તેઓશ્રીના ગુરુમંદિરની પ્રતિષ્ઠા અને (૧૩) આગામી વર્ષના ચાતુર્માસ બાદ કરજણ-પાલેજ વચ્ચે National highway touch નિર્મિત ભવ્ય શ્રી શત્રુંજયયુગાદિદેવ દિવ્ય-વસંતધામતીર્થનો યાદગાર અંજનશલાકાપ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે.

આટલી સતત શાસનપ્રભાવનાઓ અને તપસાધના વચ્ચે ય પૂજ્યશ્રીની સાહિત્યયાત્રા નિરંતર જારી છે. એનાં કારણે અમે આ પુસ્તકનું પ્રકાશન કરવા તત્પર થઇ શક્યા છીએ. એનાં વાચન-મનનથી સહુ વાચકો શુભ તરફ અગ્રેસર થાય એ જ મંગલ મનઃકામના.

વૈશાખ વદિ છઠ, તા. ૨૧-૫-૨૦૨૨. શનિવાર
દર્ભાવતીતીર્થ } **- ધર્મકૃપા ટ્રસ્ટ**

વિ..ષ..ય..દ..ર્શ..ન

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧.	મુખપૃષ્ઠ	1
૨.	પ્રકાશક - પ્રાપ્તિસ્થાન	2
૩.	હાર્દિક અનુમોદન	3
૪.	લેખકીય નિવેદન	4
૫.	પ્રકાશકીય પ્રકાશ	6
૬.	વિષય દર્શન	13

✤ ✤ ✤ ✤

૧.	દુઃખો-દર્દો વ્યક્તિને એક જન્મ પરેશાન કરે...	૧
૨.	જીવનની સૌથી મોટી સંપત્તિ છે પ્રભુનું સ્મરણ...	૬
૩.	જે દર્દીનો અભિગમ Positive હોય એનું દર્દ જલ્દી જાય..	૧૧
૪.	દૂધ ફાટતા જે રડે તે પનીર ન બનાવી શકે...	૧૭
૫.	શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવો એ સાચી વીરતા નથી...	૨૨
૬.	હે ભગવાન, હું મારું 'પતિત' બિરુદ છોડતો નથી...	૨૭
૭.	આ જન્મમાં જે ગુરુને ભગવાનરૂપે નિહાળે છે...	૩૨
૮.	સમગ્ર જીવસૃષ્ટિને મારી શકે એવાં શસ્ત્રો...	૩૭
૯.	વૃદ્ધત્વ પુરાણ : પહેલા જે માતા-પિતા સંતાનોને ચૂપ...	૪૨
૧૦.	બારી જો પૂર્વ દિશાની હશે તો નિત્ય 'સૂર્યોદય' દેખાશે...	૪૭

ક્રમાંક	વિષય	પૃષ્ઠાંક
૧૧.	બાહરી દુનિયા ભુલાઇ જાય એ સાધનાની શરૂઆત છે...	૫૨
૧૨.	વાણીમાં એ તાકાત છે કે એ સામી વ્યક્તિનાં...	૫૭
૧૩.	નાનકડાં પુષ્પો ઉપવનને સુગંધમય બનાવે છે...	૬૨
૧૪.	ક્ષમતાથી વધુ બોજ ભરીએ તો વાહન ખોટકાઇ જાય...	૬૭
૧૫.	સાધનાને સફળ બનાવનાર પરિબળ સ્થિરતા છે...	૭૨
૧૬.	દરેક પરિસ્થિતિ સાથે જે Setup થઇ જાય છે એને...	૭૭
૧૭.	પોતાની વિશેષતા પરખી એને જરૂર વિકસાવજો...	૮૨
૧૮.	બોલવાનું શીખતા વ્યક્તિને ફક્ત ત્રણ વર્ષ લાગે છે...	૮૭
૧૯.	નિરોગી દેહનું મુખ્ય કારણ ભોજન છે...	૯૨
૨૦.	ડોક્ટરનાં પરીક્ષણ સમયે કદી શરમ ન રાખવી...	૯૭
૨૧.	ક્રોધમીમાંસાઃ ગુસ્સાનો પ્રારંભ ભલે જુસ્સાથી થતો હોય...	૧૦૨
૨૨.	મેરુગિરિ શુ ઉત્તુંગ વ્યક્તિત્વ : યુગદિવાકર...	૧૦૭
૨૩.	શ્રદ્ધા-જ્ઞાન-આચાર અને પરિણતિ વૈભવનો...	૧૧૨
૨૪.	સંવેદનશીલતા-સત્ત્વસમાધિનો સુવર્ણ સંગમ...	૧૧૬
૨૫.	કોરોનાકાળમાં માસક્ષમણની મહાલહેર : મુંબઈમાં...	૧૧૯
૨૬.	ચારસો ત્રેવીશ માસક્ષમણોની ભીતરમાં : આવી તપસ્યા...	૧૨૪
૨૭.	સાંપ્રત જૈન શાસનની સીમાચીહ્ન સમી ઘટનાઃ	૧૨૯
૨૮.	મુંબઈમાં સર્જાયો સાડા ત્રણ લાખ આયંબિલનો સુવર્ણ...	૧૩૪

૧

દુઃખો - દર્દો વ્યક્તિને એક જન્મ પરેશાન કરે... જ્યારે દોષો તો વ્યક્તિને જન્મોજન્મ પરેશાન કરે...

School - Management તરફથી નાના બાળકોને કાશ્મીરના પ્રવાસમાં લઈ જવાનો કાર્યક્રમ યોજાયો હતો. ધરતી પરના સ્વર્ગ સમી કાશ્મીરની રળિયામણી સૃષ્ટિમાં મહાલવાનો લહાવો સર્વપ્રથમવાર મળી રહ્યો હોવાથી બાળકો ખુશખુશાલ હતા, તો ત્યાંની અતિશય ઠંડી વગેરેથી બાળકોનું સ્વાસ્થ્ય જોખમાય નહિ એ માટે શિક્ષકો - વ્યવસ્થાપકો વગેરે થોડા ચિંતિત પણ હતા.

એ ચિંતાની કવાયતના ભાગરૂપે જ Class Teacher એ સાવ નાના બાળકોની તૈયારીની ચકાસણી કરવા પૂછ્યું : ‘‘કાશ્મીરની આ Tourમાં તમે ઘરેથી શું લઈને આવશો?’’. ‘Sweater’. ચિન્ટુએ કહ્યું. પીન્ટુએ આગળ કહ્યું : ‘‘હું ટોપી લઈને આવીશ.’’ મોન્ટુ એથી આગળ વધ્યો : હું બબ્બે ધાબળા લઈ આવીશ.’’ ત્યાં સૌથી નાના સ્વીટુએ સાવ અલગ જ ધડાકો કર્યો કે ‘‘Sir! હું તો મારી મમ્મીને જ લઈ આવીશ. એટલે મારે કાંઈ ચિંતા જ નહિ રહે, મારું બધું એ સંભાળી લેશે.’’ અને ... Classમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

હા, આ નાનકડું રમૂજી દૃષ્ટાંત આપણને એ પ્રતીતિ કરાવી જાય છે કે નાનકડાં સંતાનને એની માતા પર કેવો ગજબનાક વિશ્વાસ હોય છે. એનું વિચારવિશ્વ એવું હોય છે કે ‘પ્રવાસ કાશ્મીરનો હોય કે દુનિયાના કોઈ પણ

ખૂણાનો : માતા જો મારી સાથે હોય તો મારે કોઈ પણ પ્રકારની ચિંતા જ ન રહે. મારા માટે જે કાંઈ ચિંતા કરવા જેવી હોય એ તમામ ચિંતા માતા જ કરશે.' વાસ્તવિકતા પણ આ જ હોય છે કે માતા જો સંતાનની સાથે હોય તો એના તમામ યોગક્ષેમની ચિંતા માતાને જ હોય. ભલે ને પ્રવાસ કાશ્મીરનો હોય. પણ ધાબળા - ટોપી - Sweater વગેરેની કોઈ ચિંતા બાળકનો વિષય ન રહે.

જે વિચારવિશ્વ બાળકનું છે એ વિચારવિશ્વ ભક્ત પુણ્યાત્માનું હોય છે. પ્રભુનો સાચો ભક્ત એ વિચારવિશ્વમાં રમતો હોય છે કે 'ભવભ્રમણની યાત્રા ભલે ચાહે તેવી વિષમ હોય ને દુઃખો - દર્દો - દોષોના પડકારો ભલે એમાં ચાહે તેવા વિષમ હોય તો ય જો પ્રભુ મારી સાથે રહે - જીવનના હર તબક્કે એ જો હૈયે પ્રતિષ્ઠિત જ રહે તો ભીષણ ભવયાત્રાની ય કોઈ ચિંતા ન રહે.' પ્રભુ સાથે હોય તો જીવનમાં પડકારો - પીડાઓ આવે નહિ અને કદાચ આવે તો એમાં ટકી રહીને એને પુરસ્કારમાં પલટાવવાનું પ્રબળ સામર્થ્ય પ્રભુનાં કારણે મળ્યા વિના રહે નહિ. એથી જ અનુભૂતિસંપન્ન મહાન ભક્તાત્માઓ એમની કૃતિઓમાં - રચનાઓમાં બહુ સહજભાવે પ્રભુના સાથનાં સામર્થ્યની પ્રસ્તુતિ કરે છે ને એ સાથની સતત ઝંખના પણ કરે છે. એની એક - બે ઝલક નિહાળીએ તો, સમર્થ શાસ્ત્રકાર અને પરમ પ્રભુભક્ત મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર સીમંધરસ્વામી સ્તવનામાં બે અલગ-અલગ સ્થળે આ બન્ને ભાવના ખૂબ સરસ શબ્દોમાં આ રીતે પ્રતિબિંબિત કરે છે કે :-

*** હારીએ નવિ પ્રભુબળ થકી, પામીએ જગતમાં જીત રે...**
*** મુજ હજો ચિત્ત શુભ ભાવથી, ભવોભવ તાહરી સેવ રે;**
યાચીએ કોડિ યતને કરી, એક તુજ આગળે દેવ રે...

તો વળી એક ભક્ત કવિએ સંસ્કૃત શ્લોકમાં અફલાતૂન પ્રસ્તુતિ કરી છે કે 'પ્રભુ, જ્યાં તારું દિવ્ય સ્વરૂપ છે ત્યાં મારું મન તલ્લીન - તન્મય બની જાય કે જ્યાં તારા પવિત્ર ચરણો હોય ત્યાં મારું મસ્તક ઝૂકી રહે આવી પ્રાર્થના હું નથી કરતો. કારણ કે મારાં મન પર - મસ્તક પર મારું કોઈ નિયન્ત્રણ નથી. એથી પ્રાર્થના મારી એ છે કે જ્યાં જ્યાં મારું મન ભમે ત્યાં ત્યાં સર્વત્ર તું તારાં દિવ્ય સ્વરૂપે મારી સમક્ષ આવી જજે અને જ્યાં જ્યાં મારું મસ્તક હોય ત્યાં ત્યાં તારાં પાવન ચરણો સ્થાપી દેજે.' પ્રભુના સાથની કેવી

અદ્‌ભુત પરાકાષ્ઠાભરી ઝંખના આમાં અભિવ્યક્ત થાય છે! એ મૂળ સંસ્કૃત શ્લોકના શબ્દો આ છે કે :-

यत्रैव यत्रैव मनो मदीयं, तत्रैव तत्रैव तव स्वरूपम्।
यत्रैव यत्रैव शिरो मदीयं, तत्रैव तत्रैव पदद्वयं ते ।।

ભક્ત પુણ્યાત્મા પ્રભુના સાથની જે આ તીવ્ર ઝંખના રાખે છે એને સાકાર કરવાનાં અનેક મસ્ત માધ્યમોમાં એક પ્રબળ માધ્યમ છે પ્રાર્થના. એની એક ટૂંકી અને Heart - touch વ્યાખ્યા આ છે કે **'પ્રભુ સાથે Direct dialling કરી આપે એનું નામ પ્રાર્થના.'** ભક્તાત્માઓ ગદ્યરૂપે અને પદ્યરૂપે, સંસ્કૃત - પ્રાકૃતાદિરૂપે અને ગુજરાતી આદિ રૂપે, પાપપશ્ચાત્તાપરૂપે અને પવિત્રતાપ્રાપ્તિરૂપે, દોષક્ષયરૂપે અને કર્મક્ષયરૂપે : એમ વૈવિધ્યસભરરૂપે પ્રાર્થના કરીને પ્રભુ સાથે અંતરનાં તારનું અભિસંધાન કરે છે. આપણે અહીં કુલ ત્રણ લેખોમાં પાંચ એવી ગદ્ય પ્રાર્થનાઓનું વિશ્લેષણ કરીશું કે જે પ્રભુનો સાથ શાશ્વત બનાવવામાં સહાયક નીવડે અને આત્મકલ્યાણનું અફર કારણ બની રહે.

(૧) મારા દોષોને સાફ કરવાની શક્તિ આપજે :-

પાંચે ય ગદ્ય પ્રાર્થનાઓમાં અમે સૌથી પ્રથમ ક્રમ આ દોષોના નાશની પ્રાર્થનાને આપ્યો એ સહેતુક છે. કારણ કે જે આત્મકલ્યાણાર્થી આરાધક છે એની તીવ્રતમ ઝંખના દોષમુક્તિની હોય. એ દોષોથી મુક્ત થવાનો સન્નિષ્ઠ પુરુષાર્થ કરે અને જ્યાં સુધી એ દૂર ન થાય ત્યાં સુધી એની વ્યથા - વેદના આરાધકનાં અસ્તિત્વમાં ઘુમરાયા કરે. એમ ચોક્કસ કહી શકાય કે સાચી આરાધક વ્યક્તિ અને સરેરાશ સંસારી વ્યક્તિ વચ્ચેના તફાવતનું મુખ્ય Baro - meter આ છે. જે દુઃખોથી - દર્દોથી ડરતી રહે એ સરેરાશ સંસારી વ્યક્તિ છે અને જે દોષોથી - પાપોથી ડરતી રહે એ સાચી આરાધક વ્યક્તિ છે.

આ Baro - meter ના આધાર પર આપણે હાર્દિક સચ્ચાઈપૂર્વક જાતને પૂછીએ કે દેહમાં ફેલાયેલ જાલિમ Cancerનું દર્દ આપણને વધુ રડાવે કે દિલમાં ફેલાયેલ કામવાસના - ક્રોધવાસનાના જાલિમ દોષો આપણને વધુ રડાવે? શરીરને અક્ષમ બનાવી દેતો Asthama વધુ પરેશાન

કરે કે આત્માને અક્ષમ બનાવી દેતો અહંકાર વધુ પરેશાન કરે? પૂરા શરીરને પરાધીન બનાવી દેતું Paralysisનું દર્દ વધુ કનડગત કરે કે પૂરી આત્મિક પ્રગતિ અટકાવી દેતો પાપરસ વધુ કનડગત કરે? શરીરને પથારીવશ કરી દેતા Nhemoniaથી છૂટકારો મેળવવાની ઝંખના વધુ તીવ્ર રહે કે આત્માને કાયમ પીછેહઠ કરાવતા નિંદારસથી છૂટકારો મેળવવાની ઝંખના વધુ તીવ્ર રહે.

યાદ રહે કે દર્દો - દુઃખો આપણને વધુમાં વધુ એક જન્મપર્યંત પરેશાન કરી શકે છે, જ્યારે જાલિમ આત્મિક દોષો તો આપણને જન્મોજન્મ પર્યંત પરેશાન કરી શકે છે. સાચો આત્માર્થી આરાધક આ વાસ્તવિક્તાને બરાબર પિછાણતો હોવાથી એ દર્દનાશ - દુઃખનાશ કરતાં ય દોષનાશને Top priority સૌથી વધુ અગત્ય આપે. એથી જ આપણે પાંચ પૈકી પ્રથમ પ્રાર્થના આ દોષો સાફ કરવાની શક્તિ અંગે લીધી છે. સાચી સમજુ વ્યક્તિ દોષો સામે સંઘર્ષ કરી એને નાબૂદ કરે અને કદાચ તેવી ભવિતવ્યતાવશ એને નાબૂદ ન કરી શકે તો ય એ દોષને પૂરી તાકાતથી પડકારે તો ખરો જ. કેવી હોય એ પડકારવાની તત્પરતા તે જાણવું છે? તો વાંચો રાજાધિરાજ રાવણના જીવનની આ સત્ય ઘટના :

જૈન રામાયણ કહે છે કે યુવાવસ્થામાં જ્યારે રાવણ દિગ્વિજયયાત્રાએ નીકળ્યો હતો અને એક પછી એક રાજાઓને જીતતા આગળ વધી રહ્યો હતો ત્યારની વાત. એકદા એને સમાચાર મળ્યા કે એની લશ્કરી છાવણીથી થોડે જ દૂર કેવલી ભગવંત અનંતવીર્ય ધર્મદેશના ફરમાવી રહ્યાં છે. તુર્ત રાવણ એ ધર્મદેશના સાંભળવા ત્યાં ગયો અને એણે તન્મયભાવે ધર્મદેશના સાંભળી. વિશ્વવિજયી બનવા નીકળેલ યુવાન સમ્રાટ આ રીતે ધર્મદેશના શ્રવણ માટે જાય એ જ એની ધર્મભાવનાની દ્યોતક બીના ગણાય. રાવણે ધર્મદેશના તો સાંભળી. ઉપરાંત ત્યાંની ભાવધારામાં ઝીલતા ઝીલતા એણે કેવલી ભગવંતને પ્રશ્ન કર્યો :- ‘‘પ્રભુ, મારું મોત ક્યાં થશે અને ક્યા કારણે થશે?’’

દર્પણમાં જેમ વસ્તુ પ્રતિબિંબિત થાય તેમ કેવલી ભગવંતનાં જ્ઞાનમાં ત્રણે ય કાળની બાબતો પ્રતિબિંબિત થતી હતી. એથી એમણે તુર્ત યથાર્થ ઉત્તર આપ્યો : ‘‘રાવણ! તારું મોત યુદ્ધમેદાનમાં થશે અને પરસ્ત્રીનાં કારણે

થશે.'' મસ્તકે જાણે વીજળી પડી હોય એમ રાવણ પોતાના આ ભાવિથી ચમકી ગયો - દુઃખી થઈ ગયો. એણે ખિન્ન ભાવે કહ્યું : ''ભગવંત! હું ક્ષત્રિય રાજા છું. એથી યુદ્ધનાં મેદાનમાં મૃત્યુ આવે એનો મને કોઈ ભય નથી. બીજી રીતે વિચારું તો એ મોત મારી શૂરવીરતાની યશકલગી બની રહેશે. પરંતુ મને દુઃખી કરી રહ્યું છે પરસ્ત્રીલંપટ તરીકેનું સંભવિત કલંક. મારાં જીવનને આવું કલંક લાગે એ મને હરગિજ મંજૂર નથી. સાથે કેવલી ભગવંતની વાણી સંપૂર્ણ સત્ય જ હોય એ ય નિશ્ચિત જાણું છું. પ્રભુ! આ પરિસ્થિતિમાં પાણી પહેલા પાળ બાંધવા જેવો મારો નિર્ણય છે કે આપ મને કોઈ પણ પરસ્ત્રી પર બળજબરી ન કરવાની પ્રતિજ્ઞા આપો''. રાવણની આ રજૂઆતને ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર ગ્રન્થમાં શ્રીમાન હેમચન્દ્રાચાર્યે આ શબ્દોમાં પ્રસ્તુત કરી છે કે ''परस्त्रियमनिच्छन्तीं, रमयिष्यामि नह्यहम् ।''

રાવણની આ પ્રતિજ્ઞા શું હતી? પોતાના જાલિમ દોષને પૂરી તાકાતથી પડકારવાની પ્રક્રિયા હતી. આ પ્રતિજ્ઞાનાં કારણે સીતાજીનું શીલ સુરક્ષિત રહી શક્યું હતું. નહિ તો કદાચ સીતાજીને આત્મહત્યા કરવાની ઘડી આવત. આવો, રાવણની આ દોષોને પડકારવાની સત્ત્વશાલિતામાંથી પ્રેરણા લઈ આપણે પણ આપણા દોષો - ખામીઓને સાફ કરવા તરફ કૃતનિશ્ચયી બનીએ અને દોષો કદાચ નાબૂદ ન કરી શકીએ તો ય કમ સે કમ એને મજબુતાઈથી પડકારીએ તો ખરા જ. એ માટેના પ્રથમ સોપાનરૂપે પ્રભુને પ્રાર્થના કરીએ કે :

''હું નીરખું દોષને મારા, પ્રભુ એવાં નયન દેજો.''

✤ ✤ ✤

૨

જીવનની સૌથી મોટી સંપત્તિ છે પ્રભુનું સ્મરણ...
જીવનની સૌથી મોટી વિપત્તિ છે પ્રભુનું વિસ્મરણ...

એક મજાનું વાક્ય વાંચ્યું હતું કે ''પ્રાર્થના એટલે પ્રભુ સાથે વાત કરવાનો Wireless વ્યવહાર.'' પ્રાર્થના ગમે તે સમયે ને ગમે તે સ્થળે પ્રભુ સાથે આપણો સીધો સંપર્ક સ્થાપી શકે છે. એથી જ સમર્થ ભક્ત કવિઓથી લઇને સામાન્ય શ્રદ્ધાળુ સુધીના સહુ કોઇ આ પ્રાર્થનાનો આશ્રય લેતા હોય છે : કોઇ સંસ્કૃત - પ્રાકૃત - ગુજરાતી આદિમાં કાવ્યરચનારૂપે, તો કોઇ સાવ સાદી - સરલ ગદ્ય ભાષા રૂપે. આપણે ગત લેખથી પાંચ ગદ્ય પ્રાર્થના પર ચિંતનયાત્રાનો પ્રારંભ કર્યો હતો. આ લેખમાં આપણે વિચારીશું એમાંની બીજા - ત્રીજા ક્રમની પ્રાર્થનાની આસપાસ.

(૨) અન્યોની ભૂલો માફ કરવાની શક્તિ આપજે :-

અહીં 'ભૂલ' શબ્દનો અર્થસંદર્ભ છે આપણને નુકસાન થાય તેવું વર્તન યાવત્ અપરાધ. અન્યો સાથે કામ લેવાના પ્રસંગો જીવનમાં ડગલે ને પગલે હર કોઈને આવતા જ હોય. એ દરેક પ્રસંગે સામી વ્યક્તિનું વર્તન આપણી ઈચ્છાનુસારનું જ રહે કે આપણને લાભ થાય તેવું જ રહે એ શક્ય નથી. ઘણા બધા પ્રસંગોમાં એવું બને કે સામી વ્યક્તિનું વર્તન આપણી ધારણાથી વિપરીત રહે કે આપણને નુકસાન થાય તેવું રહે. સામી વ્યક્તિના ગમા - અણગમા, જીદ, સ્વાર્થી વૃત્તિ વગેરે પરિબળોની સાથે આપણી પુણ્યાઈની કચાશ પણ એમાં અગત્યનું પરિબળ બની રહે છે. આ બધાનાં કારણે સામી

વ્યક્તિ આપણાથી ધારણાથી વિપરીત અને આપણને નુકસાન થાય તેમ વર્તે.

કેટલાક રોજિંદા ઉદાહરણો વિચારીએ તો દીકરાને ના કહેવા છતાં એ આપણને ન પસંદ પડે તેવી નવા - જૂની કર્યા કરે, તો દીકરીને વારંવાર સૂચનાઓ આપવા છતાં એ મોડે સુધી બહાર રખડ્યા કરે; વિશ્વાસુ ભાગીદાર આપણને અંધારામાં રાખી સંયુક્ત સંપત્તિમાંથી ઉચાપત કરે, તો નાનો બાબો રમત - રમતમાં આપણને અણધાર્યું મોટું નુકસાન કરે. આ અને આવી આવી ઘટનાઓમાં આપણે ધુંધવાઈ જઈને મગજ પરનો control ગુમાવી બેસતા હોઈએ છીએ. એનું પરિણામ સંઘર્ષ - સંક્લેશ અને અશાંતિમાં આવતું હોય છે. આવા અંજામથી બચવા પૂર્વોક્ત પ્રાર્થના પ્રભુને કરાઈ છે કે ‘અન્યોની ભૂલ માફ કરવાની શક્તિ આપજે.’

ભલે ને કદાચ આપણે બધાની બધી ભૂલો - અપરાધો માફ કરવાની ઉચ્ચતમ ભૂમિકા આત્મસાત્ ન કરી શકીએ. પરંતુ ત્રણ સ્તરની ભૂલો માફ કરી શકીએ તો પણ આપણે ઉપરોક્ત પ્રાર્થનાને મહદંશે સફળ બનાવી શકીએ. એ ત્રણ સ્તર છે આ :

(A) અન્યોની નાની - નાની ભૂલોને માફ કરવી. પત્ની વારંવાર રસોઈમાં મીઠું ઓછું નાંખે કે નાનો દીકરો વારંવાર Homework ન કરે વગેરે બાબતો છે નાની નાની ભૂલો. હા, એ ભૂલો માટે યોગ્ય કાળજી કે સૂચના અવશ્ય અપાય. પરંતુ એને મોટું સ્વરૂપ આપી દઈ સંક્લેશ - ઝઘડા ન કરાય. યાદ રહે કે મહાન યોદ્ધો નાની નાની લડાઈ લડતો નથી હોતો. એમ આપણે ય નાની નાની ભૂલો બાબતે શક્તિઓ ખર્ચવી ન જોઈએ. એનાથી નિરર્થક સંક્લેશોની હોળી પ્રગટે અને મોટાં લક્ષ્યોથી દૂર રહી જઈએ.

(B) અણધારી - આકસ્મિક થઈ ગયેલ ભૂલોને માફ કરવી. આ વિશ્વમાં અન્યો દ્વારા કેટલીક ભૂલો - અપરાધો એવા ય થાય છે કે જેનું નુકસાન મોટું હોય, પરંતુ એ ઈરાદાપૂર્વક કરાયા ન હોય. ઉદાહરણરૂપે છે વળાંક લેવા જતાં એકાએક આપણી સાથે કરાયેલ જોરદાર કારઅકસ્માત્. બહુ સમજાય તેવી વાત છે કે એ Car Accident ઈરાદાપૂર્વક કરાયો ન જ હોય. આવા સમયે એ Accident કરનાર સાથે જોરશોરથી ઝઘડો કરાય નહિ. બલ્કે ‘બીજી વાર ખ્યાલ રાખજે’ જેવા હળવા શબ્દોથી વાત પૂર્ણ કરાય. સૌજન્ય અને સમજણની સાચી અભિવ્યક્તિ આ છે.

(C) જેમાં કાંઈ ફેરફાર થઈ શકવાનો જ નથી એવી બાબતો માફ કરવી. ક્યારેક એવું બને કે વિરોધી વ્યક્તિ પાકી ગણતરીપૂર્વક આપણને મોટું નુકસાન પહોંચાડે. આ અજાણતા નહિ, સોચ - સમજપૂર્વક થયેલ અપરાધ ગણાય. પરંતુ એ અપરાધ એ કક્ષાનો હોય કે પછીથી એ પસ્તાય ને માફી માંગે તો ય એનાથી થયેલ નુકસાન જરા ય ઓછું થવાનું ન હોય. આવી સ્થિતિમાં સતત શોક - સંતાપ - આર્તધ્યાન કરવામાં કે અપરાધી પ્રત્યે વૈર - વિરોધ રાખવામાં કર્મબંધ અને ચિત્તની અશાંતિ સિવાય કાંઈ ઉપલબ્ધ નથી થતું. એના મુકાબલે સામી વ્યક્તિને માફ કરવાથી ન કર્મબંધ થાય કે ન મનની અશાંતિ રહે. ઉપરથી એક સાત્ત્વિક આનંદ પ્રગટે કે 'એણે ભલે ગમે તે કર્યું. મેં તો એને માફ કરીને - ક્ષમા આપીને મોટું સુકૃત કર્યું.' આવી વિચારસરણી વ્યક્તિને કઈ હદે સામી વ્યક્તિનો ખતરનાક અપરાધ પણ માફ કરવા પ્રેરિત કરે એ જાણવું છે? તો વાંચો 'મહાભારત'ની આ સત્ય ઘટના :

કુરુક્ષેત્રના અઢાર દિવસના યુદ્ધના અંતે કૌરવપક્ષ સંપૂર્ણ ખુવાર થઈને પરાજિત થયો અને પાંડવપક્ષ મોટી ખુવારી પછી ય વિજેતા થયો એ ક્ષણોની વાત. અશ્વત્થામાએ ધર્મ - નીતિ નેવે મૂકીને અન્યાયપૂર્વક આખરી આક્રમણ કરવાનો નિર્ણય કર્યો અને રાત્રિયુદ્ધ - નિઃશસ્ત્ર પર આક્રમણ વર્જ્ય હોવા છતાં એણે રાત્રે નિદ્રાધીન પાંડવો પર અચાનક હુમલો કરી તમામને હણી નાખ્યા. પણ રે નસીબ! એ જેમને પાંડવો સમજ્યો હતો એ તો દ્રૌપદીના પાંચ પુત્રો હતા.

એક સાથે પાંચે ય પુત્રોની ઘાતકી હત્યાથી ઉશ્કેરાયેલી દ્રૌપદીએ અશ્વત્થામાને પણ ક્રૂરતાથી ખતમ કરવા પાંડવોને પડકાર્યા. ભીમે એ પડકાર ઝીલી લઈ ગમે તેમ આકાશ - પાતાળ એક કરીને અશ્વત્થામાને ઝબ્બે કર્યો અને દ્રૌપદીના પગે ઝુકાવી એની ઈચ્છા મુજબ ખતમ કરવાનો મનસૂબો વ્યક્ત કર્યો. એ ક્ષણે દ્રૌપદીનાં અંતરમાં નવો વિચાર સ્ફૂર્યો કે 'આ અશ્વત્થામાને ખતમ કરવાથી મારા પુત્રો જીવિત નથી થવાના. મને થયેલ નુકસાન અશ્વત્થામાના મોતથી ભરપાઈ નથી થવાનું. માત્ર એટલું જ થશે કે મારી જેમ એની નિર્દોષ માતાને પુત્રવિરહનો ઝૂરાપો આવશે. તો પછી હું એને માફ કેમ ન કરું?' અને... દ્રૌપદીએ પાંચ પાંચ પુત્રોની હત્યાનો ઘોર

અપરાધ કરનાર અશ્વત્થામાને દિલથી ક્ષમા આપી કોઈ જ શિક્ષા વિના જવા દીધો.

અન્યોની ભૂલો - અપરાધો માફ કરવા સંદર્ભમાં એક સરસ વાત. ગુજરાતીમાં એક ઉક્તિ છે કે 'માણસ માત્ર ભૂલને પાત્ર.' આપણે આ ઉક્તિનો ઉપયોગ આપણી ભૂલોનાં અનુસંધાનમાં ખૂબ કરતા હોઈએ છીએ. હવે એનો ઉપયોગ અન્યોની ભૂલોનાં અનુસંધાનમાં કરીએ. તો અન્યોને માફ કરવાની શક્તિ આસાનીથી પ્રગટશે...

(૩) તને યાદ કરવાની શક્તિ આપજે :-

પ્રભુ સમક્ષ કરવા જેવી પાંચ પૈકીની આ ત્રીજી પ્રાર્થનાની ભૂમિકારૂપે એક મજાની વાત પ્રસ્તુત કરવી છે. જીવનપથની સુદીર્ઘ યાત્રામાં આપણા સંપર્કમાં આવનાર લોકો ત્રણ પ્રકારના હોય છે. એ પૈકી પ્રથમ છે કનિષ્ઠ પ્રકારના લોકો. જેમ કે મીઠી મીઠી વાતોમાં ફસાવી આપણને છેતરી જનારા, આપણા હિતેચ્છુ હોવાનો દેખાવ કરી આપણું અહિત કરનારા - બેઈજ્જતી કરનારા, મિત્રતાનો દેખાવ રચી આપણા પરિવારમાં ભંગાણ સર્જનારા યાવત્ આપણી ખાનાખરાબી કરનારા. આવાઓને યાદ કરવાનું, કમ સે કમ સારા અર્થમાં યાદ કરવાનું, આપણને મન જ ન થાય... બીજા છે મધ્યમ પ્રકારના લોકો. એ કાર્યપૂરતા સંપર્કમાં આવે અને કોઈ સારી - નરસી અસરો આપણાં જીવનમાં ન સર્જે. જેમ કે ઘરનાં કાર્યસમયે કડિયો - Carpenter - Painter વગેરે સંપર્કમાં આવે, વ્યવસાયના કાર્યસમયે ગ્રાહક - માલ supply કરનાર - દલાલ વગેરે સંપર્કમાં આવે, પુસ્તકના કાર્યસમયે મુદ્રક - કાગળ supply કરનાર વગેરે સંપર્કમાં આવે. આ પ્રકારના લોકોને તે તે કાર્યસમયે યાદ રાખવાનું મન થાય. તેવું કાર્ય ન હોય ત્યારે એમને યાદ રાખવાની જરૂર ન હોય.

ત્રીજા છે ઉત્તમ પ્રકારના લોકો. જેમ કે બાહ્ય સ્તરે આપણા શુભ ચિંતક લોકો. એ વ્યવહારની હરેક બાબતમાં આપણને યોગ્ય - ઉચિત માર્ગદર્શન આપતા હોય. તો આપણી હરેક મુસીબતમાં નિ :સ્વાર્થભાવે સહાય કરતા હોય. એથી પણ ઉપર છે કલ્યાણમિત્રો. એ આપણને ધર્મક્ષેત્રે - સેવાક્ષેત્રે પ્રસ્થાન કરાવે અને એને અનુરૂપ દરેક બાબતોની કાળજી કરે. આ સ્તરના લોકો આપણા માટે હંમેશા યાદ રાખવા જેવા ગણાય.

પણ... સબૂર! પ્રભુ તો આપણું સૌથી શ્રેષ્ઠ - સર્વોત્તમ કલ્યાણ કરનારા છે. બીજા શબ્દોમાં કહીએ તો એમના વિના કોઇ પણ પ્રકારનું કલ્યાણ શક્ય જ નથી. એથીસ્તો 'પંચસૂત્ર' 'ગ્રન્થમાં એમને ''परमकल्लाणहेउसत्ताणं'' વિશેષણથી નવાજવામાં આવ્યા છે. આવા પ્રભુને - પરમ તત્ત્વને તો જીવનની હરેક ક્ષણે - પ્રત્યેક પળે સતત યાદ કરવાના હોય. આ સંદર્ભમાં યાદ કરીએ બે મસ્ત ગીતપંક્તિઓ. એકમાં પ્રભુને ઉદ્દેશી લખાયું છે કે "**સમય સમય સો વાર સંભારું.**" તો અન્ય એક પંક્તિમાં લખાયું છે કે ''साँसोमें प्रभुनाम ले, वृथा साँस मत खोय.'' પ્રભુને - પરમતત્ત્વને સતત યાદ કરનારા ભક્તોનું ભાવવિશ્વ કેવું નિરાળું હોય એ નિહાળવું છે? તો વાંચો આ 'રામાયણ'માંની મસ્ત ઘટના :

વનવાસકાળમાં રામ - લક્ષ્મણ - સીતા એક ઝૂંપડી પાસે આવ્યા. અંદર એક વૃદ્ધ દરિદ્ર માજી હતા. કિંતુ અતિથિસત્કારની ભાવનાથી તો એ અમીર હતા. ત્રણે ય ને ખૂબ ભાવથી ગરમ ગરમ રસોઇ માજીએ જમાડી. માજીના ભાવોથી પ્રભાવિત રામચન્દ્રજીએ માજીને કાંઇક માંગવાનું કહ્યું. પરંતુ સંતોષી માજીએ અતિથિઓ પાસેથી કાંઇ માંગવાનું મુનાસિબ ન ગણ્યું. વધુ પડતો આગ્રહ થયો ત્યારે માજીએ સરલ માંગણી કરી : "અહીંથી ત્રણ કુટિર દૂર ઘણાં છાણાં છે એમાંથી મારા પચીશ છાણાં લાવી આપો." લક્ષ્મણને આ કાર્ય ગમ્યું તો નહિ. છતાં જઇને પચીશ છાણાં લઇ આવ્યા. ત્યાં માજીએ નવો ફણગો ફોડ્યો : "આ છાણાં મારા નથી. મારાં લાવો." નારાજ લક્ષ્મણે કહ્યું : "કેમ? તમારાં છાણાં પર તમારું નામ છાપ્યું છે? બધાં સરખાં જ છે. લઇ લો આ." માજીએ ગૌરવથી ઉત્તર આપ્યો : "ભઇલા! મારાં છાણાંને કાન પાસે લઇ જજે. એમાંથી 'રામ રામ' અવાજ આવશે. કારણ કે હું છાણાં બનાવતાં ય સતત 'રામ'નું રટણ કરું છું!" ત્રણે ય સ્તબ્ધ થઇ ગયા માજીના ભાવોથી...

છેલ્લે આ ત્રીજી પ્રાર્થનાના સંદર્ભમાં મસ્ત વાત : **પ્રભુનું સ્મરણ એ જ સંપત્તિ છે અને પ્રભુનું વિસ્મરણ એ જ વિપત્તિ છે...**

❖ ❖ ❖

૩

જે દર્દીનો અભિગમ Positive હોય એનું દર્દ જલ્દી જાય... જે વ્યક્તિનો અભિગમ Positive હોય એનું દુઃખ જલ્દી જાય...

સંસ્કૃત સાહિત્યમાં બે શબ્દો મળે છે : યાચના અને પ્રાર્થના. વ્યાકરણની દૃષ્ટિએ આ બન્ને શબ્દોનો અર્થ એક જ થાય છે કે માંગણી કરવી. પરંતુ ચિંતકોની દૃષ્ટિએ આ બન્ને શબ્દોના અર્થમાં આભ - ગાભ જેવું વિરાટ અંતર છે. યાચનામાં જે માંગણી છે એ ભૌતિક સ્તરની - બાહ્ય બાબતોની છે, જ્યારે પ્રાર્થનામાં જે માંગણી છે એ આત્મિક સ્તરની - અભ્યંતર બાબતોની છે. યાચના સ્વાર્થ સિદ્ધ કરવા માટે થતી હોય છે, જ્યારે પ્રાર્થના પરાર્થ અને પરમાર્થ સિદ્ધ કરવા કરાતી હોય છે. આવા ઘણા ઘણા તફાવતો હોવાથી ચિંતકો યાચનાને અધમ ગણે છે અને પ્રાર્થનાને ઉત્તમ ગણે છે. જીવનને ઉત્તમતા તરફ લઈ જતી પાંચ ગદ્ય પ્રભુપ્રાર્થનાઓ પર છેલ્લા બે લેખથી આપણે ચિંતનયાત્રા કરી રહ્યા છીએ. હવે આ ત્રીજા લેખમાં આપણે ચિંતન કરીશું ચોથા અને પાંચમા ક્રમની ગદ્ય પ્રાર્થનાઓ પર.

(૪) પરોપકાર કરવાની શક્તિ આપજે :-

યાદ રહે કે પરોપકાર ખરેખર કરવો હોય તો પહેલા સમ્યક્ સમજપૂર્વકની પરોપકારદૃષ્ટિ - પરાર્થદૃષ્ટિ કેળવવી જોઈએ. વાસ્તવિકતા એ છે કે આપણાં જીવનમાં પરાર્થદૃષ્ટિની નહિ, સ્વાર્થદૃષ્ટિની બોલબાલા છે. તપાસીશું સચ્ચાઈપૂર્વક આપણી જીવનશૈલીને, તો એમાં સ્વાર્થદૃષ્ટિની પ્રધાનતા તુર્ત નજરે તરી આવશે. Bank માં રકમની F.D. કરીશું તો એ પોતાના માટે અને

રકમ વ્યાજે આપીશું તો એ ય પોતાના માટે જ, વ્યવસાયમાં કલાકો આપીશું તો એ પોતાના લાભ માટે અને ખેતીમાં પરસેવો પાડીશું તો એ પણ પોતાના માટે જ. અરે! સંસ્થામાં દાન આપીશું તો એ નામ કમાવા માટે અને કોઈ જરૂરિયાતમંદને સહાયક થઈશું તો એ ય કીર્તિની કમાણી કરી લેવા માટે. ભીતરની ખરી સચ્ચાઈ જો આ છે તો સમજી લેવું કે હજુ આપણામાં સાચી પરાર્થદષ્ટિનો - પરોપકારદષ્ટિનો ઊઘાડ નથી થયો. એ પરોપકારદષ્ટિ વિકસ્વર બને અને જીવનમાં નિ ઃસ્વાર્થ પરોપકારની પરંપરા રચાય એ માટે આ ચોથી પ્રભુ પ્રાર્થના છે કે ''હે પ્રભુ, તું મને પરોપકાર કરવાની શક્તિ આપજે.''

પરોપકારના સંદર્ભમાં જીવોના ચાર પ્રકાર કરી શકાય. પહેલા અને સૌથી નિમ્ન સ્તરના જીવો હોય છે સાગર જેવા. સાગર પાસે જલસંપદા અફાટ - અગાધ હોય છે. પરંતુ સાગર એક પણ તૃષાતુર વ્યક્તિને તૃપ્ત કરતો નથી. કેમ કે એનું જલ સાવ ખારું હોય છે. સાગરની અફાટ જલસંપદાની સામે મીઠા જળનો એક પ્યાલો ય ચડિયાતો પુરવાર થાય. કેમ કે એ કમ સે કમ એકાદ વ્યક્તિને તો તૃપ્ત કરી શકે છે. બસ, પરોપકારના સંદર્ભમાં કેટલા ય જીવો હોય છે આ સાગર જેવા. એમની પાસે સંપત્તિની - સહાયક થવાની વિધવિધ સંપદાઓ અફાટ હોય છે. પરંતુ એ સાગરના ખારા જલ જેવી હોય છે. એ કોઈના ય ખપમાં - ઉપયોગમાં ન આવે. સંપત્તિની કારમી આસક્તિ, તીવ્ર સ્વાર્થી વૃત્તિ, કોઈના માટે જરા ય ઘસાવાની વૃત્તિનો અભાવ વગેરે ગલત વૃત્તિઓ આમાં કારણ હોય છે.

બીજા પ્રકારના જીવો હોય છે કૂવા જેવા. કૂવા પાસે જનાર તૃષાતુર વ્યક્તિને કૂવા પાસેથી જલ મળે ખરું. પરંતુ એ જલ આપતા પહેલા કૂવો એ વ્યક્તિને પાણી ખેંચવાનો ભરપૂર પરિશ્રમ કરાવે. પરસેવો પાડ્યા પછી એ વ્યક્તિને જલદાન મળે. બીજા પ્રકારના જીવોનું વ્યક્તિત્વ બિલકુલ કૂવા જેવું હોય છે. એ પરોપકાર કરે ખરા, પરંતુ એ પહેલા જરૂરિયાતમંદ વ્યક્તિનો પરસેવો ઉતારી દે.

ત્રીજા પ્રકારના જીવો હોય છે સરોવર જેવા. તૃષાતુર વ્યક્તિ સરોવર પાસે જાય ત્યારે સરોવર એને કોઈ ઝાઝી મહેનત કરાવ્યા વિના જલદાન કરે છે. સરોવર પાસે જઈ એ ઘડો યા પાત્ર ડુબાડે એટલી જ વાર. એનું પાત્ર તુર્ત

જલથી છલકાઇ જાય. એ જ રીતે ત્રીજા પ્રકારના જીવો પાસે કોઇ જરૂરિયાતમંદ વ્યક્તિ જાય એટલી જ વાર. એ કોઇ ઝાઝી પૂછપરછ - તપાસ કર્યા વિના યા સામી વ્યક્તિને ટટળાવ્યા વિના તુર્ત સહાય કરે...

પણ સબૂર! ચોથા પ્રકારના જીવો તો આથી ય ચડિયાતા - સર્વશ્રેષ્ઠ હોય છે. એ હોય છે નદી જેવા. નદીની વિશેષતા એ હોય છે કે તે સામે પગલે વહેતી વહેતી વિવિધ ગામ - નગરોમાં જાય છે અને ત્યાંના તૃષાતુર જનોને તૃપ્ત કરે છે. બસ, ચોથા અને સર્વશ્રેષ્ઠ પ્રકારના જીવો આ નદી જેવા હોય છે. જ્યાં ઉપકારની આવશ્યકતા હોય ત્યાં એ સામે પગલે પહોંચી જાય અને જરૂરિયાતમંદો પર નિઃસ્વાર્થ ઉપકાર કરે. કેવી તમન્નાથી - તત્પરતાથી એ પરોપકાર કરે તે જાણવું છે? તો વાંચો જેમની યશોગાથા ઇતિહાસના પાને સુવર્ણાક્ષરોથી અંકિત છે તે વિખ્યાત દાનવીર શ્રેષ્ઠી જગડૂશાહની આ મજાની ઘટના :

વિક્રમની ચૌદમી સદીમાં દુષ્કાળે જ્યારે સળંગ ત્રણ વર્ષ રાષ્ટ્ર પર કારમો ભરડો લીધો ત્યારે પરોપકારપરાયણ આ દાનવીર જગડૂશાહે પોતાના અનાજના ભંડારો પ્રજા માટે વિના મૂલ્યે ખુલ્લા મૂકી દીધા હતા. જે કાળમાં એક મૂઠી અનાજના હજારો રૂપિયા ચુકવાતા હતા એ કાળમાં આ રીતે અન્નભંડારો પ્રજાને સમર્પિત કરી દેવા એ ટોચ કક્ષાની નિ ઃસ્વાર્થ પરોપકારવૃત્તિ વિના શે શક્ય બને? પરંતુ નદી જેવી શ્રેષ્ઠ પરોપકારવૃત્તિ ધરાવતા જગડૂશાહ આટલેથી જ ન અટક્યા. એમણે વિચાર્યું કે આવા અન્નભંડારો પર નિઃશૂલ્ક અનાજ લેવા આવવામાં કેટલાક નામાંકિત શ્રીમંત પરિવારોને શરમ નડતી હશે. કારણ કે એમણે જીવનમાં કદાપિ લેવા માટે હાથ લંબાવ્યો નથી. એમની સુખાકારી માટે જગડૂશાહે એવી વ્યવસ્થા કરાવી કે આવી વ્યક્તિઓ પડદા પાછળથી માત્ર હાથ લંબાવે અને જગડૂશાહ એમને દાન આપે. એમનો ચહેરો ન તો જગડૂશાહ જોઇ શકે, ન તો અન્ય કોઇ વ્યક્તિ જોઇ શકે. આવી વ્યક્તિઓના માત્ર હાથ પરથી એમની કક્ષાનો અંદાજ પામી જઇ જગડૂશાહ એમને અનાજથી લઇને લાખો રૂપિયાનાં ગુપ્ત દાન કરતા. ઘટના એવી પણ નોંધાઇ છે કે દીલ્હીના બાદશાહે જગડૂશાહની પરીક્ષા કરવા આ ગુપ્ત વ્યવસ્થામાં જોડાઇ પડદા પાછળથી હાથ લંબાવ્યો, તો જગડૂશાહે એ અજાણ્યા હાથમાં લાખોના મૂલ્યનો હીરો મૂકી દીધો!

જગડૂશાહની આ અકલ્પ્ય પરોપકારવૃત્તિને બિરદાવવા જ કો'ક કવિએ આ પંક્તિ લખી છે કે :

જગડુ તું દાતાર, બીજો થાવો નથી;
જનની જણે હજાર, પણ એકે આવો નથી..

(૫) સદાય Positive અભિગમ આપજે :-

પ્રભુને કરવા જેવી પાંચ ગદ્ય પ્રાર્થનાઓમાંની પાંચમી અને અંતિમ પ્રાર્થના છે આ. એક વાત ચોક્કસ છે કે જીવન છે તો એમાં સમસ્યાઓ પણ છે જ. માની લો કે જીવન અને સમસ્યા, બન્ને એક જ સિક્કાની બે બાજુ છે. ક્યારેક લાભની સો ટકા ગણતરી માંડીને જે કાર્ય કર્યું હોય એનાથી જ અણધાર્યું મોટું નુકસાન થઇ જાય, તો ક્યારેક જેના પર અચલ વિશ્વાસ રાખ્યો હોય એ જ મિત્ર વિશ્વાસઘાત કરી જબરદસ્ત આંચકો આપી દે; ક્યારેક શારીરિક સમસ્યા એવી સર્જાઇ જાય કે પૂરપાટ દોડતી car જેવી વ્યક્તિ ય break લાગવાથી અટકી ગયેલ car જેવી થઇ જાય, તો ક્યારેક પરિસ્થિતિ એવી બે - કાબૂ થઇ જાય કે જમાવેલી પ્રતિષ્ઠા ખતમ થઇ જવા સાથે સમાજમાં બે - ઇજ્જતી થાય. આ કે આવી આવી કૈંક સમસ્યાઓ હર કોઇ વ્યક્તિનાં જીવન સાથે લગભગ જડાયેલી રહેવાની જ. કારણ કે કોઇ પણ વ્યક્તિ એવી પુણ્યશાળી તો નથી હોતી કે જેનાં જીવનમાં કોઇ સમસ્યા જ ન આવે.

વાસ્તવિકતા જો આ છે તો સ્વસ્થ - પ્રસન્ન રહેવાનો અમોઘ ઉપાય છે પ્રત્યેક પ્રતિકૂળ પરિસ્થિતિમાં Positive અભિગમ. આપણી કેટલીક માન્યતાઓ અને કહેવત પર જરા ચિંતન કરીશું તો એનાં મૂળમાં Positive અભિગમ જોવા મળશે. ઉદાહરણરૂપે, આપણી પરંપરામાં એક માન્યતા એવી પ્રચલિત છે કે કોઇ કાર્ય શરૂ કરતાં ઠોકર લાગે - લોહી નીકળે તો એ શુકન ગણાય. બીજી માન્યતા એવી છે કે દવાની Bottle ફૂટે તો સમજવું કે એ રોગ વિદાય થવાની નિશાની છે. શું છે આ માન્યતાઓ? એ જ કે નુકસાનીમાં પણ Positive અભિગમ બરકરાર રાખવો. અરે! કહેવત તો ત્યાં સુધી કહે છે કે 'જે થાય તે સારા માટે.' શું વ્યવસાયમાં નુકસાની - શરીરમાં રોગ - પરિવારમાં કલહ વગેરે બાબતે એમ માની શકાય કે 'જે થાય

તે સારા માટે'? ના, ત્યાં એમ સમજવું રહે કે મહદંશે Positive અભિગમ ટકાવી રાખવા માટે - મનને આશ્વાસન આપવા માટે આ કહેવત ઉપયોગી બની રહે છે. અભિગમ જો Positive હોય તો વ્યક્તિ વિપરીત સંયોગોમાં પણ કેવી પ્રસન્ન બની રહે એ જાણવું છે? તો વાંચો અમારી નજર સમક્ષ બનેલી આ તાજેતરની સત્ય ઘટના :

આ December માસના પ્રારંભે અમારી નિશ્રામાં મુંબઈ - કાંદિવલીના બે સંઘોમાં બે શિખરબદ્ધ જિનાલયોના બે ભવ્યાતિભવ્ય અંજનશલાકા - પ્રતિષ્ઠામહોત્સવો ઉજવાયા. એ પૈકી કાંદિવલી - પૂર્વના શાંતિનાથ ઝાલાવાડ સંઘમાં મૂલનાયકરૂપે શત્રુંજયમહાતીર્થના આદિનાથપ્રભુ જેવા જ આબેહૂબ આદિનાથપ્રભુ પ્રતિષ્ઠિત થયા અને તેની સાથે બે ભાઈઓ - બે બહેનો મળી ચાર મુમુક્ષુઓની દીક્ષા થઈ. અંજનશલાકા અને મુમુક્ષુઓની દીક્ષાના તમામ પ્રસંગો યાદગારરૂપે ઉજવાયા. એમાં ય મુમુક્ષુઓનો અંતિમ વિદાય સમારોહ, હકડેઠઠ મેદની - અનેક વિશેષતાઓ આદિનાં કારણે જાણે જીવનભરનાં સંભારણાં જેવો બન્યો. આવા અનુપમ માહોલમાં દીક્ષાના પૂર્વદિને રંગમાં ભંગ પડે એવી બાબત એ બની કે એકાએક climate change થવાથી વરસાદ આવ્યો અને વિશાલ મંડપ નિરુપયોગી બની ગયો. બીજા દિવસનો દીક્ષાસમારોહ ઉપાશ્રયના વિશાલ હૉલમાં યોજવાનો તાત્કાલિક નિર્ણય કરાયો. મંડપની - સ્ટેજની ભવ્ય સજાવટ નિરર્થક બની ગઈ. આ એવી ઘટના હતી કે જાણે લગ્ન પૂર્વેના તમામ પ્રસંગો extra ordinary ઉજવાય અને લગ્નનો મુખ્ય પ્રસંગ જ મુસીબતમાં આવી જાય. આવી સ્થિતિમાં સ્વાભાવિક જ દીક્ષાર્થીના મનમાં રંજ થાય.

પણ... દીક્ષાના પૂર્વદિને સાંજે અમે મુમુક્ષુઓના ઘરે પગલાં કર્યાં ત્યારે એક જ પરિવારના એ મુમુક્ષુઓ પૈકી ભાવિબેન સામેથી સહજભાવે બોલ્યા : "સાહેબજી! મંડપના બદલે ઉપાશ્રયમાં દીક્ષા થશે એમાં અમને વિશેષ આનંદ છે. કારણ કે મંડપની ભૂમિ આરાધનાથી વાસિત ન હોય, જ્યારે ઉપાશ્રયની ભૂમિ અનેક ભગવંતોના ચાતુર્માસો - પ્રવચનો - ગૃહસ્થોની ધર્મક્રિયા આદિનાં કારણે આરાધનાવાસિત છે. આવા આરાધનામય સ્થાનમાં દીક્ષા થાય એ શ્રેષ્ઠ બાબત છે." અમે ખુશીથી તર - બ - તર થઈ ગયા મુમુક્ષુના આ અદ્ભુત Positive અભિગમથી.

આપણે કમ સે કમ નાની નાની સમસ્યાઓમાં તો Positive અભિગમ રાખીએ કે (A) ચા મોળી મળે તો માનવું કે Diabeties નહિ થાય (B) ભોજનમાં મીઠું ન આવ્યું તો માનવું કે B.P. નહિ વધે (C) જવા માટે રીક્ષા ન મળી તો માનવું કે ચાલવાથી આરોગ્ય સરસ થશે.

છેલ્લે એક વાત : **જે દર્દીનો અભિગમ Positive હોય એનું દર્દ જલ્દી જાય... જે વ્યક્તિનો અભિગમ Positive હોય એનાં દુઃખ જલ્દી જાય.**

✤ ✤ ✤

૪

દૂધ ફાટતા જે રડે તે પનીર ન બનાવી શકે... દુઃખ આવતા જે રડે તે કર્મનિર્જરા ન કરી શકે...

જૈન ધર્મના ચોવીશમા તીર્થંકર ભગવાન મહાવીરદેવનું નામ વિશ્વમાં વિખ્યાત છે. જો કે, એમનું મૂલ નામ તો વર્ધમાન હતું. એમની વિશિષ્ટ સત્ત્વશીલતાથી - પરાક્રમશીલતાથી પ્રભાવિત દેવે એમને 'મહાવીર' વિશેષણથી નવાજ્યા હતા. એ 'વીર - મહાવીર' નામ એ હદે વ્યાપક બની ગયું કે મૂલભૂત 'વર્ધમાન' નામ લગભગ ગૌણ થઇ ગયું. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યે સકલાર્હત્સ્તોત્રમાં પ્રભુમહાવીર દેવની ભક્તિરૂપે એક એવો સ્તુતિશ્લોક પ્રસ્તુત કર્યો છે કે જેમાં 'વીર' શબ્દને કેન્દ્રમાં રાખીને સંસ્કૃતવ્યાકરણની દષ્ટિએ - સંસ્કૃતભાષાની દષ્ટિએ કમાલ કરાઇ હોય.

સંસ્કૃત વ્યાકરણમાં નામની સાત વિભક્તિઓ હોય છે અને તેમાં સંબોધન માટેની પ્રથમા વિભક્તિને અલગથી ગણતરીમાં લઇએ તો કુલ આઠ વિભક્તિ થાય. શ્રીમાન હેમચન્દ્રાચાર્યે સકલાર્હત્ સ્તોત્રના એ સ્તુતિશ્લોકની ચાર પંક્તિમાં 'વીર' શબ્દનો પ્રયોગ કુલ આઠ વાર કર્યો છે અને શ્લોકની રચનાશૈલી એવી કરી છે કે સંસ્કૃતવ્યાકરણની ઉપરોક્ત આઠે ય વિભક્તિઓમાં એ 'વીર' શબ્દનો ઉપયોગ થાય! એમાં કાવ્યશક્તિની કમાલ તો ઝળકે જ છે, સાથોસાથ 'વીર' વિશેષણ પ્રત્યેનું આકર્ષણ પણ ઝળકે છે.

પ્રભુ મહાવીરદેવ માટેના આ 'વીર' શબ્દનાં અર્થઘટનો જૈન શાસ્ત્રકારોએ એવાં વૈવિધ્યસભર કર્યા છે કે જે ભક્તિછલકતાં હોવા સાથે પ્રભુ માટે સંપૂર્ણ સંગત હોય. એનાં એક - બે ઉદાહરણો નિહાળીએ તો, 'ધર્મસંગ્રહ' ગ્રન્થકારે ગ્રન્થનાં મંગલાચરણમાં પ્રભુને દાનવીર - ધર્મવીર અને યુદ્ધવીરરૂપે પ્રસ્તુત કર્યા છે. તો કર્મગ્રન્થની સંસ્કૃત ટીકાના પ્રારંભે ટીકાકાર મહર્ષિએ 'વીર' શબ્દના એકેક અક્ષરને અલગ કરી પ્રભુની વિશિષ્ટતાને ઉજાગર કરી છે. આવો, આપણે અહીં બે લેખ દ્વારા 'વીર' શબ્દની કુલ ચાર ગુજરાતી વ્યાખ્યા એવી વિચારીએ કે જે સાવ સરલ હોય અને આપણાં જીવનને ઊર્ધ્વગામી બનાવવામાં ઉપયોગી હોય :

(૧) જે કદી ન રડે એનું નામ વીર :-

દુઃખો - કષ્ટો - આફતોના સંદર્ભમાં કરાયેલ આ વ્યાખ્યા સાથે આપણી જીવનશૈલી સરખાવીએ તો ચોક્કસ પ્રતીત થશે કે આપણે તો દુઃખો - આફતો સામે રડી પડનારા છીએ અર્થાત્ નાસીપાસ થઇ જનારા છીએ, ફરિયાદ કરનારા છીએ. એક રમૂજી કલ્પના વર્ષો પૂર્વે વાંચી હતી કે આ સૃષ્ટિમાં જન્મસમયે દરેક બાળક રડતા રડતા જન્મે છે. કદાચ કોઇ બાળક રડ્યા વિના જન્મે તો એને abnormal ગણી લોકો ચૂંટી ખણીને રડાવે છે. આવું લોકો એટલા માટે કરતા હશે કે તેઓ ચૂંટી ખણીને રડાવવા દ્વારા બાળકને સંદેશ આપે છે કે "બેટા! આ સૃષ્ટિમાં તારે જીવનભર રડવાનું જ છે. માટે આજે પહેલું મંગલાચરણ રડવાથી જ કર." આ રમૂજી કટાક્ષકલ્પના આપણી જિંદગીની બૂરી હાલત - રડતી સુરત પર માર્મિક અંગુલિનિર્દેશ કરે છે.

શૈશવમાં મનપસંદ રમકડાં ન મળતાં આપણે રડ્યા છીએ, તો યુવાનીમાં મનપસંદ પાત્ર સાથે લગ્ન ન થતાં આપણે રડ્યા છીએ; વ્યાપારમાં લાખો - ક્રોડોની નુકસાની થતાં આપણે રડ્યા છીએ, તો Cancer જેવા કાતિલ પીડાદાયક રોગો આવતાં આપણે ચોધાર આંસુએ રડ્યા છીએ. અરે! કેટલીક વાર તો આપણે એવી કલ્પિત મનઃસ્થિતિવશ જાતને દુઃખી મહેસૂસ કરતા હોઇએ છીએ કે જે દુઃખ અન્યોની દૃષ્ટિએ વાસ્તવિકપણે જ દુઃખરૂપ ન હોય. ઉદાહરણરૂપે છે આપણી બાજુના પરિવારને ત્યાં આવેલ Latest model ની car. આપણા ઘરમાં હજુ Scooterથી આગળની સુવિધા

આવી ન શકતી હોય ત્યારે બાજુવાળાની પેલી Car આપણને દુઃખી - અસ્વસ્થ કરી મૂકતી હોય છે. હકીકતમાં આ બિલકુલ મનઃકલ્પિત દુઃખ છે. કેમ કે જેની પાસે પોતીકા સાધનની કોઈ સુવિધા નથી એના માટે તો Scooter પણ સુખનું - આનંદનું કારણ બની રહેતું હોય છે. Car અને Scooter એક પ્રતીકરૂપ ઉદાહરણ છે. બાકી આવી આવી ઘણી બાબતો છે જેમાં વ્યક્તિ મનઃકલ્પિત દુઃખ અંગે રડતી હોય - અસ્વસ્થ હોય. **આવાઓ માટે એમ જરૂર કહી શકાય કે તેઓ સામે ચાલીને દુઃખો શોધતા ફરતા હોય છે.**

આનાથી સાવ વિપરીત કેટલીક જીંદાદિલ વ્યક્તિઓ એવી પણ હોય છે કે જે ખરેખર દુઃખોથી ઘેરાવા છતાં ન રડવાનું - ન અસ્વસ્થ બનવાનું શૌર્ય - વીરતા દાખવતા હોય છે. એવી વીરતા કે જેનું શ્રવણ પણ આપણને અહોભાવથી તર - બ - તર કરી દે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો ઈ.સ. ૧૯૮૩ની વિમ્બલ્ડન સ્પર્ધાના World champion Tennis star આર્થર એશનો આ જીવનપ્રસંગ :

એ ઉત્સાહી અને તરવરિયા રમતવીરને કોઈ સામાન્ય બાબતે Blood ચડાવવાનું હતું. Doctorની બેદરકારી ગણો કે એના અશુભ કર્મોનો ઉદય : આર્થર એશને Aidsના દર્દીનું blood ચડાવાઈ ગયું અને એ વિના વાંકે Aids ના જીવલેણ દર્દનો ભોગ બની ગયો. તે કાળે Aids એકદમ અસાધ્ય રોગ હોવાથી આર્થર યુવાનીમાં જ મૃત્યુ તરફ ધકેલાવા માંડ્યો. વિશ્વભરમાં ફેલાયેલ એનો ચાહક વર્ગ એનાં જીવનની આ tragedy થી દુઃખી થઈ ગયો. એમાંના એક કિશોરે તો આર્થર એશ પરના પત્રમાં ફરિયાદ પણ લખી કે ‘‘ભગવાને તમારી સાથે જ આવો અન્યાય કેમ કર્યો?’’

આર્થર એશે પ્રત્યુત્તરરૂપે એ કિશોરને હૃદયસ્પર્શી વાત લખી : ‘‘આ વિશ્વમાં ગલીઓનાં સ્તરે Tennis રમનારા પાંચ ક્રોડ ખેલાડીઓ હશે, એમાંથી રાજ્યસ્તર સુધી પહોંચનારા પાંચ લાખ હશે, એમાંથી રાષ્ટ્રીયસ્તરે પહોંચનારા પચાસ હજાર હશે, એમાંથી જગતની ટોચની સ્પર્ધા Wimbledonમાં પ્રવેશ કરનારા પચાસ હોય છે, એમાં પણ Finalમાં પ્રવેશનારા બે જ હોય છે અને World champion બનનાર ખેલાડી એક જ હોય છે. હું જ્યારે World champion બન્યો ત્યારે મેં ભગવાનને કહ્યું ન

હતું કે આટલા બધામાંથી તેં મને એકને જ 'World Champion' કેમ બનાવ્યો? જો ત્યારે મેં ભગવાનને આવું પૂછ્યું ન હતું તો આજે કેમ પૂછી શકું કે આટલા બધામાંથી તેં મને જ કેમ આવો અન્યાય કર્યો?'' કિશોરને આ વાત બિલકુલ હૈયાં સોંસરવી ઉતરી ગઇ.

ખ્યાલમાં રહે કે રોગની કાતિલ નાગચૂડ વચ્ચે આવા શબ્દો લખવાનું કૌવત એ જ દાખવી શકે કે જે દુઃખનાં રોદણાં ન રડતો હોય. સાડા બાર વર્ષના સાધનાકાળમાં ઘોર - કાતિલ દુઃખો સામે અડીખમ ટકી રહેનાર પરમાત્મા મહાવીરપ્રભુનું જીવન આપણને દુઃખો સામે ન રડવાનો - ન ડરવાનો આદર્શ આપે છે...

(૨) જે સદાય હસતા રહે તેનું નામ વીર :-

જીવનના જાલિમ સંઘર્ષો હો કે કર્મસત્તાના કાતિલ ફટકા હો : એ તમામને પ્રસન્ન ભાવે સહન કરવાના સંદર્ભમાં આ બીજી સરલ વ્યાખ્યા છે. પરમાત્મા મહાવીરપ્રભુના જીવનપ્રસંગોનું વિશ્લેષણ કરીએ તો એ સમજાશે કે તેઓ દુઃખો - ઉપસર્ગો સામે રડ્યા તો નથી જ, બલ્કે પ્રસન્ન ભાવે તેઓએ એને માણ્યા છે. એથી જ પ્રભુ એક રાત્રિના વીશ - વીશ ભયાનક ઉપસર્ગો વચ્ચે ય સાધના કરી શક્યા હતા અને વિપુલ કર્મનિર્જરા માટે સામે ચાલીને અનાર્ય દેશોમાં ઉપસર્ગો સહવા જઇ શક્યા હતા. દુઃખો પ્રત્યે આવો - પ્રસન્ન ભાવે સહવાનો અભિગમ હોય તો દુઃખો પણ કર્મોની નિર્જરાનું અને જીવનઘડતરનું સરસ સાધન બની શકે. એથી જ પેલી કાવ્યપંક્તિમાં મજાની વાત કહેવાઇ છે કે :-

સહનની જો હોય આવડત, તો મુસીબતમાં ય રાહત છે;
દિલ જો માણી જાણે, તો દુઃખ પણ એક દોલત છે.

એક નવી વાત. ચિંતકોના મતે દુઃખનાં ક્ષેત્રે એક નિયમ એ છે કે આપણે એને જેમ જેમ પ્રસન્ન ભાવે - સ્વસ્થતાથી સહીએ તેમ તેમ એ નાનું - નાનું થતું જાય અર્થાત્ આસાનીથી સહ્ય બનતું જાય. અને આપણે એને જેમ જેમ ઝૂરી ઝૂરીને - ફરિયાદોપૂર્વક સહીએ તેમ તેમ એ હોય એનાથી ય મોટું થતું જાય અર્થાત્ ખૂબ અસહ્ય બનતું જાય. ખબર છે આ નિયમને પુષ્ટિ આપે તેવી મહાભારતની પેલી બોધક કથા?

કથા કહે છે કે વનવાસનાં વર્ષો દરમ્યાન એક વાર પાંડવોને એક વટવૃક્ષ નીચે રાત્રિવાસો કરવાનો આવ્યો. સુરક્ષાની દૃષ્ટિએ એકેક પાંડવે વારાફરતી જાગવાનો નિર્ણય કરાયો. બન્યું એવું કે એ વૃક્ષ પર રહેતા યક્ષને પોતાની રજા વિના ધામા નાંખનાર પાંડવો પર ગુસ્સો આવ્યો અને રાત્રિના પ્રારંભથી જ એણે હલ્લો મચાવવાનું શરૂ કરી દીધું. જેનો જેનો જાગવાનો ક્રમ આવતો તે તે પાંડવ પોતાના કાળ દરમ્યાન યક્ષ સાથે બાથ ભીડતા ગયા. પરંતુ વિચિત્રતા ત્યાં થઈ કે જેમ જેમ એકેક પાંડવ યક્ષ સામે ગુસ્સાથી પ્રહાર કરે તેમ તેમ યક્ષનું કદ બમણું થતું જાય - તાકાત બમણી થતી જાય. નકુલ અને સહદેવ તો ઠીક, અર્જુન અને ભીમ જેવા અજેય શક્તિશાલીઓ પણ એ યક્ષથી ત્રાસી ગયા. ભીમ સાથે લડતા લડતા તો યક્ષ પહાડ જેવો વિરાટ બની ગયો.

અંતિમ પ્રહરમાં જાગવાનો ક્રમ આવ્યો યુધિષ્ઠિરનો. યક્ષે અટ્ટહાસ્ય કર્યું તો યુધિષ્ઠિરે પણ તીવ્ર અટ્ટહાસ્ય કર્યું. યુધિષ્ઠિર હસતા જ યક્ષ થોડો નાનો થઇ ગયો. બસ, યક્ષની એબ હાથમાં આવી ગઇ. યુધિષ્ઠિર હસતા ગયા તેમ તેમ યક્ષ નાનો ને નાનો થતો ગયો. અંતે સાવ જંતુ જેવા થઇ ગયેલ યક્ષને યુધિષ્ઠિરે bottleમાં પૂરી દીધો. કથાનો માર્મિક ઉપનય એ છે કે દુઃખો આ યક્ષ જેવા છે. આપણે જો એનાથી ત્રાસીશું તો એ પહાડ જેવા વિરાટ થઇ જશે અને જો એના પર હસતા રહીશું તો એ જંતુ જેવા ક્ષુદ્ર બની જશે.

છેલ્લે એક મસ્ત વાત : **દૂધ ફાટતા જે રડે એ પનીર ન બનાવી શકે. દુઃખ આવતા જે રડે એ કર્મનિર્જરા ન કરી શકે.**

✤ ✤ ✤

૫

શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરવો એ સાચી વીરતા નથી... શત્રુઓને ય હાર્દિક ક્ષમા બક્ષવી એ સાચી વીરતા છે...

જૈન શાસનના વર્તમાનકાલીન અંતિમ તીર્થંકર પરમાત્મા મહાવીરદેવ જે વિશેષણરૂપ નામથી વિખ્યાત થયા હતા તે 'વીર' શબ્દની ચાર સરલ - સરસ છતાં પ્રેરક વ્યાખ્યાઓ પર આપણે ગત લેખથી ચિંતનયાત્રા આરંભી છે. તે પૈકી ત્રીજા અને ચોથા ક્રમની વ્યાખ્યાના સંદર્ભમાં આ લેખમાં આપણે ચિંતન કરીશું :

(૩) જે કદી લડે નહિ તેનું નામ વીર :-

'વીર શબ્દની જે છાપથી - Image થી સહુ કોઈનું માનસ પ્રભાવિત છે એના કરતાં આ વ્યાખ્યા સાવ સામા અંતિમની છે. કારણ કે સમગ્ર વિશ્વ વીર - શૂરવીર એને સમજે છે જે પોતાના દુશ્મનોને - શત્રુઓને પછાડી દે - ખતમ કરી દે. જેટલા શૌર્યથી - ઝનૂનથી એ શત્રુઓનો ખાતમો બોલાવે એટલી એનામાં વીરતા વિશિષ્ટ હોવાનું વિશ્વ માને. અરે! 'વીર' વિશેષણ પર આધારિત ચિંતનયાત્રા આપણે જેમના ઉપલક્ષમાં કરી રહ્યા છીએ એ ભગવાન મહાવીરપ્રભુ અને તમામ તીર્થંકર પરમાત્માઓ માટે જૈન પરિભાષામાં 'અરિહંત' શબ્દ પ્રયોગ કરાય છે. એમાં 'અરિ' નો અર્થ છે શત્રુ અને 'હંત'નો અર્થ છે હણનાર. જેઓ પોતાના શત્રુઓ સામે શૌર્યથી લડીને એને હણે - સર્વથા ખતમ કરે તે છે 'અરિ-હંત.' આ રીતની વ્યાખ્યામાં તો એ સ્પષ્ટ થઇ

જાય છે કે 'અરિહંત' ભગવાન સમી અનુપમ વિભૂતિઓ પણ શત્રુઓ સામે લડે છે ને એને ખતમ કરે છે. તો પછી 'જે કદી લડે નહિ તે વીર' આ વ્યાખ્યા સંગત કઇ રીતે થાય?

ઉત્તર આનો બહુ તર્કસંગત અને મજાનો છે. અરિહંતપરમાત્મા શત્રુઓ સામે લડી એને હણે છે જરૂર. પરંતુ તેઓ પોતાની ભીતરના દોષો વિષયો - કષાયો અને કર્મોરૂપ શત્રુઓ સામે લડી એને ખતમ કરે છે. એથી જ 'અરિહંત' શબ્દનાં અર્થઘટનરૂપે જૈન શાસ્ત્રોમાં આ પંક્તિ મળે છે કે ''तं कम्ममरिं हंता, अरिहंता तेण वुच्चंति''। ભાવાર્થ કે તેઓ કર્મરૂપ શત્રુને હણનાર હોવાથી અરિહંત કહેવાય છે. આપણે 'જે કદી લડે નહિ તે વીર' આવી પૂર્વોક્ત વ્યાખ્યા કરી તે બાહ્ય શત્રુઓ અંગેની અર્થાત્ આપણને નુકસાન કરનાર વ્યક્તિઓ અંગેની છે. યાદ રહે કે ખરી વીરતા - સાચું શૌર્ય ભીતરી કામ - ક્રોધ - ઈર્ષ્યાદિ શત્રુઓને જીતવામાં છે, બાહ્ય શત્રુઓને જીતવામાં નહિ. જેઓ આ રીતના સાચા શૂરવીર બનવા ચાહતા હોય એમને બાહ્ય શત્રુઓ સામે લડવાનો નહિ, બલ્કે ક્ષમાનો અભિગમ કેળવવાનો હોય. એથી જ આપણે બાહ્ય શત્રુઓ અંગે આ સૂત્ર આત્મસાત્ કરવાનું છે કે 'જે કદી લડે નહિ તે વીર.'

એક વાત ખબર છે? રસોઈમાં જ્યારે દાળ બની રહી હોય ત્યારે ચમચો એ દાળને વારંવાર ઉપર - તળે કરતો હોય છે, હલાવ્યા કરતો હોય છે. દાળ ત્યારે એમ સમજે છે કે આ ચમચો જ મને ઉપર - તળે કરી પરેશાન કરે છે. પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે ચમચો નહિ, રસોઈ કરનારનો હાથ એ દાળને ઉપર - તળે કરી મૂકતો હોય છે. ચમચો તો માત્ર દેખાવ છે - નિમિત્ત છે. હાથ ચમચાને સતત હલાવ્યા કરે છે માટે દાળ પરેશાન થતી હોય છે. હાથ ન હોત તો ચમચો દાળને તસુભાર પણ પરેશાન ન કરી શક્યો હોત.

બસ, આવી જ વાસ્તવિક દીર્ઘદષ્ટિભરી સમજણ દરેક સાચી ધર્મી વ્યક્તિએ કેળવવી જોઈએ કે 'મને પરેશાન કરનાર આ જે પ્રત્યક્ષ દેખાતી વ્યક્તિ છે એ તો દાળને ઉપર - તળે કરતા ચમચા જેવી છે. જ્યારે મારાં ઉપાર્જિત અશુભ કર્મો હાથ જેવાં છે. મારાં જીવનની પીડાઓ - પ્રતિકૂળતાઓનું ખરું જવાબદાર તત્ત્વ સામી વ્યક્તિ નથી. એ તો ફક્ત નિમિત્ત છે. ખરું

જવાબદાર તત્ત્વ હાથનાં સ્થાને રહેલ મારાં કર્મો છે.' આવી સમ્યગ્ વિચારધારાનું પરિણામ એ આવે કે આપણામાં પ્રત્યક્ષ નુકસાનકારી વ્યક્તિ માટે લડી લેવાનો નહિ, બલ્કે ક્ષમાનો અભિગમ કેળવાય. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ પ્રેરક કથા :

નિત્ય પ્રભાતે સ્નાન માટે જતાં એક સંત પર કોઇ ગૃહિણીને અ-કારણ દ્વેષ - ગુસ્સો આવ્યા કરતો. બે - ચાર દિવસ ગુસ્સાવશ સંત માટે પરેશાનીના વિચારો કર્યા પછી એક દિવસ એણે એ વિચારો અમલી કર્યા. સંત નદીસ્નાન કરી પવિત્ર થઇ પરત આવતા હતા ત્યારે એ સ્ત્રીએ પોતાના ઘરના ઉપલા મજલેથી સંત ઉપર તપેલી ભરીને રાખ ફેંકી. સંત નખ - શિખ રાખથી મલિન થઇ ગયા. પેલી સ્ત્રી રાખ ફેંકીને ઝડપથી અંદર જતી રહી. સંતે એની સાથે લડવાનો નહિ, ક્ષમાનો અભિગમ અપનાવ્યો. એમણે વિચાર્યું કે 'निमित्तमित्तं परो होइ.' મતલબ કે આ પરેશાની કરનાર તો માત્ર નિમિત્ત છે. મારી તકલીફનું મુખ્ય કારણ મારાં કર્મો છે. પોતાની જાત પર - અભ્યંતર ક્રોધાદિ દોષો પર વિજય મેળવવા કાજે એમણે નિર્ધાર કર્યો કે 'મારે આ સ્ત્રી સાથે કોઇ જ સંઘર્ષ - ઝઘડો નથી કરવો.' તેઓ એક હરફ ઉચ્ચાર્યા વિના પુન : નદીસ્નાન કરી પોતાનાં સ્થાને ગયા.

પણ... પેલી સ્ત્રીએ તો ભારે કરી. એણે રોજ જ સંત પર તપેલી ભરીને રાખ ફેંકવાનો ક્રમ બનાવી દીધો. એક દિવસ...બે દિવસ... સળંગ એકવીશ દિવસ એની આ દુષ્પ્રવૃત્તિ જારી રહી અને સંત લડવાની વૃત્તિ દાખવ્યા વિના એ પીડન સહન કરી રહ્યા. બાવીશમા દિવસે રાખ ન વરસી ત્યારે સંતને આશ્ચર્ય થયું. પૃચ્છા કરતા સંતને માહિતી મળી કે એ સ્ત્રી સખત તાવમાં પટકાઇ છે. સંત તુર્ત એના ઘરે - ઉપલા મજલે ગયા અને શુશ્રૂષા કરવા માંડ્યા. શરમિંદી બની ગયેલ સ્ત્રીનું હૃદયપરિવર્તન થયું અને એણે સંતની અંત :કરણપૂર્વક ક્ષમાયાચના કરી.

સંતની આ અપરાધી પ્રત્યેની પણ નહિ લડવાની - સંઘર્ષ નહિ કરવાની વૃત્તિ સાચી વીરતા છે. એથી જ આપણી સંસ્કૃતિમાં જણાવાયું છે કે ''क्षमा वीरस्य भूषणम्.'' યાદ રહે કે શત્રુ સામે લડવું કે એના પર વિજયી થવું તે સાચી વીરતા નથી, શત્રુને હાર્દિક ક્ષમા આપવી તે સાચી વીરતા છે...

(૪) જે કદી નડે નહિ તેનું નામ વીર :-

આ વિશ્વમાં કઈ કેટલાય માનવો એવા છે કે જે અન્યોને નડ્યા કરતા હોય. હોંશિયાર વિદ્યાર્થી માટે ગમે તેવી અફવાઓ ફેલાવીને એનું moral તોડી નખાય, તો સાચી સેવાપરસ્ત વ્યક્તિ માટે ભ્રષ્ટાચારના આક્ષેપો કરી એને નાસીપાસ કરી દેવાય; સખત મહેનતથી વ્યવસાયમાં આગળ વધતી વ્યક્તિના Clients પાસે એના વિશે એલફેલ વાતો કરી એની વ્યાવસાયિક પ્રગતિ રૂંધી નંખાય, તો પોતાના Fieldમાં નામ રોશન કરવા તરફ જઈ રહેલ પ્રતિભાને येन केन प्रकारेण પછાડવાના પેંતરા રચાય.

આ કે આવી રીતે નડવાનાં મુખ્ય કારણ બે હોય છે : એક છે પરપીડનવૃત્તિ. કેટલાકના સ્વભાવ જ એવા અળવીતરા હોય છે કે એને અન્યોને નડવામાં - પરપીડનમાં વિકૃત આનંદ આવતો હોય. આનાથી પણ મોટું - મુખ્ય બીજું કારણ છે સ્પર્ધાવૃત્તિ અને ઈર્ષ્યાવૃત્તિ. સ્પર્ધાની વૃત્તિ જ્યાં પ્રબળ હોય ત્યાં વ્યક્તિ પોતાના Fieldમાં પોતે આગળ જ રહે તે માટે પ્રતિસ્પર્ધીને નડવાની - પછાડવાની વૃત્તિ આવે. એમાં પણ જ્યારે ઈર્ષ્યાભાવ બળવત્તર બને ત્યારે તંદુરસ્ત અભિગમથી આગળ આવવાના બદલે ખતરનાક કાવતરાં કરી પ્રતિસ્પર્ધીને નડવાના - પછાડવાના પ્રયાસ કરે. તાજેતરમાં જ અખબારોમાં પરદેશની Tennis ખેલાડીનો એક વિચિત્ર કિસ્સો ગાજ્યો હતો. પોતે Tennisમાં અગ્રેસર રહે તે માટે એણે પોતાની સક્ષમ પ્રતિસ્પર્ધી ખેલાડી પર Professional killer ને સુપારી આપી હુમલો કરાવ્યો હતો. જો કે, ખોડો ખોદે તે પડે એ ન્યાયે કાવતરું પકડાઇ જતાં એને જેલમાં જવું પડ્યું અને એની ખુદની કારકીર્દિ પર કૂચડો ફરી ગયો!

વસ્તુત : સમ્યક્ સમજના આધાર પરની સાચી વીરતા એ છે કે જેમાં વ્યક્તિ ભીતરની કારમી ઈર્ષ્યાને નિયન્ત્રિત યાવત્ ખતમ કરી દે અને નડવાના બદલે પ્રોત્સાહનનો - સહાયનો અભિગમ કેળવે. વ્યવહારક્ષેત્રે એમ કહી શકાય કે ત્યાં સ્પર્ધા હોય તો પણ તંદુરસ્ત સ્પર્ધાનો જ અભિગમ હોવો જોઈએ. એમાં પોતાની ક્ષમતા વિકસાવવાનું વલણ હોય, અન્યોને નડવાનું - નુકસાન કરવાનું નહિ. અરે! ક્યાંક વ્યવહારક્ષેત્રમાં પણ એવાં ઉદાત્ત ઉદાહરણો મળી આવે છે કે જેમાં સ્પર્ધામાં ય સહાયકભાવ છલકતો હોય. આની પ્રતીતિ કરવા માટે વાંચો આ નાનકડી છતાં હૃદયસ્પર્શી ઘટના :

એક સ્થળે બધિર - મૂક દિવ્યાંગો માટે દોડની સ્પર્ધા યોજાઇ હતી. મંદબુદ્ધિના એ દિવ્યાંગો નિયત સમયે દોડવા માંડ્યા. એમાં અચાનક એવું બન્યું કે એક દિવ્યાંગ ઠોકર ખાતા ગબડી પડ્યો. એને જોશભેર વાગ્યું હતું. પણ આ શું? આ દૃશ્ય નિહાળીને દોડી રહેલ બધા દિવ્યાંગો ત્યાં જ અટકી ગયા. સહુએ સાથે મળી પડી ગયેલ દિવ્યાંગને ઊભો કર્યો અને પછી એકમેકનો હાથ પકડી સાથે લક્ષ્યાંક પસાર કર્યું. એમાંના એક પણને એવા વિચાર ન આવ્યો કે હું આગળ દોડી જઇ વિજેતા બની જઉં. ત્યાં ઉપસ્થિત audience ખુશીથી ઝૂમી ઊઠ્યું. એણે અનવરત તાળીઓના ગડગડાટ કર્યા, તો આયોજકોની આંખો હર્ષાશ્રુથી છલકાઇ ઊઠી. એમણે તમામ દિવ્યાંગોને સમાન હિસ્સે વિજેતા ઘોષિત કર્યા. તે સહુને એ સમજાતું ન હતું કે ખરેખર આમને મંદબુદ્ધિ ગણવા કે કાવાદાવાઓથી ખદબદતા સ્વાર્થી બુદ્ધિશાળીઓને?

વ્યવહારનાં ક્ષેત્રે તંદુરસ્ત અભિગમ અપનાવવાનો હોય છે, જ્યારે અધ્યાત્મક્ષેત્રે તો એથી પણ આગળ માત્ર ને માત્ર અનુમોદના અને સહાયનો અભિગમ અપનાવવાનો હોય છે. જ્ઞાન હો - ચારિત્ર હો - તપ હો કે વૈયાવચ્ચાદિ યોગો હો : એને આરાધનાર પ્રતિ સ્પર્ધા યા નડવાની વાત જરા ય ન હોય. માત્ર અનુમોદના ને સહાય જ હોય. આવી વીરતા પ્રાપ્ત કરવાના લક્ષ્યથી ગાઇએ આ મજાની પંક્તિ કે :-

જગતને જીતનારા પણ, અંતે તો હારી જાય છે;
જાતને જે જીતે છે, એ જ મહાવીર થાય છે...

✤ ✤ ✤

૬

હે ભગવાન! હું મારું 'પતિત' બિરુદ છોડતો નથી... તો તું પણ તારું 'પતિતપાવન' બિરુદ છોડતો નહિ...

આજનો યુગ એટલે નિતનવી વૈજ્ઞાનિક શોધનો યુગ. હજુ થોડા દાયકાઓ પૂર્વે Telephone - Television વગેરે જે શોધ આશ્ચર્યરૂપ ગણાતી હતી એ હવે સાવ સામાન્ય બાબતો બની ગઈ છે અને હવે whatsapp - Twitter - Facebook વગેરેની બોલબાલા છે. આ નવાં નવાં આધુનિક સાધનો વધુ ઝડપથી કાર્યરત રહે એ માટે 2G,3G,4G અને હવે 5G ની સુવિધાઓ આવી છે. અત્યારના યુગમાં પ્રચલિત આ શબ્દો પૈકી 3G શબ્દને આધ્યાત્મિક સંદર્ભ આપી હવેથી કુલ ત્રણ લેખો દ્વારા એના પર ચિંતનયાત્રા કરીશું. 3G એટલે 'G' અક્ષરથી શરૂ થતાં ત્રણ શબ્દો. એવા શબ્દો કે જે અધ્યાત્મજગતમાં ખૂબ મૂલ્ય ધરાવતા હોય. એના વિના અધ્યાત્મયાત્રા પરિપૂર્ણ થવી લગભગ અશક્ય હોય.

એમાંનો પ્રથમ 'G' છે 'God' અર્થાત્ ભગવાન. જૈન દર્શન કોઈ ચોક્કસ વ્યક્તિત્વોનો ઈશ્વર તરીકેનો વિશેષાધિકાર સ્વીકારતું નથી કે અવતારવાદનો પણ સ્વીકાર કરતું નથી. એ એમ માને છે કે આત્મા સાધના દ્વારા કર્મોનો સર્વથા ક્ષય કરી વિશુદ્ધ પરમાત્મદશા પ્રાપ્ત કરે ત્યારે એ ભગવાન બને છે. એ પરમાત્મા મોક્ષમાં શાશ્વત કાળ સ્થિર રહે છે. એમનો કોઈ પુનરવતાર હોતો નથી. આવા પરમાત્માને જૈન દર્શન ભગવાન - વીતરાગપ્રભુ - દેવાધિદેવ વગેરે શબ્દોથી પિછાણે છે અને એ પૈકીના જે પરમાત્માઓ અંતિમ

જન્મમાં તીર્થંકરપણાની વિશિષ્ટ ઉપલબ્ધિ પામ્યા હોય તેમને જૈન દર્શન તીર્થંકરભગવાન કહે છે.

આ ભગવાનનાં આલંબનથી જ દરેક સંસારી વ્યક્તિ ધાર્મિક - આધ્યાત્મિક ક્ષેત્રે પા પા પગલી ભરે છે અને ક્રમશ : ટોચ કક્ષા સર કરે તો એ પણ આત્મામાંથી પરમાત્મા બની શકે છે. જૈન દર્શનની એક મહાન વિશેષતા આ છે કે અહીં પરમાત્મા બનવાનો ઈજારો કોઈ અમુક - તમુક વ્યક્તિઓનો નથી. કોઈ પણ ભવ્યાત્મા પુરુષાર્થ દ્વારા - સાધના દ્વારા પરમાત્મા - ભગવાન બની શકે છે. આ પરમાત્માઓ - ભગવંતો જ કર્મોથી કચડાયેલા પાપોથી પિસાયેલા દોષોથી દબાયેલ અન્ય અગણિત આત્માઓનાં આધ્યાત્મિક ઉત્થાનનું પ્રબળ - સબળ કારણ બનતા હોવાથી 'પંચસૂત્ર' ગ્રન્થકારે એમના માટે ''परमकल्लाणहेउ सत्ताणं.'' જેવું અદ્‌ભુત વિશેષણ પ્રસ્તુત કર્યું છે. એનો અર્થ એ છે કે ભગવાન જગતના જીવોના પરમ કલ્યાણનું પ્રબળ કારણ છે. આપણું આધ્યાત્મિક દૃષ્ટિએ પરમ કલ્યાણ કરતા એ ભગવાનની વિશેષતાને - ઉપકારકતાને ત્રણ રીતે નિહાળીએ :

(૧) ભગવાન નિગોદમાંથી બહાર લાવવાનો પરમ ઉપકાર કરે છે :-

જૈન તત્ત્વજ્ઞાન સમજાવે છે કે દરેક જીવ અનાદિકાળ પૂર્વે નિગોદની - સૂક્ષ્મ એકેન્દ્રિયની અવસ્થામાં હોય છે. બાહ્ય - અભ્યંતર વિકાસની દૃષ્ટિએ સાવ શૂન્ય જેવી એ અવસ્થામાંથી એ જીવ બહાર ત્યારે જ આવી શકે કે જ્યારે કોઈ પરમાત્મા મોક્ષમાં જાય. નિગોદમાંથી બહાર આવવાનું ભીષ્મ કાર્ય કોઈ પણ જીવ પોતાના પુરુષાર્થ દ્વારા કદાપિ કરી શકતો નથી. એ મહાન ઉપકારકાર્ય તો મોક્ષમાં જતા પરમાત્મા - સિદ્ધ ભગવાન દ્વારા જ થાય છે. તે પછી જ જીવ ભવિતવ્યતા - પુરુષાર્થ વગેરે દ્વારા આત્મિક પ્રગતિ કરે. નિગોદની ભયાનક અવસ્થામાંથી બહાર લાવવાનો મૌલિક અને મહાન ઉપકાર માત્ર ને માત્ર સિદ્ધભગવંતો દ્વારા જ થતો હોવાથી એમ અવશ્ય કહી શકાય કે 3G પૈકીનો આ પ્રથમ 'G' અર્થાત 'God' - ભગવાન આપણી આધ્યાત્મિક ઉન્નતિની પ્રથમ અને પરમ આધારશિલા છે. એમના આ મહાન - શ્રેષ્ઠ ઉપકારને લક્ષ્યમાં રાખીને ભક્તકવિએ યથાર્થ જ લખ્યું છે કે :-

પ્રભુ તેં મને જે આપ્યું છે, એનો બદલો હું શે વાળું;
બસ તારી ભક્તિ કરી કરીને, મારાં મનડાંને વાળું.

(૨) ભગવાન તમામ શુભ ભાવોનો સ્રોત છે :-

ધારો કે એક સજ્જન સંસ્કારી વ્યક્તિ દાન - સદાચાર - પરોપકાર વગેરે ગુણોથી મંડિત હોય અને અન્યો એની આ વિશેષતાઓની પ્રશંસા કરે તો એ અચૂક એમ કહેશે કે ''આ તો મારા માતા - પિતાએ બાળપણથી સીંચેલ સંસ્કારોનું પરિણામ છે. આમાં મારી કોઈ વિશેષતા નથી.'' આથી વિપરીત એ જ સંસ્કારી વ્યક્તિમાં આવેશ - ગુસ્સા જેવો કોઈ દોષ હશે તો એ એની જવાબદારી માતા - પિતાના શિરે નહિ ઢોળતા પોતાનાં શિરે લેશે કે ''મારામાં આ ખામી છે, મારા સ્વભાવમાં આ દોષ છે ઈત્યાદિ.'' સજ્જન વ્યક્તિના આ અભિગમમાં સંસ્કારિતા તો છે જ, ઉપરાંત વાસ્તવિકતા પણ છે.

બસ, આ જ ભૂમિકા જૈન શાસ્ત્રકારો પણ અપનાવીને કહે છે કે ''एकोऽपि शुभो भावो भगवत्प्रसादलभ्यत्वात्.'' 'ઉપમિતિભવપ્રપંચા' ગ્રન્થમાં પ્રસ્તુત થયેલ આ વિધાનનો ભાવાર્થ એ છે કે આપણાં અંતરમાં દાન - દયા - પરોપકાર આદિ એક પણ શુભ ભાવ પ્રગટે છે એનો મૂલ સ્રોત પરમાત્મા છે. ભગવાનની કૃપાથી જ આપણી ભીતરમાં શુભ ભાવો જાગી અને જામી શકે છે. જે અશુભ ભાવો જાગે - જામે છે એનું કારણ આપણા અનાદિકાલીન કુસંસ્કારો છે અને જે શુભ ભાવો જાગે - જામે છે એનું કારણ પરમાત્માની કૃપા છે. આ અભિગમમાં સંસ્કારિતા તો છે જ, ઉપરાંત વાસ્તવિકતા પણ છે.

આ અભિગમના બે જબરદસ્ત લાભ છે. **એક લાભ છે કૃતજ્ઞતાનો. શાસ્ત્રકારોએ દર્શાવેલ આ વિચારશૈલીથી આપણી ભીતરમાં પ્રભુ પ્રત્યે છલોછલ કૃતજ્ઞતાનો – બહુમાનનો ભાવ પ્રગટે કે ''પ્રભુ! આપનો અંતઃકરણથી આભાર કે આપે મને આવો ઉત્તમ શુભ ભાવ આપ્યો.'' બીજો લાભ છે અહંકારનાશનો. આપણા દ્વારા કોઈ પણ શુભ કાર્ય થશે તો ઉપરોક્ત વલણનાં કારણે મનમાં મેં કર્યાનો અહંકાર નહિ પ્રગટે. બલ્કે એ વિચારણા પ્રગટશે કે ''મેં ક્યાં આ કર્યું છે. આ તો પ્રભુની કૃપાથી થયું છે – પ્રભુએ કર્યું છે.''** કરવી છે આ વાતની પ્રતીતિ? તો વાંચો આ હૃદયસ્પર્શી ઘટના :

રાજાશાહીના યુગના એક નવાબ. પ્રકૃતિ એમની ખૂબ ધાર્મિક હતી, તો ઉદારતા એમની લાજવાબ હતી. એમના દરબારમાં આવેલ એક ચારણ

કવિ નવાબની ઉદારતાથી મન્ત્રમુગ્ધ હતો. એમાં ય એણે નવાબની એક અદ્‌ભુત વિશેષતા એ શોધી કાઢી કે દાન આપવાની ક્ષણે નવાબ નીચી નજરે દાન આપતા હતા. જેથી પોતાનામાં નમ્રતા રહે અને સામી વ્યક્તિ શરમ ન અનુભવે. આફ્રીન થઇ ગયેલ ચારણકવિએ આ દુહો રચીને નવાબને પૂછ્યું કે :-

“शीखी कहाँ नवाबने, ऐसी देनी दैन।
ज्यों ज्यों कर ऊँचो करे, त्यों त्यों नीचो नैन।।”

મતલબ કે “હે નવાબ, તમે આવી દાનપદ્ધતિ ક્યાંથી શીખી લાવ્યા કે દાન આપવા માટે હાથ જેમ જેમ ઊંચો થાય તેમ તેમ તમારી નજર નીચી થાય.” નવાબે ભગવાન પ્રત્યેની કૃતજ્ઞતાથી છલકાતો અને નમ્રતાથી ભર્યો ભર્યો ઉત્તર આપ્યો કે :-

“देवनहारा और है, जो देवे दिन – रैन।
लोग भरम हम पर करे, ता ते नीचा नैन।।”

ભાવાર્થ કે “આપનાર કોઈ ઔર જ - ઉપરવાળો છે જે રાત - દિવસ મને દાનના ભાવો કરાવવા દ્વારા આપતો રહે છે. પરંતુ લોકો ‘હું આપું છું’ એવો ભ્રમ કરે છે. એથી શરમનાં કારણે મારી નજર નીચી થઇ જાય છે !” ‘તમામ શુભ ભાવોનો મૂલ સ્રોત ભગવાન છે’ આ વિચારણા કૃતજ્ઞતાગુણનો વિકાસ અને અહંકારનો વિનાશ કેવો કરે એ આ ઘટનામાં સરસ પ્રતિબિંબિત થાય છે.

(૩) ભગવાન સંસારથી પાર ઉતારે છે :-

નદીના પ્રવાહમાં વહેતું પાંદડું નિહાળ્યું છે? એ સ્વયં તરે છે ખરું, પરંતુ કોઈને તારી ન શકે. એના પર નાનું શું વજન મૂકવામાં આવે તો વજનસહિત પાંદડું ડૂબી જાય. આ પાંદડાના મુકાબલે નાવની વાત સાવ ન્યારી છે. એ સ્વયં તો તરે, ઉપરાંત એમાં બેસેલ અનેક પ્રવાસીઓને ય તારે. ભગવાનની લાક્ષણિકતા માત્ર સ્વયં તરનાર પાંદડાની નથી, બલ્કે સ્વયં તરવા ઉપરાંત અન્યોને તારનાર નાવની છે. એથી જ, ભગવાનના અદ્‌ભુત ગુણમય સ્વરૂપની પાંત્રીશ વિશેષણો દ્વારા પ્રસ્તુતિ કરતાં જૈન પરંપરાના પ્રસિદ્ધ સ્તોત્ર ‘શક્રસ્તવ - નમોત્થુણં’માં પ્રભુ માટે બે સરસ વિશેષણો સાથે સાથે

લખાયા છે કે ''तिन्नाणं तारयाणं'' મતલબ ભગવાન સ્વયં સંસારથી પાર થયેલ છે અને અન્ય અગણિત જીવોને સંસારને સામે પાર ઉતારનારા છે. ભક્ત કવિઓ તો એમ જણાવે છે કે પ્રભુ, તમે અમારા જેવા માટે સંસારતારક છો. માટે જ અમે તમારી પાસે ભક્તિ કરવા આવીએ છીએ. કવિવર મોહનવિજયજી મહારાજે અજિતનાથ સ્તવનામાં આ શબ્દો લખ્યા છે કે :-

તારકતા તુજમાંહે રે શ્રવણે સાંભળી,
તે જાણી હું આવ્યો દીનદયાળ જો...

છેલ્લે, ભક્તને પ્રભુની તારકતા પરના અટલ વિશ્વાસ અંગે એક કાલ્પનિક સંવાદ :

ભક્તની ઘનિષ્ઠ દોષમયતા - પાપમય પ્રવૃત્તિઓથી ત્રસ્ત ભગવાને કહ્યું : ''તું કેટલો બધો પતિત છે. તને હું કેવી રીતે તારું?'' ભક્તે શ્રદ્ધાથી ઉત્તર આપ્યો : ''પ્રભુ, મારું બિરુદ છે 'પતિત' અને તારું બિરુદ છે 'પતિતપાવન.' તને જો એમ લાગે છે કે હું મારું 'પતિત' બિરુદ છોડતો નથી, તો મને પણ એ ખાતરી છે કે તું તારું 'પતિતપાવન' બિરુદ છોડીશ નહિ. તું મને પાવન કરીને તારીશ જ આ મારો વિશ્વાસ છે.''

રાખીશું આપણે '3G' પૈકીના પ્રથમ 'G' 'God' અર્થાત્ ભગવાન પર આવો અટલ વિશ્વાસ?

✤ ✤ ✤

૭

આ જન્મમાં જે ગુરુને ભગવાનરૂપે નિહાળે છે એને આગામી જન્મમાં સ્વયં ભગવાન ગુરુરૂપે મળે છે...

પ્રવાસી ચાહે તેવો ઉત્સાહી અને પુરુષાર્થ કરવામાં સક્ષમ હોય તો પણ એના પ્રવાસની સફલતામાં - અણજાણ દુર્ગમ પ્રદેશોમાં મંઝિલ સુધી પહોંચવામાં બે બાબતો અત્યંત અગત્યની છે. એમાં પ્રથમ બાબત છે માર્ગ. માર્ગમાં આવતી નદી પર જો Bridge ન હોય કે પહાડોમાંથી પસાર થતાં એક પહાડથી બીજા પહાડ પર જવા કેડી સુદ્ધા ન હોય તો પ્રવાસ અવરોધાઇ જાય, પ્રવાસી પારાવાર મુસીબતો અનુભવે. બીજી બાબત છે માર્ગદર્શક. તદ્દન અણજાણ - દુર્ગમ પ્રદેશોના પ્રવાસમાં પ્રવાસીને ડગલે ને પગલે માર્ગદર્શન જરૂરી બને જ. પછી ભલે ને એ માર્ગદર્શન 'Guide' નું હોય કે 'Google' નું. પ્રવાસી જો કૃતજ્ઞ હોય - ઋણસ્વીકારનો અભિગમ ધરાવતો હોય તો એ સુગમ માર્ગના સર્જકનો અને માર્ગદર્શકનો ઉપકાર અવશ્ય સ્વીકારે.

બસ, આ જ વાત વધુ વિશદપણે સ્વીકારાઇ છે અધ્યાત્મના અગોચર ક્ષેત્રની યાત્રામાં. ત્યાં મંઝિલ છે મોક્ષ અને એ મોક્ષ સુધી લઇ જતાં ધર્મમાર્ગના સર્જક છે તીર્થંકરભગવંતો. સાધનાના અંતે એમણે કરેલ ધર્મતીર્થની સ્થાપનાનાં કારણે જ અબજો - અસંખ્ય આત્માઓને ધર્મારાધનારૂપ મોક્ષમાર્ગ ઉપલબ્ધ થાય છે. માટે એક મહાન ઉપકાર ભગવાનનો છે.

પણ...સબૂર! એ દુર્ગમ મોક્ષમાર્ગનો અણિશુદ્ધ નકશો દર્શાવનાર અને એ માર્ગ પર આપણને આંગળી પકડીને ચલાવનાર માર્ગદર્શક સદ્‌ગુરુનો ઉપકાર પણ ભગવાન જેટલો જ મહાન છે. અરે! એથી ય એક ડગલું આગળ વધીએ તો પ્રત્યક્ષ ઉપકાર સદ્‌ગુરુનો હોવાની અપેક્ષાએ શાસ્ત્રો ભગવાન કરતા ય સદ્‌ગુરુનો ઉપકાર વિશેષ ગણે છે. અમારે જો માર્ગ અને મોક્ષમાર્ગ અંગેની આ સરખામણીમાં કાંઈ ઉમેરવાનું હોય તો અમે એમ કહેવા બે - તાબ છીએ કે દુર્ગમ પ્રવાસમાં જેમ પાથેય (ભાતું) બરાબર હોય તો પ્રવાસી ટકી રહે, એમ મોક્ષમાર્ગના પ્રવાસમાં ય પાથેય બરાબર હોય તો મોક્ષમાર્ગનો પ્રવાસી સાધક ટકી રહે. આ પાથેય છે ભગવાન અને સદ્‌ગુરુ પ્રત્યેનો ઉત્કટ અહોભાવ. આ અહોભાવનાં બળે જ સાધક દેવ - ગુરુની કૃપા પામીને અદ્‌ભુત સામર્થ્યશાલી બની જતો હોય છે. ગત લેખથી આપણે જે 3G ની ચિંતનયાત્રા આરંભી છે એ પૈકી આ લેખમાં આપણે બીજા ક્રમનો 'G' વિચારવાનો હોવાથી એમાં આપણે લઈશું 'G' ફોર 'Guru'. ગુરુતત્ત્વ પ્રત્યેનો અહોભાવ - બહુમાનભાવ વધુ દેદીપ્યમાન થાય તેવી કેટલીક વિચારણા આપણે આ લેખમાં કરીએ :

એક સંસ્કૃત શ્લોક ગુરુતત્ત્વનું મહિમાગાન કરતાં અદ્‌ભુત વાત કહે છે કે :-

स्यादक्षरपदप्राप्ति – र्द्वेधापि गुरुयोगत : ।
गुरुरूपेण भूभागे, प्रत्यक्ष : परमेश्वर : ।।

મતલબ કે શિષ્યને બે અર્થમાં 'અક્ષર' પદની પ્રાપ્તિ કરાવે તે છે ગુરુ. પહેલો અર્થ છે 'અક્ષર' એટલે અક્ષરજ્ઞાન - શબ્દજ્ઞાન. કેમ કે ગુરુનું પ્રથમ કાર્ય છે અભ્યાસનું - શિક્ષણનું. અભ્યાસથી શરૂ કરીને આગળ લઈ જતાં જતાં સદ્‌ગુરુ શિષ્યને આખરે અધ્યાત્મની એ ઉચ્ચતમ ભૂમિકાએ લઈ જાય છે કે જ્યાં 'અ - ક્ષર' પદ અર્થાત્ મોક્ષપદની પ્રાપ્તિ થાય. 'અ - ક્ષર'નો આ બીજો અર્થ છે કે જે ક્ષય ન પામે - ખરી ન જાય તેવું સ્થાન અને એ છે મોક્ષ. ગુરુના ઉપકારો આવા વ્યાપક અને જબરજસ્ત હોવાથી ઉત્તરાર્ધમાં શ્લોક ત્યાં સુધી જણાવે છે કે ગુરુ તો આ પૃથ્વી પરના જીવતા - જાગતા પ્રત્યક્ષ ભગવાન છે.. અન્યત્ર એક શ્લોકના પૂર્વાર્ધમાં લખાયું છે કે :-

''गुरुं विना को न पथप्रदाता, गुरुं विना को नहि मुक्तिदाता।'

એટલે કે ગુરુ અધ્યાત્મનો સાચો રાહ દર્શાવનાર હોવાથી માર્ગદાતા પણ એ છે અને મંઝિલ સુધી પહોંચાડનાર હોવાથી મુક્તિદાતા પણ એ જ છે.

ગુરુતત્ત્વ આવા આવા વિશિષ્ટ ઉપકારો કરતું હોવાથી સદ્ગુરુ પ્રત્યે સમર્પણ પણ વિશિષ્ટ જ હોવું જોઈએ. સામાન્યપણે એમ કહેવાય છે કે ગુરુની આજ્ઞાનું પાલન કરે તે શિષ્ય શ્રેષ્ઠ. પરંતુ જૈન તત્ત્વચિંતકો શિષ્યના ત્રણ પ્રકાર કરીને આજ્ઞાપાલન કરનાર શિષ્યને ત્રીજા - સૌથી નીચા પ્રકારમાં સ્થાન આપે છે. એ કહે છે કે આજ્ઞા તો અવશ્ય પાલન કરવા યોગ્ય હોવાથી એમાં શિષ્યના સમર્પણભાવની પરાકાષ્ઠા વ્યક્ત થતી નથી, એ તો સમર્પણનો Minimum પ્રકાર છે. માટે એ ત્રીજા પ્રકારમાં સ્થાન પામે... જે શિષ્ય ગુરુદેવે સામાન્યપણે વ્યક્ત કરેલ ઈચ્છાનું ય પાલન કરવામાં તત્પર રહે તેનું સમર્પણ આજ્ઞાપાલન કરનારા કરતા ચડિયાતું છે. માટે એ બીજા પ્રકારમાં સ્થાન પામે... જ્યારે પહેલા અને સૌથી ઉત્તમ - શ્રેષ્ઠ પ્રકારના સમર્પિત શિષ્યો એ છે કે જે ગુરુના હાવભાવ પરથી - મુખાકૃતિ આદિ પરથી ગુરુના મનોભાવ સમજી જઈ એ મુજબ પ્રવર્તે. એને આજ્ઞા કરવાની તો જરૂર ન પડે, ઈચ્છા દર્શાવવાની ય જરૂર ન પડે. 'ઉત્તરાધ્યયન' આગમગ્રન્થ આવા શિષ્યો માટે **'इंगियाकारसंपन्ने'** વાક્યપ્રયોગ કરે છે. કેવું બેમિસાલ સમર્પણ હોય આ સૌથી શ્રેષ્ઠ કક્ષાના શિષ્યોનું એ જાણવું છે? તો વાંચો જૈન ઈતિહાસની આ રોમહર્ષ ઘટના :

જૈન શાસનમાં સર્વત્ર પ્રચલિત 'લઘુશાંતિ સ્તોત્ર.' આ સ્તોત્રના સર્જક મહાન મન્ત્રવેત્તા આચાર્ય શ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજને એમના ગુરુદેવ આચાર્યપદાર્પણ કરી રહ્યા હતા તે ક્ષણોની વાત. પદપ્રદાનની વિધિ કરાવતા કરાવતા ગુરુદેવ ક્ષણવાર એકાએક થંભી ગયા. એમના મુખ પર કોઈ વિચારોનો - આછી ચિંતાનો અણસાર જણાતો હતો. માનદેવમુનિવરે ગુરુદેવની મુખાકૃતિ પરથી એમના મનોભાવ વાંચી લઈ પૂછ્યું : ''આપ મારાં કારણે કાંઈ વિચારમાં હો એવું લાગે છે.'' ગુરુદેવે કહ્યું :'' હા, વત્સ. કારણ કે હમણાં જ મેં તારા જમણા સ્કંધ પર સરસ્વતીને અને ડાબા સ્કંધ પર લક્ષ્મીને નૃત્ય કરતી નિહાળી છે. આ બન્ને દેવીની કૃપા તારા પર આટલી જોરદાર વરસે છે એમાં જો તું સંયમપાલનમાં ચૂકી જાય તો તારું પતન થાય.

આ માનસિક ચિંતા મને હમણાં પ્રગટી છે.'' એક જ ક્ષણ. અને માનદેવમુનિએ ગુરુદેવને કહ્યું : ''મને આજીવન છ યે વિગઈના ત્યાગની પ્રતિજ્ઞા આપી દો. પછી પતનની કોઈ સંભાવના જ નહિ રહે!'' અહીં ન તો ગુરુએ કોઈ આજ્ઞા કરી હતી, ન તો ઈચ્છા દર્શાવી હતી. માત્ર મુખાકૃતિ પરથી મનોભાવ જાણી આવો અપ્રતિમ આત્મભોગ આપનાર માનદેવસૂરિજી મ. નિઃશંક સમર્પણનું ઉત્તુંગ શિખર હતા...

હમણાં સમર્પણની એક મજાની છતાં માર્મિક વ્યાખ્યા વાંચી કે **''જેમાં ક્યાં ય 'પણ' ન આવે એનું નામ સમર્પણ.''** આ મસ્ત વ્યાખ્યાનો નિર્દેશ એ છે કે 'સમર્પણ' શબ્દમાં ભલે 'પણ' શબ્દ છે પરંતુ સમર્પિત વ્યક્તિનાં મુખમાં કદી 'પણ' શબ્દ ન હોય. ઘણી વાર એવું બનતું હોય છે કે સાધક શિષ્ય સદ્ગુરુની વાત સ્વીકારી લેતો હોય એવો દેખાવ રચે અને પછી 'પણ' શબ્દ કહીને કારણની એવી છટકબારી દર્શાવે કે સદ્ગુરુની ઈચ્છા - ભાવનાઓથી સિફતપૂર્વક દૂર થઈ જાય. આવું 'પણ' સમર્પણભાવમાં બહુ મોટી ક્ષતિ સર્જે છે. બે - ત્રણ Practical ઉદાહરણો આ સંદર્ભના નિહાળીએ :

* ધારો કે સદ્ગુરુભગવંતે શિષ્યને એમ જણાવ્યું કે ''આ પર્યુષણાપર્વમાં શક્તિ હોવા છતાં તમારે કોઈ મોટી તપશ્ચર્યા કરવાની નથી. કારણ કે સાથેના શ્રમણસમૂહમાં કેટલાક શ્રમણોને માંદગી છે, તો કેટલાક વૃદ્ધ - અશક્ત છે. આ સહુને તમારે સાચવવાના છે.'' શિષ્ય જો સમર્પણભાવમાં ખામી ધરાવતો હશે તો એ ગુરુદેવને માન આપવાનો દેખાવ રચી 'પણ' ની છટકબારી આ દર્શાવશે કે ''આપની વાત દીર્ઘદષ્ટિસભર જ હોય અને મને એ મંજૂર જ હોય. પણ આ સંઘમાં મારા સાંસારિક સ્વજનો ઘણા છે. અહીં હું મોટો તપ કરું તો મને અને એમને વિશેષ આનંદ થાય. માટે આ પર્યુષણાપર્વમાં હું મોટો તપ કરી લઉં.'' અહીં ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે તપ ભલે ઉત્તમ આરાધના છે. છતાં જૈન શાસ્ત્રો એમ જણાવે છે કે આવાં ઉત્તમ અનુષ્ઠાનો ય સદ્ગુરુભગવંતની રજા - અનુજ્ઞાપૂર્વક જ કરવાના હોય. તેઓ અનિચ્છા દર્શાવે તો તપ જેવા ઉત્તમ અનુષ્ઠાનો ય શિષ્યો - સાધકે કરવાના ન હોય. એટલે ત્યાં 'પણ' ની છટકબારી ગોતવાની ન હોય. એ 'પણ' સમર્પણભાવની ખામીનું દ્યોતક છે...

* ધારો કે શિષ્યને કોઇ વિશિષ્ટ ગ્રન્થનો અભ્યાસ કરવો હોય. પરંતુ સદ્‌ગુરુભગવંતને એમ લાગતું હોય કે એ ગ્રન્થ સમજી શકાય તેવી વિશિષ્ટ બુદ્ધિ - ક્ષયોપશમ શિષ્યનો નથી. માટે તેઓ શિષ્યને એ ગ્રન્થ ભણવાનો નિષેધ કરે. હવે જો એ શિષ્ય સમર્પણભાવની ખામી ધરાવતો હશે તો ગુરુદેવની વાતને આદર આપવાનો દેખાવ - રચી 'પણ' ની છટકબારી આવી દર્શાવશે કે ''આપ જે કહો તો મારા હિત માટે જ હોય. એથી આપની વાત મારે સ્વીકારવાની જ હોય. પણ અહીં અત્યારે આ ગ્રંથ સરસ રીતે ભણાવી શકે એવા પંડિતજીનો કુદરતી યોગ છે. મને સ્વયંને આ ગ્રન્થના અભ્યાસ માટે ખૂબ મહેનત કરવાનો પ્રબળ ઉલ્લાસ છે. એથી મારે આ ગ્રન્થનો અભ્યાસ કરી લેવો છે.'' અહીં એ ખ્યાલમાં લેવાનું કે વિશિષ્ટ ગ્રન્થોનો અભ્યાસ ઉત્તમ બાબત છે. પરંતુ ગુરુની ઇચ્છા - ભાવના એનાથી ય ઉત્તમ - શ્રેષ્ઠ બાબત છે. માટે 'પણ'ની છટકબારી દ્વારા એને નજરઅંદાજ ન જ કરાય.

સાધક શિષ્ય સંયમી હોય કે સંસારી, એણે જે સદ્‌ગુરુભગવંતની આંગળી પકડીને ધર્મક્ષેત્રે - અધ્યાત્મક્ષેત્રે પ્રસ્થાન કર્યું હોય એ સદ્‌ગુરુભગવંત પ્રત્યે એનું સમર્પણ કેવું નિષ્ઠાભર્યું હોવું જોઇએ તે પૂર્વોક્ત ત્રણ પૈકી પ્રથમ પ્રકારના શિષ્યની કક્ષામાં પ્રતિબિંબિત થાય છે અને આ 'પણ' વિનાના સમર્પણની ઉચ્ચતમ વિચારધારામાં ય પ્રતિબિંબિત થાય છે. એ જ નિષ્ઠાભર્યા સમર્પણને આત્મસાત્ કરવા પ્રેરણા આપે તેવા હૃદયસ્પર્શી સુવાક્ય સાથે આપણે આ લેખનું સમાપન કરીએ કે **''આ જન્મમાં જે ગુરુને ભગવાન માનીને એમની ભક્તિ - સેવા કરે છે એને આગામી જન્મમાં સ્વયં ભગવાન ગુરુ તરીકે મળે છે...''**

૮

સમગ્ર જીવસૃષ્ટિને મારી શકે
એવાં શસ્ત્રો વિજ્ઞાનીઓની ભેટ છે...
સમગ્ર જીવસૃષ્ટિને ઉગારી શકે
એવાં શાસ્ત્રો જ્ઞાનીઓની ભેટ છે..."

ધર્મ પરંપરા જૈન હો કે અ - જૈન હો, ભારતીય હો કે પાશ્ચાત્ય હો : તે તે દરેક ધર્મપરંપરાઓમાં એના સિદ્ધાંતોની - વિચારધારાની પ્રસ્તુતિ કરતા ગ્રન્થોનો આગવો મહિમા છે. જૈન પરંપરામાં પીસ્તાલીશ આગમો છે, તો હિંદુ પરંપરામાં વેદ - પુરાણો - ભગવદ્ગીતા વગેરે છે; મુસ્લિમ પરંપરામાં કુરાન છે, તો ખ્રીસ્તી પરંપરામાં બાઇબલ છે. આ બધા ગ્રન્થોને તે તે ધર્મપરંપરાના અનુયાયીઓ અત્યંત પૂજ્યભાવે નિહાળી એને વિશિષ્ટ માન - સન્માન આપે છે.

જૈન પરંપરાની વાત કરીએ તો એમાં આગમોને - આગમાનુસારી ગ્રન્થોને ભગવાન અને ગુરુની જેમ પંચાંગ પ્રણિપાતપૂર્વક વંદન કરવાની પદ્ધતિ પ્રચલિત છે. કોઇ શક્તિસંપન્ન જૈનો એ આગમાદિ શાસ્ત્રોને સોનાની શાહીથી લખાવીને આગમભક્તિ પ્રદર્શિત કરે, તો કોઈ આરાધકો તપ - જપ આરાધનાદિ દ્વારા આગમોની ભક્તિ કરે. અરે! ચૌદસો ચુમ્માલીશ ગ્રન્થોના સર્જક મહાન જૈનાચાર્ય હરિભદ્રસૂરીશ્વરજીમહારાજ તો આગમો પ્રત્યેના એમના તર - બ - તર આદરને આ શબ્દોમાં વ્યક્ત કરે છે કે "हा अनाहा कहं हुंता, जइ न हुंति जिनागमा।" આ પ્રાકૃત ભાષાની પંક્તિનો ભાવાર્થ એ છે કે જો જિનેશ્વરભગવંતોનાં આગમશાસ્ત્રો અમને મળ્યા ન હોત તો અનાથદશામાં આવી પડેલ અમારી હાલત આ સંસારમાં શી થાત. મતલબ કે

આગમો મળ્યા છે તો અમે સનાથ છીએ, આગમો ન મળ્યા હોત તો અમે અનાથ હોત! આ જ મુજબ, અન્ય ધર્મપરંપરાઓમાં એક યા બીજી પદ્ધતિએ ધર્મગ્રન્થોનું - શાસ્ત્રોનું પૂજન - સ્તવન થતું હોય છે.

ગ્રન્થોનો આ મહિમા હોવાથી, આપણે English ની જે 3G આધારિત વિચારયાત્રા કરી રહ્યા છીએ એમાં આ ત્રીજા અને અંતિમ લેખમાં ત્રીજા 'G' રૂપે ગ્રન્થોને સ્થાન આપીશું કે 'G' for 'Granth'. ગ્રન્થ કહો કે શાસ્ત્ર, એની હૃદયને સ્પર્શી જાય એવી શબ્દકેન્દ્રિત વ્યાખ્યાઓ શાસ્ત્રો પણ આપે છે અને ચિંતકો પણ આપે છે. 'ગ્રન્થ' શબ્દને લક્ષ્યમાં રાખી આવી એક સરસ વ્યાખ્યા કોઇ ગુજરાતી ચિંતકે કરી છે કે **"જે ગ્રન્થિઓનું વિસર્જન કરે એનું નામ ગ્રન્થ."**

ગ્રન્થિ એટલે ગાંઠ. ગાંઠ ક્યાં ક્યાં નુકસાન નથી કરતી? શારીરિક સ્તરની વાત કરીએ તો મગજમાં સર્જાતી ગાંઠ રક્તભ્રમણને અટકાવી દઇને Brain hemorrhage સર્જી દે અને Heartની નસોમાં સર્જાતી ગાંઠ Blockage કરી દઈ Heart Attack લાવી દે. સંબંધોના સ્તરની વાત કરીએ તો એક - બીજા વચ્ચે સર્જાતી મતભેદોની આદિની ગાંઠ લાગણી ખતમ કરી દઇને સંબંધોને ઉષ્માવિહીન - મૃતપ્રાયઃ બનાવી દે. બસ, આજ રીતે આધ્યાત્મિક સ્તરે સર્જાતી ગાંઠો આત્મિક પ્રગતિ રુંધી દઇને આત્માનું અધઃપતન કરાવે. શારીરિક ગાંઠો જેમ Operation દ્વારા દૂર કરી શકાય છે, સંબંધોની ગાંઠો સંવાદ - વાટાઘાટો દ્વારા દૂર કરી શકાય છે, એમ આ આત્મિક ગાંઠો ગ્રન્થ દ્વારા - શાસ્ત્ર દ્વારા દૂર કરી શકાય છે.

આત્માનું અધઃપતન કરાવતી એ ગાંઠો એટલે આઠ પ્રકારનાં કર્મો, મિથ્યાત્વ - અવિરતિ વગેરે કર્મબંધના હેતુઓ, વિષયોની - કષાયોની ધગધગતી વૃત્તિઓ, ઈર્ષ્યા - નિંદા - આસક્તિ વગેરે દુર્ગુણો. આવી ભાતભાતની પરિણતિનાં સ્તરની ગ્રન્થિઓ સાધકનું આત્મિક અધઃપતન નોંતરી શકે છે. ભલે ને એ સાધક ઉચ્ચ કક્ષાનો જ્ઞાની હોય કે આચારચુસ્ત હોય. પરંતુ જો વિષયો - કષાયો વગેરેને ઉદ્દીપ્ત કરે તેવાં ખતરનાક નિમિત્તોથી ઘેરાઈ જાય તો એ પણ સાન - ભાન ભૂલીને અધઃપતન તરફ દોટ મૂકવા તૈયાર થઇ જતો હોય છે. એ સમયે વહારે આવે છે ગ્રન્થો. એ ક્યારેક પ્રેમાળ બોધ દ્વારા તો ક્યારેક કઠોર ચાબખા દ્વારા સાધકની સાન

ઠેકાણે લાવવાનું ભગીરથ કાર્ય કરી બતાવે છે : જાણે કે એ Operation દ્વારા ભયાનક શારીરિક ગાંઠો દૂર કરનાર કુશલ Doctorની ભૂમિકા ધરાવતા ન હોય! કરવી છે ગ્રન્થની આ જબરદસ્ત ક્ષમતાની પ્રતીતિ? તો વાંચો પૂર્વોક્ત મહાન જૈનાચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની આ હૃદયસ્પર્શી જીવનઘટના :

શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજીમહારાજનો યુગ હતો અલગ અલગ દર્શનો - ધર્મો વચ્ચે વાદ - વિવાદનો ખંડન - મંડનનો અને ચર્ચા - સ્પર્ધાઓનો. અલબત્ત હરિભદ્રસૂરીશ્વરજી મ. સ્વયં તો સમન્વયવાદી પ્રજ્ઞાપુરુષ હતા. છતાં વાદ - વિવાદના ઘેરા વાતાવરણની અસરો એમના શ્રમણવૃંદ પર પડે તો ખરી જ. એમના બે સગા ભાણેજ હોનહાર શિષ્યો હતા હંસ અને પરમહંસ. બન્ને નવયુવાન અને પ્રખર બુદ્ધિશાળી હતા. એમને એવી તીવ્ર અભિલાષા જાગી કે ‘અમે ગુપ્ત વેશે વિરોધી ધર્મપરંપરાના મઠમાં રહીને એમના દર્શનનો તલસ્પર્શી અભ્યાસ કરીએ અને પછી જૈનદર્શનના તર્કો દ્વારા એ દર્શનની માન્યતાની ક્ષતિઓ ખુલ્લી કરી જૈનદર્શનની જયપતાકા લહેરાવીએ.’ હંસ - પરમહંસે આ માટે આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મ.ની અનુજ્ઞા યાચી. આચાર્યશ્રીને આમાં બન્ને તેજસ્વી શિષ્યોના જાનનું જોખમ લાગ્યું. એથી એમણે મૌન રાખીને સંમતિ ન આપી.

અતિ ઉત્સાહી શિષ્યો આ મૌનને જ સંમતિ માનીને ગુરુઇચ્છાની ઉપરવટ થઇ ધરાર આગળ વધ્યા અને વિરોધી ધર્મના મઠમાં અભ્યાસાર્થે ગુપ્તપણે રહ્યા. ત્યાં એમણે પોતાની ધારણાનુસાર ઘણો બધો અભ્યાસ કરી લીધો. પણ ખૂબ સાવધાની રાખવા છતાં ભવિતવ્યતાવશ એક વાર આ જૈન શ્રમણો હોવાની બાતમી મઠના સંચાલકોને મળી ગઇ. બન્ને શિષ્યોને આની ગંધ આવી જતા ત્યાંથી મૂઠીઓ વાળીને ભાગ્યા. પણ એ મઠ રાજ્યાશ્રિત હોવાથી રાજ્યની મદદ લઇ સંચાલકોએ બન્નેનો પીછો કર્યો. હંસ મઠાધિકારીઓના હાથમાં સપડાઇ જતાં એની કરપીણ હત્યા કરાઇ અને પરમહંસ હાથમાં ન આવ્યો તો ય એનું પણ મોત તો થયું જ. બન્ને હોનહાર શિષ્યોના આ કરુણ અંતથી આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મ.નું અંતર ભયાનક ક્રોધજવાળાઓથી વ્યાપ્ત થઇ ગયું. એમણે શિષ્યોના મોતનો બદલો લેવાનો ભીષ્મ સંકલ્પ કર્યો.

એ સ્વયં જ્ઞાની હતા - સમજુ હતા. છતાં શિષ્યોના કરપીણ મોતનાં નિમિત્તે તેઓ સાન - ભાન ભૂલીને બદલાની આગમાં રાચવા માંડ્યા અને એ વિરોધી ધર્મપરંપરાના એક - બે નહિ, ચૌદસો ચુમ્માલીશ શ્રમણોને માન્ત્રિક શક્તિથી સજા - એ - મૌત આપવાનું એમણે આયોજન કર્યું. એમની પાસે શક્તિ એવી અજોડ હતી કે સામો પક્ષ બચવાની કોઇ શક્યતા ન હતી. ચૌદસો ચુમ્માલીશને ખતમ કરવાની છેલ્લી ક્ષણો આવી રહી હતી ત્યાં જ હરિભદ્રસૂરીશ્વરજી મ.ના ગુરુદેવે લખેલ બે ગાથાઓ લઇ એક સંદેશવાહક આવ્યો : જાણે કે ગ્રન્થ તીવ્ર ક્રોધકષાયની ગ્રન્થિનું Operation કરવા આવ્યો. એ ગાથાઓમાં અગ્નિશર્મા અને ગુણસેનના સત્તર ભવોનો ઉલ્લેખ હતો. અગ્નિશર્માનો જીવ ગુણસેન સાથે વૈરની પરંપરા સર્જીને સત્તર સત્તર ભવો સુધી કેટકેટલાં જાલિમ દુઃખો પામ્યો એનો નિર્દેશ એ ગાથાઓ કરતી હતી. છેલ્લી ક્ષણોમાં આ ગાથાઓએ સચોટ અસર કરી. હરિભદ્રસૂરીશ્વરજી મ. વૈરની જાલિમ વૃત્તિમાંથી બહાર આવ્યા. તમામ ચૌદસો ચુમ્માલીશ વિરોધી વ્યક્તિઓને એમણે માફી બક્ષી મુક્ત કરી. એટલું જ નહિ, આ માનસિક હિંસાનાં પાપથી મુક્ત થવા પ્રાયશ્ચિત્તરૂપે એમણે એ પછીના જીવનકાળમાં ચૌદસો ચુમ્માલીશ નવા ગ્રન્થોનું સર્જન કર્યું.

નિમિત્તવશ વૈરના બિહામણા પંથે ધસમસતી આગળ વધી રહેલ સુજ્ઞ - પ્રબુદ્ધ વ્યક્તિઓ પર પણ ગ્રન્થ કેવા પ્રબળ ઉપકાર કરી શકે એની ઝલક આ ઐતિહાસિક ઘટનામાં સરસ પ્રતિબિંબિત થાય છે. જાણે કે અહીં પૂર્વે જણાવેલ વ્યાખ્યા હૂ - બ - હૂ સત્ય ઠરતી જણાય કે જે ગ્રન્થિનું વિસર્જન કરે એ ગ્રન્થ.

અમે ઘણી વાર પ્રવચનોમાં જણાવીએ છીએ કે ગુરુ ચોક્કસપણે શિષ્યોના મહાન ઉપકારી છે જ. આમ છતાં ગુરુ અને ગ્રન્થ વચ્ચે સરખામણી કરીએ તો કેટલાક દૃષ્ટિબિંદુથી ગ્રન્થ, ગુરુ કરતાં ય પ્રબળ - સબળ ઉપકારો કરે છે. આપણે અહીં આવી ત્રણેક સરખામણી કરીએ :

* સાધકની - શિષ્યની કોઇ સ્ખલના - ભૂલ થાય ત્યારે ગુરુદેવ સાચી વાત પણ શિષ્યનો mood જોઇને કરે. એ વ્યગ્ર - ઉગ્ર હોય ત્યારે ગુરુદેવ એને કહે નહિ. આની સાથે સરખામણી કરીએ તો ગ્રન્થને આ મર્યાદા નડતી નથી. એ કદી સાધકનો - શિષ્યનો mood જોતો નથી. આપણે પાનું

ખોલીએ કે તુર્ત જ એ પોતાની વાત બેધડકપણે કહી દે. ઉદાહરણરૂપે એક શિષ્યે સદ્ગુરુનો અવિનય - અભક્તિ કરી છે અને એનાં કારણે વાતાવરણ સંતાપભર્યું બન્યું છે. આ શિષ્ય 'દશવૈકાલિક' આગમનો સ્વાધ્યાય કરવા પાનું ખોલશે તો તુર્ત જ એ ગ્રન્થ એના mood ની તમા રાખ્યા વિના એને શાશ્વત સત્ય સુણાવી દેશે કે ''विवत्ती अविणीयस्स संपत्ति विणीयस्स वि.'' ભાવાર્થ કે જે અવિનીત છે એને બધી રીતે વિપત્તિ ઝિંકાશે અને જે વિનીત છે એને ચોતરફથી સંપત્તિ અર્થાત્ અભ્યુદય મળશે...

✻ શિષ્યની - સાધકની ક્ષતિ હશે ત્યારે ગુરુદેવ બનતી શક્યતાએ કઠોર શબ્દો કહેવાનું ટાળી કોમળ શબ્દથી સમજાવશે. કારણ કે શિષ્યને ખરાબ ન લાગી જાય. ગ્રન્થ આવી કોઈ દરકાર રાખ્યા વિના કઠોરમાં કઠોર શબ્દો દ્વારા શિષ્યની અનુચિત પ્રવૃત્તિઓની સખ્ત ખબર લઈ નાંખતો હોય છે. ઉદાહરણરૂપે, સાધક ચારિત્રભ્રષ્ટતાના માર્ગે આગળ વધતો હોય તો 'દશવૈકાલિક' ગ્રન્થની ''इहेवऽधम्मो अयसो अकीत्ति.''ગાથા એની કડક ખબર લઈ નાંખતા કહેશે કે આવું કરવાથી આ જન્મમાં (૧) અધર્મી બનશો (૨) ચોતરફ અપયશ - અપકીર્તિ મળશે (૩) કોઈ તમારું નામ પણ નહિ લે અને (૪) પરલોકમાં દુર્ગતિ મળશે એ ય નક્કી. ગ્રન્થ આ રીતે જરા ય શબ્દો ચોર્યા વિના કઠોર ભાષામાં કહી શકે છે...

✻ શિષ્યની કોઈ નાની નાની ક્ષતિ હશે તો ગુરુદેવ સંયોગવશ ગળી જશે, એને રજેરજ વાત નહિ કહે. જ્યારે ગ્રન્થ તો નાનામાં નાની ભૂલને ય જતી કર્યા વિના કહેશે. ઉદાહરણરૂપે કોઈ શ્રમણ નાની નાની વાતે સાવદ્ય પ્રવૃત્તિઓની પ્રેરણા કરતા હોય તો, 'અધ્યાત્મકલ્પદ્રુમ' ગ્રન્થનો ''कुर्वे न सावद्य॰'' શ્લોક એને જરા ય બક્ષ્યા વિના સ્વાધ્યાયસમયે તુર્ત કહેશે કે ''એક તરફ તું નિત્ય સાવદ્યયોગોના ત્યાગનાં પચ્ચક્ખાણ કરે છે અને બીજી તરફ સાવદ્યની પ્રેરણા કરે છે. તો તું શ્રમણ છે જ ક્યાં?'' અને... આશ્ચર્ય એ છે કે ગ્રન્થ આટલી સખ્તાઈ રાખીને કહે છે તો ય એના પર સાધકને અપ્રીતિ - અણગમો નથી થતો! આવા Angle થી વિચારતા ગુરુ કરતા ગ્રન્થ વિશેષ ઉપકારી અવશ્ય લાગે જ.

છેલ્લે એક મજાની વાત : **સૃષ્ટિને મારી શકે એવાં શસ્ત્રો વિજ્ઞાનીની ભેટ છે ને સૃષ્ટિને બચાવી શકે એવાં શાસ્ત્રો જ્ઞાનીની ભેટ છે.**

✤ ✤ ✤

૯

વૃદ્ધત્વ પુરાણ : પહેલા જે માતા - પિતા સંતાનોને ચૂપ કરતા હતા એ માતા - પિતાને પછી સંતાનો ચૂપ કરે છે...

આકાશનાં આંગણે આવીને નિત્ય સમગ્ર સૃષ્ટિ પર પ્રકાશનું સામ્રાજ્ય ફેલાવતા સૂર્યની ત્રણ અવસ્થા હોય છે : ઉદય, મધ્યાહ્ન અને અસ્ત. જેમ સૂર્યની આ ત્રણ અવસ્થા હોય છે એમ દરેક વ્યક્તિનાં જીવનની પણ ત્રણ અવસ્થા હોય છે : બાલ, યુવાન અને વૃદ્ધ. સૂર્યની ત્રણ પૈકીની પ્રથમ ઉદયાવસ્થા એનાં ઉજ્જવલ ભાવિનું પ્રતીક છે. કેમ કે એ પછી એનો પ્રભાવ - પ્રતાપ વધુ ને વધુ જામતો જાય છે. મધ્યાહ્નાવસ્થા સૂર્યના ઉજ્જવલ વર્તમાનનું પ્રતીક હોય છે. કેમ કે એ સમયે એનો પ્રભાવ - પ્રતાપ પૂરેપૂરો જામ્યો હોય છે. જ્યારે અસ્તાવસ્થા એના ઉજ્જવલ ભૂતકાળનું પ્રતીક છે. કેમ કે એ સમયે પ્રભાવ - પ્રતાપ ભૂતકાળ થઇ જવા સિવાય કોઇ શેષ રહેતો નથી. થોડી ક્ષણો પછી તો એની હાજરી પણ નામશેષ થઇ જતી હોય છે.

બસ, વ્યક્તિનાં જીવનની ત્રણ અવસ્થાઓ પણ આ સૂર્ય જેવી જ હોય છે. વ્યક્તિની બાલ્યાવસ્થા એનાં ઉજ્જવલ ભાવિનું પ્રતિક છે. કેમ કે ત્યારે એ શરીરશક્તિ - બુદ્ધિશક્તિ - કાર્યશક્તિ વગેરે દૃષ્ટિએ વિકાસ પામતી હોય છે. વ્યક્તિની યુવાની એનાં ઉજ્જવલ વર્તમાનનું પ્રતીક છે. કેમ કે ત્યારે એ શરીરશક્તિ વગેરે વિવિધ દૃષ્ટિએ પૂર્ણ વિકાસ પામી હોય છે. જ્યારે વૃદ્ધાવસ્થા વ્યક્તિનાં ઉજ્જવલ ભૂતકાળનું પ્રતીક છે. કેમ કે ત્યારે એની શરીરશક્તિ આદિ વિવિધ વિશેષતાઓ ક્રમશ : હીન - હીન થતી હોય છે અને થોડા સમય બાદ એ સ્વયં નામશેષ પણ થઇ જતી હોય છે.

આ જ કારણસર મહદંશે એવું બને છે કે બાલ્યાવસ્થામાં વ્યક્તિ સુંદર ભાવિનાં સ્વપ્નાં નિહાળતી હોય છે, યુવાવસ્થામાં એ સ્વપ્નાં સાકાર કરવાનો પુરુષાર્થ કરતી હોય છે; તો વૃદ્ધાવસ્થામાં લગભગ ભૂતકાળની યાદો વાગોળવાની સાથે વર્તમાનની ફરિયાદો કરતી હોય છે. વૃદ્ધાવસ્થામાં વ્યક્તિની આવી ફરિયાદો મુખ્યત્વે ત્રણ જાતની હોય છે. એક, ‘પહેલા તો હું ઘણાં બધાં કાર્યો કરી શકતો હતો. હવે મારાથી કાંઇ થતું નથી.’ અલબત્ત, એ એક વિચારવા જેવી બાબત છે કે જ્યારે એ ઘણાં બધાં કાર્યો કરી શકતી હતી ત્યારે આત્માને અજવાળે - સમાજને સજાવે એવાં કાર્યો એણે કર્યાં હતાં કે અવળા કાર્યો કર્યાં હતાં? બીજી ફરિયાદ એ હોય છે કે ‘પરિવારમાં મને કોઇ કાંઇ પૂછતું ય નથી.’ જો કે, એ સમયે વ્યક્તિ એ વિચાર કરતી નથી કે યુવાવસ્થામાં પોતે પણ માતા - પિતાદિ વડીલોને કાંઇ પૂછવાના બદલે મનમાની કરવાનું જ વલણ દાખવ્યું હતું. ત્રીજી ફરિયાદ એ છે કે ‘કોઇ મારું સાંભળતું નથી.’ ત્યારે પણ વ્યક્તિ એ યાદ કરતી નથી કે જુવાનીના જોશમાં પોતે ય વડીલોની વાત સાંભળી ન હતી.

અમે માનીએ છીએ કે વૃદ્ધાવસ્થા સાથે માત્ર આ ત્રણ ફરિયાદી વલણ જ જોડાયા છે એવું નથી. એથી ય આગળ એની સાથે છ મુશ્કેલીઓ - છ અભિશાપ જોડાયેલા છે. આ નક્કર વાસ્તવિકતા છે અને એથી ય અધિક નક્કર વાસ્તવિકતા એ છે કે વ્યક્તિ ધારે તો વૃદ્ધાવસ્થામાં છ આશીર્વાદ સમી બાબતો પણ અવશ્ય આત્મસાત્ કરી શકે છે. આપણે આ લેખમાં વૃદ્ધાવસ્થા સાથે જોડાયેલ છ મુશ્કેલીરૂપ - અભિશાપરૂપ બાબતોનો સંક્ષિપ્ત નિર્દેશ એટલા માટે કરીશું કે એ અણગમતી વાસ્તવિકતાઓ સ્વીકારવા મન તૈયાર કરી શકાય અને એ પછીના લેખોમાં છ આશીર્વાદરૂપ બાબતોને તેમજ અન્ય પણ Little suggestion રૂપ બાબતોને વિસ્તારથી નિહાળીશું :

(૧) શરીરશક્તિ ક્ષીણ થાય છે :-

જીવનના Second half માં જોડાયેલ અવસ્થાકૃત અભિશાપોમાં સર્વપ્રથમ અભિશાપ આ છે. યુવાવસ્થામાં જે વ્યક્તિ કલાકોના કલાકો ને દિવસોના દિવસો સુધી સતત થાક્યા વિના કાર્યો કરી શકતી હતી એ જ વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં સળંગ પાંચ - દશ મિનિટ કાર્ય કરતા પણ થાકી જતી હોય છે. પહેલા જે વ્યક્તિ આકાશી તારા તોડવા જેવા અતિ મુશ્કેલ કાર્યો

કરતી હતી એ વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં સાવ સામાન્ય કાર્ય કરવામાં ય ના - કામિયાબ બનતી હોય છે. 'ઊંબરા બન્યા ડુંગરા' જેવી કહેવતો એના માટે સાર્થક બની જતી હોય છે. કારણ છે શરીરશક્તિની ક્ષીણતા. આ વાસ્તવિકતાના આધાર પર જ 'દશવૈકાલિક' આગમગ્રન્થમાં શ્રમણ માટે ઉપદેશગાથા લખાઈ છે કે :-

''जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ।
जाविंदिया न हायंति, ताव धम्मं समायरे।।''

ભાવાર્થ કે જ્યાં સુધી વૃદ્ધાવસ્થાએ દેહ પર ડેરા - તંબુ તાણ્યા નથી, જ્યાં સુધી રોગોએ દેહને ઘેરો ઘાલ્યો નથી અને જ્યાં સુધી ઇન્દ્રિયો ક્ષીણ થઇ નથી ત્યાં સુધી થાય તેટલી વધુ ધર્મસાધના કરી લો. કારણ કે પછી તમે કાંઇ ઝાઝું કરી નહિ શકો. વૃદ્ધાવસ્થામાં શરીરશક્તિ કેવી ક્ષીણ થઇ જાય તે આ પ્રસ્તુતિમાં પ્રતિબિંબિત થાય છે...

(૨) સહનશક્તિ ક્ષીણ થાય છે :-

યુવાવસ્થામાં જે વ્યક્તિ તાવ હોય તો ય એને ગણકાર્યા વિના ધાર્યાં કામ કરવા દોડ - ધામ કરતી હોય એ જ વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં સામાન્ય સુસ્તી હોય તો ય સીસકારા કરતી થઇ જાય છે. પહેલાં ભરશિયાળે કડકડતી ઠંડીમાં ય જે વ્યક્તિ કાર્યો પતાવવા બહાર નીકળી પડતી હતી એ જ વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં ઠંડીમાં જરાક બારી ખુલ્લી રહી જાય તો ધ્રૂજવા માંડે છે. માત્ર શારીરિક સહનશક્તિનાં ક્ષેત્રે જ નહિ, માનસિક સહનશક્તિનાં ક્ષેત્રે ય આવી જ હાલત હોય છે. યુવાવસ્થામાં જે વ્યક્તિ મોટી મોટી ઘટનાઓને ય મન પર લીધા વિના 'Let go' ની ભૂમિકા અપનાવતી હોય એ જ વ્યક્તિ વૃદ્ધાવસ્થામાં પુત્ર - પુત્રવધૂ કે પૌત્ર - પૌત્રીના બે શબ્દોથી દિવસો સુધી દુઃખી થઇ જતી હોય છે.

(૩) સ્વજનશક્તિ ક્ષીણ થાય છે :-

વ્યક્તિની યુવાવસ્થામાં - પ્રૌઢાવસ્થામાં જે દીકરા - દીકરીઓ જાણે કે વ્યક્તિની આગળ - પાછળ ફર્યા કરતા હોય એમ નાની મોટી બાબતોમાં સંલગ્ન રહેતા હોય એ જ દીકરા - દીકરીઓ વ્યક્તિની વૃદ્ધાવસ્થામાં બે Minute માટે ખબર - અંતર પૂછવાની ઔપચારિકતા નિભાવવાથી વિશેષ

સમય ફાળવતા ન હોય એવું ઘણી વાર નિહાળાય છે. અમે એક એવી શ્રીમંત વ્યક્તિને જાણીએ છીએ કે જે એના માતા - પિતાનાં નામે ક્રોડો રૂ. નાં દાનો કરે છે. પરંતુ એના ઘરમાં જ એક ખંડમાં રહેતી વૃદ્ધ - અક્ષમ માતા માટે બે Minuteનો ય સમય ફાળવતા ન હતા. ચોવીશ કલાકની બાઈ સેવા માટે રાખીને એ બહાર પરિચિતોને કહેતા કે ''મેં બા માટે બધી વ્યવસ્થા perfect રાખી છે.'' અમે નજરે નિહાળેલ આ ઘટના સમયે અમને એવું feeling થતું કે એ શ્રીમંતની વૃદ્ધ માતાને વ્યવસ્થા કરતાં ય પુત્રની હૂંફની - લાગણીની વિશેષ જરૂર હતી. પુત્રે ફાળવેલ દશ - પંદર Minuteનો સમય વૃદ્ધ માતાનાં મનને આનંદથી ભરી દેત. પણ એવું કદી બન્યું નહીં.. કેટલીક વાર સ્વજનો દૂર થઈ જાય એનું એક કારણ સંપત્તિનો ભાગ હોય છે. વૃદ્ધ માતા - પિતાએ દીકરીનો ભાગ ન ગણ્યો હોય કે બેમાંથી એક દીકરાને પોતાને ભાગે ઓછું આવ્યાની લાગણી હોય ત્યારે એ માતા - પિતાથી અળગા રહે - અબોલા રાખે. આવાં આવાં કોઈ પણ કારણે વૃદ્ધાવસ્થામાં સ્વજનશક્તિ અર્થાત્ સ્વજનોની લાગણી ક્ષીણ થતી હોય છે.

(૪) સત્તાશક્તિ ક્ષીણ થાય છે :-

યુવાવસ્થામાં માતા - પિતાનો દબદબો ઘરમાં એવો હોય કે સંતાનોએ માતા - પિતાની વાત સામાન્યત: માનવી પડે. દીકરાને નવો mobile લેવાની ચાહે તેવી ઈચ્છા હોય તો પણ પપ્પાની રજા વિના એ કાંઈ ન કરી શકે. દીકરીને Scooty લેવાની ગમે તેટલી ઝંખના હોય તો પણ પપ્પાની Permission ન મળે તો એ કાંઈ ન કરી શકે. હા, એ ઘરમાં ચર્ચા - માથાકૂટ કરે ખરા. પરંતુ નિર્ણય પર માતા - પિતાનું જ નિયન્ત્રણ હોય. અરે! બાળકો નાના હોય તો માતા - પિતા થપ્પડ મારીને પણ એમને ચૂપ કરી દે એટલી સત્તા ઘરમાં એમની પ્રવર્તતી હોય છે. પરંતુ એ જ માતા - પિતા વૃદ્ધ થાય ત્યારે બાજી સાવ બદલાઈ જતી હોય છે. પહેલાં જે સંતાનોને તેઓ ચૂપ કરતા હતા એ સંતાનો હવે એમને ચૂપ કરે. ચાર વ્યક્તિની વચ્ચે એ સંતાનો વૃદ્ધ માતા - પિતાને એમ કહી દેતા હોય છે કે ''તમે ચૂપ રહો, તમને આમાં કાંઈ સમજણ ન પડે.'' ઘરમાં આવેલ મહેમાનોને મળવા વૃદ્ધ માતા - પિતા પણ જો સહુની સાથે આવીને બેસે, તો યુવાન દીકરો એમને કહેશે કે ''તમારા મોંમાંથી સતત લાળ ટપકે છે. તમારા Room માં જ બેસો.'' સંતાન જો

અવિવેકી હોય તો આવાં ઉચ્ચારણો અવશ્ય જોવા મળે. કદાચ સંતાનો થોડા વિવેકી હોય તો શબ્દો બદલાય, પરંતુ સત્તાશક્તિ તો એમની જ રહે.

(૫) સમજશક્તિ ક્ષીણ થાય છે :-

વૃદ્ધાવસ્થામાં વ્યક્તિના ગમા - અણગમા પોતીકા આગ્રહો સામાન્યપણે વધુ તીવ્ર થઇ જતા હોય છે. વૃદ્ધ માતા - પિતા કોઇ બાબતે આગ્રહી બને અને સંતાનો એનાથી થનાર નુકસાનો સમજાવે તો ય એ સમજવા તૈયાર ન થાય. 'મારે આમ જ કરવું છે' નો આગ્રહ બલવત્તર રાખે. કદાચ સંતાન યોગ્યપણે જ, નુકસાની ટાળવા એમના આગ્રહો મુજબની બાબત ન થવા દે તો એ વિવશતાવશ અટકે ખરા. પરંતુ પછી પોતાના સમવયસ્કો - સંબંધીઓ પાસે તક મળતાં જ હૈયાવરાળ ઠાલવશે કે સંતાનો અમારી ઇચ્છાવિરુદ્ધ કરાવે છે - અમને પરાણે અટકાવે છે ઇત્યાદિ. શું છે અન્યો પાસે હૈયાવરાળ ઠાલવવાની અને આગ્રહો બરકરાર રાખવાની આ પ્રવૃત્તિ? સમજશક્તિની ક્ષીણતાનો પુરાવો. નહિ તો તેઓ અન્યો પાસે કહીને સંબંધમાં કટુતા ન ઊમેરે.. કેટલીક વાર ઘરની જરૂરી બાબતોમાં વૃદ્ધ વડીલો નિર્ણય જ ન કરતા હોય અને પારિવારિક મતભેદો વધતા હોય એવું બને છે. ત્યાં પણ નિર્ણય ન થવામાં સમજશક્તિની ક્ષીણતા કારણ હોય છે.

(૬) સ્વાશ્રયશક્તિ ક્ષીણ થાય છે :-

ભોજન - સ્નાન - વસ્ત્રપરિધાન - હાજત - બેસવું - ઊઠવું વગેરે અત્યંત આવશ્યક બાબતોમાં ય પરાધીનતા આવી જાય એ વૃદ્ધાવસ્થામાં અત્યંત શક્ય છે. સ્વાશ્રયીપણું - સ્વાધીનતા શું ચીજ છે તે આવા સમયે પ્રબળપણે સમજાય છે અને એ ગુમાવવાનું દુઃખ ત્યારે તીવ્રપણે થાય છે.

આ અને આવા અન્ય અભિશાપો વૃદ્ધાવસ્થા સાથે જોડાયેલ સાર્વત્રિક બાબતો છે. એનો આ નિર્દેશ હતાશા અનુભવવા માટે નથી, બલ્કે વાસ્તવિકતાના સ્વીકાર માટે છે. એ પછી પણ વૃદ્ધાવસ્થાને વૈભવી કેવી રીતે બનાવી શકાય એની વાતો હવેના લેખો દ્વારા નિહાળીશું.

✤ ✤ ✤

૧૦

બારી જો પૂર્વ દિશાની હશે તો નિત્ય 'સૂર્યોદય' દેખાશે... બારી જો પશ્ચિમ દિશાની હશે તો નિત્ય 'સૂર્યાસ્ત' જ દેખાશે...

એક માર્મિક સુવાક્ય વાંચ્યું હતું ક્યાંક કે **"જેનાં ઘરની બારી પૂર્વ દિશામાં છે એને રોજ રોજ સૂર્યોદયનાં દૃશ્ય નિહાળવા મળે અને જેનાં ઘરની બારી પશ્ચિમ દિશામાં છે એને કાયમ સૂર્યાસ્તનાં જ દૃશ્યો નિહાળવા મળે!"** આ સુવાક્યમાંનો સૂર્યોદયનો નિર્દેશ ઉત્સાહ - પ્રગતિ યાવત્ હકારાત્મક અભિગમનો સૂચક છે, જ્યારે સૂર્યાસ્તનો નિર્દેશ હતાશા - અવનતિ યાવત્ નકારાત્મક અભિગમનો દ્યોતક છે. યાદ રહે કે સંસારમાં કેવલ સૂર્યોદયનાં કે માત્ર સૂર્યાસ્તનાં દૃશ્યો ક્યારે ય નથી હોતા. ત્યાં તો સદા ય સૂર્યોદય અને સૂર્યાસ્તનું મિશ્રણ હોય છે. આપણે approach કેવો દાખવીએ છીએ એના આધારે નક્કી થાય કે આપણને સૂર્યોદય જેવી ઘટનાઓની અસર ઘેરી થાય છે કે સૂર્યાસ્ત જેવી ઘટનાઓની?

ગત લેખથી આપણે વૃદ્ધાવસ્થાને કેન્દ્રમાં રાખીને જે ચિંતનયાત્રા શરૂ કરી છે એના સંદર્ભમાં અમે ઉપરોક્ત સુવાક્ય વિચારવાનું જણાવીએ છીએ કે જો સૂર્યાસ્તનાં દૃશ્યો નિહાળવા જેવી જ આદત કેળવશો તો વૃદ્ધાવસ્થા એક બોજરૂપ - હતાશારૂપ - દુઃખરૂપ જીવનખંડ લાગશે. પરંતુ આદત જો સૂર્યોદયનાં દૃશ્યો નિહાળવા જેવી કેળવશો તો એ જ વૃદ્ધાવસ્થા માણવા જેવો - ઉત્સાહભર્યો જીવનખંડ લાગશે. ગત લેખમાં વૃદ્ધાવસ્થા સાથે સંલગ્ન છ અભિશાપરૂપ બાબતોનો સંક્ષિપ્ત નિર્દેશ કરતા અમે એક મહત્ત્વની

સ્પષ્ટતા કરી હતી કે એ નિર્દેશ હતાશ થઇ જવા માટે નથી, બલ્કે minus ની માહિતી મેળવી મનને સજ્જ કરવા - કેળવવા માટે છે.

એક વાત ખબર છે? Heart ની થોડી સમસ્યા ધરાવતી વ્યક્તિ સીડી ચડશે તો પ્રત્યેક પગથીયે પાંચ - દશ Second વિરામ લઇને ચડશે. આ પદ્ધતિથી એ એક નહિ, બે - ચાર સીડી પણ સ્વસ્થતાથી ચડી જશે. કેમ કે એ પોતાના minus ને ધ્યાનમાં રાખી પ્રવૃત્તિ કરે છે. એના બદલે એ જો નાના બાળકની જેમ દોટ મૂકીને એકશ્વાસે સડસડાટ સીડી ચડવા જાય તો? તો શક્ય છે કે એ અધવચ્ચે ઢળી પડે-અટકી પડે. બસ, પૂર્વલેખમાં અપાયેલ minus ની માહિતી પણ જાતને સજ્જ કરવા પૂરતી હતી. એનાથી સૂર્યાસ્તનાં દશ્યો નિહાળવા જેવા નકારાત્મક અભિગમમાં રાચવાનું નથી. અભિગમ તો માત્ર સૂર્યોદયનાં દશ્યો નિહાળવા જેવો હકારાત્મક જ રાખવાનો છે.

જો આપણો approach - અભિગમ હકારાત્મક હોય તો વૃદ્ધાવસ્થામાં ય એવી અનેક બાબતો આત્મસાત્ કરી શકાય કે જે ખરેખર અભિશાપરૂપ નહિ, આશીર્વાદરૂપ હોય. એનાં કારણે એવું feel થાય કે જીવનનો આ Second - half' સાચે જ Better - half છે! પહેલાનાં - યુવાવસ્થાનાં વર્ષો કરતાં આ અવસ્થાનાં વર્ષો વધુ સાર્થક છે. આવો, આપણે અહીં હવે ‘સ્’અક્ષરથી શરૂ થતી છ એવી બાબતો પર વિચાર-વિહાર કરીશું કે જે વૃદ્ધત્વને સજાવે - સાર્થક કરે :

(૧) સંયમ :-

સંયમનો અર્થ અહીં દીક્ષા સમજવાનો નથી. કેમ કે દીક્ષા ખૂબ કઠિન બાબત છે અને Rare કિસ્સા બાદ કરતા વૃદ્ધ વ્યક્તિ માટે એ શક્ય નથી. અમે જે ‘સંયમ’ શબ્દપ્રયોગ અહીં કર્યો છે એનું અર્થઘટન કરવાનું છે સમ્યક્ સમજપૂર્વકની અનાસક્તિ - અલિપ્તતા. વૃદ્ધ વયે વ્યક્તિ જો સ્વેચ્છાએ પરિવારની બાબતોથી - વ્યવસાયથી - આંતરિક ઝંઝટોથી દૂર રહેતી થઇ જાય તો એ ઘણા બધા સંક્લેશોથી - અપાયોથી બચી જાય. વ્યક્તિગતરૂપે એને તો આ મોટો લાભ થાય જ. ઉપરાંત પરિવારનો સદ્ભાવ એ વૃદ્ધ વ્યક્તિ માટે ટકી રહે કે ‘વડીલ તો ક્યાં ય કશે Interfior થતા નથી. પોતે ભલા ને પોતાની દુનિયા ભલી.’ આ સિવાયનો એક મહત્ત્વનો લાભ વૃદ્ધ

વ્યક્તિને એ થાય કે વ્યાવસાયિક વગેરે બાબતોથી નિવૃત્તિ આવી ગઇ હોવાથી એક તરફ સમયનો ભરપૂર અવકાશ હોય અને બીજી તરફ પરિવારની જંજાળોમાં બિનજરૂરી માથું મારવાની બાબત આ અનાસક્તિ - અલિપ્તતાવશ સર્વથા અટકી ગઇ હોય. એથી સમયનો પૂરો સદુપયોગ શક્ય ધર્મઆરાધનામાં સરસ થઇ શકે. યુવાવસ્થામાં એવી સ્થિતિ હોય કે જવાબદારીઓ ભરપૂર હોવાથી પ્રવચનશ્રવણ - સામાયિકાદિ ધર્મઆરાધના માટે ભાવના હોવા છતાં સમય આપી શકાય નહિ. જ્યારે વૃદ્ધાવસ્થામાં ઉપરોક્ત રીતે એ સુશક્ય બનતું હોવાથી આ અવસ્થા વધુ સાર્થક - શ્રેષ્ઠ હોવાની અનુભૂતિ થાય. શરત માત્ર એટલી જ કે સમજણનાં સ્તરે અનાસક્તિરૂપ સંયમ કેળવવો જોઇએ.

જૈન શાસ્ત્રોમાં સમજપૂર્વકની અનાસક્તિ કેળવનાર ગૃહસ્થ સંસારી વ્યક્તિઓના ઉત્તરોત્તર ચડિયાતા ત્રણ વંદનીય પ્રકારો મળે છે. પહેલો પ્રકાર છે **પ્રતિસેવનાનુમતિ.** આ સ્તરમાં પ્રવેશેલ જૈન ગૃહસ્થ વ્યક્તિ ઘરમાં રહે ખરી. પરંતુ પરિવારની રોજિંદી બાબતોમાં જરા ય દરમ્યાનગીરી ન કરે. માત્ર કોઈ મોટી - અગત્યની બાબત આવે ત્યારે જ સલાહ - સૂચન આપે... બીજો પ્રકાર આનાથી ઉચ્ચ છે. એનું નામ છે **પ્રતિશ્રવણાનુમતિ.** આ સ્તરની વ્યક્તિ મોટી - અગત્યની બાબતમાં ય સામેથી કોઈ સલાહ - શિખામણ ન આપે. તે તે બાબતો અંગે પરિવારજનો સામેથી પૂછે - અભિપ્રાય માંગે ત્યારે જ એ પોતાનો અભિપ્રાય - સૂચન આપે. કારણ કે એની અનાસક્તિ-વિરક્ત દશા પ્રથમ પ્રકારના ગૃહસ્થ કરતા વધુ તીવ્ર છે... ત્રીજો પ્રકાર સર્વોચ્ચ છે. એનું નામ છે **સંવાસાનુમતિ.** આ સ્તરની વ્યક્તિની અનાસક્તિ - વિરક્તિ એવી પ્રબળ હોય છે કે એ મોટી-અગત્યની બાબતોમાં ય 'involve' ન થાય. એણે પ્રથમથી જ પરિવારજનોને કહી દીધું હોય કે ''પરિવારની - સંસારની કોઇ પણ બાબતે તમને જે ઉચિત લાગે એ કરવું. એમાં મને ક્યાં ય કશું પૂછશો નહિ. હું એ તમામથી અલિપ્ત છું.''

ધ્યાનથી વિચારીશું આ ત્રણ પ્રકાર, તો એમાં અનાસક્તિ ઉત્તરોત્તર ઘટ્ટ જણાય છે. આવો ઉમદા અભિગમ ધરાવતી વ્યક્તિઓને, ગત લેખમાં જણાવી હતી તે 'મને કોઇ પૂછતું નથી... મારું કોઇ સાંભળતું નથી' જેવી ફરિયાદો જરા ય ન જ સ્પર્શે એ સહજ સમજી શકાય તેમ છે. આ કાળમાં ય આવી કોઇ કોઇ વ્યક્તિઓ રેતીમાં મોતીની જેમ મળી આવે છે. એની પ્રતીતિ કરવી છે? તો વાંચો અમદાવાદની આ સત્ય ઘટના :

જેસીંગભાઇ નામે વયસ્ક વૃદ્ધ ગૃહસ્થ. એમણે સમજણનાં સ્તરે અનાસક્તિ - વિરક્તિ રાખીને ઘર - પરિવાર - વ્યવહાર સાથેનો નાતો અત્યંત સીમિત કરી દીધો હતો. કોઇ પણ બાબતે કાંઇ પૂછવાનું નહિ અને કશામાં માથું મારવાનું નહિ. એમણે એક સંકલ્પ કર્યો હતો કે પ્રત્યેક પાંચ માસની તિથિએ રાત - દિવસનું પૌષધવ્રત લઇ સાધુની જેમ ઉપાશ્રયમાં આરાધના કરવી. વર્ષોપર્યંત આ ક્રમ ચાલ્યો. એમાં એક વાર મોટી કસોટી આવી ગઇ. બન્યું એવું કે પૌત્રનાં લગ્ન લેવાયા હતા અને મુહૂર્ત શ્રેષ્ઠ હોવાથી પરિવારજનોએ એ દિવસ નક્કી કર્યો હતો પાંચ તિથિમાંનો એક પર્વદિન. લગ્ન લખાઇ ગયા પછી ખ્યાલ આવ્યો કે દાદા જેસીંગભાઇને એ દિવસે પૌષધવ્રત આવશે. મુહૂર્તને મુખ્યતા આપી પરિવારજનોએ મનોમન નક્કી કરી લીધું કે દાદાને સમજાવી લેવાશે. દાદાને પણ લગ્ન દિવસની ખબર પડી. પરંતુ એમણે અનાસક્તભાવ રાખી કોઇ ચર્ચા ન કરી.

દિવસો નજીક આવ્યા એટલે પરિવારજનો દાદાને એ દિવસે પૌષધ ન કરવાનું સમજાવવા માંડ્યા. અનાસક્ત જેસીંગભાઇએ સાવ નિર્લેપ ઉત્તર આપ્યો :''તમે સહુ છો. એથી તમારું કાર્ય રંગેચંગે થઇ જ જશે. મારી ગેરહાજરીથી એમાં કોઇ ફર્ક નથી પડવાનો. મારે મારું વ્રત એ દિવસે ય જાળવી જ રાખવું છે.'' અને.... ખરેખર એમ જ બન્યું. પૌત્રના લગ્નનો વરઘોડો નીકળ્યો ત્યારે દાદા ઉપાશ્રયે પૌષધવ્રતમાં હતા. અરે! કમાલ તો એ થઇ કે ફરતો ફરતો વરઘોડો એ જ ઉપાશ્રય પાસેથી પસાર થયો ત્યારે જેસીંગભાઇ બારી પાસે નજર કરવા ય ન આવ્યા! સાચો સંયમ-સાચી અનાસક્તિ આ હતી. એ વ્યક્તિને વૈરાગ્યમય અને આરાધનામય બનાવે...

(૨) સેવા :-

એક મજાનું સુવાક્ય વાંચ્યું હતું ક્યાંક કે **'કટાઇ જવા કરતા ઘસાઇ જવામાં મજા છે.'** વૃદ્ધાવસ્થામાં શરીરને ગમે તેટલું સાચવી રાખશો તો ય એ જીર્ણ થવાનું જ છે. તો એનો શક્ય સેવામાં ઉપયોગ કેમ ન કરવો? ઘણી વાર એવું બને છે કે વ્યક્તિ વ્યવસાયમાંથી - નોકરીમાંથી Retired થાય પછી ખાલીપો અનુભવે. આખો દિવસ સમય કેવી રીતે પસાર કરવો એ એની સમસ્યા હોય. આવી સ્થિતિમાં વ્યક્તિ સ્વેચ્છાએ શક્તિ મુજબનાં સેવાકાર્યમાં જોડાય તો એ વ્યક્તિને સ્વયં તો પ્રવૃત્તિશીલતાનો આનંદ રહે - ખાલીપો દૂર

થાય. ઉપરાંત સંબંધિત વ્યક્તિઓ - સંસ્થા - સમાજને એનો સરસ લાભ થાય. હજુ એક ઓર વાત. આવી પ્રવૃત્તિ કરવામાં વ્યક્તિની સમજ સમાજને કાંઇક નિઃસ્વાર્થભાવે પ્રદાન કરવારૂપે વિકસ્વર થઇ હોય ત્યારે એની એ પ્રવૃત્તિ - સેવાશ્રમમાં - થકાવટમાં પરિણમે નહીં, બલ્કે સેવાયજ્ઞમાં પરિણમે. વિશ્લેષણ કરીએ તો એમ ચોક્કસ કહી શકાય કે વળતર માટે થતી Service આદિ પ્રવૃત્તિઓ કરતા નિ ઃસ્વાર્થભાવે થતી આ સેવાપ્રવૃત્તિઓ વ્યક્તિને વિશિષ્ટ સાત્ત્વિક આનંદ આપે છે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ નાનકડી કથા :

માર્ગ પરથી પસાર થતાં એક યુવાને દશ્ય નિહાળ્યું કે એંશી વર્ષના વૃદ્ધ કાકા માર્ગની એક બાજુ નીચા નમીને જમીન ખોદી રહ્યા હતા. પછી એમણે ત્યાં આંબાની કલમ વાવીને ઉપર માટી ભરી. એના પર જલસિંચન પણ કર્યું. યુવાનને વૃદ્ધ દાદાની આ મહેનત વ્યર્થ જફા જેવી લાગી. એણે વૃદ્ધને કહ્યું : ''દાદા! આ વયે આટલી મહેનત કરવામાં શું લાભ થશે તમને? પહેલા તો આ આંબો ઊગશે કે નહિ એ શંકા છે, એ વૃદ્ધિ પામે તો ય આસપાસના પશુઓ અને ઉખાડી દેશે કે કેમ એ નક્કી ન કહેવાય અને ધારો કે બધું જ બરાબર પાર ઊતરે તો પણ એના પર આઠ - દશ વર્ષે કેરી આવશે. ત્યાં સુધીમાં તો તમે પરલોક પહોંચી જશો.'' વૃદ્ધ દાદાએ ટૂંકો અને માર્મિક ઉત્તર આપ્યો : ''ભઈલા, આટલી બધી ચિંતા હું કરતો નથી. હું તો એ જ વિચારું છું કે હું બાળક હતો ત્યારે કો'કે વાવેલ આંબાની કેરી મેં આરોગી હતી. એ જ રીતે આ આંબાની કેરી હવેની નવી પેઢી આરોગે એ મારે મન ઋણસમર્પણ છે. મને કેરી મળશે કે નહિ તે મેં વિચાર્યું જ નથી. '' યુવાન ખુશ થઇ ગયો દાદાની ઉત્તમ વિચારધારાથી.

છેલ્લે એમર્સનનું મસ્ત વિધાન ટાંકીને સમાપન કરીએ : **હૃદય પર કોતરી રાખજો કે હર એક દિન વર્ષનો સર્વોત્તમ દિવસ છે.**

✤ ✤ ✤

૧૧

બાહરી દુનિયા ભુલાઈ જાય એ સાધનાની શરૂઆત છે... તમે જ તમારી દુનિયા બની જાવ એ સાધનાની સિદ્ધિ છે...

વૃદ્ધાવસ્થાને સજાવતી છ બાબતોની વિચારયાત્રામાં આજે આપણે ત્રીજા અને ચોથા ક્રમની બાબતો પર ચિંતન કરીશું.

(૩) સ્વાધ્યાય :-

વૃદ્ધાવસ્થામાં મહદંશ વ્યક્તિઓને સતાવતો મોટો પ્રશ્ન એ હોય છે કે 'સમય કઇ રીતે પસાર કરવો?' વ્યવસાય - Service વગેરેથી નિવૃત્તિ લેવાઇ ગઇ હોય, પારિવારિક કાર્યોમાં સ્વજનો એમની ખાસ ઉપયોગિતા ન સમજતા હોય. આ પરિસ્થિતિમાં વૃદ્ધજનો સમય પસાર કરવા બે વિકલ્પોનો આશરો લેતા હોય છે. પહેલો વિકલ્પ એટલે જાતજાતની T.V.Channels જોયા કરવી. આમાં વ્યક્તિને સામી વ્યક્તિની અપેક્ષા - અધીનતા ન રહે અને એનો સમય પસાર થાય એ વાત સાચી. પરંતુ એનાથી ય અધિક સાચી વાત એ છે કે મોટા ભાગે આ માર્ગે હલકા સ્તરનું મનોરંજન અંકે કરાતું હોવાથી એના દ્વારા વાસનાઓનો - બિભત્સતાઓનો - હિંસકતાનો - મારધાડનો ખતરનાક વૈચારિક કચરો દિલ - દિમાગમાં ઠલવાતો હોય છે. યાદ રહે કે વ્યક્તિનું મન કાંઇ Dumping ground નથી કે જ્યાં દુનિયાભરનો કચરો ઠાલવી શકાય. જેઓ આ તથ્ય વીસારી દે છે તેઓ T.V.Channels દ્વારા કઇ હદે સમય બરબાદ કરતા હોય છે એનો અમારો જ અનુભવ ટાંકીએ :

ચારેક વર્ષ પૂર્વે અમારા ઘાટકોપર ૬૦ ફૂટ રોડ સંઘનાં ચાતુર્માસમાં મોટી સંખ્યામાં સામૂહિક માસક્ષમણો (ત્રીશ સળંગ ઉપવાસ) થયા બાદ અમે તપસ્વીઓનાં ઘરે પગલાં કરતા હતા. એમાં એક દિવસ એક બહેને ભાવુકતાથી કહ્યું : ‘‘સાહેબજી! મારાં ઘરમાં માસક્ષમણ ભલે નથી. પરંતુ આપે પગલાં કરવા જ જોઇશે. કેમ કે મારા પતિ મોટી બીમારીવશ Bedroom માંથી બહાર પણ નીકળતા નથી. Doctorની એમને સખ્ત મનાઇ છે.’’ અમે એમની ભાવના સ્વીકારીને એમના ઘરે પગલાં કર્યાં. અમારું ધારણાચિત્ર એ હતું કે એમના પતિ પથારીવશ હશે અને પ્રભુનું નામ સ્મરણ - જાપ કરતા હશે. પરંતુ વાસ્તવિકતા એનાથી સાવ વિપરીત - સ્તબ્ધ થઇ જવાય એવી હતી. પતિમહાશય Remote હાથમાં રાખી મન ફાવે તેવી Channel જોતા હતા! પત્નીએ અમારી હાજરીમાં જ ઠપકાર્યા તો એ કહે : ‘‘મને જાપ વગેરેમાં રસ નથી. તો સમય પસાર કરવા આ જ કરું ને? એમાં ખોટું વળી શું?’’ અમારી દષ્ટિએ આવી વ્યક્તિઓ સમય પસાર કરતી નથી, બલ્કે સમયની હત્યા કરે છે!

વૃદ્ધજનો સમય પસાર કરવાનો બીજો વિકલ્પ અજમાવે છે ટોળટપ્પા - ગામપંચાતનો. સમવયસ્ક વૃદ્ધો મળે કે સાંભળનાર સહૃદયી સજ્જનો મળે તો એ એમની સાથે ગપ્પા - ગોષ્ઠિમાં સમય વ્યતીત કરે. આમાં ઘણી વાર અન્યોની નિંદા - ટીકાઓ આવી જાય ત્યારે પણ દિલ - દિમાગને નાનાં સ્તરે Dumping ground માં જ ફેરવી દેવાતું હોય છે! વળી ધારો કે આમાં માત્ર નિરર્થક ટોળટપ્પાં જ હોય તો પણ એ સમયનો વેડફાટ જ છે. પહેલા વિકલ્પમાં વ્યક્તિ સમયની હત્યા કરે છે, તો બીજા વિકલ્પમાં એ સમયનો વેડફાટ કરે છે.

આ બન્ને અનિષ્ટોથી બચીને સમયનો સદુપયોગ કરવો હોય તો એના માટે સ્વાધ્યાય ઉત્તમ સાધન છે. સ્વાધ્યાય એટલે? જે ‘સ્વ’માં વસાવે તેવો અધ્યાય - તેવો પાઠ. ખ્યાલમાં રહે કે T.V.Channels યા ટોળટપ્પાં વ્યક્તિને ઇતરમાં લઇ જશે, જ્યારે સ્વાધ્યાય વ્યક્તિને ભીતરમાં લઇ જશે. જીવનને ઊર્ધ્વગામી બનાવે તેવાં તત્ત્વોથી - પદાર્થોથી છલકાતાં એક સરસ ગ્રન્થ સાથે નાતો જોડી જોજો. પ્રારંભમાં એ થોડું આકરું - કંટાળાજનક લાગશે. પરંતુ આસ્તે આસ્તે નિયમિત આદત થઇ ગયા બાદ છ માસમાં તો

એ ગ્રન્થ ઈતરમાંથી ભીતરમાં લઈ જનાર લાગશે. પછી ઈતરમાં લઈ જનાર T.V.Channels કે ટોળટપ્પાં ખુદ આકરા લાગશે. વૃદ્ધ વ્યક્તિ સ્વયં સમયમર્યાદા આંકીને એ બધાથી દૂર રહેવાપૂર્વક મૌન ધરીને ગ્રન્થસૃષ્ટિમાં ઊતરી જશે. આનું અમારી નજર સમક્ષનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે અમારા દિવંગત પિતામુનિવર પૂજ્ય દિવ્યરત્નવિજયજી મહારાજ.

એંશી વર્ષની જૈફ વયે સુખી - સંપન્ન પરિવાર અને ભરપૂર સામાજિક પ્રતિષ્ઠા-પદો છોડીને તેઓ દીક્ષિત - સંયમી બન્યા. તે પછીના સાડા દશ વર્ષના મુનિપર્યાયમાં તેઓએ સ્વાધ્યાય સાથે - જાપ સાથે જબ્બર નાતો જોડ્યો અને તેઓ ખૂબ આસાનીપૂર્વક ઈતરમાંથી ભીતર તરફ વળ્યા. એમણે દીક્ષાના પ્રારંભિક તબક્કે એંશી વર્ષની વય છતાં શ્રમણક્રિયાનાં તમામ સૂત્રો કંઠસ્થ કર્યા. એમાં સાડા ત્રણસો શ્લોક પ્રમાણ પક્ખીસૂત્ર પણ હતું. આ તમામ સૂત્રો એંશી વર્ષની વયે કર્યા હોવાથી એને સ્મૃતિમાં યથાવત્ ઉપસ્થિત રાખવા એમણે નિયમ કર્યો કે દર બે દિવસે આ સર્વ સૂત્રો તેમજ નવાં કરેલ સ્તવન - સજ્ઝાયાદિનો સ્વાધ્યાય અવશ્ય કરવો. આ ઉપરાંત ગુજરાતી ભાવાનુવાદમય અનેક અભ્યાસગ્રન્થોનું નિયમિત વાંચન તેઓ કરતા. આમાં નિત્ય ચારથી પાંચ કલાક એ સમયનો સદુપયોગ કરતા. આ ઉપરાંત જાપ - ભાવયાત્રા - નિત્ય આરાધનાઓ અલગ. સમયનો આવો શ્રેષ્ઠ સદુપયોગ કરવાનાં કારણે એમને ગપ્પાં - ટોળટપ્પા દ્વારા સમય પસાર કરવાની - વેડફવાની જરૂર ન પડી.

અમે તો એમ કહેવા બે – તાબ છીએ કે વૃદ્ધાવસ્થામાં (અને જીવનની હર કોઈ અવસ્થામાં ય) સારાં સંસ્કારપ્રેરક – અધ્યાત્મપ્રેરક પુસ્તકો જેવો શ્રેષ્ઠ મિત્ર કોઈ નથી. કેમ કે એ ભરપૂર સમય આપવામાં ય કદી આનાકાની કરતો નથી અને શુભનું સંસ્કરણ – સંવર્ધન કર્યા સિવાય રહેતો નથી...

(૪) સાધના :-

આ સૃષ્ટિમાં ઘણી બાબતો એવી છે કે જેને Reverse લાવી શકાય છે, પુન : પ્રાપ્ત કરી શકાય છે. ઉદાહરણરૂપે જોઈએ તો channel નું કોઈ મનપસંદ દશ્ય ફરી નિહાળવું હોય તો remote દ્વારા એને Reverse માં લાવી શકાય છે. Reverse gear ના ઉપયોગ દ્વારા Car ને પણ ફરી ઈષ્ટ

સ્થાને લાવી શકાય છે, તો Chain pull કરીને થંભાવવા દ્વારા Trainને પણ જરૂર મુજબ Reverse માં લઈ જઈ શકાય છે. અરે! ગયેલી - ગુમાવેલી સંપત્તિ પણ પુન : પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ આયુષ્યની એક ક્ષણ Reverse લાવી શકાતી નથી, પુનઃ પ્રાપ્ત કરી શકાતી નથી. એથી જ, બે હજારથી અધિક વર્ષો પૂર્વે શ્રી ઉમાસ્વાતિજી ભગવંતે 'પ્રશમરતિ' ગ્રન્થમાં આ પંક્તિ લખી છે કે ''न च गतमायुर्भूय:, प्रत्येत्यपि देवराजस्य।'' ભાવાર્થ કે ગયેલ આયુષ્યક્ષણ પરત લાવવામાં દેવરાજ ઈન્દ્રનું સામર્થ્ય પણ કામિયાબ થઇ શકતું નથી.

વાસ્તવિકતા જ્યારે આ જ છે ત્યારે મહામૂલાં માનવજીવનનાં એક મોટા હિસ્સારૂપ વૃદ્ધાવસ્થાને નિષ્ક્રિયતાથી - નિરાશાથી ને નિસાસાથી ગુજારી જવાની હરગિજ નથી, બલ્કે એને મનપસંદ શક્ય સાધનાથી સજાવવાની જરૂર છે. સાધના એટલે? કલાકોના કલાકો પર્યંત પદ્માસન લગાવીને ધ્યાનમાં બેસી જવું કે કલાકોના કલાકો સુધી સમાધિમાં ઊતરી જવું એવો કોઇ નિર્દેશ અહીં નથી. અહીં સાધનાનો સીધો - સાદો અર્થ છે કોઈ એક મનગમતા આરાધનાયોગને આત્મસાત્ કરી લઈ એમાં વધુ ને વધુ ઓતપ્રોત થવું. જેમ કે કોઈને પ્રભુભક્તિયોગ પસંદ હોય તો એ વહેલી પ્રભાતથી જિનાલયમાં પહોંચી જઈ આંગી ઉતારવાથી લઈને અભિષેક - કેસરપૂજા - ભાવપૂજા વગેરેમાં કલાકો સુધી ઓતપ્રોત રહે. અમે ઘણી વ્યક્તિઓ આવી નિહાળી છે કે જે નિવૃત્તિના જીવનકાળમાં આ રીતે ત્રણ - ત્રણ ચાર - ચાર કલાક પ્રભુની દ્રવ્યભક્તિમાં ઉલ્લાસથી વ્યતીત કરે. જેને ગેયભક્તિમાં રસ હોય એ નવાં નવાં ભાવોત્પાદક - સ્તવનો - પદો ગાવામાં અને સાંભળવામાં તલ્લીન રહે. ઊગતી પ્રભાતે ને ઢળતી સાંજે ચોક્કસ સમય આવા સ્તવનો - અધ્યાત્મપદોમાં ડૂબી જનારા કેટલાય ભક્તજનો અત્યારે પણ છે. કોઈને પ્રભુના નામસ્મરણરૂપ જાપયોગમાં રસ હોય, તો કોઈને ધ્યાનયોગમાં રસ હોય; કોઈને કાઉસ્સગ્ગ વગેરે ક્રિયાકલાપમાં રસ હોય, તો કોઈને શ્રવણયોગમાં - પ્રેરક પ્રવચનો સાંભળવામાં રસ હોય. આરાધનાયોગો આવા આવા કોઈ પણ હો, એમાં વધુ ને વધુ તન્મયતાથી ડૂબી જવું - ઓતપ્રોત થઈ જવું તેનું નામ છે સાધના.

એક મસ્ત વિધાન હમણાં વાંચ્યું હતું કે **દુનિયા ભુલાઈ જાય તે સાધનાની શરૂઆત છે, દુનિયા ભુંસાઈ જાય તે સાધનાની સફળતા છે અને તમે જ**

તમારી દુનિયા બની જાઓ – અન્યોની કોઈ અપેક્ષા જ ન રહે એ સાધનાની સિદ્ધિ છે! વૃદ્ધાવસ્થાને સવાયી સફલ બનાવવા કાજે સિદ્ધ કરવાં જેવાં લક્ષ્યો આ છે કે સાધના દ્વારા પહેલા બાહરી દુનિયાને ભૂલો, પછી બાહરી દુનિયાને ભૂંસો અને અંતે ભીતરી દુનિયામાં લયલીન થઈ જાઓ. આ અવસ્થા આત્મસાત્ થઈ ન હોય ત્યારે અને થઈ હોય ત્યારે કેવો આસમાની તફાવત સર્જાય એ જાણવું છે? તો વાંચો આ દિશાદર્શક ઘટના :

ગામના શ્રીમંત અને સમાજમાં પુછાતા - પુજાતા અગ્રણીને વૃદ્ધાવસ્થા સજાવવા સંન્યાસ લેવાની ભાવના જાગી. ગુરુએ સંન્યાસ તો આપ્યો. પરંતુ એમને એ ખ્યાલ હતો કે પૂરી જિંદગી સમાજનાં કાર્યોમાં - લોકોના પ્રશ્નોમાં ગાળનાર એ શ્રીમંત માટે પારકી પંચાતથી નિવૃત્તિ આસાન ન હતી. એમને પોતાનું લક્ષ્ય બરાબર સમજાય એ માટે ગુરુએ એનું નામ સ્થાપ્યું **નિવૃત્તિનાથ.** પરંતુ શ્રીમંત આ લક્ષ્ય સમજી શક્યા નહિ. એથી સંન્યાસી થયા પછી ય ગામજનોની સમસ્યા હલ કરવામાં એટલો જ રસ દાખવવા લાગ્યા. ગુરુએ હવે બીજું પગલું ભર્યું. એમણે નૂતન સંન્યાસીને બાહરી દુનિયાથી દૂર કરવા બાધા આપી કે દિવસ - રાતમાં ત્રેવીશ કલાક મૌન રહેવું. ફક્ત એક કલાક જ બોલવાની છૂટ. ગુરુનો આશય એ હતો કે એક કલાકમાં તેઓ પોતાનાં જરૂરી કાર્યો અંગે કહી શકે. પરંતુ આમાં ય હેતુ બર ન આવ્યો. નૂતન સંન્યાસી એક કલાકમાં કેટલા પ્રશ્નો હલ કરી શકાય એની યાદી - વ્યવસ્થાઓમાં ત્રેવીશ કલાક ગાળવા માંડ્યા ! હવે ગુરુએ નૂતન સંન્યાસીને એમના ગામથી દૂર - સુદૂર મોકલી ચોક્કસ સાધનામાં ડૂબાડી દીધા.

પરિણામ હવે આવ્યું. બાહરી દુનિયા ભુલાતી ગઈ - ભુંસાતી ગઈ અને ભીતરી પોતીકી દુનિયા રચાતી ગઈ. બે વર્ષના અંતે ગુરુએ કાંઈ કાર્ય હોય તો પત્ર દ્વારા પુછાવ્યું. નૂતન સંન્યાસીએ ઉત્તરમાં માત્ર એટલું જ લખીને મોકલ્યું કે ''केवलं गुरुचरणेषु.'' મતલબ કે હું માત્ર ગુરુચરણોમાં જ સમર્પિત છું. કોઈ જ કાર્ય હવે મારે નથી. એકાદ શુભ યોગની તન્મય સાધના વૃદ્ધાવસ્થામાં ય વ્યક્તિને આ હદે ભીતરથી ભરી શકે છે.

છેલ્લે એક વાત : **જીવતા આવડે તો જિંદગી એક ઝવેરાત છે અને વૃદ્ધત્વ પણ એક વૈભવ છે.**

❖ ❖ ❖

૧૨ વાણીમાં તાકાત છે કે તે સામી વ્યક્તિનાં હૈયે વસાવી દે... વાણીમાં એ ય તાકાત છે કે તે સામી વ્યક્તિનાં હૈયેથી ઉતારી દે...

વૃદ્ધાવસ્થાની શારીરિક વિષમતાઓ - માનસિક અપેક્ષાઓ - નિરુપયોગિતા - પરાધીનતા વગેરે minus point વિચારીને કો'ક કવિએ એવી ગીતરચના કરી છે કે 'ઘડપણ કોણે મોકલ્યું રે.' આવી રચનાઓમાં કે સરેરાશ માનવીઓની વિચારધારામાં વૃદ્ધાવસ્થા પ્રત્યે જે નકારાત્મક અભિગમ પ્રગટે છે એનાથી સાવ સામા અંતિમે વૃદ્ધાવસ્થા પ્રત્યે સકારાત્મક અભિગમ પ્રગટે તેવી વૃદ્ધત્વને સજાવતી છ બાબતો અંગે આપણે છેલ્લા બે લેખથી વિચારવિહાર કરી રહ્યા છીએ. આજે આ લેખમાં આપણે એમાંની પાંચમા - છટ્ઠા ક્રમની બાબતો અંગે વિશ્લેષણ કરીશું :

(૫) શબ્દવિવેક :-

શબ્દોની - વાણીની એ તાકાત છે કે તે વ્યક્તિને સામી વ્યક્તિનાં હૈયે વસાવી પણ દે અને સામી વ્યક્તિનાં હૈયામાંથી ઉતારી પણ દે, વ્યક્તિની કિંમત અણમોલ પણ બનાવી દે અને વ્યક્તિની કિંમત કોડીની પણ કરી દે. વ્યક્તિ જો સમજપૂર્વક - વિવેકપૂર્વક વાણીનો વપરાશ કરે તો એ સામી વ્યક્તિનાં હૈયે વસી જાય, એનું મૂલ્ય અણમોલ બની જાય. એથી વિપરીત વ્યક્તિ જો સમજદારી વિના - વિવેક વિના બોલ બોલ કર્યા કરે તો એ સામી વ્યક્તિનાં હૈયેથી ઊતરી જાય, એની કિંમત કોડીની થઇ જાય. માટે વાણીના વપરાશમાં ખૂબ સમજદારીની - વિવેકની જરૂર રહે.

વૃદ્ધાવસ્થામાં ઘણી વાર એવું નિહાળાય છે કે વ્યક્તિ પોતાની વાતો કહેવા જાણે તડપતી હોય છે. એ એમ સમજે છે કે પોતાની વાતો કહી દેવાથી - હૈયું ખાલી કરવાથી Freshness મળી રહેશે. પરંતુ યાદ રાખવું કે **આપણે જો પોતાની વાતો કહી દેવામાં જ 'freshness' સમજીશું તો એવું ય બનશે કે સામી વ્યક્તિ આપણાથી દૂર ભાગવામાં 'freshness' સમજશે.** જરૂર વિનાની - વ્યર્થ અને કંટાળાજનક વાતો કરનાર પોતે જ પોતાનું માન - સન્માન કેવું ગુમાવે એ જાણવું છે? તો વાંચો આ રમૂજકથા :

કાઠિયાવાડના એક નાનકડા ગામના ઠાકોર ગામના ચોરે બેઠા હતા. ભારતદેશને આઝાદી મળી ત્યારથી એમનું રજવાડું ગયું હોવાથી એ હવે આર્થિક દૃષ્ટિએ ભીંસમાં હતા. પહેલા ચારણોને એ દાન - ઇનામો આપતા હતા. પણ હવે એ પરવડે એમ ન હતું. છતાં હજુ એ પોતાને રાજા જ સમજતા હતા. એવામાં એક ચારણ સામેના માર્ગેથી નીકળ્યો. બાપુને ચોરે બેસેલ જોઇ એણે ભૂતકાળના ઉપકારો ખાતર બાપુને વિવેક કરવાનું વિચાર્યું. સાથે એને એ ય ખબર હતી કે બાપુ પાસે બેસવામાં સાર નથી. એ લાંબી લાંબી વ્યર્થ વાતો કર્યા કરશે. એટલે ઝડપથી ચોરાના ઉપલા પગથિયા સુધી જઇ ત્યાંથી જ ઊભા ઊભા બાપુને 'ઘણી ખમ્મા' કર્યું.

લપિયા બાપુએ શરૂ કરી દીધું : ''અલ્યા, અહીં ઉપર સુધી કેમ ન આવ્યો?'' ચારણે વિવેક દાખવીને કહ્યું! તમે અમારાથી ખૂબ મોટા. એટલે મારે તમારાથી થોડા નીચે જ ઊભા રહેવું જોઇએ.'' ''એમ! તો હું જો ઉપલા પગથિયે ઊભો હોત તો તું ક્યાં ઊભો રહેત?'' ''એનાથી એક પગથિયું નીચે.'' ''જો હું એ પગથિયે હોત તો તું ક્યાં જાત?'' ''એનાથી નીચેના પગથિયે.'' બાપુ એકેક પગથિયું નીચે ઊભા રહેવાનું પૂછતા ગયા અને ચારણ એનાથી એકેક પગથિયું નીચે ઊભા રહેવાનું કહેતો ગયો. એ હવે કંટાળ્યો હતો. બાપુ બોલ્યા : ''હું છેલ્લે પગથિયે હોત તો?'' ''તો હું જમીન પર ઊભો રહેત.'' ''હું જમીન પર હોત તો?'' ''તો હું ખાડો કરીને એમાં ઊભો રહેત.'' કંટાળેલ ચારણ બોલ્યો. બાપુએ તો ય તંત ન છોડતા પૂછ્યું : ''હું ખાડામાં ઊભો હોત તો?'' ''તો હું તમારા માથે ધૂળ ઢાંકીને ચાલ્યો જાત.'' ગુસ્સે ભરાયેલ ચારણ આટલું કહી ચાલતો થઇ ગયો!

આ રમૂજકથાના બાપુએ જેમ વ્યર્થ - કંટાળાજનક વાતો દ્વારા પોતાનું માન - સન્માન ગુમાવ્યું એમ વૃદ્ધ વ્યક્તિઓ પણ તે અવસ્થાવશ જરૂર વિનાની વ્યર્થ વાતો દ્વારા માન - સન્માન ગુમાવે છે. એથી વૃદ્ધત્વને સજાવવા શબ્દવિવેક - ભાષાવિવેક ખાસ જાળવવો જોઈએ. એના માટે બે બાબત ખાસ આત્મસાત્ કરવી. એક, જેની તેની પાસે ન બોલવું. પહેલા એ નિરીક્ષણ કરવું કે 'સામી વ્યક્તિને મારી વાત સાંભળવામાં રસ છે? એ વ્યક્તિ તે વાત કહેવા માટે યોગ્ય પાત્ર છે?' આવો વિવેક ખાસ જોઈએ. બે, જે તે ન બોલવું. યોગ્ય વ્યક્તિ પાસે ય જે મનમાં આવે એ કહેવા લાગો તો એ પણ આખરે કંટાળી જાય. એટલે એની પાસે ય ઉપયોગી હોય એવું જ બોલવું. આટલો વિવેક હશે તો વ્યક્તિ સામી વ્યક્તિની નજરમાંથી ઊતરી નહિ જાય. આવા જ કારણસર 'દશવૈકાલિક' આગમગ્રન્થમાં મસ્ત હિતશિક્ષા અપાઈ છે કે ''अपुच्छिओ न भासिज्जा'' મતલબ કે સામી વ્યક્તિ પૂછે એટલું જ બોલવું. ન પૂછ્યું હોય તો કાંઈ બોલવું નહિ. શબ્દવિવેકથી - વાણીવિવેકથી વૃદ્ધાવસ્થાને સજાવવા આ શાસ્ત્રપંક્તિ બહુ ઉપયોગી નીવડે એવી છે...

(૬) સમાધિ :-

સ્કૂલમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની કક્ષા ત્રણ પ્રકારની મળી શકે : ઠોઠ, મધ્યમ અને ઉત્તમ. જે ઠોઠ વિદ્યાર્થી હોય એના માટે પરીક્ષા બહુ મોટી આફત બની રહે. પરીક્ષા સમયે એને રાત - દિવસ એ ચિંતા સતાવ્યા કરે કે આ વૈતરણી કેવી રીતે પાર કરવી? જે મધ્યમ વિદ્યાર્થીઓ હોય એમને ભલે ઠોઠ વિદ્યાર્થીઓ જેવી વિકરાલ ચિંતાઓ ન સતાવે. પરંતુ તો ય એમના માટે પરીક્ષા એક કસોટી તો બની જ રહે. એ એનો એક ભાર અનુભવે. જ્યારે ઉત્તમ - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓની વાત અલગ છે. તેઓ પરીક્ષાને પ્રગતિના - આગળ વધવાના એક અવસરરૂપે નિહાળે. કેમ કે એમની પરીક્ષા માટેની તૈયારીઓ પર્યાપ્ત હોય છે.

જેમ પરીક્ષા માટે વિદ્યાર્થીઓના દષ્ટિબિંદુઓ અલગ અલગ હોય છે એમ વૃદ્ધાવસ્થા પ્રત્યે પણ વ્યક્તિના દષ્ટિબિંદુઓ અલગ અલગ હોઈ શકે છે. જે વૈચારિક દષ્ટિએ ઠોઠ કક્ષાના છે એમના માટે વૃદ્ધાવસ્થા વૈતરણી પાર કરવા જેવી આપત્તિ છે, જે મધ્યમ કક્ષાના છે એમના માટે એ મોટી કસોટીરૂપ અવસ્થા છે; તો જેઓ ઉત્તમ કક્ષાના છે એમના માટે એ સમાધિની સાધના કરવાનો શ્રેષ્ઠ અવસર છે. જરા સમજીએ આ વાત.

બાલ્યાવસ્થાથી લઈને પ્રૌઢાવસ્થા સુધી વ્યક્તિનું જીવન અનેકવિધ બાહ્ય જવાબદારીઓથી ભરપૂર હોય છે. એથી એને એમાં ઈચ્છાએ યા અનિચ્છાએ પણ બાહ્ય બાબતોમાં - જાત જાતની જંજાળોમાં જોડાવું પડે. આના મુકાબલે વૃદ્ધાવસ્થા પ્રાય : નિવૃત્ત - જવાબદારીમુક્ત અવસ્થા છે. એ અવસ્થામાં વ્યક્તિ જો સમ્યક્ સમજપૂર્વક મન વાળે તો એ ધારે એટલી સીમિત થતી જાય અને ભીતરમાં ઊતરતી જાય. નિયમ એ છે કે વ્યક્તિ જેટલી સીમિત થતી જાય અર્થાત્ બાહ્ય - આંતર જંજાળોથી દૂર થતી જાય એટલી એ સમાધિમાં મગ્ન બને.

એક મસ્ત English વાક્ય આ જ વિચારધારાને આગવા અંદાજમાં પ્રસ્તુત કરે છે કે **"He is a man, who dies before death."** મતલબ કે માનવી એ જ ખરો છે કે જે મૃત્યુ પૂર્વે મરી જાય છે. મૃત્યુ પૂર્વે મરી જવું એટલે? બધી બાહ્ય બાબતોમાંથી, એની અભિલાષા - આકાંક્ષા - ઈચ્છાઓમાંથી નિવૃત્ત થઇ જવું. એની ઈચ્છા સુદ્ધાને ખતમ કરી દેવી. આને આપણે સીમિત થઇ જવાના શબ્દોથી પિછાણી. આ જ તો છે સમાધિની સાધના. સમાધિસાધનાનું એક પ્રસિદ્ધ સૂત્ર છે કે **'સ્વમાં વસ.. પરથી ખસ.. આટલું બસ.'** એને પેલા English સુવાક્ય સાથે કે સીમિત થઇ જવાની વાત સાથે સરખાવો તો ત્રણે ય માં સામ્ય લાગશે.

વૃદ્ધાવસ્થાને Semifinal match જેવી કલ્પીએ અને મૃત્યુને Final match જેવું કલ્પીએ તો એક વાત ચોક્કસ છે કે જેઓ ઉપરોક્ત રીતે વૃદ્ધાવસ્થાને સમાધિમય બનાવે છે સામાન્યત : તેઓ જ મૃત્યુને સમાધિમય બનાવી શકે છે. Semifinal match જે જીતી ન શકે એ Final match જીતી ન જ શકે એ સહજ સમજાય એવી બાબત છે. જેઓ સ્વેચ્છાએ બધી જંજાળોથી મુક્ત થઇ જવા પૂર્વક વૃદ્ધાવસ્થાની Semifinal match જીતે છે એ મરણની Final match ને ય કેવી મસ્ત સમાધિપૂર્વક જીતે એ જાણવું છે? તો વાંચો અમારા દિવંગત પિતામુનિવર શ્રી દિવ્યરત્નવિજયજી મહારાજની આ જીવનઘટના :

જીવનના એંશીમા વર્ષે સમ્યક્ સમજપૂર્વક દીક્ષા અંગીકાર કરનાર અમારા એ પિતામુનિવર પૂર્વની સાંસારિક અવસ્થામાં ડભોઇ જૈન સંઘ - કોલેજ - નાગરિક સહકારી Bank વગેરે વિવિધ ધાર્મિક - સામાજિક સંસ્થાઓમાં પ્રમુખ - ટ્રસ્ટીરૂપે દીર્ઘ સેવા આપી ચૂક્યા હતા. પરંતુ દીક્ષા સ્વીકારના સમયે

એમણે મનોમન નિર્ણય લીધો કે દીક્ષા બાદ એક પણ વહીવટી બાબતમાં જોડાવું નહિ, માત્ર શક્ય તેટલું વધુ મૌન - જાપ અને સ્વાધ્યાય કરવા. જાણે કે બધેથી સીમિત થઇ પોતાનામાં વસી જવાનો આ ઉપક્રમ હતો. એટલે સુધી કે જિનાલયનિર્માણાદિ ધાર્મિક બાબતોમાં ય તેઓ કોઈ જ સલાહ - સૂચન ન કરે. પોતાની વયની કક્ષા જોતાં તેઓ આનાથી ય દૂર રહ્યા. રહી માત્ર ભીતરી સાધના - આરાધના.

એકાણુંમા વર્ષે આયુષ્યના અંતિમ દિવસોમાં તેઓને ઉપાશ્રયેથી Hospital માં લઈ જવાતા હતા ત્યારે અમારા બહેન સાધ્વીજીએ લાગણીવશ પૂછ્યું : ''કાંઇ ચિંતા તો નથી કરતા ને?'' એમણે અદ્‌ભુત ઉત્તર આપ્યો : ''શેની ચિંતા કરું? આ જિંદગીમાં ઘણાં સારાં કાર્યો થયાં છે અને છેલ્લા દશ વર્ષ દીક્ષા મળી. એમાં શક્ય સરસ આરાધના એવી થઇ છે કે મૃત્યુ કાલે આવતું હોય તો આજે આવે. હું તૈયાર જ છું. મને કોઇ ચિંતા નથી.'' બધી બાહ્ય ભૂમિકાઓથી સીમિત થઇ જઇ જે સ્વમાં વસ્યા હોય એ જ આવો રણકતો ઉત્તર આપી શકે!!

છેલ્લે વૃદ્ધાવસ્થાને સમાધિ સજાવનારને સરસ લાગુ પડે એવી શાયરી દ્વારા સમાપન કરીએ કે :-

''यूं तो सभी मरण के राही, एक दिन मर जाते है।
धन्य उसी को जो मर कर भी, नाम अमर कर जाते है।।''

❖ ❖ ❖

૧૩

નાનકડાં પુષ્પો ઉપવનને સુગંધમય બનાવે છે... નાનકડી કાળજીઓ જીવનને સમાધિમય બનાવે છે...

ઉંમરજન્ય પડકારો - વિષમતાઓ છતાં ય શરીર શક્ય તેટલું સક્ષમ - નિરામય રહે તે માટે ખબરદાર – સાવધાન વ્યક્તિ કેટલીક નાની નાની બાબતો પર ખાસ ધ્યાન આપે છે. જેમ કે નિત્ય નિયમિતપણે પંદર - વીશ મિનિટ વ્યાયામ - કસરત એ કરે અને એ પ્રાણાયામ - શ્વાસોચ્છ્વાસ લેવાની પ્રક્રિયા દ્વારા ફેફસાં આરોગ્યમય રાખે. શરીરની તાસીર - પ્રકૃતિ નજર સમક્ષ રાખી પોતાની શારીરિક પ્રકૃતિને પ્રતિકૂળ હોય તેવી ખાણી - પીણીથી એ દૂર રહે. આ નાની નાની કાળજી વ્યક્તિનાં શરીરને નિરોગી - સુદઢ રાખવામાં ખૂબ ઉપયોગી નીવડે. શારીરિક આરોગ્યના સંદર્ભમાં એક મસ્ત વિધાન વાંચ્યું હતું કે **''ચાલીશ વર્ષ સુધી તમે કહો એમ શરીર કરશે, ચાલીશ વર્ષ પછી શરીર કહે એ તમારે કરવું...''**

વસ્ત્ર યા કપડું વ્યક્તિની ધારણા મુજબ નિશ્ચિત કાળ સુધી ઉપયોગમાં આવે એ માટે એક નાની કાળજી રાખવી જરૂરી બને છે. એક સ્થળે નાનું પણ છિદ્ર પડ્યું હોય તો એની ઉપેક્ષા ન કરવી, બલ્કે એને તરત સાંધી દેવું. જો એમ ન કરાય તો એ નાનકડું છિદ્ર મોટું થઇ જતાં વાર ન લાગે. એ પછી વસ્ત્ર સાંધવા જઇએ તો મહેનત વધુ પડે અને વસ્ત્ર બેહુદું લાગે. એટલે વસ્ત્ર માટે આ નાની શી કાળજી રાખવા એક English ઉક્તિ સરસ વાત કરે છે કે A stitch in time, saves nine. મતલબ કે એક ટાંકો તુર્ત લઇ લેવાની કાળજી કરો અને નવ ટાંકા લેવાની મહેનતથી બચો...

વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેના સંબંધો ચાહે તેવા મજબૂત - મધુર અને અંગત હો, છતાં એને યથાવત્ જાળવી રાખવા કેટલીક નાની નાની કાળજી જરૂરી છે. અવસરે એકમેકને ઉપયોગી થવું, ભૂલ થાય ત્યારે Sorry કહેવું, સંબંધિત વ્યક્તિ સહાયક બને ત્યારે Thank you કહેવું વગરે નાની બાબતો સંબંધોમાં ઉષ્મા ભરી રાખે છે. કેટલાક એમ કહીને સંબંધોની મજબુતાઇ દર્શાવવાની કોશિશ કરતા હોય છે કે ‘‘અમારા સંબંધોને Thank you જેવા શબ્દોની કોઇ ઔપચારિકતાની જરૂર નથી.’’ પરંતુ અમે એમ માનીએ છીએ કે આ અભિગમ બરાબર નથી. મજબૂત સંબંધોમાં ય નાની - મોટી બાબત બને ત્યારે જરૂર મુજબ Thank you - Sorry શબ્દો હૃદયથી ઉમેરતા જજો. તો એ સંબંધ ઓર મજબૂત બનશે...

સ્વાસ્થ્ય હો - વસ્ત્ર હો કે સંબંધ હો : એને જાળવવા જેમ ઉપર જણાવી તેવી નાની નાની બાબતોની કાળજી - સાવધાની જરૂરી છે તેમ જીવનની વિષમતાભરી વય વૃદ્ધાવસ્થાને શાંતિ - સમાધિથી સજાવવા કેટલીક નાની નાની બાબતોની કાળજી જરૂરી છે. જીવનના એ Second - half ને Better - half બનાવવા આપણે પૂર્વલેખોમાં કુલ છ મહત્ત્વની બાબતોનું વિસ્તારથી વિશ્લેષણ કર્યું હતું. એના ભૂમિકાલેખમાં જણાવ્યા મુજબ, આજે આ Series ના આ અંતિમ લેખમાં આપણે વૃદ્ધાવસ્થાને સજાવતાં કેટલાક Little suggessions પર વિચારણા કરીશું.

(૧) સ્વાશ્રયી બનો :-

વૃદ્ધાવસ્થામાં શરીર ભલે ધીમે ધીમે શિથિલ થતું હોય. પરંતુ ત્યારે ય નાનાં - નાનાં જે કાર્યો જાતે થઇ શકે એવાં હોય એમાં અન્યોની સેવાની અપેક્ષા ન રાખવી. આ વલણના ત્રણ સરસ લાભ છે. એક એ કે જે સ્વજન વ્યક્તિ આપણી સેવા કરતી હોય - ધ્યાન રાખતી હોય એનો બોજ હળવો થાય. દરેકે દરેક બાબતોમાં એને ધ્યાન રાખવાનું - સહાય કરવાનું આવે ત્યારે ઘણી વાર એ સ્વજન હોય તો પણ એનો અભિગમ અપ્રિય - અણગમાભર્યો થઇ જતાં વાર ન લાગે. જો નાનાં નાનાં શક્ય કાર્યો જાતે કરવાનું વલણ રખાય તો આ નુકસાન ન થાય. બીજો લાભ એ કે નાની નાની વાતોમાં પરાધીનતા ન રહે. દરેક કાર્ય જો સ્વજન જ કરે એવું વલણ હશે તો સમયાનુકૂળતા વગેરેને પરાધીન રહેવું પડે. સ્વાશ્રયી બનવાથી આ

ગેરલાભ ન થાય. ત્રીજો સૌથી મોટો લાભ એ છે કે શક્ય નાનાં કાર્યો જાતે કરવાથી શરીરને આપોઆપ વ્યાયામ મળે, શરીર સ્ફૂર્તિમંત રહે.

યાદ આવે અહીં અમારા દિવંગત પિતામુનિવર શ્રી દિવ્યરત્નવિજયજી મહારાજ. એંશીમા વર્ષે એમની દીક્ષા અને નેવુંમા વર્ષે કાલધર્મ. એ સાડા દશ વર્ષ દરમ્યાન અમે ખાસ Mark કર્યું કે એમની સેવા કરનાર અમારા અનેક શ્રમણો હોવા છતાં કેટલાય નાનાં નાનાં જરૂરી કાર્યો એ જાતે જ કરી લેતા. એમને ના કહેવામાં આવે તો પણ એમનો અભિગમ છેલ્લા દિવસો સુધી સદા ય આ જ રહ્યો : જાણે કે ''स्वयंदासास्तपोधना:'' (સાધુ સ્વયં પોતે જ પોતાના દાસ હોય છે) આ ઉક્તિ એમણે સાર્થક કરી હતી. વૃદ્ધત્વ જો આવું હોય તો એ સ્વ - પર બન્ને માટે આશીર્વાદરૂપ પુરવાર થાય.

(૨) જે સાચવનાર હોય એનું સારું જ બોલો :-

જે સ્વજન સાચવનાર હોય એ દરેકે દરેક બાબત આપણી અપેક્ષાનુસાર જ સાચવે અને સમયસર જ સાચવે એવું દરેક વેળાએ શક્ય ન પણ બને. ક્યારેક એ દોડધામ કરવા છતાં કોઈ બાબત સમયસર ન પણ સાચવી શકે. આ પ્રસંગે આપણે જો અન્યો પાસે એનું ઘસાતું બોલીએ - ટીકા કરીએ તો સરવાળે એ સ્વજનની લાગણી - ભાવ આપણા માટે ઓછો જ થઈ જાય. યાદ રહે કે સરેરાશ વ્યક્તિ ચાહે તેવી લાગણીશીલ - ભાવનાશીલ હોય તો ય એનાં મનમાં કદરની આશા હોય છે. જો અવસરે કદરદાનીના શબ્દો સાંભળવા મળે તો વ્યક્તિ વધુ જોમ - જુસ્સાથી પોતાનાં સેવાકાર્યમાં સમર્પિત રહે. એથી વિપરીત કદરદાનીના બદલે ટીકાના શબ્દો સાંભળવા મળે તો વ્યક્તિનો ઉત્સાહ - જોમ - જુસ્સો પડી ભાંગે. આ વાસ્તવિકતા નજર સમક્ષ રાખીને વૃદ્ધ વ્યક્તિ પોતાની સેવા કરનાર સ્વજન માટે અવસરે બે સારા શબ્દો બોલે તો એનું પરિણામ પરસ્પરના સંપ - સ્નેહની વૃદ્ધિમાં આવે જ આવે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ હમણા જ અનુભવેલ સત્ય ઘટના :

તાજેતરમાં ધર્મધામ - નાગેશ્વરપાર્શ્વતીર્થે અમારી નિશ્રામાં સફાલાનગરના શિખરબદ્ધ જિનાલયનો અંજનશલાકામહોત્સવ યોજાયો હતો. અદ્ભુત ઉમંગપૂર્વક ઉજવાયેલ એ મહોત્સવમાં પ્રભુના માતા - પિતા બનેલ દંપતી

વયસ્ક (વૃદ્ધ) હતા. અમને આશ્ચર્ય એ હતું કે એમના પુત્ર - પુત્રવધૂ માતા - પિતા બની શકે એમ હોવા છતાં આ વયસ્ક દંપતીને કેમ આ લાભ અપાયો હશે? વાત - વાતમાં એમના પુત્રવધૂએ ભાવુક થઈને અમારી પાસે સ્પષ્ટતા કરી કે ‘‘મારા સાસુ મારા પતિના Stepmother છે. પતિની માતા નાની વયે મૃત્યુ પામી એ પછી તેઓ લગ્ન કરી આ ઘરે આવ્યા. નાના બાળકોને ભવિષ્યમાં ય કોઈ તકલીફ ન આવે માટે એમણે સ્વેચ્છાએ સંતાનસુખથી વંચિત રહી એ નાના બાળકોને જ પોતાનાં સંતાનો ગણી ઉછેર્યા. જેમણે અમારા માટે આટલો મોટો આત્મભોગ આપ્યો એમને અમે જીવનનો આ સૌથી મોટો લહાવો આપ્યો છે.’’

એ જ સમયે બાજુમાં ઊભેલ સાસુ ગદ્‌ગદ્ સ્વરે અમારી પાસે બોલ્યા : ‘‘સાહેબજી! હું દુનિયાની કદાચ સૌથી વધુ ભાગ્યશાળી સાસુ છું. કારણ કે મારા ઘરે વહુ નથી, વહુનાં રૂપમાં દીકરી છે. આ વહુ મને કાયમ સગી ‘મા’થી અધિક સાચવે છે. દરેક સારા પ્રસંગમાં મને જ આગળ કરી પોતે કાયમ પાછળ રહે છે. આટલી લાગણી અને સન્માન કદાચ સગી દીકરી ય ન આપે.’’ બન્ને એકમેકની સામે જોઈ લાગણીના આંસુ વહાવી રહ્યા હતા! મુંબઈ-કાંદિવલીમાં રહેતા આ સાસુ-વહુનાં નામ છે દક્ષાબેન અને દીપાલીબેન.

(૩) પારિવારિક બાબતોમાં વધુમાં વધુ મૌન રાખો :-

વૃદ્ધાવસ્થા મુખ્યત્વે નિવૃત્તિની અવસ્થા છે. પરિવારના જે વ્યવહારો - જે બાબતો પૂર્વે આપણે સંભાળતા હતા એ હવે પુત્ર - પુત્રવધૂ સંભાળી રહ્યા હોય. બની શકે કે એમની કાર્યશૈલી આપણાથી સાવ અલગ હોય. એથી આપણને એમની પદ્ધતિ ના - પસંદ પણ હોય. આ સ્થિતિમાં આપણે જો એમની દરેક બાબતોમાં Interfere થયા કરીએ તો એ એમને ‘ટક ટક’ લાગશે. એમાંથી વિચારભેદો વકરે અને અ-સહિષ્ણુતાનાં કારણે મોટાં ઘર્ષણોની - સંક્લેશોની સંભાવના રહે. આ અનિષ્ટથી બચવું હોય તો બને એટલું મૌન રાખી પારિવારિક બાબતોથી દૂર રહેવું હિતાવહ છે.

મહાકવિ કાલિદાસના પ્રસિદ્ધ સંસ્કૃત કાવ્ય ‘રઘુવંશ’માં એક સ્થળે વૃદ્ધાવસ્થામાં વ્યક્તિએ ઘરમાં કઇ પદ્ધતિએ રહેવું એનો નિર્દેશ એક પંક્તિમાં બહુ સરસ કર્યો છે કે ‘‘वार्द्धके मुनिवृत्तीनाम्.’’ ભાવાર્થ કે વૃદ્ધાવસ્થામાં વ્યક્તિએ ઘરમાં મુનિવૃત્તિ ધરીને રહેવું. મુનિવૃત્તિનાં અનેક લક્ષણો પૈકી બે

મુખ્ય લક્ષણ આ છે : જે મૌન રહે તે મુનિ. મુનિ જેમ અ-કારણ બોલે નહિ, એમ વૃદ્ધ વ્યક્તિએ પણ પારિવારિક બાબતોમાં અત્યંત આવશ્યકતા વિના બોલવું નહિ. મુનિનું બીજું લક્ષણ છે નિર્લેપતા. અંજનશલાકા મહાવિધાનમાં સિદ્ધચક્રમહા-પૂજનમાં શ્રમણપદપૂજા સમયે શ્રમણ માટે એક વિશેષણ લખાયું છે કે ''उदक्पत्रगतान्.'' મતલબ કે શ્રમણની આંતરસ્થિતિ એવી હોય છે જેવી સ્થિતિ ઝાકળબિંદુયુક્ત કમળપાંદડીની છે. શિયાળામાં વહેલી પ્રભાતે આકાશમાંથી ઝાકળબિંદુ કમળપાંદડી પર પડે. પરંતુ એ બે - ચાર ક્ષણમાં સર સર સરકીને નીચે પડી જાય. કમળપાંદડી એનાથી જરા ય ભિંજાય - લોપાય નહિ. શ્રમણ પણ એ જ રીતે કોઈ ઘટનાથી લેપાય નહિ એ નિર્દેશ પેલા વિશેષણનો છે.

(૪) પોતાનો કક્કો જ ખરો કરવાની વૃત્તિ ન રાખો :-

વૃદ્ધ વ્યક્તિઓમાં ઘણી વાર જીદનું પ્રમાણ વધુ જોવા મળે છે. 'મારી વાત જ સાચી' આવું માનવા - મનાવવામાં ઘણા સંક્લેશો સર્જાતા હોય છે જેમાં સરવાળે વૃદ્ધને વધુ સહન કરવાનું આવે. આવી સ્થિતિ ન સર્જાય એ માટે પોતાને યોગ્ય જણાતી વાત એકાદ વાર કહી પછી એનો આગ્રહ ન રાખવો. આ અનાગ્રહી વલણ જીવનને સમાધિમય બનાવે અને સામી વ્યક્તિના દૃષ્ટિબિંદુને સમજવામાં ય સહાયક બને.

છેલ્લે એક વાત : **નાનકડાં પુષ્પો ઉપવનને સુગંધમય બનાવે છે.. નાનકડી કાળજીઓ જીવનને સમાધિમય બનાવે છે...**

✣ ✣ ✣

૧૪

ક્ષમતાથી વધુ બોજ ભરીએ તો વાહન ખોટકાઈ જાય... ક્ષમતાથી વધુ બોજ ઉઠાવીએ તો જીવન ખોરવાઈ જાય...

સ્વસ્તિક! ભારતીય પરંપરામાં એને શુભનું પ્રતીક ગણવામાં આવે છે. મંદિરમાં પરમાત્મા સમક્ષ ભક્તિ કરવાની હોય ત્યાં ય સ્વસ્તિક આલેખાતો હોય છે, તો ગૃહાંગણે સદ્‌ગુરુનું પદાર્પણ થાય ત્યાં ય સ્વસ્તિક આલેખાતો હોય છે; ઘરે લગ્ન જેવા ગૃહસ્થદષ્ટિના મંગલ પ્રસંગો હોય ત્યારે ય સ્વસ્તિક રચાતા હોય છે, તો દીવાળી જેવા શુભ દિવસો આવતા હોય ત્યારે ય સ્વસ્તિક રચાતા હોય છે. આ સ્વસ્તિકની એક વિશેષતા એ છે કે એને ચાર પાંખડી હોય. એ સાદો સ્વસ્તિક હોય, નંદ્યાવર્ત સ્વરૂપનો હોય કે વિવિધ આકર્ષક આકારનો હોયઃ પરંતુ એક વાત નક્કી કે એને ચાર પાંખડી તો હોય જ.

જીવનને પણ જો આપણે આ સ્વસ્તિક જેવું શુભ મંગલમય બનાવવું હોય તો એમાં ચાર પાંખડી જેવી ચાર વિશિષ્ટતા જોઈએ. એ ચાર વિશિષ્ટતાઓ અલગ અલગ સંદર્ભમાં અલગ અલગ દર્શાવી શકાય. જેમ કે શુભના સંદર્ભમાં શુભના ચાહક - વાહક - સહાયક અને સર્જક બનવાની ચાર વાત દર્શાવી શકાય, તો દાનના સંદર્ભમાં સંપત્તિદાન - શાતાદાન - સંસ્કારદાન અને સમાધિદાનની ચાર વાત દર્શાવી શકાય. અહીં આપણે આજથી ચાર લેખમાં અનુપ્રાસ ધરાવતા ચાર એવા english શબ્દો પર ચિંતનયાત્રા કરીશું કે જે આપણા જીવનને સ્વસ્તિક જેવું શુભ - મંગલ બનાવે.

એ ચાર પૈકીનો પ્રથમ શબ્દ છે Ability. Abilityનો અર્થ છે ક્ષમતા - સામર્થ્ય. જીવનનાં બાહ્ય દરેક ક્ષેત્રે આપણે જો આપણી ક્ષમતા - સામર્થ્યને લક્ષ્યમાં રાખી પ્રવૃત્તિ કરીએ તો શક્તિની ઉપરવટ થઇને મર્યાદા બહારની જવાબદારી ઉઠાવવામાંથી અને એ દ્વારા વિવિધ પરેશાનીમાંથી બચી જઇએ. એથી વિપરીત આપણે જો આપણી ક્ષમતાને લક્ષ્યમાં રાખ્યા વિના આંખો મીંચીને તે તે ક્ષેત્રોમાં મર્યાદા બહારની - ગજાબહારની જવાબદારીઓ ઉપાડવા જઇએ તો પરેશાની - હેરાનગતિ અવશ્ય આવે જ.

ધારો કે આપણી શારીરિક ક્ષમતા સળંગ સાત - આઠ કલાક કાર્ય કરવાની છે. એ પછી સળંગ કાર્ય કરવામાં થાક - અસ્વસ્થતાદિ અનુભવાય એમ છે. છતાં આપણે એની સામે આંખમીંચામણાં કરીને રોજના સત્તર - અઢાર કલાકનું સળંગ કાર્ય આવે તેવી જવાબદારી ઉઠાવીએ તો? તો થાક - ત્રાસ - હેરાનગતિ થાય જ અને એ કાર્ય કેવલ ઢસરડો બની રહે. ધારો કે આપણી માનસિક ક્ષમતા વધુ પડતું Botheration ઉઠાવવાની નથી. છતાં આપણે માનસિક બોજ વધારે તેવાં જોખમી જવાબદારીનાં કાર્યો ઉપરાઉપરી લીધા જ કરીએ તો? તો માનસિક Stress વધતો જાય અને તેની આડઅસર Bloodpressure વધી જવારૂપે સર્જાય...

ધારો કે આપણું પુણ્ય મર્યાદિત હોવાનો અનુભવ આપણે ડગલે ને પગલે કરતાં હોઇએ. છતાં મહાપુણ્યશાળી - સૌભાગ્યશાલી વ્યક્તિઓ જેવાં કાર્યો કરવાનાં અભરખા રાખ્યા કરીએ તો? તો નિષ્ફળતા - હતાશા - લઘુતાગ્રન્થિ ઘેરી વળે... ધારો કે કોઇ એક વિષયમાં આપણી આવડત કાંઇ નથી. છતાં આપણી એ મર્યાદા ધ્યાનમાં લીધા વિના આપણે એમાં માથું મારીએ તો? તો પરિણામ ઊંધું વેતરી નાંખવામાં આવે ને એનાથી નુકસાની વેઠવાનો - હાંસીપાત્ર બનવાનો વારો આવે. આ તમામ ઉદાહરણોમાં જે નુકસાનો સર્જાય છે એ પોતાની ક્ષમતા - શક્તિ નજરઅંદાજ કરવાનાં કારણે થાય છે.

એક વાત ખબર છે? રીક્ષામાં ત્રણથી વધુ વ્યક્તિને મુસાફરીની મંજૂરી નથી અપાતી. અરે! તોતિંગ દેખાતી ટ્રકમાં પણ નિશ્ચિત કરાયેલ ટનથી વધુ વજનના માલ - સામાનનું Loading કરવાની મંજૂરી નથી અપાતી. કારણ ત્યાં છે Ability અર્થાત્ ક્ષમતા. ક્ષમતાથી ઉપરવટ મુસાફરો લેવાય તો રીક્ષા

પલટી જતાં વાર ન લાગે, તો ક્ષમતાથી ઉપરવટ ટનબંધ માલ ભરાય તો Truck ખોટકાઈ જતાં વાર ન લાગે. Loading નો આ નિયમ જો નાનાં - મોટાં વાહનોને લાગુ પડતો હોય તો આપણાં જીવનને ય કેમ લાગુ ન પડે? જીવનને જો સુખ - શાંતિ - સ્વસ્થતા તરફ અવરોધ વિના ગતિશીલ રાખવું હોય તો એમાં ક્ષમતાથી ઉપરવટ કોઈ બોજ ન નાંખો - Loading ન કરો. ભલે ને કોઈ સામેથી આપણને આવા બોજ ઉઠાવવા હિતસ્વી બનીને કહે. તો ય આપણે આપણી ક્ષમતાની મર્યાદા લક્ષ્યમાં રાખી કેવી રીતે પ્રવર્તવું જોઈએ એ જાણવું છે? તો વાંચો આ પ્રેરક ઘટના :

અમેરિકાના વિખ્યાત ઉદ્યોગપતિ હેન્રીફોર્ડ. એમને એક શોખ હતો કે સવારે એ Office માં આવે ત્યારે ટેબલ પર તાજાં - ખુશબૂદાર પુષ્પો ત્યાં જોઈએ. એમનો એક કર્મચારી નિત્ય આ વ્યવસ્થા બરાબર કરે. ફોર્ડને આશ્ચર્ય એ થતું કે બારે ય માસ પુષ્પો એકસરખા જ ખુશબૂદાર ખીલેલા આવતા. એક પણ દિવસ એની ગુણવત્તામાં ખામી ન આવતી. બે - ત્રણ વર્ષના અંતે ફોર્ડે એમના કર્મચારીને એક વાર ઉત્કંઠાથી પૂછી લીધું કે ‘‘આવા એક સરખાં પુષ્પો તને કાયમ ક્યાંથી મળે છે?’’ એણે ઉત્તર આપ્યો : ‘‘સર! અહીંથી થોડે દૂર ફૂલવાળાની પ્રસિદ્ધ દુકાન છે. એની દુકાને કાયમ એક જ સરખી ગુણવત્તાસભર ફૂલ મળે છે. ગુણવત્તા માટે એની ખ્યાતિ એટલી મજબૂત છે કે ગ્રાહકો એની દુકાને લાંબી line લગાવે છે. એક વાર જે ગ્રાહક એની દુકાનેથી ફૂલ ખરીદે, એ કાયમ એની જ દુકાનથી ફુલ લેવાનો આગ્રહ રાખે.’’

પ્રભાવિત થઈ ગયેલ ફોર્ડ એક વાર આભાર માનવા એ ફૂલવાળાની દુકાને ગયા. ત્યાંની line જોઈને Business mind ધરાવતા એ ઉદ્યોગપતિએ ફુલવાળાને એકાંતમાં બેસાડી સલાહ આપી : ‘‘તારી દુકાન આટલી લોકપ્રિય છે તો આ જ brand name ની ચાર દુકાનો આ શહેરમાં શરૂ કર, તને મબલખ કમાણી થશે.’’ ‘‘પછી શું કરવાનું?’’ પેલા દુકાનદારે પ્રશ્ન કર્યો. ‘‘પછી તારે એ મબલખ કમાણીમાંથી નવું રોકાણ કરી આ રાજ્યનાં અન્ય મુખ્ય શહેરોમાં આ જ દુકાનની અલગ અલગ branch ખોલવાની. તારી કમાણી અઢળક થઈ જશે.’’ ‘‘પછી?’’ ‘‘પછી તારે આપણા દેશના બીજા મુખ્ય રાજ્યોનાં શહેરોમાં રોકાણ કરી દુકાનો સ્થાપવાની. તેં કલ્પના ન કરી

હોય એટલી જબરદસ્ત કમાણી તને થશે.'' ''પછી?'' દુકાનદારનો પ્રશ્ન ચાલુ જ રહ્યો. પછી તારે National level પર છવાઇ જવાનું. દરેક રાજ્યના દરેક શહેરોમાં તારો ધંધો ધમધોકાર ચાલી શકશે.'' ''પછી?'' ''પછી શું? પછી તારે શાંતિથી - મોજથી જીવવાનું.'' પેલા દુકાનદારે માર્મિક વાત કરી : ''સાહેબ! અત્યારે હું શાંતિથી - મોજથી જ જીવી રહ્યો છું. તો પછી મારે આટલા ધખારા રાખવાની - મહેનત કરવાની શી જરૂર? આ બધું કરવા જતાં તો હું મારા સુખ - શાંતિ સાવ ગુમાવી દઇશ!'' ફોર્ડના વિચારોને જાણે થપ્પડ લાગી ગઇ હોય એમ એ સ્તબ્ધ થઇ ગયા.

ક્ષમતા બહારનું Loading જીવનની ગાડીમાં કરવા જઇએ તો સુખ - શાંતિ છિન્ન - ભિન્ન જ થાય. એથી બાહ્ય દરેક ક્ષેત્રે આ દુકાનદારની જેમ ક્ષમતા નજરમાં રાખીને જ પ્રવૃત્તિ કરવી જોઇએ.

હવે વિચારીએ સિક્કાની બીજી બાજુ. વાત જો અભ્યંતર ક્ષેત્રની - આત્મકલ્યાણકર આરાધનાઓની - ગુણવિકાસની હોય ત્યાં Ability અર્થાત્ ક્ષમતાને ઓળખી આપણી ક્ષમતા વધુ ને વધુ વિકસાવવાનો પ્રયાસ કરવો. આનાથી ત્રણ મુખ્ય લાભ આપણને થશે. એક, આરાધનાના - આત્મકલ્યાણના યોગો સાથે આપણું જોડાણ સતત વધતું જાય. એનાથી આરાધનાનો વ્યાપ અને સમય બન્ને વધતા જાય. બે, આ રીતે એકત્ર થતી આરાધનાની મૂડી પરલોકમાં સદ્ગતિનું પ્રબળ કારણ બની રહે. ત્રણ, અભ્યંતર ક્ષેત્રે ક્ષમતા વધુ ને વધુ વિકસાવતા જવાથી બાહ્ય બાબતોથી - ફઝુલ બાબતોથી - પાપપ્રવૃત્તિઓથી વિશેષ દૂરી થાય. યાદ રહે કે મળેલ માનવજન્મની સાચી સાર્થકતા આ ત્રણ બાબતોમાં છે. અને હા, આમાં ક્યાંય બાહ્ય જવાબદારીઓ ન હોવાથી stress-botheration - આવવાની સંભાવના નથી. ઉપરથી આત્મજાગૃતિનાં કારણે કેવલ આંતરિક આનંદની વૃદ્ધિ થશે. આવાં કેટલાક ઉદાહરણો જોઇએ :

* આપણે જો આત્મકલ્યાણકર યોગોમાં આપણી સ્થિરતાની - તન્મયતાની ક્ષમતા પિછાણીએ અને એને સતત વિકસાવવાની કોશિશ કરીએ તો પરિણામ એ આવે કે બહારની ભૌતિક દુનિયાથી વિમુખતા કેળવાવા સાથે ભીતરની દુનિયામાં મસ્તીથી સદાય લીન બનાય. અમારા એક ધર્મપરિચિત વ્યક્તિ છે જયપ્રકાશભાઇ. સ્વભાવથી જ ધર્મ તરફની એમની

રુચિ વિશેષ. ઘણી પ્રવૃત્તિઓ વચ્ચે હતા ત્યારે ય પોતાની નિયત આરાધનાઓ કરતા. થોડાં વર્ષો પૂર્વે કેન્સરે પોતાનો જાલિમ પંજો કસ્યો તો એ એમાંથી ય પોતાની Positivityનાં કારણે બહાર આવી ગયા. એ પછી તેઓ અંતર્મુખતાની દુનિયામાં વધુ ઊતરી ગયા. જેમ જેમ એમને આત્મકલ્યાણકર યોગોમાં સ્થિરતાની પોતાની ક્ષમતા પરખાતી ગઈ તેમ તેમ એ એમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા ગયા. સ્થિતિ આજે એ છે કે સ્તવનો આદિનાં માધ્યમે એ ચિંતનમાં ખૂબ deep જાય છે, એના આનંદનો એ મસ્તીભર્યો અનુભવ કરે છે અને બાહ્ય દુનિયાથી ઘણી નિર્લેપતા અનુભવે છે.

✻ ધારો કે તત્ત્વજ્ઞાનમાં અભ્યાસમાં આપણી ક્ષમતા વિશેષ હોવાનું સમજાય અને એમાં ઊંડા ઊતરીએ તો અલૌકિક આનંદાનુભૂતિ સાથે ઇતર બાબતો સાવ તુચ્છ ભાસે. હમણાં ગોરેગામ - મુંબઈમાં એક પરિચિત દંપતી મળ્યું. પચાસ વર્ષથી ઓછી વય છતાં એક તબક્કે પહોંચ્યા પછી એમણે ધીકતી કમાણી છોડી દીધી, જૈન તત્ત્વજ્ઞાનમાં મન પરોવ્યું અને એમાં જ સમજણની પરાકાષ્ઠાએ આજીવન તમામ પ્રકારની Jewellery નહિ પરિધાન કરવાનો નિયમ લીધો!

છેલ્લે એક વાત Ability અંગે : **બાહ્ય જીવનમાં ક્ષમતાથી ઉપરવટ ન જઈએ... અભ્યંતર જીવનમાં ક્ષમતાને સતત વિકસાવતા રહીએ.**

✤ ✤ ✤

૧૫

સાધનાને સફળ બનાવનાર પરિબળ સ્થિરતા છે... સાધનાને નિષ્ફળ બનાવનાર પરિબળ ચંચલતા છે...

જીવનને સાચા અર્થમાં જમાવી દે અને ઝળહળાવી દે એવા ચાર વિશિષ્ટ ગુણોની ચિંતનયાત્રા આપણે ચાર english શબ્દોના આધારે કરી રહ્યા છીએ. આજે એમાં બીજા english શબ્દના આધારે બીજા ગુણ અંગે વિચારવિહાર કરીશું. એ શબ્દ છે Stability અર્થાત્ સ્થિરતા.

આજના યુગની આ એક વિષમતા છે કે અહીં સ્થિરતા લગભગ બહુ ઓછી નિહાળવા મળે છે. મોટા ભાગની વ્યક્તિઓનાં જીવનમાં ઉતાવળ - દોડધામ હોય છે. ઘણી વાર તો દોડધામ ન હોય તો ય એ સામેથી ઊભી કરાતી હોય છે. આ ઉતાવળ - દોડધામ - ઝડપથી પરિણામ મેળવી લેવાની વૃત્તિ વ્યક્તિને ભીતરથી અસ્થિર - ચંચલ બનાવી દે છે. નજર કરીશું બાળકો તરફ - વિદ્યાર્થીઓ તરફ, તો ત્યાં Tution - Lesson - Coaching Class વગેરે ભાત - ભાતની બાબતોમાં એ સતત ઘૂમરાતા દેખાશે. એક બાબત પૂર્ણ નથી થઇ ત્યાં બીજી, બીજી પૂર્ણ નથી થઇ ત્યાં ત્રીજી : આમ ચક્કર ચાલતું જ રહે... નજર કરીશું યુવાનો તરફ, તો એ ઝડપથી પૈસા કમાઇ લેવાના અને એના માટેના Short - cut શોધવાના ચક્કરમાં રમતો જણાશે. એને સફળતાની સીડી ચડવી છે, પણ ફટાફટ ચડવી છે. આગળ વધવું છે, પણ હનુમાન કૂદકા લગાવીને. સફળતા માટે ધીરજ રાખવાની - સ્થિરતા રાખવાની એની કોઇ તૈયારી નથી... નજર કરીશું તાવમાં - રોગમાં પટકાયેલ વ્યક્તિ તરફ, તો એને તાવનાં - રોગનાં મૂળ સુધી જઇ એના

જડબેસલાખ ઉપચારો કરવામાં રસ નહિ હોય. એને તો તાત્કાલિક દવા લઇ instant રાહત મેળવવામાં રસ હશે.

માનવીની આવી આવી ખાસિયતો તરફ નિરીક્ષણ કરીએ તો એ સમજાય છે કે અહીં મોટા ભાગની વ્યક્તિઓને દોડધામમાં રસ છે, શાંતિથી થોભવામાં રસ નથી. ઉતાવળમાં રસ છે, સ્થિરતામાં રસ નથી. પરિણામ એ આવે છે કે જિંદગી ચંચળતાનો - રઘવાટનો પર્યાય બની જાય. ક્ષેત્ર બાહ્ય હો કે અભ્યંતર, ભૌતિક હો કે આત્મિક : જો એમાં વિશિષ્ટ ઉપલબ્ધિઓ કરવી હોય તો સ્થિરતાનો અને ધીરતાપૂર્વક પરિણામ પ્રાપ્ત કરવાનો અભિગમ બહુ આવશ્યક છે. આપણી ભાષાની પ્રસિદ્ધ ઉક્તિ 'ઉતાવળા સો બાવરા' આ જ અભિગમ અપનાવવાનો પરોક્ષ નિર્દેશ કરે છે. યાદ રાખીએ આ નિરીક્ષણ કે **''સફલતા એવાં સ્થાને છે કે ત્યાં પહોંચવા માટે ઉતાવળ નકામી છે. અહીં દોડનારા હાંફી જાય અને ચાલનારા પહોંચી જાય છે.''**

વિશેષરૂપે ક્ષેત્ર જો અધ્યાત્મનું - આત્મકલ્યાણનું હોય તો ત્યાં ઉતાવળ - રઘવાટ - ચંચલતા બિલકુલ બિનઉપયોગી છે યાવત્ હાનિકારક છે. સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર 'જ્ઞાનસાર' ગ્રન્થના સ્થિરતાઅષ્ટકના પ્રથમ શ્લોકમાં જ ચંચલતા ફગાવવાની વાત બહુ સરસ પ્રસ્તુત કરે છે કે :-

''वत्स! किं चञ्चलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि।
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति।।''

ભાવાર્થ કે : હે સાધક! જો તું ચિત્તચંચલતા દાખવીને જ્યાં ત્યાં ભટક્યા કરીશ તો તને વિષાદ - હતાશા સિવાય કાંઇ નહિ મળે. સાચાં સુખના ખજાના તારી સાવ નિકટમાં - ભીતરમાં જ છે. તું જો સ્વભાવમાં - સ્વગુણમાં સ્થિર થઇશ તો જ તને એ દેખાશે. આરાધનાનાં- આત્મકલ્યાણનાં ક્ષેત્રે ચંચલતાથી દૂર થવાય - સ્થિરતા કેળવાય એ માટે કેટલાક સરલ સૂત્રો પર વિચારણા કરીએ :

(૧) ઉતાવળમાં પતાવટ છે.. સ્થિરતામાં જમાવટ છે :-

સાંજ પડ્યે દૂધની તપેલીમાં ગૃહિણી મેળવણ નાંખે પછી એ થોડી થોડી વારે તપેલી ખોલીને જોયા કરે કે દૂધ દહીંરૂપે જામ્યું યા નહિ. તો? તો એ દૂધ

દહીંરૂપે જામે તો નહિ, દૂધરૂપે ય ન રહે. એ બગડી જાય. દૂધને દહીંરૂપે જમાવવું હોય તો વારે વારે તપેલી ખોલવાની-હલાવવાની ઉતાવળ કામ ન લાગે. સ્થિરતા જ કામ આવે. બસ, આ જ વાત આરાધનાયોગો અંગે છે. એમાં જેટલી વિચારોની ચંચળતા - અન્યમનસ્કતા હોય એટલો વિક્ષેપ આવે. એથી વિપરીત આરાધનાયોગોમાં જેટલી ત્રિકરણની સ્થિરતા હોય એટલી એની જમાવટ થાય અને પરિણિતિનું સ્તર ઉત્તુંગ બને. કેવી સ્થિરતા હોવી જોઈએ આરાધનાયોગોમાં એ જાણવું છે? તો વાંચો અમારા દિવંગત ગુરુદેવ પરમશાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યપ્રવર શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજનો આ પ્રેરક જીવનપ્રસંગ :

તેઓ નિત્ય રાત્રે પ્રતિક્રમણવિધાન બાદ ભક્તામરસ્તોત્ર અને તત્ત્વાર્થકારિકાઓનો મુખપાઠ કરે. તે પછી શયન પૂર્વેની આવશ્યક ક્રિયારૂપે 'સંથારાપોરિસી' કરે. એમની સંથારાપોરિસી હંમેશા સૌથી છેલ્લે - શયન પૂર્વે જ ભણાય અને એમાં સંથારાપોરિસીનું સૂત્ર બોલતાં એમને પંદર - વીશ મિનિટ થાય જ. એક વાર અમે એમને જિજ્ઞાસાથી પૂછ્યું : ''સાહેબજી! આ સૂત્રમાં આપને આટલો બધો સમય કેમ લાગે છે? ખૂબ શાંતિથી આ સૂત્ર બોલીએ તો ય વધુમાં વધુ પાંચ મિનિટ આ સૂત્ર બોલતા થાય.'' ગુરુદેવે ખૂબ મર્મભર્યો ઉત્તર આપ્યો : ''આ સંથારાપોરિસીસૂત્ર સામાન્ય નથી. એમાં ચાર શરણાં - અઢાર પાપસ્થાનક ત્યાગ - એકત્વભાવના - સમ્યક્ત્વસદ્દહણા - ક્ષમાપના વગેરે એવા ઉત્કૃષ્ટ ભાવો છે કે જેનું ચિંતન કરતા કરતા શયન કરીએ તો રાત્રે નિદ્રામાં પણ અવ્યક્ત પરિણતિ એ ભાવોથી ભરી ભરી જ રહે. હું આ તમામ ભાવોથી મારા આત્માને ભાવિત કરતો હોવાથી મને વધુ સમય થાય છે. આ સૂત્ર ઉતાવળે પૂર્ણ કરવા જેવું નથી.'' અમે પ્રભાવિત થઇ ગયા ગુરુદેવની આ વિચારધારાથી. એમની આરાધનાયોગોની આ સ્થિરતા આપણને એ મજાનો સંદેશ આપે છે કે ઉતાવળમાં પતાવટ છે ને સ્થિરતામાં જમાવટ છે.

(૨) ઝડપની મજા..મોતની સજા :-

Highway જેવા વિસ્તારોમાં પૂરપાટ ગાડી દોડાવીને ગમખ્વાર અકસ્માત્ સર્જનારાઓ માટે સરકાર દ્વારા આ Slogan મુકાતું હોય છે કે ઝડપમાં ભલે તમને એક પ્રકારના Thriller નો કે જલ્દીથી મંઝિલે પહોંચવાનો

આનંદ આવતો હોય. પરંતુ એ જ ઝડપ જ્યારે Accident સર્જે છે ત્યારે કારમી પીડા સાથેનું મોત લમણે ઝિંકાતુ હોય છે. મંઝિલે જલ્દી પહોંચવાના બદલે પરલોકમાં જલ્દી પહોંચી જવાતું હોય છે. બસ, આ જ વાત ધર્માનુષ્ઠાનોમાં ઉતાવળ - ઝડપ રાખી એને ગમે તેમ પૂરા કરી દેવાના અભિગમને ય લાગુ પડે છે.

ઉદાહરણરૂપે, પ્રતિક્રમણ પશ્ચાત્તાપપૂર્વક પાપનાશ કરવાનું અનુષ્ઠાન છે. એમાં પશ્ચાત્તાપ દ્વારા પાપનાશના ભાવો ત્યારે જ પ્રગટે કે જ્યારે આરાધક આત્મા એમાં ઉપયોગપૂર્વક - ઉચ્ચાર આદિની શુદ્ધિપૂર્વક પ્રવર્તે. એના માટે સ્થિરતા જોઈએ - ઉતાવળ ન જોઈએ. હવે જો આરાધક એ પ્રતિક્રમણ માત્ર પૂરું કરવા ખાતર ઝડપથી કરે - સૂત્રો આદિમાં અતિશય ઝડપ રાખે તો એમાં ચોક્કસ જ આરાધનાના હાર્દનો - ભાવપ્રાણોનો ખાતમો બોલી જાય. યાદ રહે કે આવાં અનુષ્ઠાનો જલ્દી પૂરું કર્યાનો સસ્તો - છીછરો આનંદ મેળવવા માટે નથી, બલ્કે પશ્ચાત્તાપ - પાપનિવૃત્તિ વગેરે ભાવપ્રાણોને સમર્થ - મજબૂત બનાવવા માટે છે.

અમે ઘણી વાર પ્રવચનાદિમાં પ્રેરણા માટે એક ઉખાણું પૂછીએ છીએ કે ''ઉપર પાણી - નીચે પાણી, તો ય વચ્ચે માણસ કોરો. આવું બની શકે?'' શ્રોતાઓને રમૂજ થાય. પણ આમ કેમ બને એનું સમાધાન ન મળે. પછી અમે સ્પષ્ટતા કરીએ કે માથે પાણીની મટકી લઈ Bridge પર ચાલી જતી પનિહારી માટે આ બને છે. અન્યમનસ્કતાની મટકીમાં આરાધનાનું પાણી લઈ ઝડપ - ઉતાવળના Bridge પર ચાલી જતી આરાધક વ્યક્તિ પણ આરાધનાના ભાવોથી સાવ કોરી રહી જતી હોય છે. આવું ન બને તે માટે અન્યમનસ્કતાથી ને ઉતાવળથી દૂર થવાની સાવધાની આપણે જ સ્વયં રાખવી જોઈએ.

(૩) તદાકાર બન્યા સિવાય નિરાકાર થવાતું નથી :-

ત્રણ શબ્દો એવા છે જે અનુપ્રાસ ધરાવે છે. એ છે સાકાર, તદાકાર અને નિરાકાર . આત્મા દેહસહિત હોય એ અવસ્થા છે સાકાર. કેમ કે એમાં આકાર - આકૃતિ છે. એ જ આત્મા સાધનાની સંપૂર્ણ સફલતાના અંતે કર્મમુક્ત - દેહમુક્ત બની જાય એ અવસ્થા છે નિરાકાર. કેમ કે એમાં આકાર - આકૃતિ નથી. દરેક સાધકનું - આરાધકનું આખરી લક્ષ્ય સાકારમાંથી નિરાકાર

બનવાનું અર્થાત્ સંસારીમાંથી સિદ્ધ બનવાનું હોય છે. આ સાકારમાંથી નિરાકાર બનવાની યાત્રામાં સૌથી સહાયક તત્ત્વ બને છે તદાકારતા. તદાકાર થવું એટલે તે તે ધર્માનુષ્ઠાનોમાં - શુભ યોગોમાં તન્મય - તલ્લીન થવું. આ તન્મયતા - તલ્લીનતા મન - વચન - કાયાની સ્થિરતાથી જ શક્ય બને છે, ઉતાવળથી - ઝડપથી કે ભટકતી ચિત્તવૃત્તિથી તો એમાં વિક્ષેપ જ સર્જાય. કેવો હોય એ વિક્ષેપ તે જાણવું છે? તો વાંચો આ મર્મકથા :

નમાજ પઢી રહેલ બાદશાહની સાવ નજીકથી એક ઓરત આડી ઊતરીને ઝડપથી પસાર થઇ ગઇ. નમાજ પછી બાદશાહ સેવકો પર ગુસ્સે થઇ ગયા કે નમાજની પવિત્ર ક્રિયા સમયે તમે એને વચ્ચેથી જવા કેમ દીધી. એવામાં એ જ સ્ત્રી પુનઃ ત્યાંથી પસાર થઇ. બાદશાહે એના પર પણ ગુસ્સો ઠલવ્યો. સ્ત્રીએ માફી માંગીને બહુ માર્મિક વાત કહી : ‘‘બાદશાહ! ત્રણ વર્ષે આવી રહેલ મારા પતિને મળવા હું એવી તન્મય - ઘેલી થઇ ગઇ હતી કે આપ નમાજ પઢો છો એનો મને ખ્યાલ જ ન રહ્યો. પરંતુ હું આપને પૂછું છું કે આપ નમાજ દ્વારા ખુદાને મળી રહ્યા હતા. તો એમાં વચ્ચે હું પસાર થઇ એ ખ્યાલ તમને કેમ આવી શક્યો?’’ બાદશાહ શરમિંદા થઇ ગયા પોતાની અસ્થિર - ભટકતી ચિત્તવૃત્તિ પર.

છેલ્લે એક વાત : **સાધનાને સફળ બનાવનાર પરિબળ સ્થિરતા છે... સાધનાને નિષ્ફળ બનાવનાર પરિબળ ચંચળતા છે...**

✤ ✤ ✤

૧૬

દરેક પરિસ્થિતિ સાથે જે 'SET UP' થઈ જાય છે એને કોઈ જ પરિસ્થિતિ 'UPSET' બનાવી શકતી નથી...

દીવો ભલે નાનો દેખાતો હોય, પરંતુ એની વિશેષતા એ હોય છે કે તે સમગ્ર ખંડને પ્રકાશથી ઝળહળાવી શકે છે. એમ કેટલાક ગુણો ભલે પ્રથમ નજરે સામાન્ય દેખાતા હોય, પરંતુ એની વિશેષતા એ હોય છે કે સમગ્ર તે જીવનને ઝળહળાવી શકે છે - પ્રભાવિત કરી શકે છે. ફર્ક એટલો છે કે દીવો કલાક - બે કલાક સુધી જ પ્રકાશ પાથરવાનું કાર્ય કરે છે, જ્યારે નાનકડા દેખાતા ગુણો યાવજ્જીવ આપણાં જીવનને ઝળહળાવી શકે છે. આપણે આવા સામાન્ય જણાતા છતાં જીવનને ઝળહળાવી શકતા ચાર ગુણો પર ચાર english શબ્દોનાં માધ્યમે ચિંતનયાત્રા કરી રહ્યા છીએ. આજે એ પૈકી ત્રીજા english શબ્દના આધારે ત્રીજો ગુણ વિચારીશું. એ છે Flexibility અર્થાત્ દરેક પરિસ્થિતિમાં અનુકૂલન સાધવું - Adjust થઇ જવું.

પહેલી વાત. ક્ષેત્ર જો વ્યવહારજગતની નાની - મોટી બાબતોનું હોય તો એમાં અવશ્ય Flexible રહીને દરેક બાબતોમાં અનુકૂલ થઇ જવું. કેટલીક વ્યક્તિઓનો સ્વભાવ એવો જીદ્દી - હઠાગ્રહી હોય છે કે એ ક્યાં ય પરિસ્થિતિ સાથે અનુકૂલન ન સાધે. ઉદાહરણરૂપે ધારો કે એક વ્યક્તિને ભોજન ગરમાગરમ જ જોઇએ છે, ભોજનનો taste પણ ચોક્કસ પ્રકારનો જ જોઇએ છે. હવે ક્યારેક સંયોગવશ રસોઇ વહેલી બનાવી દેવાનાં કારણે કોઇ વાર એને ભોજન ઠંડું મળે કે રસોઇ બનાવનાર વ્યક્તિ બદલાઇ જવાથી

taste માં ફર્ક આવી જાય ત્યારે એ જો 'મારે તો મનપસંદ ભોજન જ જોઇશે, જરા ય ઓગણીશ - વીશ મને નહિ પરવડે' આવો હઠાગ્રહ - જીદ કરે તો ? તો યા એ ઘર્ષણ - સંક્લેશ કરી બેસશે, યા એ ભોજન વિનાની રહી જશે. આના બદલે એ Flexible રહીને એમ વિચારે કે 'હોય એ તો. દરેક વખતે મનપસંદ જ રીતનું ભોજન ન મળે.' તો ન સંક્લેશ થાય, ન એને ભૂખ્યા રહેવું પડે.

વ્યવહારજગતની આવી નાની - મોટી બાબતોમાં જીદ્દી - જડભરત - હઠાગ્રહી વલણ અપનાવવાનાં સ્થાને જો Flexible રહીને અનાગ્રહી અભિગમ અપનાવીએ તો ઘણી વાર આપણે કલ્પી પણ ન હોય એવી ઉમદા - ઉત્તમ છાપ સામી વ્યક્તિનાં માનસપટમાં આપણા માટે અંકિત થઇ જતી હોય છે. ઉપરાંત સૌહાર્દનું વાતાવરણ જામે તે અલગ. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ સત્ય ઘટના :

ઈ.સ. ૧૯૯૪. અમારા શ્રદ્ધેય ગુરુદેવ પૂજ્યપાદ આચાર્યપ્રવર સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ગુજરાતના પાવી - જેતપુરગામમાં જિનાલયનો પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો હતો. નાનકડા ગામમાં પ્રતિષ્ઠાનો પ્રસંગ પહેલી જ વાર ઉપસ્થિત થયો હોવાથી ગામના જૈન - અજૈન તમામ વર્ગમાં જબરદસ્ત ઉમંગ હતો. એમાં પ્રતિષ્ઠામહોત્સવના મુખ્ય રથયાત્રા-વરઘોડામાં ગામમાં સર્વપ્રથમવાર અમદાવાદથી હાથી લાવવાનો નિર્ણય થયો. તે કાળની અને નાના ગામની અપેક્ષાએ હાથી પર બેસવાની ઉછામણી માતબર થઇ. અમદાવાદથી હાથી સાથે મહાવતો છોટા ઉદેપુર જિલ્લાના આ નાનકડા ગામ તરફ આવવા નીકળી પણ ગયા. પરંતુ વરઘોડાની પૂર્વરાત્રિએ હાથી પાવી - જેતપુરમાં પહોંચવાનો હતો તે પહોંચી ન શક્યો. એ યુગમાં mobile ની વ્યવસ્થાનો વ્યાપ ગામડાઓ સુધી પહોંચ્યો ન હતો. એથી ગામના અગ્રણીઓએ પૂરી રાત દોડધામમાં વીતાવી.

વહેલી પ્રભાતે પરિસ્થિતિનો વાસ્તવિક ખ્યાલ આવ્યો કે માર્ગમાં હાથીને સામાન્ય અકસ્માત્ નડવાથી મહાવત એને લઇને અમદાવાદ પરત વળી ગયો હતો. અગ્રણીઓને હવે મોટી ચિંતા એ થઇ કે હાથી પર બેસવાની માતબર ઉછામણીનું શું કરવું? બગીની વ્યવસ્થા આપવા સિવાય અન્ય કોઇ વિકલ્પ ન હતો અને ટ્રસ્ટીઓનો અંદાજ એ હતો કે માતબર ઉછામણી પછી

દાતાપરિવાર બગીમાં બેસવા તૈયાર નહિ થાય. તેઓ દાતાપરિવાર સાથે કોઈ ચર્ચા કર્યા વિના એમને લઈને ગુરુદેવ સમક્ષ આવ્યા. ગુરુદેવે એમને સામાન્ય પ્રેરણા કરી કે ''આ આકસ્મિક બનેલ ઘટના છે. એટલે એના માટે Flexible રહી ઉદાર અભિગમ રાખવો.'' આ સામાન્ય પ્રેરણાના પ્રત્યુત્તરમાં એ ભાઈએ લા - જવાબ જવાબ આપ્યો કે ''સાહેબજી! હાથી પર બેસવાનો લહાવો મને ભલે આ આકસ્મિક સ્થિતિમાં નહિ મળે. પરંતુ હું ઉછામણી બોલ્યો હોવાથી રકમ પૂરેપૂરી ભરી દઈશ. રહી વાત બગીની વૈકલ્પિક વ્યવસ્થાની. તો મારે એની કોઈ આવશ્યકતા નથી. હું હવે વરઘોડામાં ગુરુમહારાજની સાથે જ પગપાળા ચાલીશ.'' સહુ આનંદવિભોર બની ગયા એ ભાઈના અનાગ્રહી Flexible અભિગમથી.

એ દિવસે તેઓ ભલે હાથીની અંબાડીમાં વિરાજમાન ન થઈ શક્યા. પરંતુ અમારાં સહિત અનેકોનાં અંતરમાં તો કાયમી વિરાજમાન થઈ ગયા. એ પછી અનેક સ્થળોએ પ્રવચનોમાં અમે આ ઘટના વર્ણવી હતી. Flexible વૃત્તિનું - અનાગ્રહી અભિગમનું આ સરસ પરિણામ હતું.

ધર્મક્ષેત્રે વિભિન્ન ધારાઓ પોતાનાં આગવાં વિચારસૂત્રો આપે છે. એક ધારામાં આવું મજાનું વિચારસૂત્ર આ અપાયું છે કે Adjust every where. મતલબ કે દરેક જગ્યાએ Adjust થઈ જવું - તે તે બાબત સાથે જાતને અનુકૂળ થઈ જતાં શીખવવું. આ રીતે Adjust થનાર વ્યક્તિ ક્યાં ય misfit ન થાય. એક વાત ખબર છે? પથ્થર અને પાણી, બન્નેનો સ્વભાવ આ Adjust થવાનાં અનુસંધાનમાં એકમેકથી સાવ વિપરીત છે. પથ્થર પોતાનો આકાર અત્યંત જડતાથી પકડી રાખી એમાં તસુ જેટલો ય ફેરફાર થવા નથી દેતો. આ પથ્થર થાળ જેવા વિશાળ પાત્રમાં સમાવેશ પામી શકે. પણ તપેલી - પ્યાલો કે વાટકીમાં એનો સમાવેશ કરવો હોય તો હરગિજ ન થઈ શકે. કેમ કે એ એના આકારમાં - બંધારણમાં કોઈ જ Adjustment નથી કરતો. જ્યારે પાણીની વાત ન્યારી છે. એને પાત્રરૂપે થાળ મળે તો એ એમાં સમાવેશ પામશે અને તપેલી - પ્યાલો કે વાટકી મળશે તો એ એમાં પણ સમાવેશ પામી જશે. કારણ? એ જ કે એનું પોત જડતાનું નથી, Flexibilityનું - અનુકૂલન સાધવાનું છે. પાણીનું આ પોત આપણને એ સૂત્ર આત્મસાત્ કરવાનું જણાવે છે કે Adjust everywhere. મતલબ કે વ્યવહાર જગતની

નાની - મોટી દરેક બાબતમાં શક્યતાનુસાર Adjust થઇ જાવ, તો તમે ક્યાંય Misfit નહિ થાવ.

ઉપરોક્ત જે વિચારણા કરી એ જીવનવ્યવહારની દૈનંદિન બાબતો અંગેની છે. હવે વિચારીએ બીજી વાત. જીવનની ખાણી - પીણી રહેણી - કરણી વિચારો - કાર્યશૈલી વગેરે બાબતોમાં Adjustable રહેવું એ અલગ વાત છે અને જીવનમાં એકાએક અણધારી આફત - કસોટીઓ - નુકસાની આવે ત્યારે Flexibility દાખવીને માનસિક અનુકૂલન સાધવું એ અલગ વાત છે. એવા અઢળક લોકો આપણી આસપાસ નિહાળવા મળે છે કે જે જીવનમાં કુદરતની - કર્મસત્તાની એકાદ જોરદાર થપાટ પામ્યા પછી માનસિક ખુશી - ચિત્તની પ્રસન્નતા ગુમાવી દેતા હોય છે. નોંધપાત્ર વાત એ છે કે એ નુકસાની સહી શકે એવી ઘણી બધી વિશેષતાઓ એમની પાસે મોજુદ હોય છતાં ય એ નાસીપાસ થઇ ગયા હોય. કારણ એમાં એ છે કે નવી પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાની એમનામાં માનસિક Flexibility નથી હોતી.

ઉદાહરણરૂપે આપણે અહીં ટાંકીએ લગભગ સાડા ચાર દાયકાઓ પૂર્વનો અમારી નજર સમક્ષનો વાર્તાલાપ. અમે સુરેન્દ્રનગરમાં હતા ત્યારે પરમગુરુદેવ પૂજ્યપાદ યુગદિવાકર આચાર્યપ્રવર ધર્મસૂરીશ્વરજી મહારાજને વંદનાર્થે મુંબઇના એક શ્રીમંત ભાઇ આવ્યા હતા. એમના ચહેરા પર tension- નિરાશા હતી. શરીરમાં જોમ - જુસ્સાનો અભાવ જણાતો હતો : જાણે કે કોઇ નંખાઇ ગયેલ વ્યક્તિ એ ન હોય! એમની વાતનો સાર એ હતો કે છેલ્લા વર્ષોમાં એમને ચારસો ક્રોડ રૂપિયાનું નુકસાન થયું હતું. જો કે એ એક હજાર ક્રોડના આસામી હોવાથી હજુ એમની પાસે છસો ક્રોડ રૂા. બચતા હતા! બારેક વર્ષની નાની વયે બાલમુનિ તરીકે આ વાર્તાલાપ સાંભળતા અમને ત્યારે એવો વિચાર આવ્યો હતો કે ‘આ ભાઈએ નંખાઇ જવાની - રોદણાં રડવાની શી જરૂર છે? હજુ એમની પાસે છસો ક્રોડ તો છે જ ને. એના આધારે શાંતિથી - સુવિધાથી જીવી શકે છે.’ તકલીફ ત્યાં હતી કે એ ચારસો ક્રોડ ગુમાવ્યાના વિચારોમાંથી જ બહાર આવી શકતા ન હતા. એથી છસો ક્રોડ છે એનો આનંદ માણી શકતા ન હતા!

એક મજાનું વાક્ય વર્ષો પૂર્વે સાંભળ્યું હતું કે ‘‘જીવનમાં **અફસોસને સ્થાન ન આપશો. નહિ તો જે છે એનો આનંદ ગુમાવી બેસશો.**’’

મોટી નુકસાનીમાં ય Flexibility અર્થાત્ પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવાની અમારી વાત આ જ વિચારધારાને અનુસરતી છે કે ક્યાં ય અફસોસ નહિ, બલ્કે આનંદ જ આનંદ. નુકસાનીનાં કારણે મોટા Flat માંથી નાના Flat માં રહેવાનું આવે ત્યારે માનસિક Flexibility રાખીને એમ વિચારવું કે 'જેમને ભાડાનાં ઘર છે કે રહેવાનું પાકું મકાન નથી એના કરતાં મારી આ સ્થિતિ હજાર દરજ્જે સારી છે. આમાં પણ શાંતિથી જીવી જ શકાય છે.' આવું દરેક નુકસાનીમાં વિચારીને સ્વસ્થ - મસ્ત રહી શકાય.

એક સ્પષ્ટતા કે વાત જો સિદ્ધાંતની - સંસ્કૃતિની - સદાચારોની હોય તો ત્યાં Flexibility અર્થાત્ બાંધછોડ ન જોઈએ. ત્યાં દઢ મક્કમતા જોઈએ. જો કે એમાં ય સિદ્ધાંતોનાં ઓઠાં નીચે અહં પોષવાનું - ઝઘડા કરવાનું વલણ ન જ ચાલે.

છેલ્લે એક વાત : **દરેક પરિસ્થિતિ સાથે જે 'Set up' થઈ જાય છે એને કોઈ જ પરિસ્થિતિ 'Upset' બનાવી શકતી નથી.**

✤ ✤ ✤

૧૭

પોતાની વિશેષતા પરખી એને જરૂર વિકસાવજો... પણ 'હું વિશેષ છું' એવો અહંકાર કદી ન રાખજો...

બાહ્ય અને અભ્યંતર, બન્ને સ્તરે જીવનને ઝળાંહળાં બનાવે તેવા ચાર ગુણો પર આપણે ચાર English શબ્દોના આધારે ચિંતનયાત્રા કરી રહ્યા છીએ. આજે એમાં આપણે વિચારીશું ચોથા English શબ્દના આધારે ચોથો ગુણ. એ શબ્દ છે Specialityઅર્થાત્ વિશેષતા. કેટલીક વ્યક્તિઓને કોઈ કોઈ ક્ષેત્રે વિશિષ્ટ હથોટી - Mastery હોય છે. ત્યારે આપણે વાક્યપ્રયોગ કરતા હોઈએ છીએ કે 'આની આમાં Speciality છે.' મતલબ કે વિશેષ આવડત છે.

Speciality કોને નથી ગમતી, ભલા? દરેકને એ ગમે છે. એથી જ આપણે તે તે ક્ષેત્રમાં Speciality ધરાવનાર વ્યક્તિની પસંદગી પહેલા કરીએ છીએ. ઘરમાં સરસ મજાનાં ચિત્રો બનાવવા આપણે પસંદગી સિદ્ધહસ્ત ચિત્રકારની કરીએ છીએ, તો ઘરને સજાવવા Interior પણ નિષ્ણાત બોલાવીએ છીએ; સંતાનને ગણિત કે વિજ્ઞાન જેવા કઠિન વિષયોમાં તૈયાર કરવા માટે આપણે એને Mastery ધરાવતા શિક્ષકના Classમાં મોકલીએ છીએ, તો માંદગી સમયે સારવાર માટે આપણે Doctor પણ Specialist જ પસંદ કરીએ છીએ.

આ Speciality બે પ્રકારની છે : (૧) કુદરતી અને (૨) પુરુષાર્થથી - સખત મહેનતથી પ્રાપ્ત થયેલી. કેટલીક વ્યક્તિઓ પોતપોતાનાં ક્ષેત્રમાં

કુદરતી જ Speciality ધરાવતી હોય છે. આવી વ્યક્તિઓની તે તે વિશેષતાને આપણે Godgift કહીએ છીએ અર્થાત્ એને આ ઈશ્વરદત્ત વરદાન મળ્યાનું માનીએ છીએ. જેમ કે કેટલાક બાળકો આજે ય એવા નિહાળવા મળે છે કે જે કાગળ - pen વગેરે કોઇ સાધન લીધા વિના માત્ર મૌખિકપણે ગણતરીની Second માં મોટી મોટી રકમોના અટપટા ગુણાકાર - ભાગાકાર કરી આપતા હોય છે. તો કેટલાક બાળકો કલ્પનામાં ન આવે તેવી હાજરજવાબી - પ્રત્યુત્પન્ન મતિ ધરાવતા હોય છે : જાણે કે બિરબલનો વર્તમાન અવતાર. શું માનીશું આને? ચોક્કસ જ કુદરતી વરદાન.

બીજા પ્રકારની Speciality સખત મહેનતથી - સતત પુરુષાર્થથી પ્રગટેલી હોય છે. Circus માં એવી કસબી વ્યક્તિઓ જોવા મળે છે કે બે ય હાથ ન હોવા છતાં માત્ર બે પગથી એ આંખના પલકારમાં સોયમાં દોરો પરોવી દે, તો એવા થાળીનૃત્યના કસબીઓ હોય છે જે એક સાથે પંદર પંદર થાળીઓ ફેરવતા હોય. ઘણા ય ડૉક્ટરો એવા જોવા મળે છે જે અઢાર અઢાર વીશ વીશ કલાકની મહેનત કરીને પોતાનાં ક્ષેત્રમાં Speciality પામ્યા હોય, તો ઘણા રમતવીરો એવા હોય છે જે રોજની કલાકોના કલાકો મહેનત કરીને પોતાનાં ક્ષેત્રમાં Special બન્યા હોય - વિશિષ્ટ બન્યા હોય. આ પુરુષાર્થથી પ્રગટેલી Speciality છે.

બાહ્ય ક્ષેત્રે પણ સફલ થવું હોય તો વ્યક્તિએ પોતાની Speciality - વિશેષતા કયા ક્ષેત્રમાં છે એ પરખવું જોઈએ અને પછી એને અનુરૂપ પુરુષાર્થ કરવો જોઈએ. જો આમ ન કરીએ તો આપણી હાલત પેલી બોધકથાના સિંહબાળ જેવી થાય.

બોધકથા કહે છે કે જંગલમાં બચ્ચાને જન્મ આપીને થોડા સમયમાં એક સિંહણ મૃત્યુ પામી. એકલું - અટુલું પડી ગયેલું સિંહબાળ ઘેટાંના ટોળામાં અનાયાસે જોડાઇ ગયું. ઘેટાંનું ટોળું જંગલમાં જ્યાં જાય ત્યાં એ પણ સાથે જતું હતું. એની બોલી - એની ચાલ બધું ઘેટાં જેવું થઇ ગયું. થોડા સમય બાદ એ ઘેટાંનું ટોળું તળાવ પાસે પાણી પીવા આવ્યું. તળાવના સામા કિનારે તરવરિયો તરુણ સિંહ પાણી પીવા આવ્યો હતો. ઘેટાંનાં ટોળાંને જોઇ એણે જંગલ કંપાવતી જોરદાર ગર્જના કરી. સિંહગર્જના સાંભળતા જ ઘેટાંના ટોળાએ નાસભાગ કરી મૂકી. એમાં પેલો તરુણ થઇ ગયેલો સિંહ પણ હતો.

ગર્જના કરનાર સિંહને આશ્ચર્ય થયું કે ઘેટાંઓ ભલે નાસભાગ કરે. પણ આ સિંહ કેમ ભાગવા માંડ્યો? વળી ઘેટાંઓ એની સાવ પાસે છે. છતાં એ ઘેટાંઓ પર હુમલો કેમ નથી કરતો?

ક્ષણવારમાં મર્મ પામી જઇ એ સિંહ બાજુના માર્ગેથી છલાંગો ભરતો પેલા ટોળામાંના સિંહ પાસે પહોંચી ગયો. એણે પેલા સિંહને એની વિશેષતા - Speciality સમજાવી કે ''તું ઘેટું નથી, તું મારા જેવો સિંહ છે. તારે ટોળામાં રહીને ભાગવાનું નથી, તારે તો સિંહગર્જનાઓ કરીને આવાં ટોળાને ભગાવવાના છે યા શિકાર કરવાનો છે.'' એ પેલા સિંહને તળાવ સુધી લઇ ગયો અને તળાવનાં જલમાં એનું પ્રતિબિંબ એને દર્શાવ્યું. 'પોતે પણ આના જેવો જ સિંહ છે' જાણીને પેલો સિંહ ખુશખુશાલ થઇ ગયો. એણે જોરથી સિંહગર્જના કરી. પછી પેલા સિંહ સાથે છલાંગો ભરતો જંગલમાં વિદાય થઇ ગયો.

જેમ આ સિંહને બાલ અવસ્થામાં પોતાની સિંહ તરીકેની વિશેષતા - જાતિગત Speciality ન સમજાઇ તો એ ઘેટાંનાં ટોળામાં ભટકતો રહ્યો. તેમ આપણને આપણી વિશેષતા ન સમજાય તો આપણે ય ભટકતા રહીએ. વિશેષતા સમજાયા પછી એ સિંહ જેમ પોતાનું સ્વત્વ - સત્ત્વ દાખવતો થઇ ગયો તેમ આપણે ય આપણી વિશેષતા સમજાયા પછી એ ક્ષેત્રમાં યથાશક્ય ઉત્તમ Performance દાખવતા થઇ જઇએ. આ વિશેષતા પરખાય છે આપણો રસ - રુચિ - આવડત કયા ક્ષેત્ર તરફ વધુ જામે છે એનાં નિરીક્ષણથી. કેટલા ય કિસ્સાઓમાં એવું જોવા મળે છે કે પિતા કોઇ અન્ય ક્ષેત્રમાં નામના પામ્યા હોય અને પુત્ર એનાથી સાવ અલગ ક્ષેત્રમાં નામના પામ્યો હોય. જેમ કે હરિવંશરાય બચ્ચન અને અમિતાભ બચ્ચન. હરિવંશરાય કવિરૂપે નામના પામ્યા અને અમિતાભ અભિનેતારૂપે નામના પામ્યા. કારકીર્દિના ક્ષેત્રમાં આટલો ફર્ક કેમ? કારણ ત્યાં આ સ્વીકારવું જોઇશે કે અમિતાભની વિશેષતા અભિનયક્ષેત્ર તરફ વહેતી હશે, એમના રસ - રુચિ એ ક્ષેત્રમાં વધુ જામતા હશે. માટે આમ બન્યું.

આ જ વાતને હવે આપણે અધ્યાત્મક્ષેત્રે - આત્મકલ્યાણનાં ક્ષેત્રે વિચારીએ. આત્મકલ્યાણનાં ક્ષેત્રે અઢળક માર્ગો - અઢળક યોગો એવા છે કે જે પોતપોતાનાં સ્તરે ઉત્તમ છે - આત્મકલ્યાણકારક છે. એ એકેક યોગોની

આરાધના કરીને અનંત અનંત આત્માઓ સંસારને સામે પાર પહોંચી ગયા છે : પછી એ જ્ઞાનયોગ હોય કે ધ્યાનયોગ હોય, વિરતિની સાધના હોય કે વૈયાવચ્ચની આરાધના હોય, ભક્તિયોગ હોય કે જાપયોગ હોય. આ રીતે તે તે તમામ યોગો ભવનિસ્તારક હોવા છતાં સદ્ગુરુભગવંતો દ્વારા એવી પ્રેરણા ખાસ કરાતી હોય છે કે **''તમને જે યોગો તરફ વિશેષ રસ – રુચિ હોય એ યોગોને જીવનમાં વધુમાં વધુ ઘૂંટતા જાઓ. તમારી વિશેષતા – Speciality તમે પરખો અને પછી તે તે યોગોમાં તમે ઓતપ્રોત થઈ જાવ. તો આત્મકલ્યાણ વધુ ઝડપી – વધુ પરિણામદાયી બની શકશે.''**

આ દષ્ટિબિંદુ બિલકુલ યથાર્થ કઈ રીતે છે એને આપણે વધુ વિશદતાથી સમજીએ. ધારો કે એક આરાધક વ્યક્તિની રસ - રુચિ - લગાવ ભક્તિયોગ તરફ વિશેષ છે. પરમાત્માની ભક્તિનો - ઉપાસનાનો અવસર આવે તો એ એમાં સહજતાથી કલાકોના કલાકો પર્યંત તન્મય - ઓતપ્રોત થઈ જાય છે. એ કોઈ ભક્તિગીતો - સ્તવનો સાંભળે અને એ એને એવાં સ્પર્શી જાય કે તેટલો સમય એ બાહરી દુનિયાથી દૂર થઈ જાય. આના મુકાબલે એનો જ્ઞાનયોગ નબળો છે. ક્ષયોપશમની - યાદદાસ્તની મંદતા, સૂત્ર કંઠસ્થ કરવામાં કે વાંચનમાં રસ - રુચિના અભાવે પ્રમાદ વગેરે કારણે એને જ્ઞાનયોગ જામતો નથી. તો એ આરાધકે પોતાની ભક્તિયોગમાં વિશેષતા - Speciality પરખીને જીવનમાં ભક્તિયોગને વધુ ને વધુ આત્મસાત્ કરવો. એ હદે એણે એ યોગ ઘૂંટવો જોઈએ કે એ ક્રમશ : સંસ્કાર - સંજ્ઞા - સ્વભાવરૂપે પરિણમે. મતલબ કે એ યોગ એ આત્મામાં ઓતપ્રોત - એકમેક થઈ જાય. આ જ વાત ધ્યાનયોગ - જાપયોગ - ક્રિયાયોગ - વૈયાવચ્ચયોગ વગેરે વિવિધ યોગો માટે સમજવી કે પહેલા તમારો લગાવ - ઝુકાવ કયા તારક યોગમાં ખૂબ વિશેષ છે એની પરખ કરવી અને પછી એમાં વિશેષ ને વિશેષ જોડાઈ જવું. આ રીતે ખૂબ ખૂબ ઘુંટાયેલ એ યોગ આત્મકલ્યાણની દષ્ટિએ જે પરિણામ આપે એ ખરેખર જબરદસ્ત અને કલ્પનાતીત હોય છે. ખબર છે બાહુબલિ મુનિવરના પૂર્વભવની ઘટના?

પ્રભુ આદિનાથના સાંસારિક અવસ્થાના સંતાનો ભરત - બાહુબલિ - બ્રાહ્મી અને સુંદરી પૂર્વ જન્મમાં ચાર મિત્રો હતા. એમના નામો હતા બાહુ - સુબાહુ - પીઠ અને મહાપીઠ. પૂર્વજન્મમાં આ ચારે યે સાથે દીક્ષા સ્વીકારી

હતી. એમાંના સુબાહુમુનિવરને શ્રમણભગવંતોની વૈયાવચ્ચમાં અર્થાત્ સેવામાં ખૂબ રસ - રુચિ - લગાવ હતો. એમણે ઉલ્લાસથી ઘોષણા કરી હતી કે ''કોઈ પણ શ્રમણને ગોચરી - પાણી આદિ સેવાની આવશ્યક હોય એમણે એ લાભ મને આપવો. હું એ તમામની ઉચ્ચ ભાવે વૈયાવચ્ચ કરીશ.'' એમનો સમુદાય પાંચસો શ્રમણોનો હતો. આ તમામની દીર્ઘકાલ પર્યંત એમણે ઉત્કૃષ્ટ સેવા - ભક્તિ કરી. પરિણામ એ આવ્યું કે તે પછીના માનવજન્મમાં પ્રભુ આદિનાથના પુત્ર બાહુબલિ બન્યા. શરીરશક્તિ એમને એવી અજોડ મળી કે ચક્રવર્તીને કોઈ પરાજિત ન કરી શકે એવો શાશ્વત નિયમ હોવા છતાં એ ચક્રવર્તીને ય પરાજિત કરી શક્યા હતા. આ જબરદસ્ત શારીરિક બળના પ્રભાવે તેઓ એક વર્ષ સતત એક જ મુદ્રામાં હલ્યા - ચલ્યા વિના સાધના કરી શક્યા અને અંતે કેવલજ્ઞાન તથા મોક્ષ પામ્યા. વૈયાવચ્ચયોગના લગાવનું આ પરિણામ હતું...

એક સ્પષ્ટતા કે જે યોગમાં આપણી Speciality છે એ યોગ જીવનમાં વધુ શ્રેષ્ઠપણે ઘૂંટવો એ જ જણાવવાનો અહીં આશય છે. બીજા તારક યોગોથી વિમુખ થઈ જવાનું કહેવાનો અહીં જરા ય આશય નથી. એટલે બીજા યોગોને પણ આવશ્યકતા અનુસાર જીવનમાં સ્થાન તો આપવું જોઈએ.

છેલ્લે એક વાત : **પોતાની વિશેષતા પરખી એને જરૂર વિકસાવજો. પણ 'હું વિશેષ છું' એવો અહંકાર કદી ન રાખજો.**

✤ ✤ ✤

૧૮ બોલવાનું શીખતા વ્યક્તિને ફક્ત ત્રણ વર્ષ લાગે છે... પણ પછી ક્યાં મૌન રહેવું? એ શીખતા આખી જિંદગી ઓછી પડે છે...

ઉપદેશની જેમ અલગ અલગ શૈલી હોય છે એમ ગ્રન્થોમાં નિરૂપણની પણ અલગ અલગ શૈલી હોય છે. ક્યાંક ગ્રન્થોમાં તે તે વિષયની મુખ્યતાએ ધારાબદ્ધ નિરૂપણ કરીને એને સર્વાંગીણ રીતે પ્રસ્તુત કરાય, તો ક્યાંક અંક જેવી Theme ની મુખ્યતાએ ઘણા બધા વિષયોને માત્ર નિર્દેશ સાથે આવરી લેવાય. સ્થાનાંગ સૂત્ર નામે જૈન આગમમાં આવી અંકની મુખ્યતાએ નિરૂપણની શૈલી અપનાવાઈ છે. ત્યાં એક - બે - ત્રણથી લઈને દશ સંખ્યા સુધી જઈ તે તે સંખ્યાના જે જે પદાર્થો હોય તેનું નિરૂપણ કરાયું છે. એ નિરૂપણમાં જૈન દર્શનના પદાર્થોની સાથે જગતની બાબતો ય ભરપૂર મળી રહે.

એક ઉદાહરણ જોઈએ તો, ધારો કે પાંચની સંખ્યાના આધારે નિરૂપણ કરાતું હોય ત્યારે એમાં પાંચ મહાવ્રત - પાંચ અણુવ્રત - પાંચ સમિતિ - પાંચ આચાર જેવા જૈન દર્શનના પદાર્થો ય આવે અને પૃથ્વી - પાણી વગેરે સ્થાવર નિકાયની બાબતો ય આવે. ટૂંકમાં, ત્યાં સંખ્યાની મુખ્યતાએ વૈવિધ્યસભર નિરૂપણ હોય.

આપણે પણ આજથી ત્રણ લેખમાં પાંચ બાબતો પર વિશ્લેષણ કરીશું. એ પાંચ બાબતો એવી છે કે એનો નિર્દેશ અલગ શબ્દોથી શાસ્ત્રોમાં તો નિહાળવા મળે જ છે. ઉપરાંત એ આપણા વર્તમાન જીવનને અને સંબંધને

સ્વસ્થ - સરસ રાખવામાં ખૂબ મહત્ત્વનું પરિબળ બની રહે એમ છે. એ પાંચ સરસ મજાનાં જીવનસૂત્રો કાંઈક આવા છે :

(૧) કલેશ થાય તેવું બોલવું નહિ :-

જીભ માટે એક સચોટ નિરીક્ષણ વાંચ્યું હતું કે **"જીભ એક એવું શસ્ત્ર છે કે જેના ઘા સૌથી વધુ ધારદાર હોય છે અને છતાં એ કદી કટાતું નથી."** આ નિરીક્ષણ કેટલું બધું વાસ્તવિક છે એ સમજીએ. એમાં પહેલી વાત એ છે કે જીભના ઘા સૌથી વધુ ધારદાર હોય છે. આપણે નજરે જોઈએ છીએ કે ચપ્પુ - છરી - તલવાર - તીર વગેરેના ઘા માત્ર શરીર પર થાય છે અને સમયાંતરે એ રુઝાઈ જાય છે. જ્યારે જીભના અર્થાત્ શબ્દોના ઘા મન પર થાય છે અને ઘણીવાર એ વર્ષોનાં વર્ષો પછી પણ રુઝાતા નથી. એથી જ એક કવિએ યથાર્થ લખ્યું છે કે :-

छुरी का तीरो का, तलवारो का घा भरा।
लगा जो जख्म जबाँ का, रहा वो हंमेशा हरा।।

જીભના ઘા અંતરનાં અતલ ઊંડાણ સુધી કેવા થઈ જાય છે અને વર્ષોનાં વર્ષો પછી ય એ ઘા કેવા તાજા - રુઝાયા વિનાના રહે છે એનું પ્રસિદ્ધ ઉદાહરણ છે દુર્યોધન. દ્રૌપદીની જીભમાંથી સરી પડેલ 'આંધળાના દીકરા તો આંધળા જ હોય ને' શબ્દોએ એનાં અંતરમાં ખૂબ ઊંડાણ સુધી ઘા કર્યો. એ ઘા એવો રુઝ વિનાનો - તાજો રહ્યો કે પાંડવોના ચૌદ વર્ષના વનવાસ પછી ય એ ન રુઝાયો અને અંતે 'મહાભારત'નું સર્વનાશ નોંતરતું વિકરાલ યુદ્ધ થઈને જ રહ્યું.

પૂર્વોક્ત સુવાક્યમાં જીભ ધારદાર શસ્ત્ર હોવા ઉપરાંત બીજો નિર્દેશ એ કરાયો છે કે એ કદી કટાય નહિ એવું શસ્ત્ર છે. વ્યવહારમાં જણાય છે કે વય વધે તેમ તેમ આંખ - કાન જેવી ઈન્દ્રિયો એની શક્તિ ગુમાવતી જાય. પરંતુ જીભ એની બોલવાની શક્તિ જરા ય નથી ગુમાવતી. અરે! ઘણી વાર તો એવું ય નિહાળવા મળે છે કે વૃદ્ધાવસ્થામાં જીભની શક્તિ વધુ ધારદાર બનતી જાય. જે મળે એની સમક્ષ એ પોતાની વાતો - ફરિયાદો વધુ ને વધુ પ્રમાણમાં કરતી જાય. અને હા, ઉંમર થાય ત્યારે દાંત હજુ ગાયબ થાય. જીભને આ સમસ્યા ય નડતી નથી.

આ રીતે જીભ કદી કટાય નહિ એવું ધારદાર શસ્ત્ર હોવાની વાસ્તવિકતા છે જ ત્યારે આપણા પક્ષે એ સમજદારી હોવી જોઈએ કે એનો ઉપયોગ ખૂબ વિચારપૂર્વક થવો જોઈએ. ચપ્પુ ધારદાર શસ્ત્ર છે તો આપણે એનો ઉપયોગ બહુ સીમિત અને સમજદારીપૂર્વક કરતાં હોઈએ છીએ. મહદંશે આપણે એ ચપ્પુને રસોડાની બહાર આવવા દેતા નથી અને રસોડામાં પણ શાક સુધારવા જેવા અનિવાર્ય કાર્ય સિવાય એનો ઉપયોગ કરતા નથી. જો ચપ્પુના ઉપયોગ માટે આપણે આટલી કાળજી - ખેવના રાખીએ છીએ તો એનાથી કૈંકગણી ધારદાર - અસરકારક જીભના ઉપયોગ માટે આપણે વિવેક કેમ ન રાખવો જોઈએ? જો આ વિવેક - કાળજી ન દાખવાય તો પારસ્પરિક સંબંધોમાં તો જબરદસ્ત નુકસાન થાય જ. ઉપરાંત આપણી Image ને પણ કલ્પનાતીત નુકસાન થાય. ખબર છે પેલી રમૂજકથા?

મણિમાસી એમની કઠોર - બરછટ જીભ માટે આસપાસ સર્વત્ર કુખ્યાત હતા. એમના પડોશીઓ સાથે પણ એમના સંબંધો બગડેલા હતા. કારણ સિવાય કોઈ એમની સાથે વાત ન કરે ને કામકાજ માટે કોઈ એમનો પનારો ન પાડે. મણિમાસીને આ એકલી - અટૂલી જિંદગી વિશે દુઃખ હતું. પરંતુ એ માટે પોતાની જીભ જવાબદાર હોવાનું એમને સમજાતું ન હતું. એમાં એક વાર બહુ વિચિત્ર ઘટના બની ગઈ.

બાજુવાળા બેનનો પાંચ - સાત વર્ષનો નાનો - નાસમજ બાબો એક કપડું લઈને દોડતો મણિમાસી પાસે આવ્યો અને બોલ્યો : ‘‘મણિમાસી! મારું એક કામ કરી આપો ને. આ કપડું તમારી જીભથી બે સરખા ભાગે ફાડી આપો.’’ મણિમાસીએ આશ્ચર્યથી કહ્યું : ‘‘બેટા, જીભથી કાંઈ કપડું ન ફડાય.’’બાબાએ ભોળાભાવે કહી દીધું : ‘‘કેમ ન ફડાય માસી? મારી મમ્મી આજે જ બાજુવાળા Aunty ને કહેતી હતી કે મણિમાસીની જીભ તો કાતર છે કાતર. ભલભલાને વેતરી નાંખે એવી એમની જીભ છે. તો પછી માસી! તમારી જીભ મારું કપડું કેમ વેતરી ન આપે?’’ ભોળા બાળકના આ શબ્દોથી મણિમાસીની હાલત ‘કાપો તો લોહી ન નીકળે’ એવી થઈ ગઈ.

સાવધાન! જીભ માત્ર આ રીતે Image જ નથી બગાડતી. બલ્કે કાયમી સ્તરે સંબંધો બગાડવાથી લઈને કાયમી મનદુઃખ - કાયમી સંક્લેશ સર્જવાનું કાર્ય પણ એ બહુ આસાનીથી કરી શકે છે. જીભનાં કારણે થતાં આવા

કાયમી અને જાલિમ નુકસાનોથી બચવું હોય તો કેટલીક નાની નાની છતાં ખૂબ ઉપયોગી બાબતો જીવનસાત્ કરવી જોઈએ :

✻ સ્થાનનો વિચાર કરીને બોલવું :- જાહેર સ્થાન હોય, ઘણી બધી વ્યક્તિની હાજરી હોય ત્યારે કટુ - કડવી વાત સાચી હોય તો ય એ કહેતા પહેલા સો વાર વિચાર કરવો. કારણ કે એનાથી સામી વ્યક્તિનો અહંકાર - Ego Hurt થાય અને એ ઝનૂનપૂર્વક આપણી સાચી વાત સામે ય મોરચો માંડી બેસશે. વસ્તુત : વિવેકનો તકાજો એ છે કે અનિવાર્ય ન હોય ત્યાં સુધી સાચી - કડવી વાત જાહેરમાં ન જ કરવી. બનતી શક્યતાએ એ ખાનગીમાં કરવી. ખબર છે પેલું મસ્ત માર્ગદર્શક સુવાક્ય? એ એમ કહે છે કે **“સામી વ્યક્તિની પ્રશંસા જાહેરમાં કરો અને ટીકા ખાનગીમાં કરો.”** પ્રશંસા જાહેરમાં કરવાથી સામી વ્યક્તિ સાથે આત્મીયતા ગાઢ બનશે અને ટીકા ખાનગીમાં કરવાથી એનામાં સુધારો આવવાની શક્યતા પ્રબળ બનશે.

✻ પરિસ્થિતિનો વિચાર કરીને બોલવું :- કેટલીક વાર પરિસ્થિતિ એવી સર્જાય કે આપણી હિતકર - સાચી વાત પણ બિનઅસરકારક બની રહે. આવી પરિસ્થિતિમાં અણગમતી વાત કહેવાનો કે એનો અમલ કરવાનો આગ્રહ રાખવા કરતાં મૌન વધુ શ્રેયસ્કર બની રહે. ઉદાહરણરૂપે વિચારીએ તો, ધારો કે તમે તમારા નાના દીકરાને lesson માટેનો આગ્રહ કરી એને ફરજીયાત ભણવા બેસાડી રહ્યા હો અને એ જ સમયે એના સમવયસ્ક પાંચ - સાત બાળમિત્રો તમારાં ઘરે રમવા આવી ચડ્યા હોય ત્યારે એ પરિસ્થિતિને માન આપીને તમારે થોડી વાર માટે lesson ના આગ્રહને અભરાઈએ ચડાવી દેવો પડે. જો એમ ન કરો તો બાળક જીદ - રડવા પર ઊતરી જશે. અને કદાચ બળજબરીથી ભણવા જ બેસાડશો તો એમાં કોઈ ભલી વાર નહિ આવે. યાદ રાખજો આ વિધાન કે **“જે સર્વત્ર પરિસ્થિતિનો વિચાર કરીને બોલે છે એને પ્રાય : પસ્તાવાનો સમય નથી આવતો.”**

✻ સ્વભાવનો વિચાર કરીને બોલવું :- સામી વ્યક્તિની પ્રકૃતિ જીદ્દી છે કે સરલ? ઉગ્ર છે કે શાંત? સત્યગ્રાહી છે કે મમતભરી? આ પાસાનો વિચાર કરી યોગ્યતા મુજબ જ બોલવું. ચૌદસો ચુમ્માલીશ ગ્રન્થોના સર્જક સૂરિપુરંદર શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે ‘અષ્ટક પ્રકરણ’ના વાદઅષ્ટકમાં તીર્થંકરપ્રભુ મહાવીરદેવનું ઉદાહરણ ટાંક્યું છે કે ગૌતમસ્વામી વાદ કરવા

આવ્યા ત્યારે પ્રભુ બોલ્યા અને ગૌશાલક વાદ કરવા આવ્યો ત્યારે પ્રભુ મૌન રહ્યા. કારણ એ જ કે ગૌતમસ્વામીના સ્વભાવમાં સરલતા - સત્યગ્રાહિતા હતી, જ્યારે ગૌશાળાના સ્વભાવમાં જીદ - મમત હતી. જો પ્રભુ જેવી સમર્થ વિભૂતિ પણ સામી વ્યક્તિનો સ્વભાવ જોઇને - વિચારીને પ્રવર્તતા હોય તો આપણે તો ફરજીયાતપણે સામી વ્યક્તિનો સ્વભાવ પરખીને જ બોલવું રહે.

આ જ રીતે આપણો અધિકાર છે યા નહિ તે વિચારીને બોલવું, આપણું પુણ્ય પહોંચે છે યા નહિ તે વિચારીને બોલવું વગેરે અન્ય પણ બાબતો જીવનસાત્ કરીને બોલીએ તો પરસ્પર ક્લેશ ન થાય.

છેલ્લે એક મસ્ત વાક્ય સાથે સમાપન કરીએ કે **"બોલવાનું શીખતા વ્યક્તિને ત્રણ વર્ષ લાગે છે. પરંતુ પછી ક્યારે મૌન રહેવું એ શીખતા આખી જિંદગી ઓછી પડે છે."**

✤ ✤ ✤

૧૯

નિરોગી દેહનું મુખ્ય કારણ ભોજન છે... રોગિષ્ઠ દેહનું મુખ્ય કારણ પણ ભોજન જ છે...

તન - મનની સ્વસ્થતા, સંબંધોની મધુરતા અને પાપોથી શક્ય દૂરી અપાવતાં પાંચ મજાનાં જીવનોપયોગી સૂત્રો પર આપણી ચિંતનયાત્રા ગત લેખથી આરંભાઇ છે. આજે એ પૈકીના બીજા - ત્રીજા ક્રમનાં સૂત્રોની આસપાસ આપણે વિચારવિહાર કરીશું :

(૨) દેવું થાય તેવું ખર્ચશો નહિ :-

ભારતીય પરંપરામાં મોટા ભાગનાં દર્શનો જેમ આસ્તિક છે, તેમ એક દર્શન નાસ્તિક છે. એ પરલોક - પાપ - પુણ્ય વગેરે બાબતો સ્વીકારતું નથી. એનું નામ છે ચાર્વાક દર્શન. એ પરલોકમાં માનતું ન હોવાથી 'આ જન્મનાં કૃત્યોનો આગામી જન્મોમાં જવાબ આપવો પડશે' યા 'પાપ લાગશે' જેવી વિચારણાનો છેદ ઉડાડી દે છે. એ કહે છે કે વર્તમાન જન્મમાં ફક્ત લીલાલહેર - મોજમજા કરો : પછી એના માટે ભલે ખોટું કરવું પડે કે દેવું કરવું પડે. એની આવી બેફિકર - નાસ્તિક વિચારધારા માટે સંસ્કૃતભાષામાં એક કટાક્ષઉક્તિ પ્રસિદ્ધ છે કે ''यावज्जीवं सुखं जीवेत्, ऋणं कृत्वा घृतं पिबेत्.'' ભાવાર્થ કે પૂરી જિંદગી મસ્તીથી જીવો અને પૈસા ન હોય તો દેવું કરીને ય ઘી પીઓ. ક્યાં ભવિષ્યમાં એનું કોઇ દુષ્પરિણામ સહન કરવાનું છે?

આજના યુગની લાક્ષણિકતા આનાથી ય વિચિત્ર છે. અહીં લોકો ભલે નાસ્તિક ન હોય, પાપ - પુણ્યમાં ને પરલોકમાં માનતા હોય. તો ય દેવું કરીને

પણ વૈભવી Life style માનવાનાં અભરખાં એમનામાં નજરે તરી આવે એવા નિહાળવા મળે છે. આજની નવી પેઢીને Flat સારા વિસ્તારમાં જ જોઈએ છે, તો Interior અત્યાધુનિક જોઈએ છે; Car મોંઘી જોઈએ છે, તો Smart phone થી લઈને T.V. જેવાં સાધનો ય Latest જોઈએ છે. આજની વ્યાવસાયિક ગળાકાપ હરિફાઈનાં કારણે કંપનીઓ હપ્તા પદ્ધતિની સુવિધા અને બેન્કો ઊંચા વ્યાજે લોન આપે છે. એથી યુવાવર્ગની અવસ્થા 'દોડવું'તું ને ઢાળ મળ્યો' જેવી થાય છે. એ દેવું કરીને ય આ વૈભવી જીવનશૈલી માટે દોટ મૂકે છે. આમાં ઘણી વાર એવું થાય છે કે માંદગી - અકસ્માત્ - ધંધામાં નુકસાન જેવી અણધારી આપત્તિઓ આવી પડે અને રકમ ચુકવવાનાં ગણિત ખોરવાઈ જાય ત્યારે વ્યાજ પર વ્યાજનું વિષચક્ર ચાલવા માંડે. પરિસ્થિતિ ત્યારે એવી ભયંકર તનાવગ્રસ્ત બની જાય કે એનાથી તનનું સ્વાસ્થ્ય અને મનની સ્વસ્થતામાં કડાકો બોલી જાય. વ્યક્તિ ચિંતાઓના બોજ નીચે દુઃખી દુઃખી થઈ જાય. અમે એટલે ઘણી વાર પ્રવચનોમાં કહીએ છીએ કે ''હપ્તે હપ્તે મારે એનું નામ હપ્તા.'' હપ્તાપદ્ધતિ એ દેવું કરીને જીવવાની જ પદ્ધતિ છે. એ ભલે સગવડરૂપ લાગતી હોય, પરંતુ એ હકીકતમાં હાથે કરીને ખરીદાતી અગવડ છે.

વ્યક્તિ દેવાનાં ડુંગર ખડકીને જીવનને તનાવગ્રસ્ત ન બનાવે એ માટે શાસ્ત્રો પણ સ્પષ્ટ માર્ગદર્શન આપે છે. 'યોગશાસ્ત્ર' ગ્રન્થમાં માર્ગાનુસારિતાના ગુણો દર્શાવતા એક પંક્તિ લખાઈ છે કે **''व्ययमायोचितं कुर्वन्.''** મતલબ કે ગૃહસ્થ વ્યક્તિ કમાણીને અનુરૂપ ખર્ચ કરે, કમાણીથી ઉપરવટ નહિ. આવી સાચી જીવનશૈલી માટે કમ સે કમ એક વાત યાદ રાખો કે જરૂરિયાતને કેન્દ્રમાં રાખી જીવવું. ખબર છે પેલું સચોટ - તથ્યભર્યું વિધાન? એ કહે છે કે **''જરૂરિયાત થોડું માંગે છે, શોખ અને વૈભવી life style ઘણું બધું માંગે છે; જ્યારે ઉડાઉવૃત્તિ તો બધું માંગે છે.''** ચકાસીએ આપણા જીવનવ્યવહારોને કે ત્યાં જરૂરિયાતો મુખ્ય છે કે શોખ - વૈભવી જીવનશૈલી અને ઉડાઉવૃત્તિ મુખ્ય છે? જો દેવાના ડુંગર ખડકીને તનાવ ખરીદવાના ચક્કરથી બચવું હોય તો ફક્ત જરૂરિયાતને જ અગ્રતાક્રમ આપવો જોઈએ. પેલી ગુજરાતી કહેવત પણ આ જ સમજાવે છે કે 'પછેડી પ્રમાણે સોડ તાણવી.' જેઓ પછેડી પ્રમાણે સોડ તાણવાના બદલે સોડ મુજબ

પછેડી તાણવા જાય એની પછેડી ફાટ્યા વિના ન રહે. આ સંદર્ભમાં વર્ષો પૂર્વેનો એક સત્ય પ્રસંગ નિહાળીએ :

અમારા એક પરિચિત સામાન્ય નોકરિયાત ભાઇ. દીકરીને સારું ઘર મળ્યું હોવાથી લગ્ન પ્રસંગે આ ભાઇએ તાનમાં આવી જઇ ગજાબહારનો ગંજાવર ખર્ચ કર્યો. જો કે, સમજદાર સામા પક્ષે લગ્નમાં ભપકાની કોઇ જરૂર ન હોવાનું જણાવ્યું હતું. પરંતુ આ ભાઇ સમાજમાં વાહવાહી મેળવવાના અને વેવાઇને impress કરવાના ચક્કરમાં ઉડાઉપણાની હદે ગયા. મંડપ - બેન્ડવાજાં - જમણવાર વગેરે દેવું કરીને ગજાબહારનાં કર્યાં. ભાઇ ત્યારે તાનમાં આવીને બોલતા હતા કે ''પ્રસંગ જોઇને લોકોની આંખો ચાર થઇ ગઇ.'' પણ... પ્રસંગ પૂર્ણ થયા બાદ ભાઇની આંખો આંસુછલકતી થઇ ગઇ! દેવાનાં કારણે વ્યાજના ચક્કર એવા ચાલ્યા કે અઢી - ત્રણ વર્ષ સુધી એ સખત ચિંતામાં રહ્યા. અધૂરામાં પૂરું લગ્નમાં મહાલનારાઓ વળી તરેહ - તરેહની વાતો કરતા હતા કે ''આની શક્તિ તો છે નહિ. તો આ તમાશાનાં પૈસા આવ્યા ક્યાંથી? આ તો વેવાઇના પૈસે રેલમછેલ લાગે છે!'' ખુલાસાઓ કરતાં ય ભાઇનો દમ નીકળી ગયો.

આવી કરુણાંતિકાઓ અને હૈયાહોળીથી બચવા જીવનસાત્ કરીએ આ બીજા ક્રમનું સૂત્ર કે દેવું થાય તેવું ખર્ચશો નહિ.

(૩) રોગ થાય તેવું ખાશો નહિ :-

ભોજનના સંદર્ભમાં એક નાનકડું છતાં ખૂબ મહત્ત્વનું સુવાક્ય વાંચ્યું હતું કે **''જીવન માટે ભોજન છે, ભોજન માટે જીવન નથી.''** કેટલાક લોકોની જીવનશૈલી એવી હોય છે કે મનપસંદ વાનગી મળે એટલે પથ્ય - અપથ્ય વગેરે કાંઇ જ વિચાર્યા વિના એના પર તૂટી પડે. ભલે ને ઘરેથી ભરપેટ જમીને નીકળ્યા હોય અને અત્યારે કાંઇ જ આવશ્યકતા ન હોય તો ય રેકડી પર પાણીપુરી જુએ કે મસાલા ઢોસા જુએ એટલે એમની જીભમાં પાણી આવી જાય અને એ એના પર હાથ જમાવી બેસે. આવી વ્યક્તિઓનું વિચારવિશ્વ એવું હોય છે કે મનપસંદ ચીજ છે તો વાપરી લો. પછીની વાત પછી. આવાઓને Red Signal આપવા પૂર્વોક્ત સુવાક્ય સરસ સમજાવે છે કે 'ભાઇ! જીવન માટે ભોજન છે. શરીરની સ્વસ્થતા - તંદુરસ્તી ટકે - વધે

એ રીતે ભોજન કરવાનું છે, નહીં કે જીભના ચટકા પોષવા માટે. જો જીભના ચટકા પોષવા નુકસાની થાય એ રીતે ચીજો વાપરશો તો તમે એ વલણ પુરવાર કરશો કે જિંદગી મનફાવતી ચીજો ખાવા - પીવા માટે છે. એનાથી શરીર બહુ જલ્દી રોગોનું ઘર બની જઇ શકશે.'

જેઓ 'ભોજન માટે જીવન છે'નો ગલત અભિગમ ધરાવી શરીરને ભોગાયતન બનાવી દે છે એમનું શરીર કઇ હદે રોગાયતન બની જાય એ જાણવું છે? તો વાંચો આ સચોટ કથા :

પૂર્વકાળમાં જર્મનીમાં એક રાજા થઇ ગયો. નામ એનું હતું વ્હીટેલીયસ. સાવ યુવાન - કાચી વયે એ સત્તાનશીન થયો હતો અને એને ગલત પ્રવૃત્તિઓ કરતાં રોકે - અટકાવે એવા કોઇ વડીલ એની પાસે ન હતા. એથી એની જીવનગાડી break વિનાની નિરંકુશ હતી. મનગમતી વાનગીઓ મન ભરીને વાપરવાની લાલસા એવી ખતરનાક વકરી કે એણે પોતાના મુખ્ય રસોઇયાને આદેશ કર્યો : ''દુનિયાભરની શ્રેષ્ઠ વાનગીઓ બનાવતા શીખો અને મારાં રસોડે રોજ રોજ અવ્વલ કક્ષાની વાનગીઓ બનાવો, ખર્ચની કોઇ ચિંતા ન કરવી.'' ચિઠ્ઠીના ચાકર રસોઇયાએ નિતનવી અને એકેકથી ચડિયાતી વાનગીઓ બનાવવા માંડી. રાજા અકાંતરિયાની જેમ એ વાનગીઓ આકંઠ આરોગે. પેટ ભરાઇ ગયા પછી ય એનું લાલસાગ્રસ્ત મન તૃપ્ત ન થાય. એને એમ થતું કે 'હજુ તો મારે ઘણા પ્રમાણમાં આ વાનગીઓ વાપરવી છે, પણ પેટ બહુ જલ્દી ભરાઇ જાય છે.'

સ્વાદના પાગલપનની પરાકાષ્ઠાએ એણે વિચિત્ર નિર્ણય કર્યો. વૈદ્યો પાસેથી વમનની દવા મેળવી એ સ્વાદિષ્ટ વાનગીઓનું ભોજન કરે. વાપરતાં પેટ ભરાઇ જાય ત્યારે એ દવા લઈ વમન કરે અને પછી પુન : મનગમતી ચીજ આકંઠ વાપરે. આ રીતે ભોજન - વમન ભોજન - વમનનું ચક્કર એણે ફક્ત સ્વાદ માટે ચલાવ્યું. પરિણામ? પરિણામ એ આવ્યું કે ભરયુવાનીમાં બૂરી રીતે રોગોનો ભોગ બની એ મૃત્યુ - શય્યામાં પોઢી ગયો અને ત્યારે ય અંતિમ સમયના એના શબ્દો હતા કે ''હજુતો મારે ઘણી વાનગીઓ માણવાની બાકી છે!''

શરીરને પહેલા ભોગાયતન અને પછી રોગાયતન ન બનાવવું હોય તો ભોજનસંબંધી કેટલાક માર્ગદર્શક નિયમો જીવનમાં અપનાવો. જેમ કે (૧)

પથ્ય ભોજન વાપરવું. શરીરની પ્રકૃતિ - ઋતુકાળ વગેરેને અનુરૂપ જે ભોજન પથ્યરૂપ હોય - સ્વાસ્થ્ય માટે હિતકારી હોય તે વાપરવું. સ્વાદવૃત્તિ આગળ ધરી અપથ્ય ભોજન ન કરવું. (૨) વિરુદ્ધ ગુણધર્મવાળા ભોજનનો ત્યાગ કરવો, જેમ કે કેટલાક સ્વાદશોખીનો દૂધમાં દ્રાક્ષ - સંતરા - કેળા વગેરે નાંખી Fruit salad વાપરે છે. વસ્તુત઼ઃ દૂધ અને ખટાશ પરસ્પર વિરુદ્ધ ગુણધર્મ ધરાવતા દ્રવ્ય છે. એનાથી આરોગ્યને નુકસાન થાય જ. આવા વિરુદ્ધ ગુણધર્મવાળા દ્રવ્યો આરોગવાથી દૂર રહેવું (૩) બજારુ તૈયાર ચીજો આરોગવી નહિ. એની બનાવટની રીતરસમ - દ્રવ્યોની ગુણવત્તામાં ખામી - વાસી દ્રવ્યોની ભેળસેળ આરોગ્યને બૂરી રીતે જોખમાવે છે. (૪) કસમયે ન વાપરવું. બે ટંકના ભોજનનો સમયગાળો પાચનતંત્રની દૃષ્ટિએ નિશ્ચિત રાખવો. વાપર્યા પછી થોડા સમયમાં ફરી મનગમતી ચીજો વાપરીએ એ કસમયનું ભોજન છે. (૫) ઊનોદરી રાખવી. એટલે ઠાંસી ઠાંસીને ન વાપરતાં પેટમાં થોડી જગ્યા ખાલી રહે તે રીતે વાપરવું.

છેલ્લે એક વાત ઃ **નિરોગી દેહનું મુખ્ય કારણ ભોજન છે... અને રોગિષ્ઠ દેહનું મુખ્ય કારણ પણ ભોજન જ છે.**

૨૦

ડૉક્ટરનાં પરીક્ષણ સમયે કદી શરમ ન રાખવી... દોષોનાં સેવન સમયે કદી શરમ નેવે ન મૂકવી...

વકીલની સલાહ - સૂચન - માર્ગદર્શન બહુ બહુ તો આપણને case જીતવામાં સહાય કરી શકે. Doctorની સલાહ - સૂચન - માર્ગદર્શન બહુ બહુ તો આપણને રોગ દૂર કરવામાં સહાય કરી શકે. અલબત્ત, આમાં ય એક વાત છે કે તે તે વકીલ - Doctor સ્વાર્થ અથવા અણઆવડત ધરાવતા હોય તો લાભનાં સ્થાને નુકસાન કરે અને સમસ્યાને દીર્ઘકાલીન બનાવી દે. છતાં ધારો કે એ વકીલ - Doctor નિષ્ણાત અને પ્રામાણિક હોય તો પણ એમનાથી થતો ઉપરોક્ત લાભ માત્ર આ લોકને - વર્તમાન જીવનને જ અસરકર્તા બને, પરલોકને - આગામી જન્મોને જરા પણ નહિ. જ્યારે આના મુકાબલે સદ્‌ગુરુ ભગવંતોના ઉપદેશ - હિતકારી માર્ગદર્શનની વાત વધુ શ્રેષ્ઠ છે - ચડિયાતી છે. કેમ કે એ આપણા આ લોકને જ નહિ, પરલોકને પણ લાભ કરાવવા પૂર્ણ સક્ષમ છે. એથી જ આપણે આવા પાંચ ઉપદેશવચનો પર કેટલાક સમયથી ચિંતનયાત્રા કરીએ છીએ. આજે એમાં વિચારીશું અંતિમ બે સૂત્રો :

(૪) પાપ થાય તેવું કમાશો નહિ :-

એક વાત નિશ્ચિત છે કે સંસારના લગભગ તમામ વ્યવહારો પૈસા પર આધારિત હોવાથી સંસારી વ્યક્તિ માટે પૈસો ચોક્કસપણે મહત્ત્વનું પરિબળ બની રહે છે. કબૂલ કે પૈસો સંસારી વ્યક્તિ માટે જીવનનું અનિવાર્ય અંગ છે,

પરંતુ એ ગલત માર્ગે - પાપ માર્ગે એકત્ર કરવો અનિવાર્ય નથી. આ યુગમાં જલ્દીથી ધનવાન બની જવાની અને વૈભવી Lift Style માં રાચવાની માનસિકતા એવી પ્રબળ બની ગઈ છે કે એનાં કારણે વ્યક્તિ વ્યવસાયમાં સાચો માર્ગ - ખોટો માર્ગ હકનું - હરામનું કાંઈ જ જોવા - વિચારવા તૈયાર નથી. બસ, એક જ વલણ છે કે જેવું મળે - જેટલું મળે - જ્યાંથી મળે તે બધું ઝડપથી હડપ કરી લો. પહેલા વ્યક્તિ એમ માનતી હતી કે બે હાથ વચ્ચે પેટ છે, તો બે હાથે ભરપૂર મહેનત કરી પછી એ મહેનતને અનુરૂપ હકનું મેળવી પેટ ભરવું. આજે વ્યક્તિ એમ માને છે કે બે હાથ વચ્ચે પેટ છે, તો બે હાથે જેટલું લુંટાય એટલું લૂંટી લઈને પેટ ભરવું.

એક વાત ખબર છે? કૂતરાની એક ખાસિયત છે કે ખોરાક આરોગતા પૂર્વે એ એને સૂંઘે, પછી જ એ એને આરોગે. આપણે કમ સે કમ આ કૂતરાનું સ્તર તો જાળવી રાખીએ. એનાથી નિમ્ન સ્તરે ન જઈએ. આપણે સંપત્તિ સૂંઘીને પછી જ એ મેળવવાના અભરખા રાખીએ. એને સૂંઘવાની કેટલીક રીતરસમ કાંઈક આવી છે :

✻ એ અતિ નિંદ્ય માર્ગે ન મેળવાવી જોઈએ. લોકો વ્યસનોના ખપ્પરમાં હોમાઈ જાય એવા માર્ગે કે સ્ત્રીઓને દેહવ્યવસાયમાં ધકેલવા જેવા માર્ગે સંપત્તિ મેળવવી તે અતિ નિંદ્ય માર્ગની સંપત્તિ છે. આવા આવા કોઈ પણ માર્ગે સંપત્તિ મળી શકતી હોય તો ય એ મેળવવાથી દૂર રહેવું.

✻ એ અતિ હિંસક માર્ગે ન મેળવાવી જોઈએ. કતલખાના - Poultry Farm - Chicken Shop વગેરે જે માર્ગે પ્રાણીઓનાં આંસુથી જ નહિ, લોહીથી પૈસો કલંકિત થયો હોય એવી સંપત્તિ સામેથી મળતી હોય તો ય એને ઠુકરાવવી જોઈએ.

✻ એ કોઈની 'હાય' લઈને મેળવાવી ન જોઈએ. કેટલીક વાર સામી વ્યક્તિની જીવનભરની મૂડી સાફ થઈ જાય એવો કાતિલ વિશ્વાસઘાત કરી પૈસો રળી લેવાતો હોય છે, તો ક્યાંક નાની નાની વ્યક્તિઓને જીવન જીવવાનાં ફાંફા પડી જાય એ હદે રિબાવાતી હોય છે. આવી રીતે મેળવાતો કે પૂર્વોક્ત રીતે મેળવાતો પૈસો વસ્તુત : 'હાય'નો પૈસો છે. એના માટે યાદ રાખજો એક વાત કે 'હાય' થી મેળવાતો પૈસો અંતે જીવનમાં 'લ્હાય' લગાડ્યા વિના રહેતો નથી.

વિવેકી વ્યક્તિ આવો પૈસો ઘરમાં ન પ્રવેશી જાય. તેની કેવી તકેદારી રાખે એની એક સત્ય ઘટના નિહાળીએ : મુંબઇ - શાંતાક્રુઝના એક શ્રીમંત ભાઇ. એમની પાસેથી એક વ્યક્તિએ પંદર લાખ રૂ. ઊછીના લીધા હતા. એ સમયે પંદર લાખની કિંમત ઘણી વધુ હતી. પછી બન્યું એવું કે વ્યાજ સહિત આવનારી એ રકમ નિયત સમય પછી પણ પરત ન આવી. એક - બે - ત્રણ વાર ઉઘરાણી પછી ય ન વ્યાજ આવ્યું, ન મૂળ રકમ આવી. શ્રીમંત ભાઈ વાતનો ફેંસલો લાવવા જોરદાર Pressure લાવવાની ધારણા સાથે એના ઘરે ગયા. પણ ઘરમાં પ્રવેશતાં જ એમણે અનાયાસે પતિ - પત્ની વચ્ચેનો જે વાર્તાલાપ સાંભળ્યો એનાથી એમને ખાતરી થઇ ગઇ કે એ ભાઇની આર્થિક સ્થિતિ ખાવાનાં ફાંફા હોય એ હદે કથળી ગઇ છે. જીવન ગુજારવામાં એ તીવ્ર ભીંસ - આર્થિક સંકડામણ અનુભવી રહ્યો છે. એમણે ત્યાં જ મનોમન નિર્ણય લઇ લીધો કે 'હવે વ્યાજ - મુદ્દલ કાંઇ લેવું નથી. જો મેળવવાની અપેક્ષા રાખીશ તો આજે નહિ તો કાલે મનમાં સંકલેશો જાગશે અને કડક રસ્તાઓ અપનાવવાનું મન થશે.' એમણે ઘરમાં પ્રવેશી પેલા રિબાતા દેણદારને કહી દીધું કે ''મારે હવે આ રકમ જોઇતી નથી. મારો ડર રાખ્યા વિના તું તારું જીવન Set કર. ભવિષ્યમાં તું Set થઇ જાય તો આ રકમ બીજી કોઇ રીબાતી વ્યક્તિનું જીવન Set કરવામાં વાપરજે.''

પૈસો કેવી રીતે સૂંઘવો તે આ ઘટનામાં સરસ પ્રતિબિંબિત થાય છે.

(૫) શરમ થાય તેવાં કાર્ય કરશો નહિ :-

સામાન્યપણે વિચારીએ તો શરમ વ્યક્તિનાં જીવનનો minus point ગણાય છે. જેમ કે વ્યક્તિને તે વિષયનું ભરપૂર જ્ઞાન હોય, છતાં સભા વચ્ચે શરમ અનુભવવાનાં કારણે પોતાની રજૂઆત સરસ રીતે કરી ન શકે અને બીજાઓની સામે એ પાછી પડી જાય... પોતાની શારીરિક સમસ્યાઓનો વ્યક્તિને પૂરેપૂરો ખ્યાલ હોય, છતાં Doctor સમક્ષ એની રજૂઆતમાં એ શરમ અનુભવે અને રોગથી મુક્ત ન થઇ શકે. માત્ર આ બે ઉદાહરણોમાં જ નહિ, આવી અન્યાન્ય ઘણી બધી બાબતોમાં એવું પુરવાર થતું હોય છે કે શરમ minus point છે.

પણ... સબૂર! કેટલીક બાબતો એવી છે કે જેમાં શરમ minus point નહિ plus point પુરવાર થાય છે. અભિશાપરૂપ નહિ આશીર્વાદરૂપ પુરવાર

થાય છે : જેમ કે ગલત કૃત્યો - પાપકૃત્યો. જ્યારે જ્યારે વ્યક્તિ ગલત કૃત્યો - પાપકૃત્યો કરવા તરફ વળે ત્યારે ત્યારે જો એનામાં સંસ્કારવશ - ખાનદાનીવશ શરમ પ્રગટે તો એ અવશ્ય એના માટે Plus point પુરવાર થાય. કારણ કે એ શરમ પાપકૃત્યો તરફ ધસમસતી એની જીવનગાડી માટે Red Signalનું કામ કરશે, અટકાવવાનું કાર્ય કરશે.

ખબર છે પેલું મર્મભર્યું હૃદયસ્પર્શી સુવાક્ય? એ એમ કહે છે કે **''જો પાપો કરતાં – ગલત કાર્યો કરતાં અટકી જવું હોય તો આંખોમાં શરમનાં આંસુ રાખો અને પાપ કર્યા પછી એના ભયાનક પરિણામોથી બચી જવું હોય તો આંખોમાં પશ્ચાત્તાપનાં આંસુ રાખો. આ બન્ને આંસુ પવિત્ર જીવનની મોંઘેરી મૂડી છે.''** જરા વિસ્તારથી સમજીએ આ વાત.

ધારો કે એક વ્યક્તિને સંયોગોવશ - પરિસ્થિતિવશ વિશ્વાસઘાત - ચોરી - ભ્રષ્ટાચાર જેવા ગલત કૃત્યો આચરવાનું મન થયું છે, તો આકર્ષણવશ - આવેગવશ વ્યભિચાર - દુરાચાર જેવાં પાપો આચરવાનું મન થયું છે. હવે જો એનામાં ખાનદાનીનાં કારણે - સંસ્કારોનાં કારણે શરમનું તત્ત્વ હશે તો પરિસ્થિતિ અને આકર્ષણની ઉપરવટ જઇને પણ એ વિચારશે કે ના, મારાથી આ ન કરાય, મને આ ન શોભે. પરિણામ એ આવે કે અંતે એ ગલત કાર્યથી પ્રાયઃ બચે. કરવી છે આની પ્રતીતિ? તો વાંચો આ કાલ્પનિક કથા :

બળદ અને ગધેડો. બન્ને એમના માલિક પ્રત્યે ખૂબ અસંતુષ્ટ હતા. કારણ કે માલિક બન્ને પાસે પાર વગરનું કામ કરાવતો હતો અને ખવડાવવામાં કંજુસાઇ કરતો હતો. બન્ને સમદુઃખિયાએ એક વાર પરસ્પર સમક્ષ માલિક માટે હૈયાવરાળ કાઢી. ગધેડાએ પ્રસ્તાવ રાખ્યો કે ''આપણે કાલથી તબિયત બગડ્યાનો દેખાવ કરી નાટકબાજી કરીએ. માલિક કોઇ કામમાં જોતરવા આવે એટલે ભૂમિ પર સૂઈ જઇ આળોટવા માંડીએ, કેમે ય કરી ઊભા જ ન થઇએ. આ રીતે માલિકને થકવી દઇ કોઇ કામ ન કરીએ. એ ભરપેટ ભોજન આપે પછી જ કામ કરીએ.'' બળદે આ હડતાલ પર ઊતરવાના કાર્યક્રમને મંજૂરી આપી.

બીજે દિવસે ગધેડો, તો નાટકબાજી કરી કામ કરવામાંથી છટકી ગયો. પરંતુ બળદ આવું કાંઇ ન કરતા સહજતાથી કામમાં જોતરાઈ ગયો. આશ્ચર્યસ્તબ્ધ થયેલ ગધેડાએ સાંજે એકાંતમાં બળદને પૂછ્યું : ''કેમ? તને નાટક કરતાં ન આવડ્યું કે શું થયું? કાલનો આપણો કોલ કેમ ન પાળ્યો?''

બળદની આંખમાં આંસુ ઉભરાયા. એ બોલ્યો : 'નાટકબાજી તો મને ય પૂરેપૂરી આવડતી હતી. પરંતુ એમ કરવામાં મને લજ્જા - શરમ આવી કે આવું કરવાથી તો મારી માતાનું દૂધ લજવાય. હું કોણ? ગાયનું સંતાન. હું જો આવી બેવફાઈ કરું તો ગાયનું દૂધ લજવાય. માટે મેં કાર્યમાં જોતરાઈ જવાનું રાખ્યું.''

કથા આ ભલે કાલ્પનિક છે, પણ સાર એનો વાસ્તવિક છે કે શરમ વ્યક્તિને અનુચિત - ગલત કે પાપકૃત્યોથી બચાવી શકે છે.

છેલ્લે એક મજાની વાત : **ડૉક્ટરનાં પરીક્ષણ સમયે કદી શરમ ન રાખવી... દોષોનાં સેવન સમયે કદી શરમ નેવે ન મૂકવી...**

✤ ✤ ✤

૨૧

ક્રોધમીમાંસા : ગુસ્સાનો પ્રારંભ ભલે જુસ્સાથી થતો હોય... પરંતુ એનો અંત તો પશ્ચાત્તાપથી જ આવતો હોય છે...

પવિત્ર આગમગ્રન્થ : 'આચારાંગસૂત્ર'માં ક્રોધાદિ કષાયોના સંદર્ભમાં એક માર્મિક વચન છે કે ''एस खलु गंथे एस खलु मोहे एस खलु मारे एस खलु निरए.'' પર્યુષણામહાપર્વના મંગલમય પર્વદિવસો નિકટ આવી રહ્યા છે ત્યારે શાસ્ત્રની આ વાણીને આપણે ક્રોધનાં અનુસંધાનમાં નિહાળીએ.

આચારાંગ આગમનું ઉપરોક્ત વચન ક્રોધને પ્રથમ ઉપમા આપે છે ગ્રન્થિની - ગાંઠની. ગાંઠ જો હૃદયમાં સર્જાય તો વ્યક્તિને એકાએક Heart attack આવી જાય અને ગાંઠ જો મગજમાં સર્જાય તો વ્યક્તિને Brain hemorrhage થઇ જાય. ક્રોધ પણ આવી જ ગાંઠ છે. પેલી ગાંઠ ફક્ત શરીરનાં સ્તરે નુકસાન કરે, જ્યારે ક્રોધની ગાંઠ શારીરિક - સામાજિક ઉપરાંત આત્મિક સ્તરે ખતરનાક નુકસાન કરે... પૂર્વોક્ત શાસ્ત્રવચન ક્રોધને બીજી ઉપમા આપે છે મોહની અર્થાત્ અજ્ઞાનની. જે તે વિષયની અજ્ઞાની વ્યક્તિ એ વિષયમાં ઝંપલાવે તો સરવાળે નુકસાન જ નોંતરે, એમ ક્રોધ જેનાં જીવનમાં પાંગરે એ વ્યક્તિ પણ સરવાળે બધી રીતે નુકસાન નોંતરે.

આચારાંગ શાસ્ત્ર ક્રોધને ત્રીજી ઉપમા આપે છે મારની અર્થાત્ મરણની. મૃત્યુ જેમ વ્યક્તિને ભયાનક ત્રાસનો અનુભવ કરાવી સ્વજનો આદિથી કાયમ માટે વિખૂટી કરી દે, એમ ક્રોધ પણ વ્યક્તિને ભયાનક ત્રાસનો અનુભવ કરાવવા ઉપરાંત સ્વજનાદિથી કાયમ માટે દૂર કરી દે. અને ચોથી

ઉપમા આપતા શાસ્ત્રકાર કહે છે કે ક્રોધ જાણે કે સાક્ષાત્ નરક છે. **અતિશય ક્રોધી વ્યક્તિ મૃત્યુ પામ્યા બાદ નરકે જાય એ તો પછીની વાત છે. પહેલી વાત એ છે કે ક્રોધનાં કારણે એ જ્યાં હોય ત્યાં નરક જેવું સંક્લિષ્ટ વાતાવરણ સર્જી દે છે.**

આચારાંગ સૂત્રની આ છેલ્લી ઉપમાના સંદર્ભમાં સ્મૃતિમાં આવે છે વર્ષો પહેલાની એક સત્ય ઘટના. અમે સ્વયં નિહાળ્યું હતું કે એક ભાઈ અતિશય ક્રોધી સ્વભાવવશ પારિવારિક નાની - મોટી વાતોમાં અમારી સહુની સમક્ષ જાહેરમાં એમ બોલી જતા કે ''હું હવે કાંઈ સહન કરી શકું એમ નથી. હું તો ઘાસલેટ છાંટીને બળી મરવાનો છું.'' વારંવારના આવા વિચારોનું - શબ્દોનું દુઃખદ પરિણામ એ આવ્યું કે એક વાર એ જાતે જ ઘાસલેટ છાંટીને સળગી ગયા! આ અવિચારી કૃત્યથી એ તુર્ત મૃત્યુ તો ન પામ્યા. પરંતુ તીવ્ર બળતરા વચ્ચે કેટલો ય સમય જીવન - મરણ વચ્ચે ઝોલાં ખાતા રહી ઘણા સમય બાદ મૃત્યુ પામ્યા. એ સમયખંડ દરમ્યાન પોતે જીવતે જીવ નરકનો અનુભવ કર્યો અને સ્વજનોને નરકનો અનુભવ કરાવ્યો.

આવા જાલિમ નુકસાનો કરાવતા ક્રોધથી દૂર રહેવાની ઈચ્છા તો હર કોઈને હોય છે. પરંતુ એ ઈચ્છાને સફલ કરવામાં બહુ ઓછી વ્યક્તિઓ કામિયાબ નીવડે છે. ક્રોધથી દૂર રહેવા માટે સ્વપક્ષસંબંધી અને પરપક્ષસંબંધી જાતજાતની સમ્યગ્ વિચારણા થઈ શકે. સ્વપક્ષની એટલે પોતાની જાતના સંદર્ભની વિચારણા કે ક્રોધથી બચવા મારે સ્વયં શું કરવું યા શું ન કરવું જોઈએ. અને પરપક્ષની એટલે સામી વ્યક્તિના સંદર્ભની વિચારણા કે કોઈ વ્યક્તિ અતિશય ક્રોધાવેશમાં હોય ત્યારે મારે શું કરવું યા ન કરવું જોઈએ આવો, પર્યુષણામહાપર્વને પામી એના મુખ્ય આદર્શ ક્ષમાપનાને - ક્રોધમુક્તિને આત્મસાત્ કરવા આજે આપણે પરપક્ષસંબંધી અર્થાત્ અતિશય ક્રોધમાં આવી ગયેલ સામી વ્યક્તિ સંબંધી કેટલીક નાની - નાની છતાં પરિણામદાયી વિચારણા કરીએ :

(૧) શીખામણ આપવી નહિ :-

તવી જ્યારે એકદમ ગરમ હોય ત્યારે એના પર છંટાતા જલબુંદ તરત જ 'છમ્' થઈને બળી જતા હોય છે. એમ વ્યક્તિ જ્યારે એકદમ ક્રોધાવેગમાં હોય

ત્યારે કહેવાતાં શિખામણવચનો ય કોઈ પરિણામ લાવ્યા વિના જાણે કે વરાળ થઈ જતા હોય છે. એ ક્ષણો શિખામણ માટે જરા પણ યોગ્ય નથી હોતી. કારણ કે ત્યારે એનામાં કોઈ પણ સારી - હિતકારી બાબત સમજવાનો કે સ્વીકારવાનો વિવેક બચ્યો નથી હોતો. એ સમય જતાં ઠરે - શાંત થાય પછી જ અવસર નિહાળી શિખામણનાં હિતવચનો યોગ્ય રીતે કહેવાના હોય, એ પૂર્વે નહિ. આ સંદર્ભમાં 'શિખામણ' શબ્દની એક રમૂજી વ્યાખ્યા ખાસ યાદ રાખવા જેવી છે કે **''જે શીખ્યા હોય મણ, એ જ આપી શકે શીખા – મણ.''**

(૨) ભૂલ બતાવવી નહિ અને ઠપકો આપવો નહિ :-

સંયોગો સામાન્ય - normal હોય ત્યારે ય માનસશાસ્ત્રીય નિયમ એ કાર્યરત હોય છે કે આપણે સામી વ્યક્તિની ખોટી પણ વિશેષતા દર્શાવીએ યા પ્રશંસા કરીએ તો એ ખુશખુશાલ થઈ જશે અને જો આપણે એ વ્યક્તિની સાચી પણ ખામી રજૂ કરીએ યા ઠપકો આપીએ તો એ થોડી મુરઝાઈ જશે - Moodless થઈ જશે. કેમ કે દરેક વ્યક્તિને પ્રશંસા પ્રિય હોય છે, ભૂલ યા ઠપકો નહિ. સામાન્ય સંયોગોમાં પણ જો વાસ્તવિકતા આ છે તો ક્રોધની - આવેશની મનઃસ્થિતિમાં સામી વ્યક્તિ આપણે દર્શાવેલ ભૂલો યા ઠપકો સ્વીકારવાની માનસિકતા ક્યાંથી દાખવી શકે? ન જ દાખવી શકે.ત્યારે સામી વ્યક્તિની પ્રતિક્રિયા ભૂલના બચાવની અને ઠપકાના અસ્વીકારની જ રહે. એનાથી પરિણામમાં ઘર્ષણ વધે. માટે ભૂલો દર્શાવવાના યા ઠપકો આપવાના વલણથી બનતી શક્યતાએ દૂર રહેવું.

(૩) ભૂતકાલીન દોષો યાદ ન કરાવવા :-

આપણે સ્વયંનું તટસ્થ જાતનિરીક્ષણ કરીશું તો એ સમજાશે કે સામી વ્યક્તિ સાથેનાં ઘર્ષણમાં કેટલીય વાર આપણે તે મુદ્દા સાથે સંબધિત ન હોય તેવી કેટલીય ભૂતકાલીન વાતો સામી વ્યક્તિને સંભળાવવાનું વલણ રાખ્યું છે. જેમ કે 'મને ખબર છે કે તારો સ્વભાવ દરેકની સાથે ઝઘડા જ કરવાનો છે.. મને બરાબર યાદ છે કે ગત બનાવમાં તેં મારી સાથે કેવી બદમાશી કરી હતી' ઈત્યાદિ. વસ્તુતઃ મૂળ મુદ્દા સિવાયની આવી ભૂતકાલીન આક્ષેપાત્મક વાતોથી સામી વ્યક્તિ સમજવાની વાત તો દૂર રહી, બલ્કે એ

વધુ ને વધુ ઉશ્કેરાશે અને બેફામ પ્રતિઆક્ષેપો કરી વાતને વધુ વળ ચડાવશે. માટે આ અભિગમથી પણ દૂર રહેવું.

(૪) કડવાં વચનો ન બોલવાં :-

ભડકી ગયેલ આગ બુઝાવી દેવાની ગણતરી હોય તો કરવાનું એ જ હોય કે ક્યાંકથી પાણીની વ્યવસ્થા કરી દઈ એનો મારો ચલાવવો. તો જ એ આગ શાંત થાય. હવે જો પાણીની વ્યવસ્થા ન થઈ શકી તો કમ સે કમ એટલો તો ખ્યાલ રાખવો જ જોઈએ કે આગ પર Petrol નો મારો ન ચલાવાય. જો એમાં Petrol છાંટ્યું તો એ આગ બે - કાબૂ બેફામ બની ગયા વિના ન જ રહે. બસ, આ જ વાત સામી વ્યક્તિના ક્રોધ - ઉશ્કેરાટ સમયે પણ લાગુ પડે છે. શક્ય હોય તો પાણી જેવા શીતલ - મધુર વચનોથી એના ક્રોધને ઉપશાંત કરવો. એ ન થઈ શકે તો કમ સે કમ કડવાં વચનો ઉચ્ચારી સામી વ્યક્તિના આવેશને વધુ ભડકાવવો તો નહિ જ. જો સામી વ્યક્તિ આવેશમાં હોય ત્યારે કટુ વચનોથી એને ભડકાવીએ તો પરિણામ શું આવે એ જાણવું છે? તો વાંચો હમણા જ મુંબઈના 'ગુજરાત સમાચાર'માં આવેલી આ સત્ય ઘટના :

પ્રેમસંબંધમાં અવરોધ સર્જાતા એક યુવાને Emotional થઈ જઈને એની પ્રેમિકાને Phone પર કહ્યું કે "તું જો આવું જ કરીશ તો હું આત્મહત્યા કરીશ." એને શાંતિથી સમજાવવાના યા ઉપેક્ષા કરવાના બદલે યુવતીએ હાડોહાડ લાગી જાય એવા ઉશ્કેરણીભર્યા નિષ્ઠુર કડવાં વચનો કહ્યા કે "તું કાલે મરી જતો હોય તો આજે મરી જા. મને તારામાં રસ જ નથી." આ કઠોર - કડવા શબ્દોથી યુવાનનો આવેશ એવો ભડક્યો કે એણે તુર્ત Facebook live કરીને આત્મહત્યા કરી અને એના માટે પેલી યુવતીને જવાબદાર ઠેરવી. એ તો મૃત્યુ પામ્યો. - પણ પેલી યુવતી ય Police Stationના ચક્કર કાપતી થઈ ગઈ! કટુ વચનોનો આ અંજામ હતો.

(૫) ખુલાસાઓ કરવા નહિ :-

એક સરસ વાક્ય વાંચ્યું હતું કે **"જ્યાં સંબંધો લાગણીના છે ત્યાં ખુલાસાઓની જરૂર નથી હોતી અને જ્યાં સંબંધો ધિક્કારના યા શંકાના છે ત્યાં ખુલાસાનો કોઈ અર્થ નથી હોતો."** અલબત્ત, આ એક 'phylosophical'

વિધાન છે. એને વ્યવહારુ બનાવીએ તો યોગ્ય સમયે ખુલાસા જરૂરી ગણી શકાય. પરંતુ આવેશની - ઉગ્રતાની ક્ષણોમાં ઘણી વાર ખુલાસાઓ એની ધાર - એની અસર ગુમાવી દેતા હોય છે. માટે સમય - સંયોગ એવા હોય તો ઝાઝા ખુલાસા કરવા નહિ. યોગ્ય સમયે અવસર પરખીને જ ખુલાસા કરવા.

(૬) મૌન રહેવું :-

સંસ્કૃત ભાષામાં એક મજાની સૂક્તિ છે કે ''मौनिन: कलहो नास्ति.'' જે વ્યક્તિ મૌનનું કવચ ધારણ કરી લે છે એને સામી વ્યક્તિના આવેશનાં બાણ વીંધી શકતા નથી. બલ્કે એ આવેશને શમાવવાનું કાર્ય કોઇ અન્ય મહેનત વિના આસાનીથી કરી શકે છે. માટે સામી વ્યક્તિ જ્યારે આવેશમાં હોય ત્યારે મૌનને હથિયાર બનાવો. સામે જરા ય જવાબ ન આપવો. અથવા તો ત્યાંથી ઊભા થઇ ચાલ્યા જવું. આ અભિગમથી સામી વ્યક્તિનો ગુસ્સો ભડકશે નહિ, બલ્કે આસાનીથી શમી જશે. યાદ રાખો કે **આવેશનાં ક્ષેત્રે સામનો કરવામાં બહાદુરી નથી, પલાયન થવામાં કે શાંત રહેવામાં જ બહાદુરી છે.**

છેલ્લે એક મસ્ત વાત : **ગુસ્સાનો આરંભ ભલે જુસ્સાથી થતો હોય, પરંતુ એનો અંત તો પશ્ચાત્તાપથી જ આવતો હોય છે.**

✤ ✤ ✤

૨૨ મેરુગિરિ શું ઉત્તુંગ વ્યક્તિત્વ : યુગદિવાકર સમર્થ સંઘનાયક આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.

લઘુક્ષેત્રસમાસ નામે જૈન શાસ્ત્રમાં મેરુપર્વતનું એવું પૂર્ણ અને આહ્લાદક વર્ણન મળે છે કે એ વાંચતા મેરુપર્વતની મહત્તા અંતરમાં પ્રતિષ્ઠિત થઇ જાય. એક લાખ યોજનની ગજબનાક ઊંચાઇ તે ધરાવતો હોવાથી અન્ય કોઇ પર્વત ઊંચાઇની દ્દષ્ટિએ એની બરાબરી કરી શકતા નથી. માટે એ કહેવાય છે પર્વતાધિરાજ. એ સુવર્ણ અને રત્નોથી ભરપૂર હોવાથી ક્યાંક એને સુવર્ણશૈલરૂપે જણાવાયો છે, તો ક્યાંક એને રત્નશૈલરૂપે પિછાણાયો છે.

આ મેરુપર્વતની સ્મૃતિ કરાવી જાય તેવી એક વિરલ વિભૂતિ નિકટના ભૂતકાળમાં થઇ ગઇ. જૈનશાસનના મહાન જ્યોતિર્ધર અને બેજોડ પ્રભાવકરૂપે પંકાયેલ એ મહાન વિભૂતિ એટલે અમારી યશસ્વી ગુરુપરંપરાના શિરતાજ દિવંગત યુગદિવાકર પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ. મુંબઇ ભાયંદરનું બાવનજિનાલય - કાંદિવલીનું ચતુર્વિંશતિજિનાલય - ઘાટકોપરનું ચતુર્મજલી જિનાલય - ચેમ્બુરતીર્થ - ગોવાલીયાટેંકનું પંચશિખરી જિનાલય વગેરે એકસો પાંત્રીશ જિનમંદિરોનાં નિર્માણ તથા પ્રતિષ્ઠાઓ, બોરીવલી જામલીગલી જૈન સંઘના આલીશાન ચતુર્મજલી ઉપાશ્રય વગેરે ચોર્યાશી ઉપાશ્રયોના સર્જન, વીશ અંજનશલાકા મહાનુષ્ઠાનો, બબ્બે હજાર પદયાત્રિકોયુક્ત બહોંતેર દિવસીય શત્રુંજયમહાતીર્થ પદયાત્રા

સંઘો જેવા આયોજનો, છપ્પન ખંડની પંચમજલી જૈન ધર્મશાળા - Clinic - શત્રુંજય Hospital જેવા સેવાકાર્યો, જૈન સાધર્મિકોની સ્થાયીરૂપે વિપુલ ભક્તિ આદિ અજોડ શાસનપ્રભાવનાઓ દ્વારા એમણે મેરુપર્વત શી ઊંચાઇ હાંસલ કરી હતી, તો અદ્ભુત જ્ઞાનસંપદા - ચારિત્રસંપદા - પરિણતિસંપદા દ્વારા મેરુગિરિ જેવું રત્નમય - સ્વર્ણમય પોતે હાંસલ કર્યું હતું. વિ.સં.૨૦૭૭ના આ શ્રાવણ શુદિ અગિયારશ, તા. ૧૮ ઓગષ્ટે તેઓના ૧૧૮ મા જન્મદિનની ઠેર ઠેર ભક્તિઉજવણી થઇ રહી છે ત્યારે આપણે પણ મેરુપર્વતની ચાર બાબતોની સાથે ગુરુદેવની ચાર બાબતો સરખાવી તેમને ગુણાંજલિ સમર્પિત કરીએ :

જૈન શાસ્ત્રો મુજબ મેરુપર્વતનો પ્રથમ વિભાગ છે કંદનો. એ વિભાગ ધરતીની અંદર દશ હજાર યોજનનો છે : જાણે કે એ ઉત્તુંગ મેરુગિરિનો Base - પાયો ન હોય! બસ ગુરુદેવનાં જીવનમાં આ કંદની કક્ષાની વિશિષ્ટતા હતી વિનયશીલતા. એમનામાં આ વિનયશીલતાનો ગુણ ટોચસ્વરૂપનો હતો જ, ઉપરાંત નૈસર્ગિક પણ હતો. એથી એમને વિનયશીલતા શીખીને નહિ, સહજ આત્મસાત્ કરી હતી. આ સહજ વિનય એમનામાં કેવો દેદીપ્યમાન હતો એનો એક હૃદયસ્પર્શી પ્રસંગ નિહાળીએ :

ઇ.સ. ૧૯૨૬. ત્યારે તેઓ બાવીશવર્ષીય મુનિધર્મવિજયજીરૂપે તેમના વડીલ ભગવંતો સાથે તળાજાતીર્થે ચાતુર્માસ હતા. ચાતુર્માસમાં તેઓ મહાનિશીથસૂત્રની કઠિન યોગસાધના કરતા હતા. છતાં એમનો અખંડ નિયમ એ હતો કે નિત્ય રાત્રે એમના પરમગુરુદેવ પ્રવચનપ્રભાવક આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ.ની ચરણસેવા કરીને જ સૂવું. એ ચરણસેવા ત્યાં સુધી જારી રાખવાની કે પરમગુરુદેવ 'બસ, હવે જાવ' ન કહે. એમાં એક વાર આ નિયમની અગ્નિપરીક્ષા થઇ ગઇ. બન્યું એવું કે અતિ શ્રમનાં કારણે, ચરણસેવા શરૂ થયાની થોડી ક્ષણોમાં જ પરમગુરુદેવ નિદ્રાધીન થઇ ગયા. આથી દશ minute બાદ જે 'બસ હવે જાવ' શબ્દો બોલાતા હતા તે આજે ન બોલાયા. અન્ય કોઇ શિષ્ય હોત તો મન મનાવી લેત કે ગુરુજી નિદ્રાધીન થઇ ગયા છે. માટે મારું કર્તવ્ય પૂર્ણ થઇ ગયું. પરંતુ પરમવિનયશીલ ધર્મવિજયજીએ તો એ જ નિષ્ઠા રાખી કે પરમગુરુદેવનો આદેશ થાય પછી જ ચરણસેવા પૂર્ણ કરવી. લગભગ દોઢ કલાક બાદ અચાનક ઝબકી ગયેલ

પરમગુરુદેવે ધર્મવિજયજી મ.ને હજુ પણ ચરણસેવા કરતા જોયા ત્યારે તેઓ વાત્સલ્યથી ગદ્ગદ્ થઇ ગયા. એમણે મસ્તકે હાથ પ્રસારી સહજપણે કહ્યું :''તારા જેવા ભક્તિવંત શિષ્યો મળવા એ ય પુણ્યની નિશાની છે.''

આવી ઉત્કૃષ્ટ વિનયશીલતાથી સંપ્રાપ્ત ગુરુકૃપાએ જ એમને સાંપ્રત કાળના શ્રેષ્ઠ પ્રભાવક સૂરિપુંગવ બનાવ્યા હશે. કારણ કે શાસ્ત્રો તો કહે છે કે ''विवत्ती अविणीयस्स, संपत्ती विणीयस्स वि।'' મતલબ કે જે અવિનીત છે એનાં જીવનમાં વિપત્તિ છે અને જે વિનીત છે એનાં જીવનમાં સંપત્તિ છે. ઉપરોક્ત ઘટના એમના દીક્ષાજીવનનાં છટ્ઠા વર્ષે બની હતી. એનાં એક વર્ષ પૂર્વે ઇ.સ. ૧૯૨૫માં એમના ગુરુદેવ પૂ. પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી ગણિવરે સંપાદિત કરેલ 'ઉપદેશપદ' મહાગ્રન્થની સંસ્કૃત પ્રસ્તાવનામાં એ ગુરુદેવે શ્રી ધર્મવિજયજી માટે આ પંક્તિ લખી છે કે ''नैसर्गिक – कुलजविनयवैयावृत्त्यादिसद्गुणभाक्प्रकर्षप्रज्ञ – स्वीकृतलघुवय: प्रव्रज्य– मुनिश्री धर्मविजयस्य.'' આ પંક્તિ વાંચતા અમને પેલું સુવાક્ય યાદ આવી ગયું હતું કે તે શિષ્ય ધન્ય છે જેના હૈયે ગુરુ વસે છે. પરંતુ તે શિષ્ય તો ધન્યાતિધન્ય છે જે પોતાના ગુણો દ્વારા સ્વયં ગુરુનાં હૈયે વસે છે.

મેરુપર્વતનો બીજો વિભાગ છે નંદનવન સુધીનો. ગુરુદેવનાં જીવનમાં આ નંદનવન સુધીનાં સ્થાને હતી વિશિષ્ટ જ્ઞાનસાધના. માત્ર ચૌદ વર્ષના દીક્ષાપર્યાયમાં તેઓએ સંસ્કૃતભાષામાં છ હજાર શ્લોકપ્રમાણ નવતત્ત્વ સુમંગલાટીકા નામે નવો ગ્રન્થ રચ્યો હતો, તો યુવાનીનાં વર્ષોમાં જ પંચમકર્મગ્રન્થવિવેચન - ષટ્ત્રિંશિકાચતુષ્કપ્રકરણવિવેચન - શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુસૂત્રભાવાનુવાદ જેવા વિદ્વત્તાસભર ગ્રન્થો પ્રકાશિત કર્યા હતા. એમનો 'ભગવતીસૂત્રનાં પ્રવચનો' નામે વ્યાખ્યાનગ્રન્થ છ - છ વાર પુનરાવૃત્તિ પામ્યો છે, તો એમણે લખેલ 'શ્રમણ ભગવાન મહાવીર' ગ્રન્થની સાત - સાત વાર પુનરાવૃત્તિ થઈ છે. જૈન તત્ત્વજ્ઞાન - દ્રવ્યાનુયોગ પર એમનું પ્રભુત્વ એવું વિશિષ્ટ હતું કે તેઓ 'દ્રવ્યાનુયોગના વિરલ વ્યાખ્યાતા'રૂપે સમગ્ર જૈન સંઘમાં મશહૂર હતા...

મેરુપર્વતનો ત્રીજો વિભાગ છે સૌમનસવન સુધીનો. ઊંચાઇની દષ્ટિએ સૌથી મોટો વિભાગ આ છે. મેરુગિરિરાજના બાસઠ હજાર યોજન આ વિભાગમાં રોકાયા છે. ગુરુદેવનાં જીવનમાં સૌમનસવનનાં સ્થાને હતી પ્રચંડ

પુણ્યાઇ અને પ્રભાવકતા. શાસનસમ્રાટ સમુદાયના મૂર્ધન્ય વિદ્વાન અને તત્કાલીન જૈન શાસનના સમર્થ નાયક પૂજ્યપાદ આ.ભ.શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજે એક વાર હૃદયોદ્ગાર વ્યક્ત કર્યા હતા કે **''આ કાળમાં આ. શ્રી ધર્મસૂરિજી જેવી પુણ્યાઇ અન્ય કોઇની નથી.''** એક ધુરંધર આચાર્યપ્રવરે એમના માટે ઉચ્ચારેલ આ શબ્દો જ એ પ્રતીતિ કરાવી જાય છે કે તેઓની પુણ્યાઇ કેવી ઉત્કૃષ્ટ કક્ષાની હતી. આ પુણ્યના પ્રભાવે જ, આ લેખના પ્રારંભે ઝલકરૂપે દર્શાવેલ અગણિત શાસનકાર્યો તેમના વરદ હસ્તે થયા છે. જૈન શાસનનું એક પણ ક્ષેત્ર બાકી નહી હોય કે જ્યાં એમની પુણ્યાઇથી રૂડાં પ્રભાવક કાર્યો ન થયા હોય.

એમની પુણ્યાઇ સાથે સંલગ્ન ત્રણેક બાબતો ખાસ નોંધવા જેવી છે : (૧) ઝળહળતી પુણ્યાઇનાં કારણે મોટાં મોટાં શાસનકાર્યોમાં ય એમને ખાસ જહેમત ન હતી કરવી પડી. એમની નિશ્રામાત્રથી પણ મહાન કાર્યો ત્વરિત થઇ ગયાનાં ઉદાહરણો છે. જેમ કે ભાયંદર - બાવનજિનાલયતીર્થ નિર્માણ સમયે તેઓ ત્યાં માત્ર એક જ દિવસ પધાર્યા હતા. પછી ક્યારે ય ત્યાં ગયા ન હોવા છતાં એ કાર્ય સવાયું થયું. (૨) દૂરના - અંતરિયાળ પ્રદેશના સંઘોનાં કાર્યો હોય તો પણ તેઓ એક વત્સલ સંઘનાયકની ભૂમિકાથી એમનાં કાર્યો કરાવી આપતા. એમાંના કેટલાય સંઘોના અગ્રણીઓ તો પ્રથમવાર જ આવ્યા હોય તો ય એમનાં કાર્યો થઇ જતા. (૩) આ ધર્મકાર્યો કરાવતા તેઓ નામનાની કે પોતાના સમુદાયનો તે સંઘમાં હક રહેશે એવી કોઇ માંગણી ન કરતા. માત્ર નિઃસ્પૃહભાવે સંઘકાર્યો કરતા. એમના આ અભિગમથી સમકાલીન અન્ય સમુદાયવર્તી શ્રમણો પણ એમના માટે કેવું માન ધરાવતા હતા એની બે - ત્રણ ઝલકો જોઇએ :

✻ આચાર્ય સદ્ગુણસૂરિજી મ. એમના માટે લખે છે કે ''શાસનનાં કાર્યો કરવાની જે અપૂર્વ ધગશની પ્રશંસા લોકો કરતા હતા એના કરતા પણ એમની વિશેષતા જાણવા - અનુભવવા મળી.. તેમનાં કાર્યો જૈન શાસનના ચોપડે સુવર્ણાક્ષરે રહેશે.''

✻ સમર્થ વિદ્વાન આચાર્ય ધર્મધુરંધરસૂરીશ્વરજી મ. ગુરુદેવ પરના એક સંસ્કૃતપત્રમાં આ વિશેષણ લખે છે કે ''नानाविधदानप्रवाहवारिवाह:'' ભાવાર્થ કે તેઓ અનેક પ્રકારનાં દાનોનો પ્રવાહ વહેતો રાખવામાં મહામેઘ સમાન હતા.

✻ પંન્યાસ પૂર્ણાનંદવિજયજી ગણિ (કુમારશ્રમણ) ગરુદેવ માટે લખે છે કે ''એમના બન્ને હાથ વસ્તુપાલ - તેજપાલ જેવા દાનેશ્વરી હતા. ક્યારે કોને કેટલું અપાવ્યું એના લેખા - જોખાં કોઈની પાસે નથી...''

મેરુપર્વતનો અંતિમ અને સૌથી ઉપરનો - ટોચનો વિભાગ છે પાંડુકવન સુધીનો. એની સાથે સરખાવી શકાય એવી ગુરુદેવનાં જીવનની ટોચની બાબત હતી પરિણતિ. એમની આંતર પરિણતિનો પ્રત્યક્ષ અનુભવ કર્યા બાદ, અમને કાયમ એ મહેસૂસ થયા કર્યું છે કે અમે પ્રત્યક્ષ નિહાળેલ - પરિચય કરેલ મહાપુરુષોમાં ગુરુદેવનું આંતરિક સ્તર સર્વશ્રેષ્ઠ હતું. પોતાના ગુરુદેવ હોવાનાં કારણે આ અનુભૂતિ નથી, બલ્કે તટસ્થ અન્વેષણ પછીની આ અનુભૂતિ છે. એમની આરાધકવૃત્તિ - સરલતા - દાક્ષિણ્ય - સંઘવાત્સલ્ય - નિઃસ્પૃહતાદિ અઢળક આંતર ગુણો સાચે જ બેમિસાલ હતા. એમની ઉત્તમ પરિણતિએ જ એમને વિશાલ ચતુર્વિધ સંઘ સમક્ષનું અને પૂર્ણ જાગૃતિમય નવકારમય સમાધિમરણ બક્ષ્યું. આપણે એ ગુણવંતા ગુરુદેવને અંજલિ અર્પતા કહીએ કે :-

जब तक है गगन में चांद, और समंदर में पानी।
जिनशासन में अमर रहेगी, धर्मसूरि की जीवनकहानी।।

✤ ✤ ✤

૨૩ શ્રદ્ધા - જ્ઞાન - આચાર અને પરિણતિના વૈભવનો સુવર્ણ સંગમઃ પરમશાસનપ્રભાવક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.

આપણી આંખો સમક્ષ દેખાતું આકાશ આપણને ભલે વિરાટ જણાતું હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે અનંત આકાશનો ફક્ત એક નાનકડો અંશ છે. સંપૂર્ણ આકાશ તો એટલું કલ્પનાતીત વિરાટ છે કે દુનિયાનો કોઇ ગજ એને માપી ન શકે. બસ, મહાન વિભૂતિઓના ગુણો પણ આકાશ સમા હોય છે. આપણે એમના જે ગુણો જાણતા હોઈએ એ આપણને ભલે ખૂબ ઉત્તુંગ - વિરાટ લાગતા હોય, પરંતુ વાસ્તવિકતા એ છે કે તે ગુણો એમના અફાટ - વિરાટ ગુણમય વ્યક્તિત્વનો ફક્ત એક નાનકડો અંશ હોય છે. એમનું સંપૂર્ણ ગુણમય વ્યક્તિત્વ તો એવું ગજબનાક - અદ્‌ભુત હોય છે કે કલમનવેશોની કલમ એને શબ્દોમાં સમાવી ન શકે - અક્ષરોમાં અંકિત ન કરી શકે.

આવી જ એક ગુણગરિષ્ઠ વિરલ વિભૂતિ એટલે પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી સમર્થ વિદ્વાન શાસનધુરીણ પરમશાસનપ્રભાવક ગુરુદેવ આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. આ જેઠ વદિ ત્રીજની તેઓની પાંચમી વાર્ષિક પુણ્યતિથિના પુણ્ય નિમિત્તે આપણે સંક્ષેપમાં તેમની ચાર વિશિષ્ટતાઓ નિહાળીએ :

(૧) શ્રદ્ધાવૈભવ :-

તારક પરમાત્મા શ્રી તીર્થંકરદેવો પ્રત્યે એમની શ્રદ્ધા - ભક્તિ એવી બેમિસાલ હતી કે દીર્ઘ - કઠિન વિહારો હોય તો પણ તેઓ વિહાર પૂર્વે પ્રભુજીનાં દર્શન - ચૈત્યવંદનનો આગ્રહ રાખે. તે પછી જ વિહાર શરૂ કરવા દે. ઉનાળાની કાતિલ ગરમી હોય, અઢારથી વીશ k.m. નો 'non - stop' વિહાર હોય તો ય પૂજ્યશ્રીનો આગ્રહ એ જ હોય 'પહેલા પ્રભુનું ચૈત્યવંદન.. પછી વિહાર.' મહદંશે એવું બને કે વીશ k.m. ના વિહારના અંતે આવતા સામેના ગામમાં ય દેરાસર હોય ત્યારે શિષ્યો એમ કહે કે 'આજે ત્યાં દર્શન કરીશું.' તો પૂજ્યશ્રી તરત હળવાશથી કહે : ''ત્યાં બીજી વાર ચૈત્યવંદન કરીશું. પણ પહેલું ચૈત્યવંદન તો અત્યારે જ - અહીં જ.'

આ અનૂઠી શ્રદ્ધાએ જ ઘાટકોપર - જગડૂશાનગર જિનાલયરક્ષા આંદોલન પ્રસંગે પૂજ્યશ્રી પાસે સહજ ભાવે એ શબ્દો ઉચ્ચારાવ્યા હતા કે ''દેરાસર પરની આફત ટળશે નહિ ત્યાં સુધી હું અહીંથી ખસીશ નહિ.'' એમના શબ્દો અક્ષરશ : સાચા ઠર્યા. આફત સંપૂર્ણ દૂર થઇ પછી જ તેઓએ ત્યાંથી વિહાર કર્યો...

(૨) જ્ઞાનવૈભવ :-

વિ.સં. ૨૦૫૬. પૂજ્યશ્રી મુંબઈથી ગુજરાત તરફ વિહાર કરતાં National Highway પરના મહાલક્ષ્મી Petroleum પર એક દિવસની સ્થિરતારૂપે પધાર્યા. બપોરે વાર્તાલાપમાં ત્યાંના જૈન માલિક શ્રી જયંતિભાઇ ગાલા પૂજ્યશ્રીને ત્યાંનો નાનો બગીચો દૂરથી બતાવતા બોલ્યા : ''આજના વિજ્ઞાને એવી પ્રગતિ કરી છે કે શાકભાજીને એના મૂળ colour સિવાયના અલગ અલગ colour આપી શકાય.'' તુર્ત જ પૂજ્યશ્રીએ ઉત્તર આપ્યો કે ''આ કાંઈ આજના વિજ્ઞાને શોધેલ નવી વાત નથી. આજથી લગભગ નવસો વર્ષ આસપાસના પૂર્વકાળમાં રચાયેલ 'સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન' નામે સંસ્કૃત વ્યાકરણની બૃહદ્‌વૃત્તિમાં આવો ઉલ્લેખ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે કર્યો જ છે. તેમણે લખ્યું છે કે જેમ બીજારોપણ સમયે અલગ અલગ વર્ણથી સંબદ્ધ વનસ્પતિ આગળ જતાં વિવિધ વર્ણવાળી બને છે તેમ અલગ અલગ ઉપસર્ગના સંપર્કથી ધાતુ પણ વિવિધ અર્થવાળા બને છે.''

અને... તુર્ત પૂજ્યશ્રી ઉપરોક્ત અર્થના બે શ્લોક બોલ્યા કે :-

बीजकालेषु सम्बद्धा:, यथा लाक्षारसादय:।
वर्णादि-परिमाणेन, फलानामुपकुर्वते।।
बुद्धिस्थादभिसम्बन्धा,-त्तथा धातूपसर्गयो:।
अभ्यन्तरीकृतो भेद:, पदकाले प्रकाश्यते।।

ખ્યાલમાં રહે કે આ બૃહદ્વૃત્તિ તેઓશ્રીએ કંઠસ્થ કરી ન હતી, માત્ર વાંચી હતી અને તે પણ લગભગ ૪૫થી વધુ વર્ષ પહેલા! છતાં આ હદે અસ્ખલિત ઉપસ્થિતિ પૂજ્યશ્રીના અદ્ભુત જ્ઞાનવૈભવની દ્યોતક ગણી શકાય. આ જ્ઞાનવૈભવના સથવારે જ તેઓશ્રીએ ૭૯ વર્ષની જૈફ વયે, પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીકૃત છ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત સુમંગલાટીકાનો દશ હજાર શ્લોકપ્રમાણ ગુર્જર ભાવાનુવાદ કર્યો હતો.

(૩) આચારવૈભવ :-

પૂજ્યશ્રીની જીવનયાત્રાનું ૮૦મું વર્ષ ત્યારે ચાલતું હતું. એમાં ગુજરાતથી મુંબઈના વિહાર દરમ્યાન એક મુકામ એવો આવ્યો કે જ્યાં પાટ જેવી કોઇ સુવિધા ન હતી. પૂજ્યશ્રીની જૈફ વયને ધ્યાનમાં રાખી ભક્તિવંત શિષ્યો ગમે ત્યાંથી પાટ જેવું સાધન લઈ આવ્યા. બધી રીતે અનુકૂળ એ સાધનને પૂજ્યશ્રીએ એટલા માટે નકાર્યું કે એના પર ક્યાંક અક્ષરો હતા. અક્ષરરૂપ જ્ઞાનની આશાતના ન થાય તે માટે તેઓશ્રી એંશી વર્ષની વયે જમીન પર સંથારો રખાવીને વિરાજ્યા...

(૪) પરિણતિવૈભવ :-

વિ.સં. ૨૦૬૦. જીવનમાં ફક્ત ત્રણેક વાર જ Hospitalમાં ગયેલ પૂજ્યશ્રીને એ વર્ષે brain પર blood clot જામી જતાં Hinduja Hospitalમાં દાખલ કરાયા. ન્યૂરોસર્જને જેને high - riskyની કક્ષા આપી હતી એવું જોખમી Operation બીજે દિવસે સવારે થનાર હતું. વહેલી પ્રભાતે I.C.U.માં પૂજ્યશ્રીને પ્રતિક્રમણ કરાવાતું હતું. પૂજ્યશ્રીનું ધ્યાન પ્રતિક્રમણમાં છે કે ત્રણ કલાક પછી થનાર ઓપરેશનમાં? તેની ચકાસણી કરવા પ્રતિક્રમણ સૂત્રો બોલનાર અમે 'સકલતીર્થ૦' સૂત્ર દરમ્યાન અચાનક અટકી જઈને

પૂછ્યું : ‘‘સાહેબજી! હવે કઇ પંક્તિ આવી?’’ તુર્ત જ પૂજ્યશ્રી બોલ્યા : ‘‘અઢીદ્વીપમાં જે અનગાર...’’ પછી કહે : ‘‘મારો પૂરેપૂરો ઉપયોગ પ્રતિક્રમણમાં છે’’.

આજીવન પૂ. યુગદિવાકરશ્રીના અંતેવાસી રહી એમની તમામ શાસનપ્રભાવનાઓમાં જાન રેડનાર પૂજ્યશ્રીએ ગુરુદેવના કાલધર્મ બાદની સ્વતન્ત્ર કારકીર્દિમાં ૮૧ પ્રતિષ્ઠાઓ, ૮૩ જિનાલય + ઉપાશ્રયનાં નિર્માણો - ૨૦ અંજનશલાકા - ૨૧ ઉપધાનતપ - ૧૫ પદયાત્રા સંઘો - અનેક દીક્ષાઓ - શિષ્યો સાથે મળી કુલ ૧૧૧ પુસ્તકોનાં પ્રકાશનો - દર્ભાવતીતીર્થોદ્ધાર - ધર્મધામ નાગેશ્વપાર્શ્વતીર્થસ્થાપનાદિ અઢળક શાસનપ્રભાવનાઓ કરી છે. ૨૨ શિષ્ય - પ્રશિષ્યોના ગુરુદેવ પૂજ્યશ્રીની ૨૯ k.m. દીર્ઘ અંતિમયાત્રામાં સવા લાખની માનવમેદની ઉભરાઈ હતી. કાલધર્મ બાદ ૪૩ સંઘોમાં પૂજ્યશ્રીનાં ગુરુમંદિરનિર્માણો જાહેર થયેલ. તેમાંથી અદ્યાવધિ ૩૯ ગુરુમંદિરોની તો પ્રતિષ્ઠાઓ પણ થઇ ગઇ છે. મહાન શાસનશણગાર પૂજ્યશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

✤ ✤ ✤

૨૪

સંવેદનશીલતા - સત્ત્વ - સમાધિનો સુવર્ણસંગમ : પ્રૌઢપ્રભાવશાળી આ.ભ. શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.

કલિકાલસર્વજ્ઞ શ્રીમાન હેમચન્દ્રાચાર્યે એમના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર' મહાગ્રન્થમાં એક સ્થળે મજાનો નિર્દેશ કર્યો છે કે ''स्वाध्यायावश्यकसमो, गुरूणां हि गुणस्तव:'' ભાવાર્થ આ પંક્તિનો એ છે કે સંયમીઓ માટે શાસ્ત્રસ્વાધ્યાય અને પ્રતિક્રમણાદિ ક્રિયાઓ જેટલી અગત્યની - આવશ્યક હોય છે એટલી જ અગત્યની વાત ગુરુવર્યોના ગુણાનુવાદ હોય છે. આવો, આપણે આ પંક્તિને અનુસરી કરીશું ગુરુગુણાનુવાદ. એ ગુરુવર્ય છે પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક સમર્થ વિદ્વાન આચાર્યપ્રવર શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ. આ જેઠ વદિ ત્રીજ તા. ૨૭ જૂનની એમની છટ્ઠી પુણ્યતિથિના ઉપલક્ષમાં આપણે એમનાં વિરલ જીવનનું અને અદ્દભુત ગુણોનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરીએ.

સંયમસ્વીકાર માટે સત્તર - સત્તર વાર ઘરેથી ભાગી છૂટી સોળમા વર્ષે દીક્ષાપ્રાપ્તિ, એક પણ ચાતુર્માસ અલગ કર્યા વિના સતત આડત્રીશ વર્ષ અખંડ ગુરુકુલવાસ સાથે યુગદિવાકર આ.ભ.ધર્મસૂરીશ્વરજી મ.સા.ની અજોડ ગુરુકૃપાપ્રાપ્તિ, વ્યાકરણ - સાહિત્ય - ન્યાય અને પ્રાકરણિક - કાર્મગ્રન્થિક વિષયોમાં અજોડ વિદ્વત્તા, દર્ભાવતીતીર્થોદ્ધાર - જગડૂશાતીર્થરક્ષા - ધર્મધામનાગેશ્વરતીર્થ - સ્થાપનાદિ વિશિષ્ટ ધર્મપ્રભાવનાઓ, ૮૧ પ્રતિષ્ઠા - ૮૩ જિનાલય+ઉપાશ્રયનિર્માણ - ૨૦ અંજનશલાકા - ૨૧ ઉપધાનતપ - ૧૫ પદયાત્રાસંઘો આદિ શાસનપ્રભાવનાશ્રેણિ, ૭૯ વર્ષની જૈફ વયે સંસ્કૃત ટીકાનો ૧૦ હજાર શ્લોક પ્રમાણ ગુર્જર ભાવાનુવાદ, વિવિધ શાસ્ત્રીય

ગ્રન્થોનું સંપાદન, ૨૨ શિષ્ય - પ્રશિષ્યવૃંદનું ગુરુત્વ અને ૬૮ વર્ષનો સુદીર્ઘ સંયમપર્યાય : આ છે એમનાં યશસ્વી જીવન - કવનનો સંક્ષિપ્ત આલેખ. હવે આપણે નિહાળીએ એમનાં જીવનમાં વિલસતા 'સ્' અક્ષરથી આરંભાતા ત્રણ વિશિષ્ટ સદ્ગુણોઃ

(૧) સંવેદનશીલતા :-

સાચી સંવેદનશીલતા એ છે કે જેમાં પોતાનો નહિ, બીજાનો વિચાર કેન્દ્રસ્થાને હોય. પોતાને કોઈ પીડા ન હોય ત્યારે સામી વ્યક્તિની સામાન્ય યા નહિવત્ પીડા દૂર કરવાની સંવેદનશીલતા જાગવી અલગ વાત છે. પરંતુ પોતાની પીડા પ્રબળ હોય ત્યારે સામી વ્યક્તિની સંભવિત પીડાની ચિંતા કરવાની સંવેદનશીલતા તો એનાથી કૈંકગણી શ્રેષ્ઠ અલગ વાત છે. દિવંગત ગુરુદેવમાં આ બીજા પ્રકારની શ્રેષ્ઠ સંવેદનશીલતા કેવી અદ્ભુત હતી એ પ્રતિબિંબિત થાય છે વિ.સં. ૨૦૬૦ની એક ઘટનામાં :

એ વર્ષે ગુજરાતથી મુંબઈની વિહારયાત્રાના અંતિમ દિને National-Highway પર એમની Wheel chair ને એક તોતિંગ Truckનો આછો ધક્કો લાગ્યો. તેઓ chair માંથી પડી ગયા, હાથમાં નાનકડું Fracture આવ્યું અને દેહ પર કેટલાક ઉઝરડા પડ્યા. આછા અંધકારમાં અન્ય શારીરિક નુકસાન કેટલું હતું એ સ્પષ્ટ ન હતું. પણ આઘાત લાગી જાય એવો Accident તો અવશ્ય હતો. Truck ચાલક સરદારજી સજ્જન હતો. પોતે અજાણતા સંતને ટક્કર માર્યાનું ધ્યાનમાં આવતાં Truck ઊભી રાખી એ ગુરુદેવ પાસે આવીને બોલ્યો : "મને માફ કરો, મેં મોટો ગુનો કર્યો છે. તમે માફી આપશો તો જ હું અહીંથી જઈશ." ગુરુદેવે ત્યારે પરાકાષ્ઠાની સંવેદનશીલતાભર્યો ઉત્તર આપ્યો : "ભાઈ! મારી તને માફી જ છે. પરંતુ તું અહીંથી જલ્દી વિદાય થઈ જા. કેમ કે હમણાં કોઈ Petrolling કરતી Police ગાડી આવશે તો તને પકડશે - પરેશાન કરશે!" આ સંવેદનશીલતાને બિરદાવતા કહેવાનું મન થઈ જાય કે :-

થીજવી દે હાડ એવી આફતોની ટાઢમાં,
અન્યને હૂંફ આપવા જે ધગધગે એ જિંદગી.

(૨) સત્ત્વશીલતા :-

હિમાલયન પડકારો સામે ટકાવી રાખવાની જે તાકાત આપે એને કહેવાય

સત્ત્વશીલતા. એનો એક પ્રસંગ પણ વિ.સં.૨૦૬૦ નો જ નિહાળીએ : ત્યારે મુંબઇ - ઘાટકોપરના જગડૂશાનગર સ્થિત ત્રિમજલી ભવ્ય શિખરબદ્ધ જિનાલયને તોડી પાડવાનો Court Order આવ્યો હતો. ગુરુદેવે એ સમયે જગડૂશાતીર્થરક્ષાઆંદોલનનું નેતૃત્વ લીધું અને સાઠ હજાર ભાવિકોની જંગી મેદની એકત્ર કરવાપૂર્વક શાંત તાકાતથી જિનાલયની આબાદ રક્ષા કરી. ચોતરફ Hot topic બનેલ એ આંદોલન સમયે 'ચિત્રલેખા' સાપ્તાહિકના પત્રકારે ગુરુદેવને અટપટો પ્રશ્ન કર્યો કે ''મંદિર તૂટે તો ત્યાંની વિરાટકાય પ્રતિમાને ખસેડવાની કોઇ વૈકલ્પિક વ્યવસ્થા તમે કરાવી છે?'' ગુરુદેવે સત્ત્વથી ધગધગતો ઉત્તર આપ્યો કે **''મંદિર તૂટવાનું જ નથી. માટે અમે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરાવી નથી. અમે મંદિર તૂટવા નહિ દઇએ.''** આવી પ્રબળ સત્ત્વશીલતા અહોભાવના ઉદ્ગારો પ્રગટાવ્યા વિના રહે ખરી?

(૩) સમાધિશીલતા :-

એ જ વિ.સં. ૨૦૬૦નું વર્ષ. જગડૂશાતીર્થરક્ષાઆંદોલનની સફલ સમાપ્તિ બાદ થોડા જ દિવસમાં મગજ પાસે blood clot નું નિદાન થતાં Hinduja Hospitalમાં ગુરુદેવને દાખલ કરાયા. Doctorના મતે highrisky ગણાતા એ Operationની વહેલી પ્રભાતે 'I.C.U.' માં અમે ગુરુદેવને પ્રતિક્રમણ - પ્રતિલેખન - દર્શનાદિ આરાધના કરાવી લીધી. બરાબર આઠ કલાકે તેઓશ્રીને Operation Theatre માં strecher દ્વારા લઈ જવાના હતા. O.T.ના દ્વાર સુધી આવ્યા ત્યાં નીચેથી ઝડપભેર સીડી ચડતું શ્રમણ-શ્રમણીવૃંદ પૂજ્યશ્રીને શાતાપૃચ્છાર્થે દોડતું આવ્યું. જોખમી Operation ના કારણે એ સહુ ગભરાયેલા જણાતા હતા. strecher માં સંથારેલ પૂજ્યશ્રીએ હસતા હસતા કહ્યુંઃ ''હાથ જોડો, તમને માંગલિક સંભળાવી દઉં.'' અમે સહુ દંગ રહી ગયા કે પૂજ્યશ્રીને Operationની કોઈ ચિંતા જ જાણે કે ન હતી. એ સ્થિતિમાં ય તેઓ પૂર્ણતઃ સમાધિમગ્ન હતા.

આપણે આ સમાધિશીલતાને માત્ર વંદન જ કરી શકીએ.

અનેકવિધ વિશિષ્ટ ગુણસંપન્ન ગુરુદેવને પુણ્યતિથિપ્રસંગે અંજલિ અર્પતા એ જ કહીશું કે :-

સંસારના આ સમંદરમાં,
જ્યાં લગી થંભે નહિ જન્મ - મરણના વહાણ;
ત્યાં લગી મળજો સદા,
આવા જ ગુરુવર મહાન.

✤ ✤ ✤

૨૫ કોરોના કાળમાં માસક્ષમણની મહાલહેર : મુંબઈમાં એક સાથે ચારસો પીસ્તાળીશ માસક્ષમણોની મહાન તપસાધના

જૈન દર્શન 'दव्वओ – खित्तओ – कालओ – भावओ.' જેવી શાસ્ત્ર પંક્તિ લખીને દ્રવ્ય - ક્ષેત્ર - કાળ અને ભાવનો બહુ સરસ નિર્દેશ કરે છે. એ એમ કહે છે કે અંતરના શુભ યા અશુભ ભાવોને ઉદ્દીપ્ત કરવામાં દ્રવ્ય - ક્ષેત્ર અને કાળ ખૂબ પ્રભાવક પરિબળ બની રહે છે. વ્યક્તિ પાસે દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - શુભ હોય તો એનાથી ગજબનાક શુભ ભાવો પ્રગટી શકે છે અને જો દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - અશુભ હોય તો એનાથી ખતરનાક અશુભ ભાવો ય પ્રગટી શકે છે. જરા સમજીએ આ વાત :

વ્યક્તિ પાસે હિંસાખોરીના પ્રતીક સમું ધારદાર ચપ્પુ - છરા જેવું અશુભ દ્રવ્ય હોય તો એનાથી એને પ્રાય : હિંસાના અશુભ ભાવ જ જાગે અને જો એની પાસે અહિંસાના - જયણાના પ્રતીક સમું ચરવળારૂપ દ્રવ્ય હોય તો એનાથી એને અહિંસાના શુભ ભાવ જાગે. આ થયો દ્રવ્યનો પ્રભાવ... વ્યક્તિ જો Red Light જેવા રૂપજીવિનીઓનાં ક્ષેત્રમાં જાય તો એ અશુભ ક્ષેત્રમાં એને વ્યભિચાર જેવા અશુભ ભાવો જ જાગે અને જો એ અનંત સિદ્ધાત્માઓની પાવનતમ ભૂમિ શત્રુંજયગિરિરાજનાં ક્ષેત્રમાં જાય તો ત્યાં એને પવિત્રતાના શુભ ભાવો જ જાગે. આ થયો ક્ષેત્રનો પ્રભાવ... કાળ જો ગ્રીષ્મકાલીન vacation નો હોય તો વ્યક્તિને એમાં hill - station પર ફરવા - મોજમજા કરવા - swimming કરવા વગેરેના બહિર્મુખ અશુભ

ભાવો જાગે અને જો કાળ ચાતુર્માસનો - પર્યુષણાનો હોય તો વ્યક્તિને ઉચ્ચ આરાધના - સાધનાના અને તપ - ત્યાગના ભાવો જાગે. આ રીતે, શુભ યા અશુભ ભાવો પર દ્રવ્ય - ક્ષેત્ર - કાળની જબરદસ્ત અસરો સર્જાતી હોય છે.

આ પૈકી કાળની વાત કરીએ તો, ચાતુર્માસનો વર્તમાન કાળ આરાધકોને - ધર્મીજનોને તપ - ત્યાગમાં જોડાવા માટેનો શ્રેષ્ઠ કાળ છે. પણ...સબૂર! છેલ્લા દોઢ વર્ષથી ફેલાયેલો Corona નો કાતિલ પંજો આ આરાધનાકાળને ય એવો આભડી ગયો છે કે કેટલા ય સંઘોમાં જિનાલય - ઉપાશ્રયોની આરાધનાઓમાં ચોક્કસ પ્રકારની મર્યાદાઓ - બંધનો છે. આ સ્થિતિમાં દીર્ઘ - કઠિન તપ કરવામાં ભાવિકો સ્વયં એ ભય અનુભવે છે કે 'ક્યાંક તપ કરવામાં Immunity power' ઘટી જશે તો? Corona ની ત્રીજી લહેરના ભણકારા વચ્ચે આ જોખમ કરવા જેવું નથી.' આવી આવી ભયભરી માનસિકતા વચ્ચે ય, મુંબઇના બોરીવલી - કાંદિવલીના કુલ ચાર સંઘોમાં સળંગ ત્રીશ - ત્રીશ ઉપવાસની અર્થાત્ માસક્ષમણની તપસ્યાની એવી મહાલહેર જામી છે કે એની સામે Corona ની લહેર જાણે હારી ગઇ છે. એક - બે નહિ, બલ્કે ચારસો પીસ્તાળીશ તપસ્વીઓ આ સળંગ ત્રીશ ઉપવાસનો મૃત્યુંજયતપ કરી રહ્યા છે! એને આપણે ચાતુર્માસકાળનો જ અને પ્રભુકૃપા - ગુરુકૃપાનો જ પ્રભાવ ગણી શકીએ.

આ ચાર પૈકીના મુખ્ય બોરીવલી - જામલીગલી સંઘમાં અમારું ચાતુર્માસ છે અને બાકીના ત્રણ સંઘોમાં અમારા શિષ્યરત્નોના ચાતુર્માસ છે. ગત વર્ષ છોડીને, છેલ્લા ચાર વર્ષોથી અમે આ સામૂહિક માસક્ષમણો ચાતુર્માસમાં કરાવતા હોવાથી આ વર્ષે પણ સામૂહિક માસક્ષમણનું એલાન કર્યું હતું. કિંતુ ત્યારે અમને એ કલ્પના ન હતી કે Coronaને મહાત આપી આ વર્ષના માસક્ષમણો પાંચ વર્ષની સૌથી વધુ - વિક્રમસર્જક સંખ્યામાં થશે. પાંચ વર્ષમાં અમારી નિશ્રાનાં કુલ માસક્ષમણો અગિયારસો પંચોતેર થયા છે. એમાં આ લખાય છે ત્યારે થઇ રહેલ ચારસો પીસ્તાળીશ માસક્ષમણો પાંચ વર્ષમાં સર્વાધિક છે, તો એક જ સંઘની અપેક્ષાએ વિચારીએ તો બોરીવલી - જામલીગલી સંઘમાં થઇ રહેલ બસો પંદર માસક્ષમણો કોઇ એક સંઘમાં થયેલ પાંચ વર્ષના સર્વાધિક માસક્ષમણ છે. આવો, આપણે એ મહાન માસક્ષમણ તપસ્વીઓના કેટલાક વંદનીય પ્રસંગોને કલમના Camera થી નિહાળીએ :

(૧) પાંસઠમી વર્ધમાનતપઓળીમાં માસક્ષમણ :-

જામલીગલી સંઘમાં પ્રવચનોનાં માધ્યમે સમૂહ માસક્ષમણનો માહોલ એવો સર્જાયો હતો કે જે દિવસે આ મહાતપનો પ્રારંભ થયો તે દિવસ તપપ્રારંભનું મંગલમય દૃશ્ય નિહાળવા માટે ભાવિકો વિરાટ સંખ્યામાં ઉપસ્થિત હતા. એમાંના એક પુણ્યાત્મા વર્ધમાનતપની પાંસઠમી ઓળી કરતા હતા. તે દિવસે એમને ચાલીશમું આયંબિલ હતું. એમની માસક્ષમણ કરવાની સ્વાભાવિક જ કોઇ ધારણા ન હતી. કેમ કે વર્ધમાનતપઓળીની મોટી તપશ્ચર્યા જારી જ હતી. પરંતુ માસક્ષમણ પચ્ચક્ખાણ પૂર્વે સળંગ સોળ ઉપવાસ - આઠ ઉપવાસની પ્રેરણા અપાઇ ત્યારે તેઓ એવા પ્રભાવિત થઇ ગયા કે એકાએક એક સાથે સળંગ સોળ ઉપવાસના પચ્ચક્ખાણ સ્વીકારી એમણે માસક્ષમણમાં ઝુકાવી દીધું! ન કોઈ ઉત્તરપારણું, ન કોઇ પૂર્વતૈયારી અને માત્ર માહોલથી પ્રભાવિત થઇ ચાલીશમા આયંબિલ પર આટલો દુષ્કર તપ કરનાર એ પુણ્યાત્માના સત્ત્વને માત્ર ને માત્ર અંતરનાં અહોભાવભીનાં વંદન જ હોય. વિશેષ કમાલ તો એ છે કે આ ભાઈએ ક્યાં ય પણ પોતાના નામનો ઉલ્લેખ ન થાય એવી ભાવના સખતપણે દર્શાવી છે. નિ ઃસ્પૃહવૃત્તિ - અત્મસાક્ષીક તપની ભાવના વિના નામનાની કામનાથી દૂર રહી શકાય નહિ. આપણે એમની નિઃસ્પૃહતાને અધિકાધિક વંદન કરીએ.

(૨) લગ્નના પ્રથમ માસમાં જ સજોડે માસક્ષમણ :-

સુખી - શ્રીમંત પરિવાર હોય અને તાજા જ લગ્ન થયા હોય ત્યારે સામાન્ય ધારણા તો એ જ રહે કે એ યુવાદંપતી પર્યટનના - મોજ - મજાનાં - Hill Station પરનાં સ્થળે જીવનનો બાહ્ય આનંદ માણવા ઊપડી જાય. પરંતુ આ સામૂહિક માસક્ષમણમાં કમાલ એ થઇ છે કે માત્ર એક માસ પૂર્વે લગ્ન કરનાર એક નવદંપતી આ માસક્ષમણની કઠિન - દીર્ઘ તપસ્યામાં સામેલ થયું છે. એમનાં નામ છે નિહાર અને હેતવી. આમાંની હેતવી અમારા ધર્મપરિચિત પ્રવીણચન્દ્ર નેમચંદ ગાંધી પરિવારની છે અને એના પરિવારે ઘણાં ધર્મસુકૃતો કર્યા હોવાથી તપના માહોલથી પરિચિત છે. પરંતુ નિહારે જીવનમાં એક ઉપવાસ તો શું, બિયાસણું પણ કદી કર્યું નથી. એક પણ ઉપવાસ ન કર્યો હોવા છતાં સળંગ ત્રીશ ઉપવાસનું સત્ત્વ દાખવીને નિહારે

ગજબનાક પુરુષાર્થ કર્યો છે. નવદંપતીની આ તપોભાવના અનેકોને પ્રેરણાનું પાથેય આપે તેવી છે.

(૩) સળંગ બત્રીશ ઉપવાસ અને બે જ પચ્ચક્ખાણ :-

પ્રભુ મહાવીરદેવનાં ધર્મશાસનમાં એક સાથે વધુમાં વધુ સોળ ઉપવાસનાં પચ્ચક્ખાણની અનુજ્ઞા છે, એથી વધુ નહિ. એટલે સત્ત્વશાલી તપસ્વીઓ પણ સોળથી વધુ ઉપવાસનાં પચ્ચક્ખાણ એક સાથે ન લઈ શકે. આ શાસ્ત્રમર્યાદા જાળવીને એક પુણ્યાત્માએ વિશિષ્ટ સત્ત્વ દાખવ્યું. એ અમને કહે : ‘‘મેં પૂર્વે માસક્ષમણ કર્યું છે. એથી મારે આ વર્ષે બત્રીશ ઉપવાસ કરવા છે. હું પ્રથમ દિને સોળ અને પછી સત્તરમા દિવસે સોળ : એમ બે જ પચ્ચક્ખાણમાં આ તપ કરીશ.’’ અને... ખરેખર એમણે આ રીતે જ બત્રીશ ઉપવાસ જારી રાખ્યા છે. શાતા તો એવી છે કે જાણે અનુભવી Batsman સહજ સદી કરે એમ તેઓ સહજ તપ કરે છે. નામ એમનું શોભાબેન.

(૪) રોગોને આપી હાર.. માસક્ષમણ કર્યું મનોહાર :-

કલ્પના કરો કે કોઈ વ્યક્તિને Cancer થયું હોય, Chemotherapy વગેરે દ્વારા મસ્તકના તમામ વાળ ઊતરી જાય એ હદે દવાઓની ગરમી - ત્રાસ સહન કર્યો હોય અને એકાદ વર્ષ પૂર્વે જ માંડ આરોગ્ય પ્રાપ્ત કર્યું હોય તો શું એ વ્યક્તિ સળંગ બત્રીશ ઉપવાસની - માસક્ષમણની હામ ભીડે? ઉત્તર લગભગ ‘ના’નો જ આવે. પરંતુ આ સમૂહમાસક્ષમણમાં એક પુણ્યાત્મા એવા છે કે જેઓ શરીરની આ અવસ્થા થઇ હોવા છતાં શ્રદ્ધાના સહારે માસક્ષમણની આરાધના ખૂબ પ્રસન્નતાથી કરી રહ્યા છે. એમણે અમને કહ્યું : ‘‘મહારાજશ્રી! Cancer પણ આવી ગયું અને થોડા સમય પૂર્વે Corona ય આવી ગયો. વીશ દિવસ એ Corona માં Hospital જઇ આવ્યા. એટલે એમ માનું છું કે અત્યારે આ જીવન bonus રૂપે મળ્યું છે. એનો સદુપયોગ કરવા આ માસક્ષમણ કરું છું. જ્યારથી આપનું ચાતુર્માસ જામલીગલી સંઘમાં નક્કી થયું ત્યારથી માસક્ષમણની ભાવના સતત ઘૂંટી છે. દેવ - ગુરુના પ્રભાવે આ અશક્ય તપ શક્ય બન્યો છે.’’ આ પુણ્યાત્માનું વય છે બાસઠ વર્ષનું અને નામ છે ઊર્મિલાબેન અતુલભાઈ શાહ.

(૫) મૌન અને ત્યાગ... બે ય ને નમન :-

માસક્ષમણની આ મહાલહેરમાં એવી પણ ઘટનાઓ બની છે કે જેમાં પરિવારના તમામ સભ્યો માસક્ષમણ કરતા હોય અને ઘરમાં સળંગ ત્રીશ દિવસ રસોડું સદંતર બંધ હોય! તો એવી પણ અનેક ઘટનાઓ બની છે કે જેમાં પતિ - પત્ની, પિતા - પુત્ર, સાસુ - વહુ વગેરેની જોડી સાથે સાથે માસક્ષમણ કરતી હોય. આવા અનેક દંપતીઓ પૈકી એક દંપતી માસક્ષમણ કરે છે. વિશેષતા એમાં એ નિહાળવા મળી કે બહેને પ્રથમ દિવસથી જ અખંડ મૌન રાખ્યું છે : જાણે મૌન અને માસક્ષમણની જુગલબંદી. આવા કઠિનતપમાં એક અક્ષર વાત ન હોય તો સમય પસાર કરવો કાફી કઠિન બને. એથી આ મૌનનો સંકલ્પ જરા ય આસાન નથી. એમાં ખ્યાલ આવ્યો કે એમના પતિની વિશેષતા અલગ છે. તેઓ ઇ.સ. ૧૯૯૩થી ભોજનમાં એક ટંકમાં વધુમાં વધુ સાત દ્રવ્યો વાપરે છે અને ઇ.સ. ૧૯૯૮થી એમાં ય મર્યાદા કરી વધુમાં વધુ પાંચ જ દ્રવ્ય વાપરે છે! સંસારી વ્યક્તિ સળંગ અટ્ઠાવીશ વર્ષોથી આવો ત્યાગ રાખે એ કાબિલેદાદ જ કહેવાય. બન્ને માસક્ષમણ તપસ્વીઓની બે ય વિશેષતાને નમન કરીએ.

છેલ્લે એક વાત : Corona કાળમાં અન્નના એક કણ વિનાના સળંગ ત્રીશ ઉપવાસ આ વિરાટ સંખ્યામાં થયા એ ચમત્કારથી કમ ન ગણાય. એથી, તપમહોત્સવપત્રિકાના ‘slogan’ની પંક્તિ ટાંકીને આ લેખનું સમાપન કરીશું કે :- ‘‘**હારી ગઈ Coronaની લહેર... જામી ગઈ માસક્ષમણની મહાલહેર.**’’

✤ ✤ ✤

૨૬ ચારસો પીસ્તાળીશ માસક્ષમણોની ભીતરમાં : આવી તપસ્યા શરીરશક્તિથી નહિ, કિંતુ દેવ - ગુરુની કૃપાથી થાય છે.

શરીરને ટકાવવા માટે દવા જેમ આવશ્યક અંગ છે, તેમ ખોરાક પણ આવશ્યક અંગ છે. વ્યક્તિને જો એકાદ - બે દિવસ અન્નનો એક કણ પણ ખોરાકરૂપે ન મળે તો એ તુર્ત શિથિલ - અશક્ત થઈ જાય. આ સર્વસામાન્ય અનુભવ છતાં આપણને જ્યારે એ નિહાળવા મળે કે વ્યક્તિ કોઈ પણ પ્રકારના ખોરાક વિના સળંગ ત્રીશ - ત્રીશ દિવસ ઉપવાસી રહે ત્યારે એમ માનવા સહજ મન થઈ જાય કે એ ઘટના સાત્ત્વિક ચમત્કારથી જરા ય કમ નથી. તબીબી વિજ્ઞાન એમ માને છે કે વ્યક્તિ જો વીશ - પચીશ દિવસ ખોરાકથી સાવ વંચિત રહે તો એ લગભગ મરણની નિકટની સ્થિતિમાં પહોંચી જાય.

પરંતુ તપનો પ્રબળ મહિમા ધરાવતા જૈન શાસનની બલિહારી છે કે એમાં એક - બે - પાંચ નહિ, સેંકડોની સંખ્યામાં તપસ્વી આરાધકો સળંગ ત્રીશ - ત્રીશ ઉપવાસ હસતે મુખે કરે છે. હાલમાં અમે અને અમારો શિષ્યગણ જ્યાં ચાતુર્માસ છે તે મુંબઈના માત્ર ચાર સંઘોમાં ચારસો પીસ્તાળીશ તપસ્વીઓ આ સળંગ ત્રીશ ઉપવાસરૂપ માસક્ષમણની તપસાધના કરે છે અને તેમાં અમારા ચાતુર્માસક્ષેત્ર બોરીવલી - જામલીગલી જૈન સંઘમાં જ બસો પંદર માસક્ષમણો થઈ રહ્યા છે. આ વર્ષે સમગ્ર ભારતભરમાં સૌથી અધિક સંખ્યામાં સામૂહિક માસક્ષમણતપ આ ચારસો પીસ્તાળીશ છે.

પ્રશ્ન એ થાય કે આટલા વિરાટસંખ્યક તપસ્વીઓનાં તપનું મુખ્ય ચાલક બળ કયું? શરીરશક્તિ? અમારો ઉત્તર છે ના. જો શરીરશક્તિથી જ આ મૃત્યુંજય - માસક્ષમણતપ થતો હોત તો એવું ન બનત કે કોઈ કોઈ દઢ શરીરશક્તિ ધરાવનારે એ તપ અધૂરો છોડવો પડ્યો હોય અને માત્ર અગિયાર - બાર વર્ષના બાળકો આ મૃત્યુંજયતપ ખૂબ શાતાપૂર્વક પૂર્ણ કરતા હોય. અમારી નજર સમક્ષ આવું બને છે માટે અમે કહીએ છીએ કે આ મહાતપ શરીરશક્તિ કરતાં વિશેષ મનની શક્તિથી - દઢતાથી થાય છે અને એથી પણ વિશેષ એ દેવ - ગુરુ પરની અટલ શ્રદ્ધાથી પ્રાપ્ત થતી કૃપાનાં કારણે થાય છે. આ મંતવ્યને બળ આપે એવી જૈન પરંપરાની એક પદ્ધતિ અહીં યાદ કરવા જેવી છે કે જ્યારે કોઈ તપસ્વીને શાતા પુછાય ત્યારે એનો ઉત્તર આ જ હોય છે કે 'દેવ - ગુરુ પસાય.' આ દેવ - ગુરુની કૃપા કેવી અદ્‌ભુત રીતે કલ્પનાતીત તપ કરાવે એ જાણવું છે? તો વાંચો આ ચારસો પીસ્તાળીશ માસક્ષમણો પૈકી કેટલાક હેરતભર્યા પ્રસંગો :

(ક) વયમાં બાલ... પણ તપ કમાલ :-

બાળક અને ઉપવાસ : સામાન્યપણે આ પરસ્પર વિરુદ્ધ વાત છે. કેમ કે બાળકથી ભૂખ જરાય સહન ન થઈ શકે અને એ મનગમતી વાનગી તરફ ઝડપથી આકર્ષાઈ જાય. પરંતુ જામલીગલી સંઘના અગિયારવર્ષીય બાલતપસ્વીએ આ ધારણા ગલત પુરવાર કરી છે. એણે માસક્ષમણ તો કર્યું જ. પરંતુ એનું સત્ત્વ - દઢતા સલામ ભરાવે તેવા છે. પ્રથમ દિને જાહેર પચ્ચક્ખાણસમારોહમાં એણે સ્વયં ભાવનાથી એક સાથે આઠ ઉપવાસનાં પચ્ચક્ખાણ કર્યા. તે પછી નવમા દિવસે નવા પચ્ચક્ખાણ આવ્યા ત્યારે એના પિતાએ અટ્ઠમથી એટલે કે ત્રણ ઉપવાસથી આગળ વધવા કહ્યું. એ સત્ત્વશીલ બાળકે અમને કાનમાં કહ્યું : ''સાહેબજી ! મારે તો સળંગ આઠ ઉપવાસના જ પચ્ચક્ખાણ કરવા છે. આપી દો એ, થઈ જ જશે.'' અને એણે અટ્ઠાઈનાં પચ્ચક્ખાણ કર્યા. સત્તરમા ઉપવાસે તો કમાલ કરીને એણે એક સાથે સળંગ ચૌદ ઉપવાસનાં પચ્ચક્ખાણ કર્યા. એક અગિયારવર્ષીય બાળક માટે આવી તપસાધના લગભગ અશક્ય ગણાય. આ બાલતપસ્વીનું નામ છે જિનય સચીન શાહ.

આ જ રીતે બોરીવલી - કાર્ટર રોડ સંઘમાં બાર વર્ષના બાલતપસ્વીઓ નીર પ્રકાશ છેડા અને જૈનમ રાકેશ કોઠારી, કાંદિવલી - મહાવીરનગર જૈન સંઘના બાલતપસ્વી સ્તુતિ - જીયા - આશી, કાંદિવલી - ઈરાનીવાડી જૈન સંઘની બાલતપસ્વી પુષ્ટિ તેમજ જામલીગલીમાં માસક્ષમણ કરતી કુ. હેલી તથા સૌમ્ય હીરાણીઃ આ તમામ બાલતપસ્વીઓ બારથી ચૌદ વર્ષની વયના છે. બધા જ શાતાપૂર્વક અને મક્કમતાથી આ મૃત્યુંજયતપ કરે છે. આ આઠ બાલતપસ્વીઓની ઘટના પ્રત્યક્ષ નિહાળતા એ સ્વીકારવું જ રહે કે માસક્ષમણ શરીરશક્તિથી થાય છે એના કરતા વિશેષ દેવ - ગુરુની કૃપાશક્તિથી થાય છે.

(૭) 'અહો જિનશાસનમ્ઃ' ચોવિહાર માસક્ષમણ :-

અન્નની જેમ ત્રીશ દિવસ પાણી વાપરવાનો પણ સંપૂર્ણ ત્યાગ કરવો એને જૈન પરંપરામાં ચોવિહાર માસક્ષમણ કહેવાય છે. આવા માસક્ષમણ બહુ જ જવલ્લે - rarest જ થાય. અમારા હસ્તક થયેલ પાંચ ચાતુર્માસનાં બારસો પંદર માસક્ષમણોમાં આ ચોવિહાર માસક્ષમણ ફક્ત ત્રણ થયા છે. એમાંના બે હાલના આ ચારસો પીસ્તાળીશ માસક્ષમણમાં છે. એક છે ઈરાનીવાડી સંઘના કેયૂરભાઈ અને બીજા છે મહાવીરનગર સંઘના રંજનબેન. એમ કહી શકાય કે પાણી વાપરીને સળંગ આઠ ઉપવાસ કરવામાં જે કઠિનતા છે એના કરતા અનેકગણી કઠિનતા આ ચોવિહાર સળંગ ત્રીશ ઉપવાસ કરવામાં છે. આ વિરલ સત્ત્વશાલી તપસ્વીઓને તો અંતઃકરણથી વંદન જ હોય.

(૮) ઉચ્ચ શિક્ષિતોની ઉચ્ચતમ શ્રદ્ધા :-

C.A. ના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવનાર એક યુવાન પ્રાધ્યાપક છે સ્મિતભાઈ. એ નિત્ય સવારે ચાર કલાક Online C.A. ના Class કરાવતા હોવાથી એમણે ચાર કલાક બોલવું જ પડે. આમ છતાં જામલીગલી સંઘમાં સમૂહ માસક્ષમણના પડઘમ બજતા એ પણ શ્રદ્ધાપૂર્વક માસક્ષમણમાં જોડાયા. ઉપવાસોની સાથોસાથ અધ્યાપન કરતાં આ તપસ્વીએ પોતાનામાં ઉચ્ચ શિક્ષણની સાથોસાથ ઉચ્ચ શ્રદ્ધા પણ હોવાનું પુરવાર કર્યું છે.. આવા જ એક યુવાન શિક્ષિકા છે પરાગી શાહ. એ પણ નિત્ય છ કલાક Online અભ્યાસ કરાવે છે. વિદ્યાર્થીઓનો અભ્યાસ અટકે નહિ તે માટે આ અધ્યાપક

- અધ્યાપિકા છેલ્લા ઉપવાસ સુધી અભ્યાસકાર્ય કરાવતા રહેશે. પરાગી શાહની વિશેષતા એ છે કે એક જ પરિવારમાં એમના ઉપરાંત પતિ આકાશ અને શ્વસુર રાજેન્દ્રભાઇ પણ માસક્ષમણ કરે છે.

(૯) યુવાનીનો સંગ... તો ય તપનો રંગ :-

યૌવન માટે એક સરસ પંક્તિ લખાઈ છે કે :

યૌવન શું છે? વીજળીનો તણખો;
ચમકે તો અજવાળું, નહિ તો ભડકો.

Hotel, Bottle અને એના Total સ્વરૂપે જીવનને અધોગામી બનાવનાર યુવાનો જો ભડકાનું પ્રતિનિધિત્વ કરે છે, તો આ માસક્ષમણોની મહાલહેરમાં વિશાલ સંખ્યામાં સામેલ યુવાનો અજવાળાનું પ્રતિનિધિત્વ કરે છે. આ યુવાનોની ફક્ત બે ઘટના નિહાળીએ :- નિકુંજ શાહ નામે યુવાન વર્ધમાનતપની ઓળી કરતો હોવાથી એને માસક્ષમણનો કોઈ ઈરાદો ન હતો. પરંતુ નિત્ય પ્રવચનમાં આવતો હોવાથી માસક્ષમણના પ્રારંભદિને એણે તપસ્વીઓના આદર માટે ત્રણ ઉપવાસ - અટ્ઠમનાં પચ્ચક્ખાણ કર્યા. પછીના ત્રણ દિવસ પ્રવચનપદાર્થો સાંભળતા અને પોતાના કલ્યાણમિત્ર અમરના સળંગ સોળ ઉપવાસનાં પચ્ચક્ખાણનો ખ્યાલ આવતા ચોથે દિવસે એણે અચાનક સળંગ સોળ ઉપવાસના પચ્ચક્ખાણ અમારી પાસે કર્યા. અરે! દશ દિવસ સુધી તો એણે પરિવારમાં આ ઉપવાસોની વાત પણ ન કરી. બીજી ઘટના એવી બની કે Carter Road સંઘમાં building પ્રવચનોમાં સાથે આવતા ભાગ્ય અને મોક્ષ નામે યુવાનોને માસક્ષમણની ભાવના પ્રગટી અને એમનાં કારણે એમના મિત્રવર્તુળના તમામ સાત યુવાનો માસક્ષમણમાં સામેલ થઇ ગયા.. 'Job' માં રજાઓ ન મળતાં 'Job' છોડી દઈને ય માસક્ષમણ કરનાર નિધિશા શાહ નામે તપસ્વી પણ આ માસક્ષમણ મહાયજ્ઞમાં છે, તો બ્રિન્દા શાહ અને અન્ય એક મહારાષ્ટ્રીયન જેવા અ - જૈન આરાધકો પણ આ મૃત્યુંજયતપ કરી રહ્યા છે.

(૧૦) સળંગ ઉપવાસોના સત્ત્વશીલ સાધકો :-

જૈન પદ્ધતિ એ છે કે આરાધક જેટલા ઉપવાસના પચ્ચક્ખાણ લે એટલા ઉપવાસ એને કરવાના જ રહે. આવા સળંગ પચ્ચક્ખાણ વધુમાં વધુ

સોળ ઉપવાસના કરાય. એથી આગળનાં પચ્ચક્‌ખાણ એક સાથે ન લેવાની શાસ્ત્રાજ્ઞા છે. મહદંશે એવું બને કે તપસ્વીઓ એક અથવા સળંગ ત્રણ ઉપવાસના પચ્ચક્‌ખાણ કરી આગળ વધે. પરંતુ આ ચારસો પીસ્તાળીશ માસક્ષમણોમાં સાધકોની સત્ત્વશીલતાનાં કારણે કલ્પનાતીત ઘટનાઓ બની. **પ્રારંભદિને સળંગ આઠ – નવ – અગિયાર અને સોળ ઉપવાસના પચ્ચક્‌ખાણ કરનાર આરાધકોની સંખ્યા ચાર સંઘમાં મળી કુલ બસો એંશી જેવી અ..ધ..ધ.. થઇ.**

અરે! માસક્ષમણના સત્તરમા દિવસે છેલ્લા સળંગ ચૌદ ઉપવાસનાં પચ્ચક્‌ખાણ લેનાર તપસ્વીઓ પણ એકસો પીસ્તાળીશથી વધુ હતા. એક સાથે સળંગ મોટા ઉપવાસના પચ્ચક્‌ખાણો આટલી વિરાટ સંખ્યામાં લેવાય એ ઉચ્ચતમ સત્ત્વશીલતા વિના શક્ય નથી.. એક પ્રજ્ઞાચક્ષુ તપસ્વી શારીરિક અક્ષમતા વચ્ચે ય મોજથી માસક્ષમણ કરે છે, તો એક તપસ્વી પુણ્યાત્મા સળંગ ઓગણીશમા વર્ષીતપમાં આ વર્ષે ચૌદમું માસક્ષમણ કરી રહ્યા છે.

માસક્ષમણોની મહાલહેરની આ વંદનીય વાતોનું સમાપન કરતાં તમામ ચારસો પીસ્તાળીશ મૃત્યુંજયતપસાધકોને નમન સાથે એ જ કહીશું કે **“તપ વિના તાપ નહિ... તાપ વિના શુદ્ધિ નહિ... અને શુદ્ધિ વિના સિદ્ધિ નહિ...”**

✤ ✤ ✤

૨૭ સાંપ્રત જૈન શાસનની સીમાચિહ્ન સમી ઘટના : એક જ સમુદાયમાં ૫૯ સંયમીઓનો પાંચસો આયંબિલ તપ !

જૈન શાસનમાં તપનું સ્વરૂપ એવું શુદ્ધ - ઉત્કૃષ્ટ દર્શાવાયું છે કે અન્ય પરંપરાના તપ સાથે એની તટસ્થ સરખામણી કરીએ તો એ Everest જેવો ઉત્તુંગ લાગે. ઉદાહરણરૂપે આપણે સરખામણી કરીએ ઉપવાસની. અન્ય પરંપરામાં પણ ઉપવાસ નિહાળવા મળે છે. પરંતુ એમાં ક્યાંક ફળાહાર - માવો વગેરેની છૂટ હોય છે, તો ક્યાંક દિવસે કડક ત્યાગ અને રાત્રે ખાન - પાનની છૂટ હોય છે. જ્યારે જૈન પરંપરામાં કરાતો ઉપવાસ એવો તપ છે જેમાં ચોવીશ કલાકમાં કોઇ પણ પ્રકારનો આહાર એક કણ માત્ર ય કરી શકાતો નથી : ફક્ત દિવસના સમયે સાતેક કલાક પાણી વાપરી શકાય. એમાં પણ જો ચોવિહાર ઉપવાસ હોય તો તો દિવસ - રાત આહાર - પાણીનો સંપૂર્ણ ત્યાગ કરવાનો રહે. આવો ઉપવાસતપ સળંગ ત્રીશ - પીસ્તાલીશ - અડસઠ અને એથી ય વધુ દિવસોપર્યંત કરનાર જૈન તપસ્વીઓને નિહાળીએ ત્યારે મન - મસ્તક અહોભાવપૂર્વક ઝૂક્યા વિના ન રહે.

જૈન શાસનની આ વિરલ તપપ્રણાલીમાં એક પ્રકાર છે આયંબિલતપનો. એમ કહી શકાય કે આયંબિલમાં માત્ર જૈન શાસનની જ monopoly છે. કેમ કે આયંબિલતપ અન્ય કોઇ ધર્મપરંપરામાં જોવા મળતો નથી. આ તપમાં ચોવીશ કલાકે ફક્ત એક વાર દિવસના સમયે ભોજન કરાય. પરંતુ એ ભોજન બિલકુલ નિઃસ્વાદ હોય. એમાં ન હોય ચા - દૂધ - દહીં વગેરે, કે ન

હોય Fruit - dryfruit - શાક વગેરે. ઘી - તેલ વગેરે છ વિગઈનો તો એમાં મૂળથી ત્યાગ હોય. માત્ર બાફેલ અનાજ જ જેમાં વાપરી શકાય તે આ આયંબિલતપ ભલભલા માટે કસોટીરૂપ બની જતું હોય છે. કેટલાક આરાધકો એકરાર કરતા હોય છે કે ''અમે ભોજન ત્યાગીને ઉપવાસ કરી લઈએ. પણ આ નિઃસ્વાદ આયંબિલતપ ન કરી શકીએ.'' જીભની રસાસક્તિને નિયન્ત્રણમાં લાવવા માટે આયંબિલ જેવો રામબાણ ઉપાય અન્ય કોઈ નથી ગણાતો. રમૂજી રજૂઆત રૂપે એમ કહી શકાય કે **આયંબિલ એવો તપ છે જેમાં પેટ નામના ગ્રાહકને પૂરું payment મળે અને જીભ નામના દલાલને કોઈ commission ન મળે.**

ઉપવાસના મુકાબલે આ આયંબિલતપની ઊડીને આંખે વળગે તેવી વિશેષતા એક એ છે કે હમણાં જણાવ્યું તેમ એમાં જીભની રસલાલસા પર પૂર્ણ નિયન્ત્રણ આવે. અને બીજી વિશેષતા એ છે કે તે તપ સળંગ મહિનાઓ અને વર્ષોપર્યંત થઈ શકે ને તો ય શરીરશક્તિ ક્ષીણ ન થાય. આયંબિલતપક્ષેત્રે એવા કેટલાય તેજસ્વી તારલાઓ જૈન શાસનનાં આકાશે ચમકી રહ્યા છે કે જેમણે આપણે કલ્પના ય ન કરી શકીએ એટલો દીર્ઘકાલ આયંબિલતપ કર્યા છે. **એક પ્રાચીન ઉદાહરણ નિહાળીએ તો એક હજાર વર્ષ પૂર્વે અમારા સાંસારિક વતન ડભોઈતીર્થમાં જન્મ ધરનાર મહાન શ્રુતધર આચાર્યપ્રવર મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજે ૮૬ વર્ષના સંપૂર્ણ જીવનમાં અખંડપણે એક પણ અપવાદ વિના આયંબિલતપ કર્યો હતો. એમણે કુલ આયંબિલ કર્યા લગભગ એકત્રીશ હજાર! અર્વાચીન – આજનું ઉદાહરણ જોઈએ તો સાધ્વીજી હંસકીર્તિશ્રીજીએ જીવનમાં લગભગ સત્તર હજારથી વધુ આયંબિલ કર્યા છે અને આજે પણ એ આયંબિલતપયાત્રા જારી છે.**

અમારા યુગદિવાકર સમુદાયના સંયમીઓની વાત કરીએ તો, દેવ – ગુરુની પરમ કૃપા વરસતા આ આયંબિલતપનું જાણે કે તપોવન સર્જાઈ ગયું છે અને અમારા સહિત કુલ ૫૯/૫૯ સંયમીઓએ Corona કાળમાં પાંચસા – પાંચસો આયંબિલનો તપ કર્યો છે. કોઈ એક સમુદાયમાં એક સાથે ૫૯/૫૯ સંયમીઓએ પાંચસો આયંબિલ કર્યા હોય એવી ઘટના છેલ્લા દાયકાઓના ઈતિહાસમાં પ્રાયઃ પ્રથમ છે. એની અનુમોદનાર્થે ચાર ગૃહસ્થ તપસ્વીઓએ પાંચસો આયંબિલ અને ૨૮૦૦ ગૃહસ્થ તપસ્વીઓએ

૧૦૮ આયંબિલ કરતા **કુલ આયંબિલ થયા છે લગભગ ત્રણ લાખ પચાસ હજાર!** આટલી વિરાટ સંખ્યામાં થયેલ આ આયંબિલતપનો સમાપન મહોત્સવ પણ એવા જ જબરદસ્ત વિરાટ ફલક પર મુંબઈ મહાનગરમાં તા. ૧૫ થી ૨૨ મે દરમ્યાન ઐતિહાસિક સ્વરૂપે યોજાયો છે ત્યારે આપણે પણ એ તપયાત્રાની ભીતરમાં વહેતી ભાવોની ભાગીરથીનું સ્નાન - પાન કરીએ :

(૧) દેવ - ગુરુની કૃપા વરસે તો અશક્યવત્ ચમત્કાર આજે ય સર્જાઇ શકે છે એનો અનુભવ અમે સ્વયં આ તપ કરતાં કર્યો છે. કારણ કે ચુમ્માલીશવર્ષના સંયમપર્યાયના છેલ્લા છત્રીશ વર્ષોમાં આવશ્યક યોગસાધનાને બાદ કરતા એક પણ આયંબિલ થયું નથી. આયંબિલ પ્રત્યે ઉચ્ચ આદર છતાં તીવ્ર અંતરાયવશ હાલત એવી હતી કે નીરસ આહાર જોતાંવેંત જાણે vomit ના ભણકારા થાય. વાસ્તવિકતા આ હોવા છતાં, ઈ.સ. ૨૦૨૦માં જ્યારે ચોતરફ Coronaના કાળપંજાનો પહેલો પરચો હતો એ સમયખંડમાં એક દિવસ અચાનક પાંચસો આયંબિલ કરવાનો ભાવ પ્રગટ્યો : જાણે કે પ્રભુ અને ગુરુએ અમારાં અંતરની ઉખર ભૂમિમાં એકાએક આયંબિલનું બીજારોપણ કર્યું! માત્ર પાંચ - સાત Minuteમાં એ વિચારબીજ દઢ નિર્ણયમાં રૂપાંતરિત થયું અને સાત જ દિવસ પછીના શુભ મુહૂર્તે પાંચસો આયંબિલતપ યાત્રાનો પ્રારંભ થઇ ગયો. અમને અનુસરનાર સોથી અધિક શ્રમણ - શ્રમણીભગવંતો પૈકી ૫૯ સંયમીઓ સ્વયંસ્ફૂર્ત ભાવનાથી પાંચસો આયંબિલતપમાં સામેલ થયા અને સર્જાયું એક અદ્ભુત આયંબિલતપોવન.

એના પ્રારંભની ક્ષણે અમે અંતઃકરણપૂર્વક દેવ - ગુરુને પ્રાર્થના કરી કે **‘‘આ મહાતપ અમે નથી કરી રહ્યા, આપની અનરાધાર કૃપા કરાવી રહી છે. અમારામાંથી કોઈ અટકે નહિ એની કાળજી આપે કરવાની છે.’’** Coronaના એ કાળમાં Immunity ની બોલબાલા હતી. એથી ઘણા શુભ ચિંતકોએ અમને કહ્યું કે ‘‘આ કપરા કાળમાં આવો તપ કરવાનું જોખમ ન કરો.’’ પરંતુ કૃપાની કમાલ એ રહી કે અમે તમામ સંયમીઓ નિર્વિઘ્નપણે તપમાં આગેકૂચ કરતા રહ્યા અને આજે પૂર્ણતાની પગથારે આવી પહોંચ્યા છીએ. અદ્ભુત કમાલ એ છે કે આ ૫૯ તપસ્વીઓ સહિત અમને અનુસરનાર શતાધિક સાધુ - સાધ્વીભગવંતોમાંથી એકે ય vaccine લીધી નથી અને છતાં

Coronaનો પડછાયો પણ અમને કોઈને સ્પર્શ્યો નથી. અમે આને કૃપાનો સાત્ત્વિક ચમત્કાર માનીએ છીએ.

બે વર્ષ પૂર્વે જે દિવસે અમે આ તપ આરંભ્યો એ પુણ્યદિવસ હતો શત્રુંજયમહાતીર્થના અધિનાયક આદીશ્વરપ્રભુનો સાલગિરિદિન અર્થાત્ વૈશાખ વદિ છઠ. આ પ્રભુ અમને બે રીતે ફળ્યા. એક એ કે આયંબિલતપનો કોઇ જ અનુભવ ન હોવા છતાં પાંચસો આયંબિલમાં એક પણ કસોટી ન આવી. અંજનશલાકાઓ - પ્રતિષ્ઠાઓ - દીક્ષાઓ - ઉપધાન - પ્રવચનો - લેખન - વિહારોની ભરચક પ્રવૃત્તિઓ વચ્ચે પણ તપયાત્રા મસ્તીથી જારી રહી અને બીજું એ કે શત્રુંજયમહાતીર્થના જેવા જ આબેહુબ બે વિરાટકાય આદિનાથપ્રભુના જિનાલયોનાં કાર્યો અમારાં હસ્તક થયાં. એકમાં ૬૧ ઇંચના આદીશ્વરપ્રભુ અને બીજામાં ૮૧ ઇંચના આદીશ્વરપ્રભુ. એટલે કે બીજામાં તો શત્રુંજયના પ્રભુથી પણ થોડા વધુ ઉત્તુંગ.

આયંબિલતપની આ આરાધના અમે વ્યક્તિગતરૂપે અરિહંતપદની આરાધનાર્થે કરી. એથી જ એમાં નિત્ય અરિહંતપદની વીશ માળા ઇત્યાદિ આરાધના થઇ. આ અરિહંતપ્રભુના ગુણ બાર છે. યોગાનુયોગ એવો સર્જાયો કે પાંચસો આયંબિલતપ દરમ્યાન કુલ બાર શિખરબદ્ધ જિનાલયોના નિર્ણય થયા : જાણે કે બાર ગુણના બાર જિનાલયો. એમાંથી પાંચ શિખરબદ્ધ જિનાલયોની અંજનશલાકા - પ્રતિષ્ઠા થઇ ચૂકી છે : જાણે પાંચસો આયંબિલ અને પાંચ અંજનશલાકા. આ સિવાય આઠ ગૃહજિનાલયપ્રતિષ્ઠા અલગ. અરિહંતપ્રભુની આ સ્વરૂપે થતી ભક્તિ દરમ્યાન જે ભાવો હૈયે સતત ઘુંટાતા હતા તે તપ મહોત્સવપત્રિકામાં અમારાં સંવેદનરૂપે આ અભિવ્યક્ત થયા કે **"જેમ શક્તિ ન હોવા છતાં પાંચસો આયંબિલના શિખરે આપે મને આરૂઢ કરી દીધો એમ યોગ્યતા ન હોવા છતાં અરિહંતપદના Everest પર પ્રભુ! આપ જ મને આરૂઢ કરી દેજો."**

(૨) અમારા તપસ્વી સંયમીઓમાંથી કેટલાકે પાંચસો જ નહિ, એક હજાર આઠ - સાતસો પચાસ ઇત્યાદિ સળંગ આયંબિલ પણ હાલમાં કર્યા છે. એમાં સળંગ સાતસો પચીશ આયંબિલ કરનાર એક મહાતપસ્વી મુનિવર છે માર્દવરત્નવિજયજી. છવીશ વર્ષના આ યુવામુનિવરના તપની અનેક વિશેષતાઓ પૈકી ચાર વિશેષતાઓ વિશેષ નમસ્કરણીય છે. પહેલી વિશેષતા

એ છે કે એમણે તમામ સાતસો પચાસ આયંબિલ સળંગ, એક પણ બિયાસણા વિના કર્યા છે. વિહારો - વૈયાવચ્ચ વગેરે વચ્ચે ગરમીમાં પણ સળંગ આયંબિલ કરવા કાફી કઠિન બને.. બીજી વિશેષતા એ કે એમણે આયંબિલ રોટલા વગેરે ચાર દ્રવ્યોથી જ કર્યા છે : આયંબિલમાં પણ આ દ્રવ્યસંક્ષેપ બહુ મુશ્કેલ બાબત છે. કેમ કે એક તો સાવ નિરસ દ્રવ્યો અને એમાં કોઈ જ variety નહિ ... ત્રીજી વિશેષતા એ કે તેઓ ચારે ય દ્રવ્યો એક જ પાત્રમાં Mix કરી એમાં એક પાત્રી ઠંડું પાણી ભેળવે. આ પ્રયોગ તેઓ એટલે કરે છે કે નિરસ ભોજનમાંથી રહ્યો - સહ્યો સ્વાદ પણ નાબૂદ થઈ જાય. તમામ સાતસો પચાસ આયંબિલમાં એમણે ઉપરની ત્રણે ય વિશેષતા બરકરાર રાખી છે... છેલ્લા કેટલાક સમયથી એ ચાર દ્રવ્યોમાં કડવું કરિયાતું ભેળવીને તેઓ ભરપૂર સ્વાદવિજય કરી રહ્યા છે.

આવા આવા અન્ય તપસ્વીઓની રોમાંચક વિશેષતા આગામી લેખમાં નિહાળવાનું રાખી આપણે આ તપસ્વીઓના તેમજ એમનાં નિમિત્તે આયોજિત ઐતિહાસિક વિરાટ તપમહોત્સવના સંદર્ભમાં પેલી પ્રસિદ્ધ પૂજાપંક્તિ ટાંકી લેખસમાપન કરીશું કે **''તપસ્યા કરતા કરતા હો કે ડંકા જોર બજાયા હો''...**

✤ ✤ ✤

૨૮ મુંબઈમાં સર્જાયો સાડા ત્રણ લાખ આયંબિલનો સુવર્ણ ઈતિહાસ : તપ એટલે આત્મવિશુદ્ધિનું અજોડ આલંબન.

એક જ ચીજ બે રીતના ઉપયોગમાં આવતી હોય તો આપણે એને કહીએ છીએ Two in One એક જ Pen માં ત્રણ Colourની refill હોય તો તે પેનને આપણે કહીએ છીએ Three in One પરંતુ જૈન શાસનનો આયંબિલતપ એથી ય વિશેષ Four in One છે. અલબત્ત, આમ તો એ તપ all in one છે. પરંતુ ચોક્કસ દૃષ્ટિબિંદુથી એની ચાર મુખ્ય વિશેષતાઓ દર્શાવવી હોવાથી આપણે એને કહીશું Four in One.

આયંબિલ તપની ચાર પૈકીની પ્રથમ મુખ્ય વિશેષતા છે **તનનાં સ્તરે રોગોનો નાશ.** મોટા ભાગના રોગો અતિ ભારે પદાર્થો - વધુ પડતા પદાર્થો - અપથ્ય પદાર્થો આરોગવાથી થતા હોય છે. આયંબિલમાં આ તમામનો ત્યાગ થઈ જતો હોવાથી નવા રોગોની શક્યતા રહેતી નથી. ઉપરાંત આ તપના પ્રભાવે જૂના રોગો ય નષ્ટ થઈ જતા હોય છે. પ્રાચીન કાળના રાજા શ્રીપાલ હો કે આ કાળમાં અમારા પરમગુરુદેવ યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ની પ્રેરણા ઝીલીને આયંબિલતપ દ્વારા ભયાનક રોગથી મુક્ત થનાર કરસનભાઈ હો : એ સહુ તનનાં સ્તરે રોગનાશની તપવિશેષતાના દ્યોતક છે. આયંબિલતપની બીજી વિશેષતા છે **મનનાં સ્તરે વિકારનાશ.** સામાન્યત : ઘી - તેલ જેવા વિગઈના પદાર્થો મનના વિકારોને - વાસનાઓને ઉદ્દીપ્ત કરે છે. આયંબિલતપમાં છ યે વિગઈનો સર્વથા ત્યાગ હોવાથી વિકારોનો નાશ એનાથી ખૂબ આસાન થઈ જાય છે.

ત્રીજી વિશેષતા આ તપની છે **જીવનનાં સ્તરે વિઘ્નોનો નાશ.** આયંબિલતપ ઉત્કૃષ્ટ ભાવમંગલ હોવાથી એના દ્વારા વિઘ્નનાશ બહુ સહજ છે. એનાં કારણે બાર - બાર વર્ષ સુધી અટકી ગયેલ દ્વારિકાનગરીનો દાહ, આયંબિલથી થતાં વિઘ્નનાશની પ્રતીતિ કરાવે છે. આયંબિલતપની ચોથી અને સૌથી મોટી વિશેષતા છે **આત્માનાં સ્તરે કર્મોનો નાશ.** તપ માટે શાસ્ત્રો કહે છે કે 'तपसा निर्जरा च' મતલબ કે તપથી વિપુલ કર્મનિર્જરા થાય છે. એમાં ય આયંબિલ ભોજનની કોઈ જ આસક્તિ વિના કરાતો તપ. એટલે એનાથી જબરદસ્ત કર્મનાશ થાય એમાં કોઈ આશ્ચર્ય નથી.

આવો મહાન આયંબિલતપ યુગદિવાકરસમુદાયના અમારા સહિત ૫૯ સંયમીઓ પાંચસોની સંખ્યામાં એક સાથે કરી રહ્યા છે જે હવે પૂર્ણતાના પગથારે છે. સંયમીઓના આટલી મોટી સંખ્યાના આયંબિલની અનુમોદનાર્થે ૨૮૦૦ ગૃહસ્થો ૧૦૮ આયંબિલમાં સામેલ થતાં કુલ **આયંબિલ તપ થયા છે લગભગ ત્રણ લાખ પચાસ હજાર.** આ નિમિત્તેનો વિરાટ ઐતિહાસિક તપમહોત્સવ મુંબઇ - બોરીવલીના કોરાકેન્દ્રના મેદાનમાં હાલમાં ઉજવાઇ રહ્યો છે. આ મહોત્સવમાં મુંબઇના ૭૦૦ જૈન ધાર્મિક શિક્ષકોનું બહુમાન થશે, તો ૨૮૦૦ તપસ્વી ગૃહસ્થોનું પણ બહુમાન થશે; જૈન શાસનની વિશિષ્ટતા દર્શાવતા museum ની રચના થશે, તો Documentary Film દ્વારા ગુરુતત્ત્વનો મહિમા પ્રસ્તુત થશે; રાષ્ટ્રવ્યાપી ખ્યાતિ ધરાવતાં કલાકારો દ્વારા નાટિકાદિની પ્રસ્તુતિ થશે, તો અમારા પાંચ નવાં પુસ્તકો તથા આ.શ્રી રશ્મિરત્નસૂરિજી પ્રેરિત દશ English પુસ્તકો સહિત કુલ ૧૫ પુસ્તકોનું વિમોચન થશે; આયંબિલખાતાના સ્થાયી લાભ અને સાધર્મિકભક્તિનાં વિશેષ આયોજનો થયા છે, તો પારણાદિને દશ હજારથી અધિક ભાવિકોની ઉપસ્થિતિ રહેશે. જેમના આયંબિલતપ નિમિત્તે આ ઐતિહાસિક તપમહોત્સવ ઉજવાય છે તે તપસ્વી સંયમીઓ પૈકી કેટલાક તપસ્વીરત્નોની પ્રેરક ઘટનાઓની સંક્ષિપ્ત ઝલક નિહાળવાનો જે ઉપક્રમ આપણે ગત લેખથી આરંભ્યો છે તેને આ લેખમાં હવે આપણે આગળ વધારીએ :

(૩) બે વર્ષ પૂર્વે અમે જ્યારે મુંબઇમાં પાંચસો આયંબિલતપ આરંભ્યો ત્યારે અમારા સમુદાયના સા. ધ્યાનદર્શિતાશ્રીજી હતા ગિરનારતીર્થે. તેઓ

ત્યારે અખંડ પાંચસો આયંબિલની આરાધના કરી જ રહ્યાં હતા. ત્રણસો ઉપરાંત અખંડ આયંબિલ ત્યારે એમના થયા હતા. અમારા સહિત ૫૮ સંયમીઓના પાંચસો આયંબિલ પ્રારંભના સમાચાર મળતાં એમણે ઉલ્લાસથી સંકલ્પ કર્યો કે **"હું અખંડ એક હજાર આઠ આયંબિલ કરી સમુદાયના સંયમીઓના સમૂહ તપમાં સૂર પુરાવીશ."** અખંડ પાંચસો આયંબિલ પૂર્ણ થયા ત્યારે પારણારૂપે તેઓએ અટ્ઠમતપ અર્થાત્ સળંગ ત્રણ ઉપવાસ કર્યા અને એના પર અખંડ પાંચસો આઠ આયંબિલ આદર્યા! આ રીતે અખંડ એક હજાર આઠ આયંબિલ કરનાર આ યુવા સાધ્વીજીએ ચાલુ તપમાં ગિરનારતીર્થના ૩૫૦થી વધુ પગપાળા યાત્રાઓ અને તે પછી સેંકડો કિલોમીટરના વિહાર પણ પગપાળા કર્યા. એમના આ તપને અને સત્ત્વને બિરદાવવા આપણે ચોક્કસ કહીએ કે **"તપ અને ત્યાગ ભરપૂર છે... તપસ્વી આ કોહીનૂર છે..."** અમારા સાંસારિક બહેન સા. વિશ્વધર્માશ્રીજીએ પણ વિવિધ ઓળીઓ સાથે એક હજાર આઠ આયંબિલ કર્યા છે...

(૪) તમે જ્યારે Everest પર આરોહણ કરો ત્યારે તાળીઓથી અભિવાદન કરનારા ઘણા મળે. પણ Everest નાં આરોહણ સમયે આવેલ આપત્તિઓનો ખ્યાલ બહુ ઓછાને હોય. એક આવી ઘટના બની આ પાંચસો આયંબિલ દરમ્યાન અમારા શિષ્યરત્ન પંન્યાસ ધર્મરત્નવિજયજી ગણિ તથા મુનિવર કૃપારત્નવિજયજીનાં જીવનમાં. આ બન્ને સંયમીઓએ અખંડ પાંચસો આયંબિલના લક્ષ્યથી તપ આરંભ્યો હતો. બરાબર બસો પચાસ આયંબિલ થયા અને ધર્મરત્નવિજયજીને આંખના Visionમાં તકલીફ થઈ. રાત્રે કાંઈ દેખાય જ નહિ. તો કૃપારત્નવિજયજીને ય આનાથી અલગ મોટી સમસ્યા આવી. અમે એમને એકાંતર આયંબિલનો અનુરોધ કર્યો. પણ બન્ને મુનિવરો શ્રદ્ધાથી દ્રઢભાવે અખંડ આયંબિલમાં ટકી રહ્યા. પંદર - વીશ દિવસમાં આ આકરી કસોટી દૂર થઈ ગઈ અને બન્નેના અખંડ આયંબિલ પૂર્ણ થયા. જાણે અહીં પેલી પંક્તિ ચરિતાર્થ થઈ કે **"શ્રદ્ધા જ મારી લઈ ગઈ, મંઝિલ ઉપર મને"**...

(૫) **ઓગણસાઠ સંયમીઓ પૈકી નવ શ્રમણ – શ્રમણી ભગવંતો એવા છે કે જેઓએ એક પણ બિયાસણું કર્યા વિના અખંડ પાંચસો – છસો પચાસ અને સાતસો પચાસ આયંબિલ કર્યા છે.** યાદ રહે કે વચ્ચે વચ્ચે

વિસામો લઇને દીર્ઘ પ્રવાસ કરવો અલગ વાત છે અને એક પણ વાર વિસામો લીધા વિના દીર્ઘ પ્રવાસ કરવો સાવ અલગ વાત છે. અખંડ પાંચસોથી લઇને અખંડ એક હજાર આઠ આયંબિલ એટલે જાણે એક પણ વિસામા વિનાનો કઠિન પ્રવાસ! જેઓએ વચ્ચે બિયાસણાનો સહારો લીધો છે તેઓએ પણ વર્ધમાનતપની છ થી લઇને સડસઠ ઓળીઓ કરી છે, તો નાનકડા બાલમુનિઓએ પણ સળંગ એકસો આઠ આયંબિલ કર્યા છે. જાણે આ તપસ્વીઓનું Mission અને મન્ત્ર એક જ હતો કે :- "**બંધ કર્યા છે રસનાનાં તોફાન... સર કરવા છે પાંચસો આયંબિલનાં સોપાન...**"

(૬) હિમાલયના Everest શિખર પર એક વાર આરોહણ કર્યું હોય તો પર્વતારોહક એમાં જીવનસાર્થકતા ગણી લે. પછી બીજી વાર Everest સર કરવાની તકલીફ ન લે. પરંતુ આ પાંચસો આયંબિલતપના Everest આરોહણમાં આનાથી સાવ અલગ બીના બની. **જેઓ આ પૂર્વે જીવનમાં એક વાર અને બે વાર પાંચસો આયંબિલ કરી ચૂક્યા હતા એવા સંયમીઓએ અમને સાથ આપવા કાજે બીજી અને ત્રીજી વાર હસતે મુખે આ પાંચસો આયંબિલનો તપ કર્યો. અમારા શિષ્યરત્ન આચાર્ય રશ્મિરત્નસૂરિજી અને ચાર પંન્યાસસહિત કુલ એકવીશ સંયમીઓએ આ રીતે બીજી કે ત્રીજી વાર આ પાંચસો આયંબિલતપ કર્યો છે.** ૫૯ સંયમીઓના આ પાંચસો આયંબિલની અનુમોદનાર્થે તપાગચ્છાધિપતિ આ. શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ. સહિત છત્રીશ આચાર્યભગવંતોના અનુમોદનાપત્રો આવ્યા છે. એમાંના આ. શ્રમણચન્દ્રસૂરિજીએ અમારા આ અટ્ઠાવન સંયમીઓને બિરદાવતાં એક સરસ નિરીક્ષણ અનુમોદનાપત્રમાં લખ્યું છે કે "ગુરુસંગે તપ કરવામાં મહત્ત્વ તો ગુરુમહારાજના તપને જ મળે. છતાં ય ગુરુમહારાજ પ્રત્યેનો પ્રેમ એમને એ તપ કરવા પ્રેરે..."

(૭) પદયાત્રાવિહાર - તપ વગેરે બાબતો એવી છે કે એમાં નાની - યુવાવયે દીર્ઘ લક્ષ્યાંકો સિદ્ધ કરવા આસાન રહે અને મોટી વયે એ લક્ષ્યાંકો સિદ્ધ કરવા ખૂબ મુશ્કેલ બને. પરંતુ આ પાંચસો આયંબિલતપ યાત્રામાં આનાથી વિપરીત બન્યું. બે તપસ્વી સાધ્વીજી આમાં એવા છે કે જેઓએ પૂર્વે નાની વયે પાંચસો આયંબિલ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ દોઢસો - એકસો સિત્તેર આયંબિલ થયા બાદ શારીરિક પ્રતિકૂળતાવશ તપ અધૂરો

મૂક્યો હતો. અમારો આ સમૂહ પાંચસો આયંબિલતપ શરૂ થયો ત્યારે ભાવુકતાવશ એમણે ફરી એક વાર આ તપમાં ઝુકાવ્યું અને સફળતાપૂર્વક આ તપ પરિપૂર્ણ કર્યો છે. ક્રમશ : બહોંતેર અને પાંસઠ વર્ષની વયે આ પાંચસો આયંબિલતપ કરનાર એ સંયમીઓનાં નામ છે સા. જ્યોતિર્ધરાશ્રીજી અને સા. વિશ્વરત્નાશ્રીજી.

(૮) કારકીર્દિના પ્રારંભે - પ્રથમ Test માં જ સદી ફટકારનાર batsman સહુની વાહ વાહ મેળવી જતો હોય છે. આવું જ બન્યું છે અમારા એક બાલમુનિ નમ્રરત્નવિજયજીના કિસ્સામાં. કારણ કે એમણે સંયમજીવનની કારકીર્દિના પ્રારંભે આયંબિલતપની એક નહિ, પાંચ પાંચ સદી કરી છે. એમણે દીક્ષા સ્વીકારીને વડીદીક્ષાની યોગઆરાધના હજુ તો પૂર્ણ કરી હતી ત્યાં અમારી આ સામૂહિક પાંચસો આયંબિલની તપોયાત્રા આરંભાઈ. એમણે યોગના આઠ દિવસમાં આ પાંચસો આયંબિલતપ આરંભ્યો. મજાની વાત એ છે કે એમના સાંસારિક માતા-પિતાએ પણ દીક્ષા બાદ તુર્ત જ આ મોટો તપ કરવાની સંમતિ આપી અને આ બાલમુનિનો તપ પૂર્ણ થાય તે પૂર્વે તો એમના માતા - પિતા - ભાઈ સહિત સમગ્ર પરિવારની દીક્ષા અમારી પાસે થઈ ગઈ! આવા એક નહિ, ચાર ચાર બાલમુનિઓએ આ પાંચસો આયંબિલતપ કર્યો છે.

આ તમામ તપસ્વી સંયમીઓને નમન કરતાં આપણે ટાંકીએ ‘સકલતીર્થ’ સ્તોત્રની પેલી પંક્તિ કે :-

બાહ્ય - અભ્યંતરતપ ઉજમાલ,
તે મુનિ વંદું ગુણમણિ માલ...

✤ ✤ ✤

વહે ગંગા જ્ઞાનની : ધર્મકૃપા ટ્રસ્ટ

પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ. દ્વારા અનુવાદિત-સંપાદિત સાહિત્ય

(૧) ભગવતીસૂત્રનાં પ્રવચનો
(૨) પંચમ શતક કર્મગ્રન્થ
(૩) શ્રી લઘુક્ષેત્રસમાસ
(૪) શ્રી શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુ સૂત્ર
(૫) પ્રશ્નોત્તર મોહનમાળા
(૬) શ્રમણ ભગવાન મહાવીર
(૭) સમ્યગ્દર્શન
(૮) ષટ્ત્રિંશિકા ચતુષ્કપ્રકરણ
(૯) ધર્મજ્યોત
(૧૦) ધર્મસૌરભ
(૧૧) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧
(૧૨) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૨
(૧૩) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૩
(૧૪) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૪
(૧૫) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૫
(૧૬) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૬
(૧૭) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૭
(૧૮) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૮
(૧૯) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૯
(૨૦) ધર્મ સ્વાધ્યાય ભાગ : ૧૦
(૨૧) નવતત્ત્વસુમંગલાટીકાનો ગુર્જર ભાવાનુવાદ (૧૦ હજાર શ્લોકપ્રમાણ)

પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. દ્વારા લિખિત સાહિત્ય

(૨૨) ધર્મવાણી
(૨૩) ભક્તામર સ્તોત્ર અને રત્નાકર પચ્ચીશી
(૨૪) શ્રદ્ધાનું સંગીત
(૨૫) પર્યુષણાની પાવન પ્રેરણા
(૨૬) જીવનનું ઝવેરાત
(૨૭) પજુસણ આવ્યાં રે..
(૨૮) પગલું પડે તો પંથ ખૂલે
(૨૯) વન્દના...પાપનિકન્દના
(30) રેતીમાં મોતી
(૩૧) રણ બને ઝરણ
(૩૨) મેઘધનુષ
(૩૩) દિવ્યધામ દર્ભાવતી
(૩૪) માયાનાં મૃગજળ
(૩૫) નમામિ વીરમ્
(૩૬) શ્રુતસૌરભ
(૩૭) શૂલ વચ્ચે ફૂલ
(૩૮) જીવન બને ઉપવન
(૩૯) આંખ ફરે અંતર ઠરે
(૪૦) પાઠશાળા પ્રવેશિકા
(૪૧) સૂર્યોદયનાં તેજ નિરાળાં
(૪૨) ચાલો પ્રતિક્રમણ કરીએ
(૪૩) कथा–कल्पवल्लि: (संस्कृत)
(૪૪) અન્તર્યામી સાથે અન્તર્યાત્રા
(૪૫) દર્ઈનં મોક્ષસાધનમ્
(૪૬) તું મેરા મનમેં તું મેરા દિલમેં
(૪૭) સ્વાતિનાં મોતી
(૪૮) પ્રેરણાનાં પુષ્પો
(૪૯) આવો આરાધના કરીએ
(૫૦) તમે મન મૂકીને વરસ્યા
(૫૧) सुगंध (हिन्दी)
(૫૨) નવપદ ધરજો ધ્યાન
(૫૩) દીવડો ધરો ...તિમિર હરો
(૫૪) સૌરભ
(૫૫) હૈયાના હસ્તાક્ષર
(૫૬) અંતરજ્યોત
(૫૭) મયૂરપંખ
(૫૮) વંદન હોજો વાર હજાર
(૫૯) પ્રેરણાદીપ
(૬૦) આદર્શોનું અમૃત
(૬૧) પાનું ફરે ...સોનું ઝરે ...
(૬૨) ધર્મધારા
(૬૩) ધર્મસિન્ધુ
(૬૪) યુગદિવાકર મહાગ્રન્થ
(૬૫) વિમલાચલ–વન્દના
(૬૬) ધર્મસેતુ

... દ્વારા પ્રકાશિત સાહિત્યની સૂચિ

(૬૭) હૈયે કરજો વાસ
(૬૮) મોતીની ખેતી
(૬૯) અમૃતનો આસ્વાદ
(૭૦) લોઢણપાર્શ્વ વસો મેરે દિલમેં
(૭૧) ખૂશ્બુનો ખજાનો
(૭૨) એક મૂઠી મોતી
(૭૩) પ્યારા ગુરુવર... ધર્મસૂરીશ્વર
(૭૪) ભીતર દીવા હજાર
(૭૫) વન થી વૃંદાવન
(૭૬) કલ્પસૂત્ર કુસુમાંજલિ
(૭૭) હયાતિના હસ્તાક્ષર
(૭૮) હસતા અક્ષર
(૭૯) માનસરોવરનાં મોતી
(૮૦) અજવાળાના અવતરણ
(૮૧) દરવાજે દસ્તક
(૮૨) સૌ ચાલો સિદ્ધગિરિ જઈએ
(૮૩) અમૃતનું આચમન
(૮૪) વ્રત ધરીએ...ભવ તરીએ
(૮૫) મહામાનવ મોતીશાહ
(૮૬) પ્રેરણાનો પચગામ
(૮૭) પ્રેરણાના પારિજાત
(૮૮) પ્રેરણાનો પરાગ
(૮૯) પ્રેરણાનું પરબ
(૯૦) પ્રેરણાનું પંચામૃત
(૯૧) શ્રદ્ધાનું સરનામું : ચેમ્બુરતીર્થ
(૯૨) ચાલો શિખરજી જઈએ
(૯૩) ઝાકળભીનો ઉજાસ
(૯૪) હૃદયદીપ
(૯૫) સુખનું સરનામું
(૯૬) સુખના સૂરજમુખી
(૯૭) અમૃતની અંજલિ
(૯૮) નંદનવનનાં પુષ્પો
(૯૯) તિમિરથી તેજ
(૧૦૦) પરમને પ્રાર્થના
(૧૦૧) ઝાકળભીનાં પુષ્પો
(૧૦૨) તમે સૂરજ થઈને ચમક્યાં–મહાગ્રન્થ
(૧૦૩) મહેંક માર્ગાનુસારિતાની ...
(૧૦૪) વિચારસેતુ
(૧૦૫) આનંદનું એવરેસ્ટ
(૧૦૬) વાસંતી વાયરા
(૧૦૭) ભવ આલોચના
(૧૦૮) જ્ઞાનસારનાં જ્ઞાનતેજ
(૧૦૯) સૂર્યોદયસૂરિરાયા...પ્રેમે પ્રણમું પાયા
(૧૧૦) 'દિવ્ય' જીવનની જ્યોતિર્મય ઝલક
(૧૧૧) જ્યોત
(૧૧૨) વૈભવ
(૧૧૩) સુગંધનું સરનામું
(૧૧૪) 'અધ્યાત્મકલ્પદ્રુમ'નાં અજવાળાં
(૧૧૫) અક્ષરના દીવા
(૧૧૬) ઉદ્યોત
(૧૧૭) સાહિબ! તમે મારા છો
(૧૧૮) રત્નકિરણ

પૂ.આ.શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ.ના શિષ્ય-પ્રશિષ્ય દ્વારા લિખિત સાહિત્ય

(૧૧૯) नमामि नित्यं गुरुधर्मसूरिम् (संस्कृत)
(૧૨૦) મારા ગુરુવર ...ધર્મસૂરીશ્વર
(૧૨૧) प्रसंगपुष्पाञ्जलि: (संस्कृत)
(૧૨૨) ચિંતનની ચાંદની
(૧૨૩) મનનનાં મોતી
(૧૨૪) Treasure of Qualities
(૧૨૫) સૂર્યોદયનું સૌંદર્ય
(૧૨૬) सूर्योदयं सूरिवरं प्रणौमि
(૧૨૭) Entity of Supremacy
(૧૨૮) Bharat Chakravarti
(૧૨૯) Karma

૧૩૦ થી ૧૯૦

પૂ.આ.શ્રી રશ્મિરત્નસૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી પ્રકાશિત ઈંગ્લીશ પુસ્તકો

અભિનવ ઉદ્યોત

“સદ્વાંચનની ઘટના ભલે એક હોય. પરંતુ એમાંથી ઉપલબ્ધ થતાં સમ્યક્ સમજના પ્રકાશના – અભિનવ ઉદ્યોતના લાભ એક નહિ, અનેક હોય છે. એ અનેક પૈકીના માત્ર મુખ્ય ત્રણ લાભ નિહાળીએ તો આ સમ્યક્ સમજના ઉદ્યોતથી (૧) અજ્ઞાનનો – વિપરીત સમજનો પ્રગાઢ અંધકાર દૂર થાય છે (૨) વ્યક્તિમાં સાધનાની – આરાધનાની ઊર્જા વિકસ્વર થાય છે અને (૩) ભીતરમાં વ્યાપ્ત દોષો – દુરાચરણોનાં કીચડ શોષાઇ – સુકાઇને સાફ થઇ જાય છે. જ્યારે આવું બને ત્યારે વ્યક્તિને અંતરથી અહેસાસ થાય કે સાચો ઉદ્યોત – અભિનવ ઉદ્યોત આ છે જે આકાશમાં નહિ, આત્મામાં અજવાળાં પાથરે.

પ્રસ્તુત ‘ઉદ્યોત’ પુસ્તક આવો ઉદ્યોત કરે તેવી ઘણી બધી સરલ – સરસ વાતો લઇને ઉપસ્થિત થયું છે.”

- વિજયરાજરત્નસૂરિ
(આ પુસ્તકનાં ‘લેખકીય નિવેદન’માંથી)

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171